~~Part-1~~ Chapter 1-1

## જ્ઞા ન મા ર્ગી  પરમ્પરાની ઐ તિ હા સિ ક સમાલોચના

### પૂ ર્વા ર્ધ

નરહરિ, ગોપાળદાસ, બુટિયો, અખો વગેરેને આપણે જ્ઞાનમાર્ગી કહીએ છીએ તે ઔપચારિક અર્થમાંજ. સ્વરૂપજ્ઞાન એ એમની સાધાનાના કેન્દ્રસ્થાને રહેલુ છે, અને મુક્તિનુ એ શ્રેષ્ઠ સાધાન છે. નરહરિ, અખો વગેરેની કૃતિઓનુ મંડાણ કેવલાદ્વૈતના સિધ્ધાન્ત પર થયું છે એ પણ સ્પષ્ટ છે. છતાં આ જ્ઞાનમાર્ગી પરમ્પરા યોગ, તન્ત્ર, બૌધ્ધ મહાયાન તથા સહજયાન શાખા, સિધ્ધા સમ્પ્રદાય, નાથ સમ્પ્રદાય, વૈષ્ણવ સહજિયા સમ્પ્રદાય, જૈન મુનિ - રામસિંહ વગેરેની સાધાના પ્રણાલી, સૂફી સાધાના વગેરેની અસર નીચે આવી છે તે આપણા જ્ઞાનમાર્ગી કવિઓની કૃતિના અભ્યાસથી સ્પષ્ટ જણાઇ આવે છે. વળી આ કવિઓ એકાન્તિક જ્ઞાનમાર્ગને અનુસરે છે એવુ પણ નથી. "ચિત્તવિચારસંવાદ" માં અખો કહે છે તેમ એમાં ભક્તિનો સ્વીકાર છે ખરો, પણ એ ભક્તિ તે ૮૧ પ્રકારની સકામ ભક્તિ નહીં, એ નિરાશી ફળની ૮૨ મી નિર્ગુણ ભક્તિ છે.[૧] નરહરિએ પણ કહયું છે:

"ભેદ કરે ભક્તિજ્ઞાનમાં તે નર જાણજો મૂઢ રે,
સન્તને સર્વ સમાન છે, જેણે લહ્યુ તત્ત્વ તે ગૂઢ રે,

(ગોપીઉધ્ધાવસંવાદ-૩૩)

---

[૧] "એકાશી સુધાી તે લખી, તે તે કહી કશી પારકી" (~~ચિત્ત~~ચિત્તવિચારસંવાદ ૩૯૦ અ)

વળી "અખાના છપ્પા" (ઉમાશંકર જોષી સમ્પાદિત) માં
જેની ભક્તિ એકયાશી પૂરણ થઇ, બ્યાસીમે બુધ્ધ આવી રહી
તેવો ભક્ત જ્ઞાનીને ભજે..... (ક્ષમા અંગ ૭૯-૧,૨)
વળી: "નિરાશી ભક્તિ જે કોઇ કરે, તેનુ સેજે કારજ સરે" એજન. ૬૮૦ અ

અખાએ શુષ્કજ્ઞાનની એના છપ્પામાં આકરી ટીકા કરી છે.

"એક સૂકું જ્ઞાન કથે દામણા, તે હરિફળ પામેલા વામણા ૩૬૧
સૂકું જ્ઞાન ને વ્યંઢળ મૂછ, કરમી ધાન કૂતરનું પૂછ. ૩૬૨

આ પરમ્પરામાં વસ્તુતઃ જ્ઞાનનિષ્ઠ ભક્તિનો સ્વીકાર છે. અખાએ આ વસ્તુ એના છપ્પાના દંભ ભક્તિ અંગમાં આ રીતે સ્પષ્ટ કહી છે:

જ્ઞાન વિના ભક્તિ નવ થાય,
જ્યમ ચક્ષુહીણો જ્યતં ત્યાં અથડાય- ૩૨૨

જ્ઞાનની સરળ વ્યાખ્યા આપતાં એ કહે છે:

પણ જ્ઞાન તો છે આતમ સૂઝ
અખા અનુભવ હોયે તો બૂઝ, :સગુણભક્તિઅંગ ૩૦૮:

આખરે તો આમ એ અપરોક્ષાનુભૂતિનો વિષય છે. પુસ્તકિયા જ્ઞાનને અહીં સ્થાન નથી. આથી ક્ષિતિમોહન સેને આ કવિઓને, સાધકોને, અનુભવસાઅપંથી કહયાં છે. આ પરમ્પરાના લગભગ બધાજ સાધકોએ એમની કૃતિમાં ફરી ફરી અનુભવના પર ભાર મૂકયો છે.[૨] કૃષ્ણજી સેવાએ તો આ સાધનાપ્રણાલીના સાધકો

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

[૨] છેક ઉપનિષદ્‌થી માંડીને અઢારમી સદી સુધીના આ પરંપરાના કવિઓની કૃતિમાંથી આ હકીકતનું સમર્થન મળી રહે છે:

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्॥ कठोपनिषद्
यो वा एतदक्षरं गार्गि विदित्वास्माल्लोकात् प्रैति स ब्राह्मणः। बृहदारण्यकोपनिषद्

જોૌઅણુહવઇ સો જિ પરિયાણઇ
પાહુડદોહા- ૧૬૫

અનુભવકી બાત કહાર કહૈ સબ,
સબ હૈ જૂઠી પોલ દેખા.
કબીરવાણી-૪૨
કબીર:હઝારીપ્રસાદ દ્વિવેદી: ૨૬૨

ટીપ્પણ પાન ૩ ઉપર ચાલુ છે.

માટે "અનુભવિયા" એવો શબ્દ પણ યોજ્યો છે. નાથ ભવાન નામના આ પરમ્પરાના કવિએ અનુભવાનંદ નામ સંન્યાસી તરીકે ધારણ કર્યું છે તે પણ અનુભવના પર મૂકાતો ભાર સૂચવે છે. આથી ઉમાશંકર જોષીએ પણ આ સાધના પ્રણાલીના કવિઓને "અનુભવાર્થી" કહીને ઓળખાવ્યા છે. બંગાળના બાઉલો સાધકોના ત્રણ પ્રકારની વાત કરે છે: કરમિયા, ધારમિયા ને મરમિયા.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨ ૨ ચાલુ...

એ અનુભવ લહે અનુભવી, જેને હૃદય આતમજ્ઞાન,
જ્ઞાનગીતા, કડવું ૧લું, ૧૦-અ

માહાદશા છે અનુભવિયાની અનુભવિ હોય તે જાણે,

અનુભવિ દરિયા સમરસ ભરિયા કોઇ મરજીવા માણે ( પદ ૫૨) ૬૫૦૭

આનંદવધાઇ અનુભવથી થાય, અજ્ઞાનગાંઠો છૂટી જાય,
અખાના છપ્પા (ઉમાશંકર જોષી સમ્પાદિત)
કુલકલ અંગ -૬૮૫ અ.

એ અનુભવવિધ્યે જ્ઞાન પામ્યો, સમજીને સુખરૂપ થયો.
જીવનદાસની ચાતુરીઓ, ચાતુરી ૧૦ મી
પ્રાચીનકાવ્ય અંક ૪ થો, વર્ષ ૬હુ, ૮ અ

શબ્દતણો જે સમજે અનુભવ, તેની * ટળે વાસના ભર્મ,

ગોપાળદાસકૃત જ્ઞાન પ્રકાશ, કડવું ૬ ઠું, ૨૩ બ

અનુભવ ખેલ્યા વિના આપ સુઝે નહિ,

ચૈતન્ય બ્રહ્મ કદી સ્વપ્ને નાવે, શબ્દ૦

ભોજાભકતની વાણી, પ્રભાતિયું ૮ મું. ૨
(પ્રાચીન કાવ્ય માળા ગ્રન્થ ૫,)

અખંડ અનુભવ નામ છે જેનું, માનવાનું તે તો માન,
બાપુસાહેબ ગાયકવાડ: કાફી ૧૯ મી, ૪
(પ્રાચીન કાવ્યમાળા, ૭)

૪.

જે કર્મકાણ્ડ આચાર વગેરેને પ્રાધાન્ય આપે તે કરમિયા, જે ધર્મના સમ્પ્રદાયો ને અનુસરે તે ધારમિયા, પણ અપરોક્ષાનુભૂતિથી મર્મને પામનાર તે મરમિયા. આ અર્થમાં આ પરમ્પરાના કવિઓને આપણે "મર્મી" પણ કહી શકીયે.

.Mystic.ના અર્થમાં "મર્મી" શબ્દ બંગાળીમાં પ્રચલિત થયો પણ છે. કવિવર રવીન્દ્રનાથ આ પ્રણાલીના સાધક કવિઓને "સન્ધાની" કહે છે. પોતાના સાચા સ્વરૂપ સાથે પોતાનું અનુસન્ધાન કરવાને માટેજ એમની સાધના હોય છે. આ અદમ્ય અનુસન્ધિત્સાને ધ્યાનમાં લઇએ તો એમને "સન્ધાની" તરીકે ઓળખાવવું સાભિપ્રાય જણાશે. સન્ધાની એટલે તીર તાકનાર, લક્ષ્યને વીંધનાર એ અર્થમાં મુણ્ડકોપનિષદ્ (૨ ૨ ૩-૪:) માંથી પણ આધાર મળે છે.:

प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत्॥

વળી આ જ અર્થમાં મુનિ રામસિંહ ના"પાહુડ દોહા" માં"સન્ધાની"સંજ્ઞાનો ઉપયોગ થયેલો જોવા મળે છે:

અસરીરહં સંધાણુ કિઉ સો ધાણુક્કુ ણિરુત્તુ।
સિવતત્તિં જિં સંધિયઉ સો અસરીરુ ણિરુત્તુ॥
॥૧૨૧॥

વળી આ સાધના પ્રણાલીના કવિઓ પોતે સન્ત તરીકે ઓળખાવવા ઇચ્છતા હોય એવા પણ એમની કૃતિઓમાંથી નિર્દેશો મળી રહે છે."સન્તનાં લક્ષણ" આ પરમ્પરાનાના ઘણાખરા કવિઓ વર્ણવ્યા છે. સંતની સંગત કરવા પર આ કવિઓ એ હમેશાં ભાર મૂકયો છે. "પાહુડ દોહા" માં પણ આનું સમર્થન મળી રહે છે.:

સંતુ ણિરંજણુ સો જિ સિઉ તહિં કિ જ્જઇ અણુરાઉ।

પાહુડદોહા :૩૮ વ.

૫.

"સન્ત" શબ્દ વારકરી સમ્પ્રદાયના ભક્તોને માટેની વિશિષ્ટ સંજ્ઞા છે. એવું પ્રો. આર.ડી. રાનડે એ એમના . Mysticism in Maharashtra. નામના ગ્રન્થમાં નોંધ્યું છે.[3]

ડો. પીતાંબર દત્ત બથ્થ્વાલે આ સાધકોને માટે "નિરગુનીઆ" સંજ્ઞાને વધુ ઉચિત ગણી છે. આ સાધકો પરમ તત્ત્વને "નિર્ગુણ" માનતા હતા તેથી એમના માટે આ સંજ્ઞા વાપરવી જોઇએ એવી એમની દલીલ છે. પણ આ પરમ્પરાના સાધકોએ સગુણ સ્વરૂપનો આત્યન્તિક નિષેધ કર્યો હોય એવું જાણ્યામાં નથી. આપણા સાહિત્યમાં નરહરિ, અખો, બુટિયો તથા ગોપાળદાસ જેવા કવિઓની કૃતિને જ્ઞાનમાર્ગી પરમ્પરાની કહીને ઓળખાવવામાં આવે છે. કે.કા.શાસ્ત્રીએ આ જ સંજ્ઞાનો ઉપયોગ કર્યો છે. એ સંજ્ઞા પ્રચલિત હોવાને કારણે અહીં એ જ સંજ્ઞાને આ પ્રણાલીના કવિઓની પરમ્પરા માટે વાપરવાનું યોગ્ય ધાર્યું છે.

---

" Now 'Santa' almost a technical word in the Vitthal Sampradaya, ameans any man who is a follower of that Sampradaya. Nohat the followers of other Sampradyas are not 'Santas' bthe followers of the Varakari Sampradayas are 'Santas' pexcellence"- Mysticiom in Maharastra by Prof. R.D. Ran (Poona,1933) P.42.

સાધનાના મુખ્ય બે પ્રકાર કહી શકાય: એક શાસ્ત્ર સંમત સાધના ને બીજી સન્તસંમત કે અપરોક્ષાનુભૂતિસંમત સાધના. શાસ્ત્રસંમત સાધનામાં બાહ્યાચારને વધારે મહત્વ મળતું જોવામાં આવે છે. આને કારણે ઉ ઘણી સિધ્ધાન્ત જડતા તથા રૂઢીચુસ્તતા પણ એમાં દેખાય છે. સામ્પ્રદાયિક જટાજાળનો પણ એમાં પાર રહેતો નથી. એ જ્યારે ક્ષયિષ્ણુ અવસ્થાને પામે છે ત્યારે જડ આચારના કલેવર નીચે માનવમનની પ્રાકૃત વૃત્તિઓ પોષાતી જાય છે.

આથી ઉલટું સન્તસંમત સાધનામાં આચારધર્મ કરતાં માનવધર્મને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. બાહ્યાચારની એમાં નિન્દા કરવામાં આવે છે. અપરોક્ષાનુભૂતિ વિનાના શુષ્ક શાસ્ત્રજ્ઞાનને એમાં કશું મહત્ત્વ નથી. માનવ માનવ વચ્ચેના ભેદને એમાં માન્ય રાખવામાં આવ્યા નથી. સન્તો પૈકીના ઉ ઘણા ખરા નિરક્ષર કે નીચી ગણાતી જાતિના જોવામાં આવે છે. આથી જડ બની ગયેલી વર્ણવ્યવસ્થાને આ માર્ગના કવિઓએ હમેશાં પડકારી છે. સહજ અને સરળ સાધનાને જ એમણે સદા આવકારી છે.[૪]

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

[૪] કબીરનુ પદ: સન્તો સહજ સમાધિ ભલી.

આંખ ન મૂંદૂં કાન રૂંદૂં, કાયા કષ્ટ ન ધારૂં ,
ખુલે નયન નૈન મૈ હંસ હંસ દેખુ, સુન્દર રૂપ નિહારૂં,

:હજારીપ્રસાદ દ્વિવેદીકૃત "કબીર"
પદ -૪૧:

અખાનું એજ મતલબનું કથન: હવે મારે સઘળે સુખરાસ,
એ સુખ મારગ મેલીને સઠ, કામકલેશ કરે કાં હઠ ૧
અખાના છપ્પા : ઉ. જોષી સંપાદિત પ્રાચિન અંગ
૨૩૮:

એમાં દેહને અવગણ્યો નથી, એથી ઊલટું સાધનામાં એનું ઉચિત ગૌરવ કરવામાં આવ્યું છે. સમ્પ્રદાય કે પન્થની અટપટી જટાજાળનો એમાં હમેશાં વિરોધ કરવામાં આવ્યો છે. આ સાધનામાર્ગ આમ સહજ ને સરળ છતાં મરજીવિયાને માટેનો જ છે એવું ફરી ફરી કહેવાયું છે. આ પરમ્પરાના સાધકોએ વાણીથી અતીત એવા ~~સ્વસંદેય~~ સ્વસંવેદ્ય અનુભવના ~~તત્વન~~ તત્ત્વને અવળવાણી (Language of paradox): દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. સાધનાના અંગ તરીકે એમાં યોગની પ્રક્રિયાને સ્વીકાર કરવામાં આવ્યો છે, છતાં એ યોગની સિધ્ધિના પ્રલોભનમાં અન્તિમ લક્ષ્ય ન ચૂકી જવાય તેની ફરી ફરી ને ચેતવણી આપવામાં આવી છે.[5] એમાં નિરંજન નિર્ગુણ એવા પરમતત્ત્વ સાથે અભેદાનુભૂતિ ~~-એમાં~~ સિધ્ધ ~~કરવામાં-આત્વ~~ કરવાને માટેની સાધના પર સદા ભાર મૂકવામાં આવ્યો છે. તેમ છતાં સગુણની ઉપાસનાનો કે ભક્તિનો આત્યન્તિક નિષેધ પણ નથી. બ્રહ્મમાં ભળી જવાની સાધના હોવા છતાં એ અપરોક્ષાનુભૂતિ ગોચર હોવાને કારણે રસોદ્રેકનો પણ આ સાધનાપ્રણાલીના સાહિત્યમાં અભાવ દેખાતો નથી. ઘણા કવિઓ અને સન્તોએ એમની અભેદાનુભૂતિને આપણામાં પણ કૃતાર્થતાના રોમાંચ ખડા કરી દે એવી કાવ્યમય વાનીમાં ગાઇ છે.[6] આ સાધનાપ્રણાલીનાં આટલાં મુખ્ય લક્ષણો કહી શકાય. હવે

- - - - - - - - - - - - - - - - - - - - - - - - -

[5] જોગ-જુગતમેં ભરમ ન છુટૈ જબ લગ આપ ન સુઝૈ। :હજારીપ્રસાદ દ્વિવેદી કૃત
કહ કબીર સોઇ સતગુરુ પૂરા જો કોઇ સમઝૈ બુઝૈ। કબીર પદ ૨૪૮, પૃ.૩૫૮.

ઉન્મત્ત મનને યોગ સાધાવો, જે કર્મઓધા કરે નહિ,
જ્યમ છૂટી ધોનુ મારતી ફરે, તેને અંધારે બાંધ્યે ટેવ ન વીસરે
અખા તે જાણે કર્યો ઉપાય, ત્યાં સિધ્ધિરૂપિણી લાગી લગાઇ. અખાના છપ્પા

[6] કબીર: અવધૂ મેરા મન મતિવારી, ઉન્મનિ ચઢા મગન રસ પીવૈ ત્રિભવન ભયા ઉજિયારા,
(હ. દ્વિવેદી સમ્પાદિત :કબીર: ૧૦૮)

૮.

આ બધાં લક્ષણો કાલક્રમે કેવી રીતે વિકસતાં આવ્યાં, એમાં નવાં તત્ત્વો ભળતાં કેવાં રૂપાન્તરો થતાં આવ્યાં તે વીગતે તપાસીએ.

બૃહત્ તત્ત્વ સાથેના અનુસન્ધાનને માટેની અદમ્ય ઇચ્છા આદિકાળથી માનવ અનુભવતો આવ્યો છે. એ તત્ત્વને એણે જુદે જુદે રૂપે વર્ણવ્યું છે. બંગાળના બાઉલો પોતાની સાધનાપ્રણાલીને અનાદિસાધના તરીકે ઓળખાવે છે, ને એ વેદથી પણ જૂની છે એમ કહે છે. "અમારી ભાવધારા જ સહજ અને અકૃત્રિમ છે. એથી સનાતન બીજું કશુ નથી." એમાં બાહ્ય પૂજા અર્ચનાની પછી જરૂર રહે નહીં. મૂર્તિ, પ્રતિમાં, તીર્થ , દેવાલય, શાસ્ત્રવિધિ વગેરે કૃત્રિમતાના દાસત્વનો અંત આવે." "બહારના વેદને વદાય કર્યા પછીજ અંતરનો વેદ ઉદ્ભાસિત થઇ ઉઠે. જે આ અન્તરવેદને માને તેને પછી કોઇ શાસ્ત્રનું પ્રયોજન રહે નહીં. પૂજા રોજા નિયમ નમાજ બધું ભૂંસાઇ જાય. જાતિ, વર્ણ વગેરેની ભેદબુદ્ધિનો અન્ત આવે. એનું જ નામ કાયાગત સહજવેદ[૭]" ~~સુમની~~ એમની આ સાધનાને આપણે વેદથી પણ જૂની કે અનાદિ ભલે ન લેખીએ, માનવની આ બૃહત તત્વ સાથેની અનુસન્ધિત્સા તો સનાતન છે, ને ઉપલબ્ધ જૂનામાં જૂનાં સાહિત્યમાંથી એનો અણસારો આપણને મળી જ રહે છે.

---

૭ વિશ્વભારતી પત્રિકા :જુલાઇ-સપ્ટેમ્બર, ૧૯૫૦, પૃ.૧૯: માં ક્ષિતિમોહન સેનનો "બાંઉલ" પરનો નિબન્ધ. ~~બાઉલો વિશે વિસ્તૃત ચર્ચા સન્તપરમ્પરાના વિભાગમાં કરીશું.~~

વેદ અને જ્ઞાનમાર્ગી ધારા

આ સાધનાનાં આગળ ગણાવેલાં મુખ્ય મુખ્ય લક્ષણો બીજરૂપે આપણે વેદમાં જોઇ શકીએ છીએ. વેદકાલીન સમાજ-જીવનમાં યજ્ઞ-ભાવનાની સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફ થતી ગતિ આપણે જોઇ શકીએ છીએ. કર્મકાણ્ડના જડ આચારમાં આત્મો-સસર્ગની ભાવનાનેટ સ્થાન નહોતુ પણ

यज्ञेन यज्ञम् अयजन्त देवाः। ऋ. १०,९०,१६

માં દૃષ્ટિની સૂક્ષ્મતાનુ દર્શન થાય છે.[1] વળી યજ્ઞની ઇષ્ટકાની સ્થાપના અંગે ની સૂચના આપતાં જે ભાષા વાપરી છે તેમાં રહેલા ગૂઢ સંકેતો પણ વિચારવા જેવા છે. એને સુપર્ણના આકારમાં સજાવવાની છે. આ ગરૂડ જેવુ પંખી આપણી પાર્થિવ સીમિત આકાંક્ષાનો અસીમ અપાર્થિવ સાથે યોગ સાધી આપે એવો સંકતે સંકેત એમાં રહેલો દેખાય છે. જુદા જુદા દેવને ઇષ્ટ માનીને તેની પાસેથી ઇપ્સિત વસ્તુની કામના કરવાને બદલે બ્રહ્મને જ વર્મ (કવચ) રૂપ ગણવાની વાત સામવેદમાં જોવામાં આવે છે:

ब्रह्म वर्म ममान्तरम्।
शर्म वर्म ममान्तरम्। उत्तरार्चिक, २१,१,८

તો વળી જેને આપણે"મરમીવાદ" કહીએ છીએ તેનાં બીજ પણ જોવામાં આવે છે. કર્મ-કાણ્ડી સકામ યજ્ઞ-યાગથી ધીમે ધીમે વિમુખ થઇને સહજ સાધના તરફ વળવાનો અણસારો આપણને એમાંથી ક્યાંક ક્યાંક મળી રહે છે. યજ્ઞ કરાવનાર

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

[1] પુરુષ સૂક્તમાંની યજ્ઞભાવના આ સંદર્ભમાં વિચારવા જેવી છે. તે ઉપરાંત, જેને "छन्दसां योगः" કહયો છે (ऋग्वेद ૧૦,૧૧૪,૯:), જેમાં ऋक्,યજુ તથા સામ શક્તિઓ મળે છે, ને જે જાણવો અત્યન્ત કઠિન છે, ને છતાં અનિ-વાર્ય છે. કારણકે એને જાણ્યા વિના "યજ્ઞ" સિધ્ધ થતો નથી, જે અનૂચાન બ્રાહ્મણ આ યોગને જાણે છે તે મુક્ત થઇ જાય છે. પછી એને યજમાન કહેવડાવ-વાની કે યકતે યજ્ઞ કરવાની જરૂર રહેતી નથી. (ઋગ્વેદ ૮,૫૮,૧૦:)

--- ટીપ્પણ પાન ૨ ઉપર ચાલુ છે.

પુરોહિત યજ્ઞની લાંબી ક્રિયા દરમિયાન કદિક સહેજ સરખુ ઝોકું પણ ખાઇ જતો હશે. વેદ-કાલીન કવિની નજરબહાર આ નાની સરખી વીગત ગઇ હોય એમ લાગતુ નથી. એવા પુરોહિતને અનુલક્ષીને જ એક સ્થળે કહયું છે:

मो षु ब्रह्मेव तन्द्रयुर्भुवः।

:પુરોહિત જેવો તન્દ્રાળુ થઇશ નહીં.:

:ઋગ્વેદ ૮,૯૨,૩૦,૨૦,૬,૩:

(આચાર્ય ક્ષિતિમોહન સેને ટાંકેલુ
વિ.પ. જુ. સપ્ટેમ્બર ૧૯૫૦:)

---

ટીપ્પણ ચાલુ.... આનેજ અર્થવવેદ ૧૦,૫,૬ માં "જિષ્ણુયોગ" કહયો છે, જેને સિધ્ધ કરવા માટે શરીરની બધી ઇન્દ્ર-શક્તિઓને યુકત કરવી જરૂરી છે. (જુઓ ડો. ફતહસિંહ કૃત વૈદિક દર્શન પૃ. ૪૬-૪૭.)

ભગવદ્ગીતામાં યજ્ઞભાવનાનું સુક્ષ્મ સ્વરૂપ જોવા મળે છે. એની ચર્ચા આગળ કરવામાં આવશે. એ માટે ચોથા અધ્યાયના ૨૩-૩૨ શ્લોક અને એના ઉપરની મધુસૂદનની ટીકા જોવી. આ ઉપરાંત ભારતીય જીવનરીતિમાં યજ્ઞના મહત્વની શ્રી રાધાકમળ મુકર્જીએ The Indian Scheme of Life (Hind Kitabs Ltd., 1951) માં સારી ચર્ચા કરી છે તે આ સંદર્ભમાં જોવા જેવી છે. પાછળથી ઉપનિષદ્માં યાજ્ઞિક અનુષ્ઠાનની અનુપયોગિતા પણ બતાવવામાં આવી છે. ને તત્વચિન્તનને યાજ્ઞિક અનુષ્ઠાનના કરતા શ્રેષ્ઠ ગણ્યું છે. આ સંદર્ભમાં જુઓ મુણ્ડકોપનિષદ્: ૧,૨,૭

प्लवा ह्येते अदृढा यज्ञरूपा अष्टादशोक्तमवरं येषु कर्म।
एतच्छ्रेयो येऽभिनन्दन्ति मूढा जरामृत्युं ते पुनरेवापियन्ति॥

૩.

તો વળી વશિષ્ઠ ઋષિ દેવતાની સાથેની આત્મીયતાની વાત અત્યન્ત વિશ્રમ્ભ પૂર્વક કરે છે:

आ यद् रुहाव वरुणश्च नावम्।
प्र यत् समुद्रम् ईरयाव मध्यम्। ऋ० ७,८८,३

યજ્ઞના કર્મકાણ્ડી શુષ્ક માર્ગના કરતાં પ્રેમનો મધુમય માર્ગ તરફ વળવાનો અણસાર પણ વેદમાં વર્તાય છે:

उरुक्रमस्य स हि बन्धुरित्था।
विष्णोः पदे परमे मध्व उत्सः॥ ऋ० १,१५४,५

આ વિષ્ણુનું પરમ પદ તે કયું ને અહીં જેનો ઉલ્લેખ કરાયો છે તે મધુનો ઉત્સ એટલે શું તેની ચર્ચા આપણને **"મરમી"** સાધનાને સીમાડે લાવી મૂકે છે. યજ્ઞ-યાગના ફળરૂપે સ્વર્ગની કામના કરવામાં આવતી. અથર્વવેદમાં એ સ્વર્ગનું સ્થાન સાંમનસ્યે લીધું છે. આ એક ઘણું મોટું પગલું ભર્યું કહેવાય:

सहृदयं सांमनस्यमविद्वेषं कृणोमि वः॥ अथर्व० ३,३०,१

અને આ પારસ્મસિક સહૃદયતા, સાંમનસ્ય, અવિદ્વેષ ના સ્વાભાવિક પરિણામ-રૂપે ભૂતમાત્રને માટેની મૈત્રીની ભાવના, સમાનતા ભરી દૃષ્ટિ, બધાંનો અન્ન-જળના પરનો સમાન અધિકાર, શ્રમ કરવાની બધાંની સમાન જવાબદારી- આ બધું પણ આપણને અહીં જોવા મળે છે.:

समानी प्रपा सह वोऽन्नभागः।
समाने योक्त्रे, सह वो युनज्मि॥ अथर्व० ३,३०,६

પરલોકપરાયણતાને સ્થાને પૃથ્વીને માટેનો પ્રેમ પણ અહીં બુલંદ કણ્ઠે ઉચ્ચારાયેલો લાગે છે. ભૂમિ તે માતા છે ને હું પૃથ્વીનો પુત્ર છું:

माता भूमिः पुत्रो अहं पृथिव्याः। अथर्व० १२,१०,१२

આ પૃથ્વીને એ કવિએ પથ્થર, માટી ને ધૂળના સમુદાયરૂપે જોઇ નથી. એના સ્નેહમય હિરણ્યવક્ષને એ નમસ્કાર કરે છે:

शिला भूमिरश्मा पांसुः पृथिव्याः
तस्यै हिरण्यवक्षसे ^ अकरं नमः।

अथर्व०, १२,१,२६,

माटेज आ पृथ्वी अमारे माटे आनन्दमयी बनी रहो अने अहींज अमने सख्य प्राप्त थाओ एवी प्रार्थना अथर्ववेदना तेरमा काण्डना प्रथम सुक्तमां कवि ए करी छे: पृथिवी नः स्योना।

अथर्ववेद १३,१,१७

अने इहैव प्राणः सख्ये नो अस्तु। एज नं. १३, १,१८

गुरुशिष्यना संबंधनो विशिष्ट महिमा पण आपणने अहीं जोवा मळे छे. संत-संमत साधना-प्रणालीमां आ संबंधनुं महत्त्व स्पष्ट छे: ब्रह्मचारी शिष्य द्वारा ज गुरु पोतानी पूर्णता सिध्ध करे छे:

स आचार्यं तपसा पिपर्ति। अथर्ववेद ११,७,१

रवीन्द्रनाथे जेने "सहज मानुष" कहे छे ने बंगाळनी बाउलो जेने "मनेर मानुष" कहे छे ते अथर्ववेदना व्रात्यनो अहीं खास उल्लेख करवो जोइए. कर्मकाण्डनी आचार-जडतानी सामे माथुं उंचकनार ने पोतानी सूझथी लाधेला मार्गने ज अनुसरनार अनोखी खुमारीवाळा आ व्रात्यनां दर्शन आपणने अथर्ववेदना पंदरमां काण्डमां थाय छे. [२] आ अव्रती ने सावित्रीपरिभ्रष्ट (मनुस्मृति १०,२०)

---

[२] आ व्रात्यो विशेनी माहिती अहीं The Religions of India(Vol.One): The Vratya or Dravidian systems by A.P. Karmarkar (~~MIRA~~ Mira Publishing House, Lonavla 1950)

तथा आचार्य क्षितिमोहन सेनना "व्रात्य" नामना "प्रवासी"(आषाढ:बंगाब्द १३२४)मां प्रकट थयेला लेखने आधारे आपां छे. ए उपरांत विश्वभारती पत्रिकामां (जु.सप्टे.१९५०:मां)"बाउल" विशेना एमना लेखमां पण थोडी वधु वीगतो आपी छे.

વ્રાત્યભલે ઉપનયનવિહીન ને ષોડશસંસ્કારરહિત હોય, પણ સાયણાચાર્યનેય કહેવુ પડયુ કે

व्रात्योऽधिकारी, व्रात्यो महानुभावो, व्रात्यो देवप्रियो, व्रात्यो ब्राह्मणक्षत्रिययोर्वर्चस्वी, किं बहुना व्रात्यो देवाधिदेव इवेति प्रतिपादितो। यत्र व्रात्यो गच्छति विश्वं जगद् विश्वे च देवास्तत्र तमनुगच्छन्ति, तस्मिन् स्थिते तिष्ठन्ति, तस्मिंश्चलति ते चलन्ति। यदा स गच्छति राजवत् स गच्छति।

આવા યજ્ઞીપરાયણ કર્મકાણ્ડીની ઉપેક્ષા પામેલો છતા વિશ્વોત્તમ, મહાધિકારી, પુણ્યશીલ અને વિશ્વસંમાન્ય વ્રાત્યની સાયણાચાર્યે વાત કરી છે. આચાર્ય ક્ષિતિ-મોહન સેનને મતે આ વ્રાત્યે જ સૌથી પ્રથમ સહજની દીક્ષા માનવજાતિને આપી. એણે મનુષ્યની મહતાની ઉચિત પ્રતિષ્ઠા કરી. મનુષ્યમાં જે બ્રહ્મ ને જુએ તે જ તેની સાચી પ્રતિષ્ઠા કરે:

ये पुरुषे ब्रह्म विदुस्ते विदुः परमेष्ठिनम्। અ.વે.૧૦,૭,૧૭

એનામાંથી જ ઋક્, યજુ, સામ અને અથર્વ- એમ ચારે વેદ નીકળ્યા.

અમૃત અને મૃત્યુ પણ એનામાં જ છે, એની નાડીએ નાડીએ સમુદ્રો સમાહિત થઇને રહયા છે:

यस्मादृचो अपातक्षन् यजुर्यस्मादपाकषन्।
सामानि यस्य लोमानि अथर्वाङ्गिरसो मुखम्॥ ૧૦,૭,૨૦

अमृतं च मृत्युश्च पुरुषेऽधि समाहिते।
समुद्रो यस्य नाड्यः पुरुषेऽधि समाहिताः॥ ૧૦,૭,૧૫

આથી માનવદેહની પણ એણે ઉપેક્ષા નથી કરી. કાયાક્લેશની સામેનો વિરોધ આપણને અહીં કદાચ સૌથી પ્રથમ દેખાય છે, આ માનવદેહમાં चिन्मय વિશ્વ-દેવતાની પ્રતિષ્ઠા છે:

महद् यक्षं भुवनस्य मध्ये। અથર્વ. ૧૦,૭,૩૮

મનુષ્યમાં બ્રહ્મ વસે છે માટેજ એને પુરુષ કહીએ છીએ:

पुरं यो ब्रह्मणो वेद:
यस्या: पुरुष उच्यते।  અથર્વ૰, ૧૦,૨,૨૮

અથર્વવેદ (૧૦,૨) માં ઋષિએ માનવશરીરને નખશિખ અત્યન્ત કુતૂહલથી જોયું છે, ને બાલોચિત મુગ્ધતાથી એની અદ્ભુત રચનાથી આશ્ચર્ય પામી પ્રશ્નો પૂછ્યા છે: આ અંગ કોણે બનાવ્યું ? એને બનાવનાર દેવ કોણ છે ? :અ.વે.૧૦,૨,૧-૨૫: શરીરનાં આઠ કેન્દ્ર સ્થાનને જુએ છે, વળી શીર્ષ સ્થાનના સાત તથા મધ્ય ભાગના બે છિદ્રોને પણ એ જુએ છે ને એને એ

अष्टाचक्रा नवद्वारा देवानां पूरयोध्या।
तस्यां हिरण्मय: कोश: स्वर्गो ज्योतिषावृत:॥

અથર્વ૰ ૧૦.૨,૩૧,

આઠ ચક્ર, નવદ્વારવાળી દેવોની અયોધ્યાપુરી કહે છે.[3] એ માટીના ભંગુર દેહમાં જ જ્યોતિર્મયલોકગામી જ્યોતિદ્દારા આવૃત હિરણમય કોશ છે. એ બ્રહ્મપુરી જ છે.

तस्मिन् हिरण्यये कोशे त्र्यरे त्रिप्रतिष्ठिते।
तस्मिन् यद् यक्षमात्मन्वत् तद् वै ब्रह्मविदो विदु:।

અથર્વ૰, ૧૦,૨,૩૧-૩૨

વિશ્વસલિલમાં આ દેહકમલ શીરીતે પ્રસ્ફુટિત થયું તે સાધના વિના ન જાણી શકાય. એ કમલને જોઇને ચકિત થઇને અથર્વ વેદનો કવિ મુગ્ધ બનીને પૂછી ઉઠે છે: अपां त्वा पुष्पं पृच्छामि यत्र तन् मायया हितम्। ૧૦,૮,૩૪

અન્યત્ર અથર્વવેદમાં અમૃતના પુષ્પ તરીકે એ વર્ણવાયો છે:

---

૬,૯૫,૨,[4]

3 અહીંથી યોગની અને તન્ત્રાનુસારી સાધના-પદ્ધતિનાં બીજ આપણને દેખાય છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્માં આ જ જરા વિસ્તારથી ચર્ચાયેલું જોવા મળે છે. વળી નારાયણ ઉપનિષદ્માં પણ દેહપુરને પુણ્ડરીક કહીને વર્ણવ્યુંછે:तदिदं पुरं पुण्डरीकम्।

4 છાન્દોગ્યમાં પણ दहरं पुण्डरीकं वेश्म। (૮,૧,૧) એવું વર્ણન મળે છે.

૭.

अमृतस्य पुष्पम् ।   ઝ૬૮૦, :૬,૯૫,૨,:[૪]

માનવકાયાને ક્ષુદ્રબ્રહ્માણ્ડ કહીને ઓળખાવી છે. જે ભાણ્ડમાં છે તે જ આખરે તો બ્રહ્માણ્ડમાં છે. આથી વિશ્વસારતન્ત્રમાં તો કહ્યું છે કે જે અહીં છે તે બધે છે, જે અહીં નથી તે કયાંયે નથી:

यद् इहास्ति तद् अन्यत्र ।
यन्नेहास्ति न तत् क्वचित् ।।

આ જ વાત બૌદ્ધદોહામાં જોવા મળે છે:

એત્થુ સે સુરસરિ જમુણા એત્થુ સે ગંગા સાઅરુ
એત્થુ પઆગ વાણારસિ એત્થુ સે ચન્દ દિવાઅરુ.

દેહની અંદર રહેલા કોશ પાંચ છે: હિરણ્યમય, દેવ, મન, પ્રાણ, અન્ન. આ જ છાન્દોગ્યમાં ક્રમે આનન્દમય, વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય તથા અન્નમય કોશ તરીકે રજૂ થયા છે. દેવકોશને વિશે અથર્વવેદમાં કહ્યું છે કે અથર્વાએ જે મૂર્ધા અને હૃદયને એક સાથે મેળવીને સવ સીવી દીધા છે અને જેને મસ્તિષ્કથી પણ ઉપર રહેનાર પવમાન શિર પરથી પ્રેરિત કરે છે તે અથર્વાનું શિર દેવકોશ છે. (૧૦,૨.૨૬-૨૭) આથી એના રક્ષણ માટે પણ ઉપ કેટલીક કાળજી રાખવામાં આવી છે : એની ઉપર સૌથી પહેલાં તો જ્ઞાનતન્તુઓ રૂપે મનનો પહેરો છે, ત્યાર પછી શરીરવ્યાપી વ્યાનસમાન ઉદાન વગેરેને રૂપે પ્રાણ તથા એ બધાંથી ઉપર અસ્થિ, મજ્જા, ત્વચા વગેરેના રૂપમાં અન્નનો પહેરો છે. આમ દેહનું

---

[૪] જોગીઓ અને બાઉલોએ તેમજ સંતપરંપરાના કવિઓએ પણ એનું આ સ્વરૂપે વર્ણન કર્યું છે: સોનાર નાચે સોનાર બાંધાવ,
અમૃતેર_ફૂલ_ફોટે

દુર્ગરૂપે અહીં વર્ણન મળે છે. (જુઓ ડો. ફતહસિંહકૃત વૈદિક દર્શન પૃ. ૨-૩)
પરમતત્ત્વનો વિધાતા, પિતા અને બન્ધુ તરીકે કરેલો ઉલ્લેખ પણ યજુ-
ર્વેદમાં મળે છે:

स नो बन्धुर्जनिता स विधाता । ३२-१०

આ પરમતત્વના વર્ણનમાં ભાષા અધૂરી લાગવાને કારણે અવળવાણી
.Language. of. . .paradox. . . નો આશ્રય લેવાની જરૂર સાધકોને પણ
ઊભી થાય છે. વેદકાળમાં પણ લાંબી યજ્ઞયાગની ક્રિયા દરમિયાન વચ્ચે
મળતા અવકાશમાં પુરોહિતો એકબીજાની આગળ "બ્રહ્મોદ્યા" ને નામે ઓળ-
ખાતી પ્રહેલિકાઓ રજૂ કરીને મનોવિનોદ કરતા.[૫] સાધકોના વિપુલ
સાહિત્યમાં આવી અવળવાણી, ઉલટબાંશિ, દૃષ્ટકૂટ, સન્ધ્યાભાષા, હૈયાલિ,
હરિયાળી વેદથી માંડીને ઉપનિષદોમાં, દોહા સાહિત્યમાં, સહજ્યાનીઓમાં,
સંતસાહિત્યમાં તેમ જ આપણી જ્ઞાનમાર્ગી પરમ્પરાના સાહિત્યમાં સારા
પ્રમાણમાં જોવા મળે છે. સૃષ્ટિ પોતેજ એક પ્રહેલિકા છે. આથી ઋગ્વેદના
૧૦માં મણ્ડળમાં नासदासीत्...થી શરૂ થતું નાસદીય સૂક્ત જુઓ કે ઋગ્વેદમાંની
નીચેની ઉક્તિ જુઓ: सप्त युञ्जन्ति रथमेकचक्रम् ।
एको अश्वो वहति सप्तनामा ॥ ऋ. १,१६४,२
जीवो मृतस्य चरति स्वधाभिः
अमर्त्यो मर्त्येना सयोनिः ॥ ऋ. १,१६४,३०
अन्ति सन्तं न जहाति अन्ति सन्तं न पश्यति । ऋ. १०,८,३२

---

[૫] આ વિષયની વિસ્તૃત ચર્ચા જ્ઞાનમાર્ગી પરમ્પરાનાં સાહિત્ય સ્વરૂપોની
વાત આવશે ત્યારે કરશું.

૯.

એમાં કવિઓ વાણીની મર્યાદાને અતિક્રમીને કશાંક અનિર્વચનીયની એંધાણી આપવાને પ્રયત્ન કરી રહયા હોય એમ લાગશે. શતપથ બ્રાહ્મણમાં દેવોને વિશે કહયું છે: परोक्षप्रिया वै देवाः । એમને સીધું કશું પ્રિય થઇ પડતું નથી, પરોક્ષ થી જ એમને પ્રિય છે, એટલે એને રીઝવનાર કવિને પણ પરોક્ષ-નોજ આશ્રય લેવો પડે. પણ આ વાણી ને એ દ્વારા પ્રકટ થતુ સત્ય ઘણાંને અગોચર કૂટ રહી જાય:

उत त्वः पश्यन् न ददर्श वाचम् ।
उत त्वः शृण्वन् न शृणोति एनाम् ॥ ઋ.૧૦,૭૧-૪.

માટે જ તો કવિએ કહયુ છે કે એના ત્રણપદ તો ગુહાહિત જ રહે છે, એનો ચતુર્થાંશ જ મનુષ્ય તો વ્યક્ત કરવાનો પ્રયત્ન કરે છે:

गुहा त्रीणि निहिता नेंगयन्ति ।
तुरीयं वाचो मनुष्या वदन्ति ॥ ઋ.૧,૧૬૪,૪૫
~~।। ઋ.૩,૫૫,૧~~

ઉષાનો પ્રકાશ તે આ વિશ્વવાણીનુ અક્ષરસૂચન માત્ર:

महद् वि जज्ञे अक्षरं पदे गोः । । ઋ.૩,૫૫,૧

એનુ સાચુ દર્શન તો સાધનાને અંતે જ થાય, ને જ્યારે થાય ત્યારે આન્તર ચક્ષુ પૂર્ણ થઇ જાય, ત્યારે એ જ વાણી મુક્તિનો સારમંત્ર બની રહે:

अप ध्वान्तमूर्णुहि पूर्धि चक्षुर्
मुमुग्धि अस्मान् निधयेव बद्धान् ।।ઋ.૧૦,૧૩,૧૧,

પરમતત્વને માટેનો ધ્યાનમંત્ર (ગાયત્રીમન્ત્ર) પણ એક રીતે જોઇએ તો જ્ઞાનમાર્ગમાં અને પાછળથી વધારે પ્રચલિત થયેલા નામસ્મરણનાં બીજ ધારાવે છે.

तत्सवितुर्वरेण्यम् भर्गो देवस्य धीमहि
धियो यो नः प्रचोदयात् । ઋ.૩,૬૨,૧૦.

આ મંત્રમાં પહેલા પદમાં ત્રણ કે સાત પ્રકારની વ્યાહૃતિ – વિશેષે[૧૦.]

કરીને આહરણ- નો અર્થ કહ્યો છે.[૬] એમાં પ્રથમ આપણે ભૂર્લોક, પછીથી

ભુવર્લોક, સ્વર્લોક, મહ:જન, તપોલોક અને છેલ્લે બધાથી ઊંચે સત્યલોકમાં
બરેખર જ્યોતિના ધ્યાનમાં મગ્ન થઈને રહીએ. એ વિશ્વસવિતાની

પહોંચવાનું હોય છે.[૭] ત્યાં આપણે વિશ્વસવિતાની જ્યોતિ-

ર્મય પ્રતિષ્ઠા તે આપણી જ સ્વરૂપ પ્રતિષ્ઠા. તાન્ત્રિકોની દૃષ્ટિએ મૂલાધાર-

થી તે આજ્ઞાચક્ર સુધીનાં છ ચક્ર તે પ્રથમ છ વ્યાહૃતિનાં સ્થાન, અને સહસ્રા-

રચક્ર તે સત્યલોક. મૂલાધારમાંથી ક્રમશ: પોતાનું આહરણ કરીને સહસ્રાર-

ચક્રરૂપી સત્યલોકમાં પ્રતિષ્ઠિત થઇ બ્રહ્મજ્યોતિનું ધ્યાન ધારી કેવળ બ્રહ્મમય થઇ

જવું એજ આ સપ્તવ્યાહૃતિનું લક્ષ્ય.

આમ આપણે સંતસંમત સાધના પ્રણાલીનાં મુખ્ય મુખ્ય લક્ષણોનો અણસારો

વૈદિક સાહિત્યમાં ક્યાં ક્યાં જોવા મળે છે તેની ચર્ચા કરી. હવે બ્રાહ્મણો,

આરણ્યકો જે ઉપનિષદો તરફ વળીએ.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

[૬] જુઓ ડો. શશિભૂષણ દાસગુપ્તકૃત "ભારતીય સાધનાર ઐક્ય"
વિશ્વભારતી, લોકશિક્ષણ ગ્રન્થમાળા, પૃ. ૧૫

[૭] અથર્વવેદના કવિઓ પૃથ્વીનું ગૌરવ કરતાં કહ્યું છે તે અહીં સંભારવા જેવું
છે.: દ્યુલોક તો સૂર્યથી ધારણ કરાયેલો છે, પણ અમારી પૃથ્વી તો
સત્યથી ધારણ કરાયેલી છે.

સત્યેનોત્તભિતા ભૂમિ: સૂર્યેણોત્તભિતા દ્યૌ: । અથર્વવેદ ૧૦,૧,૧

# બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદોમાં Chapter-1-3
આ ધારાનાં બીજ

ઉપનિષદોમાં કર્મકાણ્ડ અને યજ્ઞ પ્રત્યેનું આખું દૃષ્ટિબિન્દુ બદલાઈ ગયેલું જોવામાં આવે છે. કર્મકાણ્ડ સામે સીધા પ્રહાર અસંદિગ્ધ ભાષામાં થયેલા જોવા મળે છે. યજ્ઞની વિભાવનાને સૂક્ષ્મ બનાવીને એના પર દાર્શનિક અર્થનો આરોપ કરવામાં આવ્યો હોય એવું પણ જોવા મળે છે. કેટલીક વાર તો કર્મકાણ્ડનો ઉપહાસ કરવામાં આવ્યો હોય એવું પણ દેખાય છે. છાન્દોગ્યોપનિષદ્ના ત્રીજા અધ્યાયના સત્તરમાં ખણ્ડના એકથી છ શ્લોકમાં યજ્ઞની વિભાવનાનું સ્વરૂપ ઘોર અંગિરસ કૃષ્ણને સમજાવે છે. એમાં યજ્ઞ કરનારની સાથે માનવજીવનની સરખામણી કરી છે. આ વિષયની ચર્ચા કરતા પ્રો. ટી.એમ. પી. મહાદેવન્ History Of Philosophy: Eastern & Western Vol. I માં પૃ. ૫૭૪ પર આ મુજબ કહે છે: "The spirit of the Upanisads, by its very nature, is opposed to ritual." બૃહદારણ્યકોપનિષદ્માં જે આત્મા સિવાય અન્ય દેવની આરાધના કરે છે તેને તે દેવના પાળેલા પશુ જેવો કહ્યો છે: आत्मा ह्येषां स भवत्यथ योऽन्यां देवतामुपास्तेऽन्योऽसा-
वन्योऽहमस्मीति न स वेद यथा पशुरेवं स देवानाम्।

(બૃહદારણ્યક ૧ લો અધ્યાય, તૃતીય બ્રાહ્મણ ૧૦)

બૃહદારણ્યમાં આગળ ત્રીજા અધ્યાયના નવમા બ્રાહ્મણના ૨૧ માં શ્લોકમાં કહ્યું છે કે મૃત્યુનો દેવ યમ યજ્ઞમાં પ્રતિષ્ઠિત છે, પણ યજ્ઞ પોતે પુરોહિતને અપાતી દક્ષિણામાં પ્રતિષ્ઠિત છે.

किं देवतोऽस्यां दक्षिणायां दिश्यसीति यमदेवत इति स २.
यमः कस्मिन्प्रतिष्ठित इति यज्ञ इति कस्मिन्नु यज्ञः
प्रतिष्ठित इति दक्षिणायामिति ...

.............

યજ્ઞમાં જતી પુરોહિતોની હારને કૂતરાંની હાર સાથે સરખાવીને છાન્દો-ગ્યમાં ભારે ઉપહાસ કરવામાં આવ્યો છે:

तस्मै श्वा श्वेतः प्रादुर्बभूव, तमन्ये श्वान उपसमेत्यो-
चुरन्नं नो भगवानागायत्वशनायाम वा इति।

છાન્દોગ્ય ૧,૧૨

યજ્ઞ પર સૌથી આકરી ભાષામાં મુણ્ડક ઉપનિષદ " હુમલો કરે છે. યજ્ઞને અદૃઢ પ્લવ- જેવા પર આધાર ન રાખી શકાય તેવી હોડી સાથે સરખાવીને એને મહત્વ આપનારને મૂઢ અને ફરી ફરી જરા મૃત્યુની ઘટમાળમાં પડતા વર્ણ-વ્યા છે. (મુણ્ડકોપનિષદ્ ૧-૨-૭) છાન્દોગ્યમાં માવજીવનને સોમયજ્ઞ સાથે સરખાવ્યું છે ને યજ્ઞના હવિ તરીકે જુદા જુદા પ્રકારના પ્રાણનું વર્ણન કર્યું છે.: (૩-૧૪-૧૭: તથા :૫,૧૯-૨૪) અથર્વવેદમાં વ્રાત્યોએ યજ્ઞના અનુષ્ઠાનને બદલે ધ્યાનધારણા તરફનું વલણ દાખવેલું તે ધીમે ધીમે ઉપનિષદોમાં વધુ ને વધુ સ્પષ્ટ થતું જાય છે. કર્મ-કાણ્ડની સંકુલતા ને શાસ્ત્રોની જટિલ જટાજાળને ધીમે ધીમે ગૌણ સ્થાન મળતું જાય છે. છાન્દોગ્યમાં અનેક શાસ્ત્રોમાં પ્રવીણ એવા નારદ મુનિ અસંતુષ્ટ બનીને સનત્કુમાર આગળ જઇને પોતાનો શોક દૂર કરવાને વિનવે છે, ત્યારે એક મહત્ત્વનો ભેદ સ્પષ્ટ કરે છે જે આ સાધના-પ્રણાલીમાં ક્રમશ: વધુ ને વધુ સ્પષ્ટ થતો જાય છે. નારદમુનિ પોતાને વિશે કહે છે: सोऽहं भगवो मन्त्रविदेवास्मि। नात्मविद्।

(અહીં વિદ નો પ્રયોગ મહત્ત્વનો છે) ...:છાન્દોગ્ય:૭,૩,૯

૩.

૭,૩,૧: અહીં મન્ત્રવિદ્ અને આત્મવિદ્ વચ્ચેનો કરેલો વિવેક મહત્ત્વનો છે. જે ઊંડે ઊંડે બૃહત્ સાથેના અનુસન્ધાન માટેની ઉત્કટ ઇચ્છા છે– એ અનુસન્ધિત્સા આ મન્ત્ર કે શાસ્ત્રજ્ઞાનથી સન્તોષાતી નથી, નારદમુનિ કહે છે તેમ આ આત્મોપલબ્ધિના અભાવને કારણે થતો શોક દૂર થતો નથી. આત્મોપલબ્ધિ કરાવે તે વિદ્યા સાચી. એથી વિદ્યાનો પણ સાધ્યની દૃષ્ટિએ વિવેક કરીને મુણ્ડકોપનિષદ્માં સ્પષ્ટ કહ્યું :

द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद् ब्रह्मविदो वदन्ति परा चैवापरा च ॥४॥ तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषमिति। अथ परा यया तदक्षरमधिगम्यते ॥५॥

(મુણ્ડક. ૧,૪-૫,૧)

જેનાથી પેલા અક્ષર તત્ત્વનું જ્ઞાન થાય તે પરા વિદ્યા, બાકીની અપરા-- એમાં વેદોનો પણ સમાવેશ થઇ ગયો. જે લોકો આ જાણ્યા વિના ~~કર્મકા~~ કર્મકાણ્ડમાં રચ્યા પચ્યા રહે તેને માટે મુણ્ડકના ઋષિએ જરા આકરી વાણી પણ ઉચ્ચારી છે:

यत्कर्मिणो न प्रवेदयन्ति रागात्तेनातुराः क्षीणलोकाश्च्यवन्ते ॥९॥ इष्टापूर्तं मन्यमाना वरिष्ठं नान्यच्छ्रेयो वेदयन्ते प्रमूढाः ॥ नाकस्य पृष्ठे ते सुकृतेऽनुभूत्वेमं लोकं हीनतरं वा विशन्ति ॥१०॥

(મુણ્ડક. ૧,૯-૧૦,૨)

આ પ્રમૂઢ અને આત્મવિદ્ ધીર[1] -- આ બેનો સ્પષ્ટ ભેદ મુણ્ડક કરે છે.

[1] આ धीराः ની વાત બીજા ઉપનિષદોમાં પણ છે: तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥१२॥ (श्वेताश्वतर० ६,१२) તેમજ વળી 'आवृत्तचक्षुः' (कठ० २,१,१) तथा सूक्ष्मदर्शिभिः (कठ० १,३,१२) માં કહ્યા છે.

ઋગ્વેદના દેવોને સ્થાને પુરુષ ની સ્થાપના થઇ, એ પુરુષ ના[2] સ્વરૂપવર્ણનમાં ધીમે ધીમે આગળ વધાતાં ઉપનિષાદોમાં નિરંજન નિર્ગુણ નિષ્કલ એવા બ્રહ્મનું વર્ણન આપણને મળે છે. શ્વેતાશ્વતરમાંનુ વર્ણન નોંધાવા જેવું છે:

निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम् ।
अमृतस्य परं सेतुं दग्धेन्धनमिवानलम् ॥

(શ્વે. ૬,૧૯,)

વળી અત એ જ અધ્યાયમાં આગળ કહ્યું છે:[3]

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥

(શ્વે ૬,૧૧)

આ "देव" આત્મબુદ્ધિપ્રકાશ છે. :શ્વે. ૬,૧૮:

એ આત્માના નિરાકારત્વ વિશે પણ શ્વેતાશ્વતરમાં આ પ્રમાણે સ્પષ્ટ કહ્યું છે: न तस्य प्रतिमा अस्ति .....૪,૧૯

(વાજસનેથી સંહિતા ૩૨-૩)

न संदृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम् ।
हृदा हृदिस्थं मनसा य एनमेवं विदुरमृतास्ते भवन्ति ॥

...૪,૨૦

---

[2] "પુરુષ" શબ્દની વ્યુત્પત્તિ સમજાવવાનો પણ કેટલાંક ઉપનિષદોમાં પ્રયત્ન છે. ઉ.ત. स वा अयं पुरुषः सर्वासु पूर्षु पुरिशयो नैनेन किंचनानावृतं नैनेन किंचनासंवृतम् ।

(બૃહદ૦ ૨,૫,૧૮)

[3] "પુરુષ" "દેવ" "આત્મા" "બ્રહ્મ" વગેરે સંજ્ઞાથી ઓળખાવાયેલા પરમતત્ત્વના આ પ્રકારના વર્ણનો માટે જુઓ: મુણ્ડક૦ ૩,૧,૫, કઠ૦ ૧,૨,૧૭-૨૦, કઠ૦ ૧,૩,૯-૧૩ મુણ્ડક૦ ૨,૨,૭-૧૦, મુણ્ડ૦ ૩,૧,૭-૯, માણ્ડુક્ય૦ ૧૨, ઐતરેય૦૫,૩ છાન્દોગ્ય. ૨,૧-૩, છાન્દોગ્ય. ૬,૭, છાન્દોગ્ય ૮,૧૧, છાન્દોગ્ય.૮,૭,૧, શ્વેતાશ્વતર.૧,૬,૧,૧૫,૩,૮-૨૦ અમૃતબિન્દુ ૧૨, બ્રહ્મબિન્દુ ૨૦-૨૧.

આ વિષે મૈત્રેયી ઉપનિષદ્માં પણ કહ્યું છે:

पाषाणलोहमणिमृण्मयविग्रहेषु पूजा पुनर्जननभोगकरी मुमुक्षोः।
तस्माद्यतिः स्वहृदयार्चनमेव कुर्यात् बाह्यार्चनं परिहरेदपुनर्भवाय॥

મૈત્રેયી૦ ૨,૨૬,

અહીં બાહ્યાર્ચન અને હૃદયાર્ચન વચ્ચેનો વિવેક અત્યન્ત નોંધપાત્ર છે. આ આત્મોપલબ્ધિના સાધનામાર્ગ વિશે ઉપનિષદોએ જે કહ્યું છે તે મહદંશે સન્તોની સાધના-પ્રણાલીની રૂપરેખા આંકી આપે છે. અથર્વવેદમાંના વ્રાત્યો અયાજ્ઞિક હતા તે તે એમણે જડ ક્રિયાકાણ્ડનો વિરોધ કરી ધ્યાન, વૈરાગ્ય અને અભ્યાસના પર ભાર મૂકયો તે આપણે આગળ જોઇ ગયા. ઉપનિષદોમાં આત્મોપલબ્ધિના એક મહત્ત્વના સાધન તરીકે જ્ઞાનના પર ભાર મૂકયો છે.

प्रज्ञानेनैनमाप्नुयात्। :કઠ૦ ૧,૨,૨૪:

એને સૂક્ષ્મદર્શી અગ્રબુદ્ધિથી જ જોઇ શકે:

एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते।
दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः॥

:કઠ૦ ૧,૩.૧૨:

એજ વસ્તુ મુણ્ડક૦ માં પણ કહી છે:

न चक्षुषा गृह्यते नापि वाचा नान्यैर्देवैस्तपसा
कर्मणा वा। ज्ञानप्रसादेन विशुद्धसत्त्वः ततस्तु तं पश्यते
निष्कलं ध्यायमानः।

:મુણ્ડક૦ ૩,૧.૮:

અલબત્ત, એ જ્ઞાન અપરોક્ષાનુભૂતિના સ્વરૂપનું હોવું જોઇએ, ગ્રન્થસ્થ શુષ્ક જ્ઞાન

નહી[4] अनुभूतिं विना मूढो वृथा ब्रह्मणि मोदते।

:મૈત્રેયી. ૨,૨૨:

અનુભૂતિ વિનાના શુષ્ક પણ્ડિતોને માટે આથી બૃહદારણ્યકમાં "બ્રહ્મબન્ધુ" અને "પણ્ડિતમન્યમાના" જેવાં વિશેષણો નિન્દારૂપે પ્રયોજવામાં આવ્યાં છે.

આ અર્થમાં જ્ઞાન અને વિદ્યા વચ્ચે પણ વિવેક કરતાં મૈત્રેયી ઉપનિષદ્ કહે છે:

[illegible]

न त्यजेच्चेद्यतिर्मुक्तो यो मायाविन्मतिरम्।
वैराग्यजनकं [illegible] ज्ञानविज्ञानमेव तत्॥

:મૈત્રેયી ૨-૨૪:

અને એ જ્ઞાનને વિશે કહ્યું છે:

:મૈત્રેયી ૩-૨૩:

આ સાધનાનો માર્ગ ઋજુ છે. એમાં કાયાક્લેશની જરૂર નથી, ઝાઝાં પોથાં વાંચવાની જરૂર નથી, તર્કપટુ બુદ્ધિનૈપુણ્યની જરૂર નથી.[5] એમાં જરૂર છે કેવળ સ્વ-રૂપમાં તન્મય થવાની અભીપ્સાની. એટલે જ આ સંબંધમાં મુણ્ડકમાં કહ્યું છે:

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्।

:મુણ્ડક૦ ૩,૨-૩:

---

[4]સાધનામાં ગ્રન્થનું સ્થાન શું તે વિશે બ્રહ્મબિન્દુમાં આમ કહ્યું છે:
ग्रन्थमभ્यस्य मेधावी ज्ञानविज्ञानतत्परः।
पलालमिव धान्यार्थी त्यजेद्ग्रन्थमशेषतः॥ બ્રહ્મબિન્દુ૦૧૮.

[5] નૈષ્ણ નैषा तर्केण मतिरापनेया :કઠ૦ ૧,૨-૯:

७.

એને માટે સન્ધ્યા વગેરે કર્મકાણ્ડની જરૂર નથી, મઠ કે વનમાં જવાની જરૂર નથી.:

मृता मोहमयी माता जातो बोधमयः सुतः।
सूतकद्वयसंप्राप्तौ कथं संध्यामुपास्महे॥

મૈત્રેયી ૨-૧

સૂતક હોય તો સંધ્યા ન થાય એ જડ આચારના ~~બિષ્ય~~ ધ્યાને જ કામે લગાડીને અહીં સંધ્યાની અશકયતા સરસ ~~વ્ય~~ વ્યંગથી બતાવી છે. ને વળી સદા હૃદયાકાશ-માં ચિદાદિત્ય પ્રકાશતો હોય પછી સન્ધ્યા કયારે કરવી? :મૈ૦ ૨,૧૪:

સાચા ગુરુએ જે વસ્તુ કહી તે નિશ્ચિત બની ચૂકી , પછી તેને માટે મઠ-માં કે વનમાં ભટકવાનું ય શું પ્રયોજન ? :મૈ.૦ ૨,૧૫:

વર્ણાદિધર્મને જ પ્રધાન ગણીને આચરનાર મૂઢ કર્માનુસાર ફળ ભોગવે છે પણ : वर्णादिधर्मं हि परित्यजन्तः स्वानन्दतृप्ताः पुरुषा भवन्ति।

મૈ૦ ૧-૧૩

વળી આગળ કહ્યું તેમ હૃદયાર્ચન જ સાચી વસ્તુ છે, બાહ્યાર્ચન નહીં.[૬] આનું ગૌરવ કરતાં ઇતહાસોપનિષદ્ કહે છે:

ऋचो ह यो वेद स वेद देवान्
यजूंषि यो वेद स वेद यज्ञान्।
सामानि यो वेद स वेद सर्वं
यो मानसं वेद स वेद ब्रह्म॥

(ભારતીય સંસ્કૃતિ-૪૯મો અંક)

૫

---

[૬] સન્ધ્યા વગેરે બાહ્યાચાર જરૂરી નથી એને સૂક્ષ્મ અર્થમાં સાધકે જોવા જઈ જોઈએ. એ ~~ને~~ વિશે ઉપનિષદોમાં ઠીક ઠીક કહેવાયું છે:
સંધ્યાનું સાચું સ્વરૂપ:

कृपेतं हृदयस्थं तु तुरीयं पूर्णं संस्थितम्।
यदात्मा परमात्मानं संधत्ते परमात्मनि।
तेन संध्या ध्यानमेव तस्मात् संध्याभिवन्दनम्।
निरोदका ध्यानसंध्या वाक्कायक्लेशवर्जिता॥

.. ટીપ્પણ ચાલુ છે...

૮.

અને આ સાધનાનુ સાધ્ય તે સ્વર્ગલોક કે એવું કશું નથી. એથી સામરહસ્યોપનિષદ્માં કહ્યું છે:

प्रीतिः प्रीत्या भवति भक्तिर्भक्त्या भवति स्नेहः
स्नेहेन लभति।

સ્નેહનું લક્ષ્ય સ્નેહ, સ્નેહ અન્ય કશાનું સાધન નથીજ .

સાધકોમાં પણ કશો ભેદ જોવામાં આવ્યો નથી: अव्यक्तलिंगा
अव्यक्ताचाराः। जाबालोपनिषद्

ને તેથીજ અમુક ધર્મમાં જ ઇશ્વર છે એવું નથી, જે ધર્મમાં છે, ને ધર્મની બહાર છે તેને પણ નમસ્કાર: नमो धर्माय नमः सर्वधर्मातिरिक्ताय --
अनन्तसुखसंपन्नाय नमः। सामरहस्योपनिषद्

આ સાધનામાં કાયકલેશને સ્થાન નથી. આગળ જોઇ ગયા તેમ ૪

દેહનું સાધન તરીકેનું મહત્ત્વ પૂરું સ્વીકાર્યું છે. આથી મૈત્રેયી ઉપનિષદ્માં દેહને જ દેવાલય કહ્યો છે:

देहो देवालयः प्रोक्तः स जीवः केवलः शिवः।
त्यजेदज्ञाननिर्माल्यं सोऽहंभावेन पूजयेत्। मैत्रेयी० २-१

---

ટીપ્પણ ૬ ચાલુ...
संधिनी सर्वभूतानां सा संध्या ह्येकरूपिणी ॥
ब्रह्मोपनिषद्
(विचारसागर, पृ. १५०)

વળી સંધ્યાનો બીજો અર્થ:
भुवो ब्राह्मणस्य च यः संधिः स हि भोलोकस्य
परस्य च संधिर्भवतीति। तद्वै संधिं संध्यां ब्राह्मणा
उपासत इति ....। जाबालोपनिषद् २

જે પરમાત્મામાં લય સાધી આપે તે સાધ્યું બાકી

शरीरं मोक्षविस्तारः।

મૈત્રાયણી૦ ૬-૩૪

* પૂજનની આવીજ ભાવના સન્તોને પણ અભિમત છે, એ આપણે આગળ એ વિષયની ચર્ચા કરતાં જોઇશું. એ જ ઉપનિષદમાં આગળ બાહ્યાચારના સ્થૂળ અર્થને છોડી સૂક્ષ્મ અર્થ ગ્રહવાનું કહ્યું છે:

अभेददर्शनं ज्ञानं ध्यानं निर्विषयं मनः।
स्नानं मनोमलत्यागः शौचमिन्द्रियनिग्रहः॥
:મૈત્રેયી ૨,૩:

જડ બની ગયેલા જાતિભેદની સામે વજ્રસૂચિકોપનિષદ્‌માં સારો પ્રહાર કરવામાં આવ્યો છે. માનવ માનવ વચ્ચેના ભેદને રૂઢ કરીને અભેદની સાધના નજ થઇ શકે.

આ સાધના-પ્રણાલીમાં ગુરુનું ઘણુ મહત્ત્વ છે. જેને અપરોક્ષાનુભૂતિ થઇ છે, ને જે સ્વાનુભવને કારણે માર્ગ ચીંધી શકે છે તે જ ખરો ગુરુ. એ વિશે પ્રથમ મુણ્ડકના દ્વિતીય ખણ્ડમાં આ પ્રમાણે કહ્યું છે: परीक्ष्य लोकान्कर्मचितान्-ब्राह्मणो निर्वेदमायान्नास्त्यकृतः कृतेन। तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्॥१२॥ तस्मै स विद्वानुपसन्नाय सम्यक्प्रशान्तचित्ताय शमान्विताय॥ येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम्॥१३॥

આ સાધનામાં યોગને પણ મહત્ત્વનું સ્થાન છે. ઉપનિષદોમાં જ નહીં, ઋગ્વેદ અને અથર્વવેદમાં પણ યોગને વિશે મહત્ત્વના નિર્દેશો મળે છે. વિજ્ઞાનમય પુરુષના આત્માને યોગ કહે છે.[૭] આપણો આત્મા જે સ્થૂળ તથા સૂક્ષ્મ શરીર-માં વિભિન્ન શક્તિઓ રૂપે વિખેરાઇ જઇને રહે છે તે વિજ્ઞાનમય કોશમાં એકી

---

૭ योग आत्मा । તૈત્તિરીયોપનિષત્, બ્રહ્મવલ્લી અધ્યાય, ચતુર્થ અનુવાક્

ભૂત થઈને થઇને યોગને નામે તે વિજ્ઞાનમય ઓળખાય છે.[8] વિભિન્ન ઇન્દ્ર ઇન્દ્રિયોમાં વિભક્ત ઇન્દ્ર અહીં યોગ થઇ જાય છે. એ આપણી બધી માનસિક વૃત્તિઓનો[9], ઋતનો[10] અને અમૃતનો[11]યોગ છે. અહીં ઋક્,યજુ તથા સામ શક્તિઓ મળે છે માટે એને ઈન્દ્રસાં યોગ કહયો છે, જેને જાણવો અતિ કઠિન છે.[12] પણ એને જાણવો આવશ્યક છે, કારણકે એના વિના યજ્ઞ સિધ્ધા થતો નથી.[13] અને જે અનૂમાન બ્રાહ્મણ એ યોગને જાણી લે છે તે મુક્ત થઇ જાય છે. પછી એને યજમાન કહેવડાવવાની કે યજ્ઞ કરવાની જરૂર રહેતી નથી.[14] એને જ જિષ્ણુયોગ પણ કહે છે- જેની પ્રાપ્તિનેમાટે શરીરસ્થ બધી ઇન્દ્ર- શક્તિઓને યુકત કરવી આવશ્યક છે.[15]

પ્રો. આર.ડી.રાનડે એ એમના..A..Constructive Survey of Upanishadic Philosophy ni (Chapters IV - 5, PP-187)........ શ્વેતાશ્વરતોપનિષદ્ને યોગના Locus Classicus...કહીને ઓળખાવ્યું છે. શ્વેતાશ્વતરના બીજા અધ્યાયમાંના એક પરિચ્છેદમાં[16] યોગસાધનાના વ્યવહારથી અને અધ્યાત્મપક્ષ વિશેના આદિ નિર્દેશો મળે છે. જેનો પાછળથી

---

[8] ઋ.વે.૧,૫,૩, અથર્વવેદ ૧૦,૫,૧-૬, ૨૦,૬૯,૧.
[9] ઋગ્વેદ ૧,૧૮,૭,૧૪, [10] ઋગ્વેદ ૧૦,૩૦,૧૧, [11] ઋગ્વેદ ૩,૨૭,૧૧.
[12] ઋગ્વેદ ૧૦,૧૧૪, [13] ઋગ્વેદ ૧,૮,૭,૧૪ [14] યજુર્વેદ ૮,૫૮,૧૦,
[15] અથર્વવેદ ૧૦,૫,૬ [16] શ્વેતાશ્વતર ૨,૮-૧૫.

વિકાસ થયો છે. યોગાસનોનું વ્યવસ્થિત વર્ણન એમાં નથી, તેમજ યોગનાં અષ્ટાંગ પૈકી યમ, નિયમ, ધ્યાન, ધારણા, પ્રત્યાહાર, પ્રાણાયામની સ્પષ્ટ વાત નથી, પણ हृदीन्द्रियाणि मनसा संनिवेश्य કહેવાથી પ્રત્યાહાર જ સૂચવાય છે, प्राणान् प्रपीड्य કહેવાથી પ્રાણાયામની જ વાત થઇ, યોગસાધાના માટેના સ્થળનું પણ સારું વર્ણન એ પરિચ્છેદમાં આપ્યું છે. બ્રહ્મને અભિવ્યક્ત કરનારાં રૂપોનું પણ એમાં વર્ણન છે, અને યોગાગ્નિની શરીર પરથી પ્રક્રિયા થાય છે તે પણ બતાવાઇ છે. એમાં ધ્યાનનો આ રીતે ઉલ્લેખ મળે છે:

स्वदेहमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ।
ध्याननिर्मथनाभ्यासाद्देवं पश्येन्निगूढवत् ॥

(श्वेताश्वा० १,१४)

કઠમાં ધારણાનો ઉલ્લેખ મળી આવે છે.[૧૭] પછીના નવીન ઉપનિષદો પૈકી જાબાલોપનિષદમાં[૧૮] અવ્યક્ત આત્માને જાણવાના સાધાન તરીકે યોગનું વર્ણન છે.[૧૯]–

મૈત્રાયણ્યુપનિષદમાં યોગની છ અંગ સહિત વ્યાખ્યા આપી છે.[૧૯] એ ઉપરાંત अन्यत्राप्युक्तम् કહીને એ જ ઉપનિષદના છઠ્ઠા પ્રપાઠકના ૨૦ માં તથા

---

૧૭ तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियधारणाम् ।
अप्रमत्तस्तदा भवति योगो हि प्रभवाप्ययौ ॥ २, ३-११ कठ०

૧૮ જાબાલો૦ ૨જો ખણ્ડ

૧૯ तथा तत्प्रयोगकल्पः प्राणायामः प्रत्याहारो ध्यानं धारणा
तर्कः समाधिः षडङ्ग इत्युच्यते योगः ।

૨૧માં પરિચ્છેદમાં યોગસાધનાની પ્રક્રિયાનું વીગતે વર્ણન આપ્યું છે.[૨૦] વળી એમાં આગળ પ્રણવ તથા નાદબ્રહ્મની સાધના અને તેનાં પરિણામનું પણ વર્ણન છે. એમાં યોગની આ દૃષ્ટિએ બીજી વ્યાખ્યા પણ આપવામાં આવી છે. [૨૧] આ પ્રણવસાધનાની વાત પણ ઘણાં ઉપનિષદોમાં છે. મુણ્ડકોપનિષદ્માં આ સાધનાની વાત કરતાં કહ્યું છે:[૨૨]

धनुर्गृहीत्वौपनिषदं महास्त्रं शरं ह्युपासानिशितं सन्धयीत॥
आयम्य तद्भावगतेन चेतसा लक्ष्यं तदेवाक्षरं सोम्य विद्धि ॥३॥
प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥ ४॥

॥ મુણ્ડક ૨,૨,૩-૪

આગળ જોયું તેમ છાન્દોગ્યમાં દેહનું સાધનાના એક મહત્ત્વના સાધન તરીકે ગૌરવ કર્યું છે. એને બ્રહ્મપુર કહ્યું છે. હૃદયની નાડીઓની વાત છાન્દોગ્ય (૬.૬.૧)માં બૃહદારણ્યકમાં (૪.૩-૨૦, ૨,૧-૧૯) પણ છે. હંસોપનિષદ્માં

- - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૦ એમાં પણ ચિત્તના પ્રસાદ પર ભાર મૂકવામાં આવ્યો છે:

चित्तस्य हि प्रसादेन हन्ति कर्म शुभाशुभम् ।
प्रसन्नात्मात्मनि स्थित्वा सुखमव्ययमश्नुते ॥ २०॥

શ્વેતાશ્વતરમાં પણ આ વસ્તુના પર ભાર મૂકયો છે:

समे शुचौ शर्करावह्निवालुकाविवर्जिते शब्दजलाश्रयादिभिः।
मनोनुकूले न तु चक्षुपीडने गुहानिवाताश्रयणे प्रयोजयेत्॥

શ્વેતાશ્વતર૦૨,૧૦.

બ્રહ્મોપનિષદ્માં પણ बाह्यकायकर्मशौचेन એમ સન્ધ્યા વિધિ વિશે કહ્યું છે.

૨૧ शिवं प्राणमयोऽकारं यस्मात्सर्वमनेकधा।
युनक्ति युञ्जते वापि तस्माद्योगो इति स्मृतः॥
मैत्र्युपनिषद् ६,२

૨૨ પાન. ૧૪ ઉપરથી.

સ્વાધિષ્ઠાન, મણિપૂરક, અનાહત, આજ્ઞા અને બ્રહ્મરન્ધ્ર- આ ચક્રોની વાત છે. (હસ. ૧ નિર્ણયસાગર-૧૪૭), અમૃતનાદોપનિષદ્માં પ્રત્યાહાર, ધ્યાન, પ્રાણાયામ, ધારણા, તર્ક અને સમાધિ - એમ યોગના ષડંગ બતાવ્યાં છે. પ્રાણનિગ્રહથી ઇન્દ્રિયદોષોનું દહન થાય છે એમ એમાં કહ્યુ છે. પછીથી વીગતે પ્રાણાયામ, પ્રત્યાહાર, વગેરેનો વિધિ વર્ણવ્યો છે. પદ્માસન, સ્વસ્તિકાસન, ભદ્રાસન ને યોગાસનનો એમાં ઉલ્લેખ છે. પછી પ્રણવસાધના પણ સમજાવી છે. આજ રીતે મૈત્રાયણ્યુપનિષદ્માં યોગના ષડંગનો ઉલ્લેખ છે. નિરાલમ્બોપનિષદ્-માં જાતિભેદ કેવળ વ્યવહાર કલ્પિત છે એમ કહીને એને મહત્વ આપવું ન જોઇએ એમ સૂચવાયું છે. એમાં સંક્ષેપમાં જ્ઞાનમાર્ગના આધારભૂત મુખ્ય સિધ્ધાન્તોની સ્પષ્ટ સમજ આપવામાં આવી છે. એમાંની ઘણી સન્તપરમ્પરામાં યથાતથ સ્વી-કારાયેલી દેખાય છે. બ્રહ્મ, ઇશ્વર, જીવ, પ્રકૃતિ, પરમાત્મા, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇન્દ્ર, શમન, સૂર્ય, ચન્દ્ર, સુર, અસુર, પિશાચ, મનુષ્ય, સ્ત્રી, પશુ, સ્થાવર, બ્રાહ્મણાદિ, જાતિ, કર્મ, અકર્મ, જ્ઞાન, અજ્ઞાન, સુખ, દુઃખ, સ્વર્ગ-નરક, બન્ધ, મોક્ષ, ઉપાસ્ય, શિષ્ય, વિદ્વાન, મૂઢ આસુરી તપ, સાચું તપ, પરમ પદ, ગ્રાહ્ય, અગ્રાહ્ય, સંન્યાસી, -- આ બધાંની સંક્ષેપમાં વ્યાખ્યા આપી છે. એમાંની કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓનો જ અહીં નિર્દેશ કરીશું.

જાતિ વિશે તો આગળ જોયું. કર્મ વિશે કહ્યું છે.:

अध्यात्मनिष्ठतया कृतं कर्मैव कर्म: ।

અકર્મ વિશે કહ્યું છે કે કર્તૃત્વ ભોક્તૃત્વ વગેરે અહંકારથી બન્ધારૂપ જન્માદિનું

કારણ, નિત્યનૈમિત્તિક કર્મ તથા યાગવ્રત તપોદાનાદિ ફલની આશાવાળાં જે કાંઇ કર્મો તેને અકર્મ ગણવાં. અહીં જડઆચાર તેમ જ યાગવ્રત, તપ વગેરેને પણ અકર્મમાં ગણ્યા છે તે સૂચક છે. જ્ઞાન શું તે વિશે ચર્ચા કરતા કહે કહ્યું છે: देहेन्द्रियनिग्रहसद्गुरूपासनश्रवणमनननिदिध्यासनैर्यद्-दृग्दृश्यस्वरूपं सर्वान्तरस्थं सर्वसमं घटपटादिपदार्थमिवा-विकारं विकारेषु चैतन्यं विना किंचिन्नास्ति इति साक्षात्का-रानुभवो ज्ञानम्।

અહીં જ્ઞાનને સાક્ષાત્કારના સ્વરૂપનો અનુભવ કહીને ઓળખાવ્યું છે તે પણ એવું જ સૂચક છે. રજ્જુમાં થતી સર્પની ભ્રાન્તિની જેમ એક અને અદ્વિતીય બ્રહ્મમાં દેવ, તિર્યક્ નર, સ્થાવર, સ્ત્રીપુરુષ , વર્ણાશ્રમ, બન્ધમોક્ષ

---

[22] આ ઉપરાંત બીજા ઉપનિષદોમાં પણ પ્રણવ તથા નાદ બ્રહ્મની સાધના-ના સારા પ્રમાણમાં ઉલ્લેખો મળે છે. તે પૈકીના થોડા મહત્ત્વના ઉલ્લેખો આ મુજબ: માણ્ડુક્ય૦ ૧૨, છાન્દોગ્ય ૧,૫,૧-૩, ૨,૨૩,૩ કઠ૦ ૨,૧૫-૧૭ શ્વેતાશ્વતર૦ ૧,૧૫, પ્રશ્ન૦ ૫,૧-૫, આ ઉપરાંત નવાં ઉપનિષદો પૈકી બ્રહ્મબિન્દુ૦ માં સ્વરસાધનાનો ઉલ્લેખ છે. (બ્રહ્મ૦ ૭) કૈવલ્યોપનિષદમાં આત્માને અરણી અને પ્રણવને ઉત્તરારણી બનાવીને જ્ઞાનનિર્મથનને માટેની સાધના-નો ઉલ્લેખ છે. (કૈવલ્ય૦૧૧) હંસોપનિષદમાં નાદબ્રહ્મની સાધનાનું વર્ણન છે. આજ કદાચ નામ જપના મૂળમાં રહ્યું હોય. (હંસ૦૨) અથર્વશિરઉપનિષદ્ ૩, બ્રહ્મવિદ્યોપનિષદ:-૬૯-૭૦, યોગચૂડામણિ૦ ૭૩-૭૮, અક્ષ્યુપનિષદ્ ૪૪-૪૫, નાદબિન્દુ૦, ધ્યાનબિન્દુ ૮-૧૯, ૧૦૧-૧૦૩, બ્રહ્મવિદથો૦ ૭૫-૭૬.

વગેરેને મિથ્યા કહ્યાં છે તે પણ ધ્યાનમાં લેવા જેવું છે. સચ્ચિદાનન્દ રૂપે સ્વ-રૂપને જાણીને ચિત્તની જે આનન્દરૂપા સ્થિતિ પ્રાપ્ત થાય તે સુખ, અનાત્મરૂપ વિષય સંકલ્પ તે જ દુ:ખ, સત્સંસર્ગ તેજ સ્વર્ગ, અસત્સંસારવિષયક જનસંસર્ગ તે જ નરક. યોગની અણિમા વગેરે સિદ્ધિઓને પણ બન્ધનરૂપ જ ગણી છે.[23] વર્ણાશ્રમ ધર્મ, યાગવ્રત તપોદાન વિધિ-વિધાનને પણ બન્ધન-રૂપ જ લેખ્યાં છે, મોક્ષની અપેક્ષાના સંકલ્પને પણ બન્ધન ગણ્યું છે. જે બ્રહ્મ-પ્રાપક તે જ સાચો ગુરુ. બ્રહ્મા વિષ્ણુ શિવ ઇન્દ્ર વગેરેનો ઐશ્વર્યની કામનાથી કરેલો જપ તથા દેહ-સંતાપ તે આસુરી ૫ તપ કહેવાય. અને તપ તે-

ब्रह्मसत्यं जगन्मिथ्येत्यपरोक्षज्ञानाग्निना ब्रह्माद्यै-
श्वर्याशासिद्धसंकल्पबीजसंतापं तपः।

નિર્વિકલ્પ સમાધિ વડે સ્વતંત્ર બનેલો જે યતિ તે જ સંન્યાસી, તે જ મુનિ મુક્ત, તેજ પૂજ્ય, તે જ યોગી, પરમહંસ, અવધૂત ને બ્રાહ્મણ. સન્તમતમાં આ સર્વની સ્વીકૃતિ છે તે આપણે આગળ જોઇશું. વજ્રસૂચિકોપનિષદ્માં જાતિભેદની સામે પ્રહાર કર્યો છે. એમાં બ્રાહ્મણ કોણ એની ચર્ચા કરતા કહ્યું છે છે કે જીવ, દેહ, જાતિ, જ્ઞાન, કર્મ, અને ધાર્મિક – આમાંથી બ્રાહ્મણત્વને માટે કોને

---

23 આ દૃષ્ટિબિન્દુ બીજાં ઉપનિષદોનું પણ છે:

યોગતત્ત્વોપનિષદ્ પણ કહે છે:

क्रमेण लभते ज्ञानं अणिमादिगुणान्वितम्।
अल्पबुद्धिरिमं योगं सेवते साधकाधमः॥ २२॥

વળી આગળ કહ્યું છે:

न दर्शयेत् स्वसामर्थ्यं यस्य कस्यापि योगिराट्।

જવાબદાર લેખવું ? જીવને બ્રાહ્મણ કહેવાય ? ના, કારણકે ભૂતકાળમાં ને ભવિષ્યમાં અનેક પ્રકારના દેહમાં જીવ વાસ કરે , એ તો એકરૂપ જ કહેવાય. એકજ જીવ કર્મને કારણે અનેક દેહમાં ઉત્પન્ન થાય છે. સર્વ શરીરના જીવના એકરૂપત્વને ધ્યાનમાં લેતાં જીવ બ્રાહ્મણ છે એમ નહીં કહી શકાય. તો પછી દેહને બ્રાહ્મણ કહેવાય ? ના, ચંડાલથી માંડીને તે બ્રાહ્મણોનું શરીર પંચભૂતનું બનેલું છે. બધાને જ જરામરણ ધર્મ એક સરખા લાગુ પડે છે. વળી બ્રાહ્મણ શ્વેત વર્ણ, ક્ષત્રિય રકત વર્ણ, વૈશ્ય પીત વર્ણ, શૂદ્ર કૃષ્ણ વર્ણ જ હોય એવો કોઇ દૃઢ નિયમ પણ દેખાતો નથી. દેહ જ જો બ્રાહ્મણ હોત તો તો મૃત પિતા વગેરેના દેહ બાળતાં પુરુષ ને બ્રહ્મહત્યાનું પાપ ન લાગે ? પણ એમ થતું નથી, માટે દેહ બ્રાહ્મણ નથી. તો પછી જાતિને એને માટે જવાબદાર લેખવી ? ના, અનેક પ્રકારની જાતિમાં ઋષિઓ જન્મ્યા છે: મૃગીમાંથી ઋષ્યશૃંગ, કુશમાંથી કૌશિક, જમ્બુકમાંથી જામ્બુક, વલ્મીકમાંથી વાલ્મીકિ, કૈવર્તકન્યાને પેટે વ્યાસ, શશપૃષ્ઠમાંથી ગૌતમ, ઉર્વશીથી વશિષ્ઠ, કલશમાંથી અગસ્ત્ય જન્મ્યા એવી શ્રુતિ છે. જ્ઞાનના પ્રતિપાદિતા ઘણા ઋષિ જાતિની બહાર થયા છે. માટે જાતિને બ્રાહ્મણ ન કહેવાય. તો પછી જ્ઞાનને કારણે બ્રાહ્મણ કહેવાય ? ના, અભિજ્ઞો અને પરમાર્થદર્શી ક્ષત્રિઓ પણ ઘણા થઇ ગયા છે. તો કર્મથી બ્રાહ્મણ ગણવા ? ના, બધાંજ પ્રાણીનાં પ્રારબ્ધસંચિત અને આગામી કર્મોમાં સામ્ય દેખાય છે. કર્મપ્રેરિત થઇને જ જીવો કર્મ કરે છે, માટે કર્મને એનું કારણ ન ગણી શકાય. તો પછી દાનાદિ ધર્મનું આચરણ કરનાર ધાર્મિકને બ્રાહ્મણ ગણવો ? ના, ક્ષત્રિઓ, વૈશ્યો, શૂદ્રો વગેરે હિરણ્યના દાતા ઘણા થઇ

ગયા છે. તો પછી બ્રાહ્મણ કોને કહેવો ? તેના જવાબમાં આખરે કહે છે: જેણે અદ્વિતીય જાતિ ગુણ ક્રિયાહીન સત્યજ્ઞાનાનન્દાનન્દ સ્વરૂપ પરમાત્માને પ્રત્યક્ષ સાક્ષાત્કાર કર્યો છે તે બ્રાહ્મણ. તેવોજ શ્રુતિસ્મૃતિ પુરાણ ઇતિહાસનો પણ મત છે.[२४] અન્યથા બીજા કોઇ પ્રકારે બ્રાહ્મણત્વની પ્રાપ્તિ નહીં થાય.

આવો તર્કસંગત પ્રહાર જાતિભેદ પર બીજો ભાગ્યે જ જોવા મળશે. આ ઉપનિષદ્નો ઇસ્વીસન ૯૭૩ ને ૯૮૧ ની આસપાસમાં ચીની ભાષામાં અનુવાદ થયો હતો એમ ક્ષિતિમોહન સેને "ભારતેર સંસ્કૃતિ" (પૃ.૭૨) માં નોંધ્યું છે.[२५] સન્તોમાંના મોટા ભાગના સંતોએ જાતિભેદની સામે આકરા પ્રહાર કર્યા છે તે પણ આપણે આગળ જોઇશું.

પછીના તેજોબિન્દુ, નાદબિન્દુ, ધ્યાનબિન્દુ ઉપનિષદ્માં પણ વિસ્તારથી યોગસાધાનાની પ્રક્રિયા સમજાવી છે. ધ્યાનબિન્દુમાં અજપા જાપનું મહત્ત્વ કહ્યું છે.

अजपा नाम गायत्री योगिनां मोक्षदा सदा।

ધ્યાનબિન્દુ० ૬૩.

---

२४ આ અંગેના બીજા થોડાક અન્ય મળતા નિર્દેશો:
બ્રહ્મપુરાણ ૨૨૩, ૫૬-૫૭, મહાભારત, શાન્તિપર્વ,૧૭૫-૩૭ કાઠકસંહિતા ૩૦,૧ (આચાર્ય ક્ષિતિમોહન સેનના "ભારતેર સંસ્કૃતિ" તથા "જાતિભેદ" નામનાં પુસ્તકોમાં આની વિસ્તૃત ચર્ચા છે.)

२५ આ ઉપનિષદ્ના નામમાંનો વજ્ર શબ્દ બૌધ્ધ ધર્મની વજ્રયાન શાખાનો પ્રભાવ સૂચવતો હશે ?

બ્રહ્મવિદ્યોપનિષદ્‌માં તથા યોગતત્ત્વોપનિષદ્‌માં જ્ઞાન તથા યોગના આપેક્ષિક મહત્ત્વની ચર્ચા કરતાં જ્ઞાનનું મહત્વ પર ભાર મૂકયો છે. આ લક્ષણ સન્તપરમ્પરામાં જળવાઇ રહ્યું છે. બ્રહ્મવિદ્યોપનિષદ્‌માં કહ્યું છે:

योगध्यानं सदा कृत्वा ज्ञानं तन्मयतां व्रजेत् ।

જ્ઞાનને તન્મયતા પ્રાપ્ત થાય યોગધ્યાનથી, આ કારણે તન્મયતા પ્રાપ્ત કરાવો આપવાના એક સાધાન તરીકે યોગનું મહત્ત્વ સ્વીકાર્યું છે. હઠયોગની પ્રક્રિયાને સ્વીકારેએ સાધાનાને સંક્ષેપમાં આ રીતે વર્ણવી છે.:

रसना पीड्यमानेयं षोडशीवोर्ध्वगामिनी ।
त्रिकूटं त्रिविधा चैव गोलाखं निखरं तथा ।७२।
त्रिशङ्खवज्रमोंकारमूर्ध्वनालं भ्रुवोर्मुखम् ।
कुण्डलीं चालयन्प्राणान्भेदयन्शशिमण्डलम् ॥७४॥
साधयन्वज्रकुम्भानि नव द्वाराणि बन्धयेत् ।
सुमनः पवनारूढः सरागो निर्गुणस्तथा ॥७५॥
ब्रह्मस्थाने तु नादः स्याच्छाकिन्यामृतवर्षिणी ।
षट्चक्रमण्डलोद्धारं ज्ञानदीपं प्रकाशयेत् ॥७६॥

યોગતત્ત્વોપનિષદ્‌નું તો નામ સૂચવે છે તેમ વિષય જ યોગતત્ત્વના વર્ણનનો છે. એમાં યોગ અને શાસ્ત્રની સરખામણીમાં યોગ સ્વાત્મપ્રકાશરૂપ હોવાથી સાધાન તરીકે મહત્ત્વનો છે એમ સ્પષ્ટ કહ્યું છે ને શાસ્ત્રજાળમાં પતિત થયેલાઓની દયા ખાધી છે. યોગ અને જ્ઞાનની પરસ્પરોપકારિતા બતાવતાં એમાં આ મુજબ કહ્યું છે:

योगहीनं कथं ज्ञानं मोक्षदं भवति ध्रुवम् ॥१४॥
योगो हि ज्ञानहीनस्तु न क्षमो मोक्षकर्मणि ।
तस्माज्ज्ञानं च योगं च मुमुक्षुर्दृढमभ्यसेत् ॥१५॥

મન્ત્ર મન્ત્રયોગ, લયયોગ, હઠયોગ અને રાજયોગ- એમ યોગના ચાર પ્રકાર

ગણાવીને અણિમાદિગુણાન્વિત જ્ઞાનની જ પ્રાપ્તિ કરાવી આપનાર મન્ત્ર-યોગને અલ્પબુદ્ધિ સાધકાધમ જ સેવે એમ સ્પષ્ટ કહ્યું છે, જે પાછળથી સન્તોએ પણ એટલીજ સ્પષ્ટતાથી કહ્યું છે. એમાં લયયોગના વર્ણનમાં ભક્તિ-પ્રધાન ઉપાસનાનો નિર્દેશ છે:

लययोगश्चित्तलयः कोटिशः परिकीर्तितः।
गच्छंस्तिष्ठन्स्वपन्भुञ्जन्ध्यायेन्निष्कलमीश्वरम्॥ २३॥

એમાં મહામુદ્રા, મહાબન્ધ, મહાવેધ અને ખેચરી જાલંધર, ઉડ્ડિયાણ મૂળ-બન્ધ, વજ્રોલી, આમરોલી, તથા સહજોલી- મુખ્ય ૨૫ ગણાતાં મુદ્રા અને બન્ધ પૈકીનાં આટલાંનો એમાં ઉલ્લેખ છે. પ્રાણાયામ કરવા વિશે વીગતે સૂચના એમાં આપી છે. પણ કાયાકલેશ ન કરવો એ પણ સ્પષ્ટ કર્યું છે:

प्रातः स्नानोपवासादिकायक्लेशांश्च वर्जयेत्। [26]

બૌદ્ધ ચર્યાગાનમાં[27] જેને ઉજુવાટ ( ऋजुवर्त्मन् ) કહીને ઓળખા-વવામાં આવે છે તે જ સન્તોને અભિમત એવો આ સહજ સાધનાનો માર્ગ છે.

- - - - - - - - - - - - - - - - - - - - - - -

[26] જુઓ આત્મોપનિષદ્ ૯-૧૦,
क्षुधां देहव्यथां त्यक्त्वा बालः क्रीडति वस्तुनि।
तथैव विद्वान् रमते निर्ममो निरहं सुखी॥
મહોપનિષદ્:
न कायक्लेशवैधुर्यं न तीर्थायतनाश्रयः।
केवलं तन्मनोमात्रजयेनासाद्यते पदम्॥२८॥

[27] જે જે ઉજૂવાટ ગેલા અનાવાટા ભઇલા સોઇ" શાન્તિપાદ કહેછે કે જે લોકો એ ઋજુમાર્ગ ગ્રહ્યો તે લોકોજ ગન્તવ્ય સ્થાને પહોંચીને " અનાવર્ત્મ" કે "અનાવર્ત" બની ગયા છે. અહીં ઋજુમાર્ગનું જ માહાત્મ્ય ગાયું છે. આ ઋજુમાર્ગ સન્તોનો પણ સ્વીકારેલો માર્ગ છે. જુઓ કબીર: 'સાધો સહજ-સમાધિ ભલી.'

વળી જુઓ: નાદ ન બિન્દુ ન રવિસસિ મંડલ, ચિઅ રાઅ સહાવે મુકલ ।।
ઉજુ રે ઉજુ છાડિ મા લેહુ રે બંક, નિઅડિ બોહિ મા જાહુ રે ઉંક ।।

અન્તમાં યોગનું અન્તિમ લક્ષ્ય તો પાતજલ યોગસૂત્રમાં કહ્યા મુજબ द्रष्टुः स्वरूपे अवस्थानम् છે, ને તે આ બધાં ઉપનિષદોએ સ્વીકાર્યું છે. યોગતત્ત્વોપનિષદ્‌માં યોગપ્રક્રિયાનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યા પછી અન્તમાં એની સાથે પ્રણવસાધના તથા હઠયોગને સાંકળી લઇ આ મુજબ કહ્યું છે:

પ્રણવનું મહત્ત્વ ઘણું છે.:

त्रयो लोकास्त्रयो वेदास्त्रयः संध्यास्त्रयः स्वराः ॥१३४॥
त्रयोऽग्नयश्च त्रिगुणाः स्थिताः सर्वे त्रयाक्षरे।
त्रयाणामक्षराणां च योऽधीतेऽप्यर्धमक्षरम् ॥१३५॥
तेन सर्वमिदं प्रोतं तत्सत्यं तत्परं पदम्।
पुष्पमध्ये यथा गन्धः पयोमध्ये यथा घृतम् ॥१३६॥
तिलमध्ये यथा तैलं पाषाणेष्विव काञ्चनम्।
हृदिस्थाने स्थितं पद्मं तस्य वक्त्रमधोमुखम् ॥१३७॥
ऊर्ध्वनालमधोबिन्दुस्तस्य मध्ये स्थितं मनः।
अकारे रेचितं पद्ममुकारेणैव भिद्यते ॥१३८॥
मकारे लभते नादमर्धमात्रा तु निश्चला।
शुद्धस्फटिकसंकाशं निष्कलं पापनाशनम् ॥१३९॥
लभते योगयुक्तात्मा पुरुषस्तत्परं पदम् ॥१४०॥

આ ઉપરાંત યોગકુણ્ડલ્યુપનિષદ્ તથા યોગશિખોપનિષદ્‌માં પણ આનું વિસ્તૃત નિરૂપણ છે. આ યોગ-સાધનાને માટે સંસારત્યાગ કરવો જ જોઇએ એવું પણ નથી. સદાચાર યોગને કારણે સિદ્ધ થયો હોય અને તપ-પરાયણ રહેતો હોય તો પછી સંસારજીવનનો ત્યાગ જરૂરી નથી. આથી પ્રશ્નોપનિષદ્‌માં કહ્યું છે:

तद्ये ह वै तत्प्रजापतिव्रतं चरन्ति ये मिथुनम् उत्पादयन्ते।
तेषामेवैष ब्रह्मलोको येषां तपो ब्रह्मचर्यं येषु सत्यं प्रतिष्ठितम् ॥ (प्रश्न० १,१५)

આમ અધ્યાત્મિક વ્રાત્યોએ અરૂપના ચિન્તનમાં ચિત્તને એકાગ્ર કરી વૈરાગ્ય, અભ્યાસ તથા નિદિધ્યાસ વડે સાધનામાં આગળ વધી આ પધ્ધતિ વિકસાવી. યોગમાર્ગના આદિ પ્રવર્તક જૈગીષવ્ય છે એમ કહેવાય છે.[૨૮] એના પર સાંખ્યના જ્ઞાનવાદનો સારો પ્રભાવ છે. શ્વેતાશ્વતરમાં તો સાંખ્ય અને યોગનો એક સાથે નિર્દેશ પણ મળી આવે છે:

तत्कारणं सांख्ययोगाधिगम्यं ज्ञात्वा देवं
मुच्यते सर्वपाशैः। श्वेताश्वतर० 6,13

આ ઉપરાંત છાન્દોગ્યમાં જ્યાં દરેક પદાર્થની પાછળ ત્રણ પ્રધાન રંગો- શુકલ, રોહિત અને કૃષ્ણ- જ રહ્યા છે. તે જ સત્ય છે, બાકીનું બધું

वाचारंभणं विकारो नामधेयं (છાન્દોગ્ય ૬,૪,૧);

શ્વેતાશ્વરમાં પ્રકૃતિનું વર્ણન કરતાં જ્યાં.. अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां सरूपाः। (श्वेता० ४,५) કહ્યું છે ત્યાં આપણને સાંખ્યના ત્રણ ગુણનાં બીજ રહેલાં દેખાય છે. કઠોપનિષદ્માં પણ સાંખ્યનું આદિ-સ્વરૂપ જોવા મળે છે.[૨૯] એમાં પુરુષનો જે મહિમા વર્ણવ્યો છે-

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૭ ચાલુ- હાથેર કાંકર મા લેઉ દાપણ આપણે અપા બુઝતુ નિઅમણ॥
બામ દાહિન જો ખાલ બિખલા સરહ ભણઇ બાપા ઉજુ વાટ ભઇલ
સરહપાદ (પ્રબોધચન્દ્ર બાગચી સંપાદિત
ચર્યાગાન-૩૨, પૃ. ૧૩૮.)

૨૮ જુઓ: ઉત્તર ભારતકી સન્ત પરમ્પરા: પરશુરામ ચતુર્વેદીકૃત :પૃ.૨૧:

૨૯ કઠોપનિષદ્: ૧,૩ઙ ૧૦-૧૧, તથા ૧,૩,૧૩

તે પુરુષ[30] સાંખ્યમાં અત્યન્ત મહત્ત્વને પ્રાપ્ત કરે છે ને યોગમાર્ગમાં તેનેજ આપણે ઇશ્વરરૂપે જોઇએ છીએ.

આ સાધના પ્રણાલી પરત્વે મહત્ત્વ ધારાવતી બીજી એક વસ્તુ ઉપનિષદોમાં જોવા મળે છે તે પ્રત્યાવર્તન[31]– રૂપમાથી સ્વરૂપમાં જવાની પ્રક્રિયા. અનાયાસે લક્ષ્યની પ્રાપ્તિ થાય તો એનુ ગૌરવ કદાચ અણછતુ રહી જાય એવી આશંકાથી જાણે પ્રજાપતિએ ઇન્દ્રિયોને બહિર્મુખી બનાવી.[32] પણ જેઓ ~~અનાવૃત ચક્ષુ છે તેઓ ઇન્દ્રિ~~ સંસારમાં પ્રવાહપતિત બનીને "અધીર" બનતા નથી, જેઓ આવૃતચક્ષુ છે તેઓ ઇન્દ્રિયોની રૂપ તરફની ગતિ બદલીને ઉલટે માર્ગે વાળે છે, એનુ પ્રત્યાવર્તન સિધ્ધ કરે છે.[33] બહારથી અંતર તરફની વાળેલી ગતિ તે જ પ્રત્યાવર્તન અથવા બંગાળના બાઉલો કહે છે તેમ ઉલ્ટા–સાધાન એને ઉજાન–સાધાન પણ કહે છે.[34] આ પ્રત્યાવર્તન શબ્દ કઠોપનિષદ્ના ૨,૧,૧૦ ના પરના

- - - - - - - - - - - - - - - - - - - - - - - - -

[30] "પુરુષ " ~~ની વીગતે ચર્ચા પરિશિષ્ટમાં~~ આ સાધાનાપરમ્પરામાં એ સંજ્ઞાનો ~~અર્થને સમજાવતાં કરી છે.~~ અર્થવિસ્તાર થતો રહ્યો છે.

[31] આની વીગતે ચર્ચા ડો. શશીભૂષણ દાસગુપ્તાના "ભારતીય સાધાનાર ઐક્ય" માં કરવામાં આવ- આવી છે.

[32] કઠોપનિષદ્ ૨,૧,

[33] કઠોપનિષદ્ ૨,૧ , ૧,

[34] ડો.શશીભૂષણ દાસગુપ્તા "ઉજાન–સાધાન" નો સંબંધ બૃહદારણ્યક૦ ૨,૪,૧, માં યાજ્ઞવલ્કય ને માટે વપરાયલા ઉદયાસ્યન સાથે જોડવાનુ સૂચવે છે. એ ઉદયાન કે ઉર્ધ્વયાન તે જ ઉજાન–સાધાન.

શાંકરભાષ્યમાંથી મળી રહે છે. એ શ્લોકને સમજાવતાં શંકરાચાર્ય કહે છે:
यथा: प्रतिस्रोतप्रवर्तनमिव।
કેનોપનિષદ્માં પ્રત્યાવર્તન એટલે જ બ્રહ્મજિજ્ઞાસા એવું આપણે જોઇએ છીએ. (કેન. ૧,૧,૧) ભૂતમાત્રની પાછળ રહેલા સત્ય સ્વરૂપને જો આ જીવનમાં નહી જાણીએ તો મ" महती विनष्टिः" એ ને જાણવાથી જ અતિમૃત્યુની દશા પ્રાપ્ત થાય. એ સિવાય नान्यः पन्था विद्यतेऽयनाय। કઠમાં[35] આ પ્રત્યાવર્તનનો ક્રમ પણ સ્પષ્ટ રીતે વર્ણવ્યો છે. પહેલાં અહંતત્ત્વનો આવિષ્કાર કરવાનો રહે, પછી એનું બુદ્ધિતત્ત્વ કે મહત્માં સમર્પણ કરવું, પછીથી વિવેકખ્યાતિ દ્વારા પુરુષ અને પ્રકૃતિનું પાર્થક્ય અનુભવી શકાય, ને ત્યાર પછી જ પુરુષ નિઃસંગ "કેવલ" સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થાય. ઉપચારિત બન્ધાનમાંથી "કેવલ" સ્વરૂપમાં પ્રત્યાવર્તન તેનુંજ નામ મુક્તિ.[36] આ માર્ગ ઉલટો કેમ છે તેનું કારણ પણ કઠોપનિષદ્માં આપ્યું છે.[37] આ પ્રત્યાવર્તનને પ્રશ્નોપનિષદ્માં કૃષ્ણપક્ષમાં ચન્દ્ર જેમ એક પછી એક પોતાના કલાને છોડીને નિષ્કલ સ્વરૂપને પામે છે તેની સાથે સરખાવ્યું છે.[38] ઇન્દ્રિયરૂપી અશ્વોને લગામ ખેંચીને પાછો વાળવાની પ્રવૃત્તિનો નિર્દેશ છાન્દોગ્યમાં (૧,૨૨,૧) છે. એમાં કહયું છે કે આ પ્રત્યાવર્તનમાં-ઇન્દ્રિયસંયમમાં સુખ રહયુંછે માટે સાધક એમ કરે છે, જો એમાં અસુખ હોત તો એમ ન ~~કરત~~ કરત.

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

[35] કઠોપનિષદ્:૧,૩,૧૦-૧૧ [36] સરખાવો પાતંજલયોગસૂત્ર: तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्।

[37] કઠોપનિષદ્ ૨,૩,૧, જુઓ ભગવદ્ગીતા ૧૫,૧

[38] एवमेवास्य परिद्रष्टुरिमाः षोडशकलाः पुरुषायणाः पुरुषं प्राप्यास्तं गच्छन्ति। प्रश्न० ६/५

સુખજનક સંયમ અને દુ:ખકારક દમન વચ્ચેનો આ વિવેક નોંધાવા જેવો છે.[૩૯] अल्प તરફથી भूमा તરફની ગતિ તે પણ પ્રત્યાવર્તન જ છે.(છાન્દોગ્ય૦ ૭,૨૪,૧) તૈત્તિરીય ઉપનિષદમાં એક ઉપાખ્યાન દ્વારા પણ આ જ વસ્તુ કહેવાઇ છે.[૪૦] એમાં ભૃગુ એના પિતાને બ્રહ્મને વિશે ઉપદેશ દેવાને વિનંતિ કરે છે. પિતા એના જવાબમાં કહે છે કે જેમાંથી આ ભૂતસમસ્ત જન્મ ગ્રહણ કરે છે, જેના વડે જન્મેલા બધા જીવ જીવે છે અને જેનામાં વિનાશકાળે ગમન કરે છે તેને જાણવાની ઇચ્છા કર, તે જ બ્રહ્મ. પછી ભૃગુ તપસ્યા કરે છે- એટલે કે બહિર્મુખ શરીર, પ્રાણ, ચક્ષુ, કર્ણ, મન, વાક, વગેરેને અન્તર્મુખ કરે છે. એને પરિણામે પ્રથમ તો અન્નજ બ્રહ્મ એવો એને અનુભવ થાય છે, પણ એનાથી એનુ મન સંતોષાતુ નથી. ફરી પિતા પાસે જઇને પૂછે છે. પિતા વળી તપ કરવાનુ કહે છે. કારણકે તપસ્યા જ બ્રહ્મ- આમ ક્રમે પ્રાણ , મન, એમ વધારે ને વધારે સૂક્ષ્મ તરફ ગતિ કરતા વિજ્ઞાનમય સત્તાથી પણ ઉર્ધ્વે આનન્દ એ બ્રહ્મ છે એવું એ જાણે છે. અન્ન, પ્રાણ, મન વગેરે કોશો પરમ પુરુષ ને આવરણી જેમ ઢાંકી રાખે છે. એ સૌને અતિક્રમીને સૂક્ષ્મથી તે સૂક્ષ્મતર તરફ ગતિ કરવાની રહે છે.-ઉપસંક્રમણ કરવાનુ રહે છે. આ ઉપસંક્રમણ તે જ પ્રત્યાવર્તન.

---

૩૯ यदा वै सुखं लभतेऽथ करोति नासुखं लब्ध्वा करोति सुखमेव लब्ध्वा करोति। छान्दो० ७/२२/१

૪૦ તૈ૦ ૩,૧૦,૫,

આ જ રીતે પ્રણવસાધનામાં પણ પ્રત્યાવર્તનનું સૂચન છે. અ, ઉ, મ એટલે કે જાગ્રતિ, સ્વપ્ન અને સુષુપ્તિને અતિક્રમીને માત્રાહીન ઓંકારમાં પ્રવેશ કરવાનો હોય છે- તો જ બ્રહ્મમાં વિલીન થઇ શકાય.[41] અમાત્ર, ઓમ્કાર તે જ આત્મા, તેને જે એ ~~રૂપે~~ રૂપે જાણે તે આત્મા દ્વારા આત્મામાં જ પ્રવેશ કરે. જેઓ ષટ્ચક્રસાધનાની સાથે પ્રણવસાધનાનો મેળ સાધે છે તેઓ પણ છેક નીચેના મૂલાધારથી નાભિમાંના મણિપુર સુધી પ્રથમ માત્રા અકારનું સ્થાન, મણિપુરથી તે અનાહત ચક્ર સુધી દ્વિતીય માત્રા ઉકારનું સ્થાન અને અનાહતથી તે આજ્ઞાચક્ર સુધી મકારનું સ્થાન ગણે છે . એ સૌથી ઉપર સહસ્ત્રારચક્ર તે ચતુર્થ, તુરીય કે અમાત્રનું સ્થાન ગણાય છે. ગાયત્રીની વ્યાહૃતિ વિશે આગળ કહ્યું છે. ગીતામાં પણ ૨જા અધ્યાયની ૫૮ મા શ્લોકમાં ઇન્દ્રિયોને ઇન્દ્રિયાર્થોમાંથી જે વાળી લઇને એ બહિર્મુખ ઇન્દ્રિયોને અન્તર્મુખ કરે છે તેની જ પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે એમ કહ્યું છે. અહીં પણ બહારથી અંદર તરફના પ્રત્યાવર્તનની જ વાત છે. આ ઉપરાંત બીજા અધ્યાયના ૭૦ માં શ્લોકમાં પણ અંતર તરફ કામનારાશિને વાળીને શાન્તિ પ્રાપ્ત કરવાની વાત છે. વળી જે અન્તઃસુખી, અંતરારામ અને અન્તર્જ્યોતિ છે તેજ યોગી છે. તે જ બ્રહ્મસ્વરૂપ બનીને ~~બ્રહ્મનિર્વાણ~~ બ્રહ્મનિર્વાણ પામે છે, એમ પણ કહ્યું છે.[42] બીજા અધ્યાયના ૬૯ માં શ્લોકમાં પણ સર્વભૂતની જે રાત્રિ તેમાં સંયમી જાગે છે ને જેમાં ભૂતસકલ જાગે તે તત્ત્વદર્શીની રાત્રિ છે એમ કહ્યું છે તેમાં પણ આ અવળામાર્ગનું જ સૂચન છે. વૈષ્ણવોની

---

[41] માણ્ડુક્ય ૧૨, [42] ભગવદ્ગીતા ૫,૨૪

ગોષ્ઠલીલામાં પણ પૂર્વગોષ્ઠ અને ઉત્તર ગોષ્ઠની વાત છે. ઇન્દ્રિયો જ્યાં ચરે તે ગોષ્ઠ. પ્રભાત થતાંજ ઇન્દ્રિયો વિષયક્ષેત્રમાં વિહરણ શરૂ કરે, સાંજે સર્વાન્તરાકર્ષક ઉત્તરગોષ્ઠમાં પાછી ફરે. આ પાછા ફરવું તે જ પ્રત્યાવર્તન.

પાતંજલ યોગસૂત્રમાં अभ्यासवैराग्याभ्यां तन्निरोधः। એમ કહ્યું છે. એની ઉપરના વ્યાસના ભાષ્યમાં ચિત્તને નદી સાથે સરખાવીને એને ઉભયતો-વાહિની કહી છે. એ કલ્યાણ ને માટે માત્ર વહે ને પાપને માટે પણ વહે. કલ્યાણ તરફ વહેતી તે विवेकविषयनिम्ना અને कैवल्यप्राग्भारा, ને જે પાપવહા તે अविवेकविषयनिम्ना અને संसारप्राग्भारा. આથી વૈરાગ્ય દ્વારા વિષયસ્ત્રોત ને પહેલાં શોષી લેવો પડે, પછીથી વિવેકદર્શનના સતત અભ્યાસથી વિવેકસ્ત્રોત્રને ફરીથી વહાવવો પડે. આ રીતે જોતાં વેદાન્તોક્ત વિવેકવૈરાગ્યનું સાધન પણ આ જ સ્વરૂપનું છે. કોષોપાધિથી પરિચ્છિન્ન બ્રહ્મ જીવતાને પ્રાપ્ત થાય છે. વિવેકવૈરાગ્યથી એ ઉપાધિથી મુકત બનીને સ્વ-રૂપ-માં પુનઃ પ્રતિષ્ઠિત થવું એટલે બ્રહ્મપ્રાપ્તિ- એ આ પ્રકારના પ્રત્યાવર્તન દ્વારા જ સિધ્ધ થાય. વેદની " ब्रह्मोद्य " ની જેમ ઉપનિષદોમાં પણ અવળવાણી Language of Paradox ઠીક પ્રમાણમાં મળી રહે છે.[43] આ ઉપરાંત સન્ત,

---

૪૩ એ પૈકી થોડીનો નિર્દેશ અહીં કરવો પર્યાપ્ત ગણાશે:

ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः। क० ३/६,१

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति॥ मुण्डक० ३,१

नाहं मन्ये सुवेदेति नो न वेदेति वेद च।
यो नस्तद्वेद नो न वेदेति वेद च॥ केन० २,१०

મહાત્મા, જીવ-મુક્ત,પરમહંસ, અવધૂત વગેરે નામે આ સાધના-પરમ્પરાના સાધકોનાં લક્ષણોને વર્ણવતા નિર્દેશો પણ ઘણા મળી આવે છે.[44] બ્રહ્મમાં એક-રૂપ થઇ જવું- સ્વરૂપાવસ્થાન તે જ અન્તિમ લક્ષ્ય છે. એ કાવ્યમય વાણીમાં માનવના સંસારી રસની ભાષામાં અત્યન્ત સુન્દર રીતે વર્ણવાયું છે:

तद्यथा प्रियया स्त्रिया संपरिष्वक्तो न बाह्यं किंचन वेद
नान्तरमेवायं पुरुषः प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं
किंचन वेद नान्तरं ... । बृहदा०उ० ४,३,२१

આ જ પ્રકારનું વર્ણન બ્રહ્માનન્દને વર્ણવતાં કૃષ્ણજીના એક અપ્રસિદ્ધ પદમાં પણ પ્રાપ્ત થાય છે:

સ્વામીનું સુખ હતું ત્યાં લગી સૈયર
જ્યાં લગી હૃદયે હુતિ સત્ય કેરી
સ્વામીના સુખનો સ્વાદ ભાંગી ગયો
ઓચ્યંતો ઉદયો સૂરવેરિ. :સ્વામી૧:

---

૪૩ ચાલુ. अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम्॥
श्वे० ३,१९
यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः।
अविज्ञातं विजानतां विज्ञातमविजानताम्॥ के० ३,११
आसीनो दूरं व्रजति शयानो याति सर्वतः। क० २,२१

૪૪ મહોપનિષદ્ના બીજા અધ્યાયના ૪૦ થી તે ૬૧ શ્લોકમાં જીવ-મુક્તનું વિગતે વર્ણન કર્યું છે. સાચો ગુરુ કેવો હોવો જોઇએ તે વિશે કહેતાં મુણ્ડકોપનિષદ્માં પ્રથમ મુણ્ડકના દ્વિતીયાધ્યાયના ૧૩ માં શ્લોકમાં આમ કહ્યું છે: तस्मै स विद्वानुपसन्नाय सम्यक् प्रशान्तचित्ताय शमान्विताय।
येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम्॥१३॥

નિરાલમ્બોપનિષદ્માં વિદ્વાનની વ્યાખ્યા આપતાં આમ કહ્યું છે:
सर्वान्तरस्थस्वसंविद्रूपविद्विद्वान्। અને ઉપાસ્ય ગુરુ કોણ તે વિશે વાત કરતાં કહ્યું છે:
सर्वशरीरस्थचैतन्यब्रह्मप्रापको गुरुरुपास्यः।

૨૮ Smt. HANSA MEHTA LIBRARY THE M. S. UNIVERSITY OF BARODA

એવા સુરના તેજમાં સાવ સમરસ થઇ
તેજમાં પિયુ મારો ગયો સમાઇ ,
પિઉનુ પગલે હુ રે જોવા ચઢી
પિઉને ખોલતે હુ ખોવાઇ :૨:
એવા અટપટા ખેલમાં આંખ્ય ઉલટી ફરી
હુ જોતે હદ રહિ ગમ ખાઇ
વાંણીમાં અનુભવ - એહ વાપે નહિ
અનીરવાચી રહો નિગમ ગાઇ :૩:
એવી અચીન્ત વારતા કોય માંને નહિ
જેને વિતિ હોય તે ર્મ જાંણે
વસ્તુનો સાર સાવ સમરસ ભરો
અણઘતો કૃષ્ણજી થઇ માંણે :૪:

---

૪૪ ચાલુ..

અધ્યાત્મોપનિષદ્માં ૪૪ થી તે ૪૭ શ્લોકમાં જીવન્મુક્ત નુ વર્ણન કર્યું છે.

અવધૂતોપનિષદ્માં અવધૂતનાં લક્ષણો વર્ણવ્યાંછે. પરમહંસપરિવ્રાજકોપનિષદ્માં પરમહંસનાં લક્ષણ વર્ણવ્યાં છે.

શ્વેતાશ્વતરમાં ગુરુનું મહત્ત્વ બતાવતા કહ્યુ છે:

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः॥ श्वेताश्वतर० ६, २२

સંન્યાસીની વાત કરતાં સંન્યાસ કોને કહેવાય તે સાચો સંન્યાસી કોણ તે વિશે મૈત્રેયુપનિષદ્માં આમ કહ્યુ છે:

कर्मत्यागान्न संन्यासो न प्रेषोच्चारणेन तु।
संधौ जीवात्मनोरैक्यं संन्यासः परिकीर्तितः॥ १९॥
यदा मनसि वैराग्यं जातं सर्वेषु वस्तुषु।
तदैव संन्यसेद्विद्वानन्यथा पतितो भवेत्॥ २३॥
द्रव्यार्थमन्नवस्त्रार्थं यः प्रतिष्ठार्थमेव वा।
संन्यसेदुभयभ्रष्टः स मुक्तिं नाप्तुमर्हति॥ २०॥

સરખાવો:'અખાના છપ્પા', ૬૫૫-૫૬, ૬૫૮,૧૩,૧૫,૩૫૮.

આમ આપણે જોઇ ગયા કે વેદમાંના અધિદેવેશ્વરવાદને સ્થાને પહેલાં एकम् सत् ને પછીથી एकमेवाद्वितीयम् એવા બ્રહ્મની પ્રતિષ્ઠા ઉપનિષદ્‌માં થઇ છે. એ નિરાકાર નિરંજન નિષ્કલ અનાદિ અનંત છે. એની પ્રતિમા નથી. એને પામવા જતાં વાણી અને મન પાછાં વળે છે. એ પ્રવચન, મેધા કે બહુશ્રુતપણાથી પ્રાપ્ય નથી. સાંખ્યને અનુસરીને ત્રિગુણાત્મિકા પ્રકૃતિ અને પુરુષ ની વિભાવનાને સ્વીકારીછે. ને જ્ઞાનના પર ભાર મૂકેલો જોવામાં આવે છે. વેદના યાજ્ઞિક અનુષ્ઠાનનું ઉપનિષદ્‌માં ભારે પરિવર્તન થઇ ગયું છે. યજ્ઞની વિભાવનાને જે સૂક્ષ્મ દૃષ્ટિએ પુનઃ પ્રતિષ્ઠિત કરી છે તે ઉપનિષદોનું આગવું અર્પણ છે. ગીતા એ તંતુને આગળ લંબાવે છે. શ્રેયના સંદર્ભમાં વિદ્યાનો પણ પરા અને અપરા એવો વિવેક કરેલો છે. વિદ્યાવૃધ્ધાને જ્ઞાનવૃધ્ધાનો કિંકર ગણ્યો છે. અપરોક્ષાનુભૂતિના સ્વરૂપનું જ્ઞાન જ સાચું જ્ઞાન લેખ્યું છે. એની સાથે સાધાનાની એક વ્યવહારુ પધ્ધતિ તરીકે યોગને પણ સ્વીકાર્યો છે. યોગના સમાધિપાદ, સાધાનાપાદ, વિભૂતિપાદ, અને કૈવલ્યપાદનું ઉપનિષદોમાં વિસ્તારથી વર્ણન મળે છે, છતાં સ્વરૂપાવસ્થાનને મહત્ત્વ આપીને કૈવલ્યપાદનું જ ગૌરવ કર્યું છે. અણિમા વગેરે સિધ્ધિના પ્રલોભનમાં પડવું નહીં અને કાયાક્લેશ કરવો નહીં એ સ્પષ્ટ કર્યું છે. એમાં પ્રણવસાધાનાનો પણ સમાવેશ થયો છે, આ સાધાના કર્યા પછી ગુરુ બનવાને યોગ્ય ગણી શકાય એવા જીવન્મુક્ત, અવધૂત પરમહંસ, મહાત્માનું પણ લક્ષણવર્ણન ઉપનિષદોમાં છે. ગુરુને આ સાધાનામાં મહત્ત્વનું સ્થાન છે, એમાં જાતિભેદ, વર્ણાશ્રમધાર્મ, કર્મકાણ્ડના જડ આચારને

કશું સ્થાન નથી. અખો કહે છે તેમ શાસ્ત્ર તો એક આંખથી જ જુએ છે, માટે શાસ્ત્રદ્વારા મળતા જ્ઞાન તો-એક- કરતા સ્વસંવેદ્ય સ્વાનુભૂતિપરક જ્ઞાનનો જ એમાં મહિમા ગણ્યો છે. વ્રાત્યો એ શરૂ કરેલી ત્યાગ વૈરાગ્ય જ્ઞાન અને નિદિધ્યાસનની પરમ્પરાને ઉપનિષદ્માં આગળ વિકસતી જોઇએ છીએ. સાધન-શુદ્ધિને એમાં ઉચિત મહત્ત્વ અપાયું છે. અનિર્વચનીય એવા અનુભવને વર્ણવવાને ઘણીવાર ઉપનિષદ્ના ઋષિ કવિઓને પણ પ્રહેલિકાનો ને અવળ વાણીનો આશ્રય લેવો પડયો છે. સકમસકામ ઉપાસનાનો ઉલ્લેખ છે, પણ તત્ત્વચિન્તાનેજ શ્રેષ્ઠ ગણી છે. દામ્ભિક આચારના પર ઉપનિષદોએ પ્રહાર પણ કર્યા છે. કર્મઅકર્મ, પ્રવૃત્તિ નિવૃત્તિ, શ્રેયપ્રેમ, અલ્પભૂમા વચ્ચેનો વિવેક ઉપનિષદોએ સમર્થ રીતે કરી બતાવ્યો છે. આ સાધનાને માટે સંસારત્યાગ કરવો ઉપ-નિષદોએ આવશ્યક લેખ્યો નથી. કર્મસંન્યાસની પણ એમાં વાત નથી. સાચો સંન્યાસ કોને કહેવાય તેની પણ એમાં સારી મીમાંસા છે. સાધના-પદ્ધતિ-માં પ્રત્યાવર્તનના મહત્ત્વને ઉપનિષદોમાં ઠીક રીતે સ્પષ્ટ થતુ જોઇએ છીએ. આમ સન્તોની સાધનાના તથા એની પાછળની દાર્શનિક ભૂમિકાનાં મુખ્ય મુખ્ય લક્ષણો ઉપનિષદોમાં આપણે ક્રમશઃ વધુ સ્પષ્ટ થઇ આવતાં જોઇએ છીએ. ઉપનિષદો અને ગીતા (ગીતાને પણ ઉપનિષદ્ કહીને ઓળખવામાં આવે છે, કારણકે ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા છે, ને તેજ ગીતામાં પણ છે) વચ્ચેના ગાળા -માં જુદા જુદા સિદ્ધાન્તો પરત્વે ઉગ્ર વૈમત્ય, કોઇક સિદ્ધાન્તનો વધુ પડતો આગ્રહ કે દુરાગ્રહ રાખવાનું વલણ, કર્મ અને જ્ઞાન વચ્ચેનો વિરોધ-વગેરે થોડેવત્તે અંશે પ્રવર્તતાં હશે એમ લાગે છે. એ વિરોધમાંથી સામંજસ્યને પ્રકટ

કરનારી ગીતાની સમન્વયપરાયણ દૃષ્ટિ એ પણ ભારતીય સંસ્કૃતિનું એક વિશિષ્ટ અર્પણ છે. સન્તોમાં પણ પરમતસહિષ્ણુતા, સાંપ્રદાયિકતાનો વિરોધ સ્પષ્ટ જોવામાં આવે છે. આમ આપણે આ સાધના-પ્રણાલીના ઐતિહ્યના ત્રીજે તબક્કે આવી પહોંચ્યા છીએ.

[illegible]

ભગવતગીતાનો રચના સમય પ્રો. રાધાકૃષ્ણનને અનુસરીને ઇશુપૂર્વ પાંચમી શતાબ્દીનો સ્વીકારીએ તો ઉપનિષદો પૈકીનાં કેટલાંક સમકાલીન કે ઉત્તરકાલીન હોય એવું બને[1] પણ ઉપનિષદ્ યુગને ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં ગીતા પૂર્વનો ગણીએ તે ઉચીત જ છે.

---

[1] ગીતા Holtzmannના મતે 'a Vaishnava remodelling of an originally panthestic or Vedāntic poem' છે; Hopkinsના મતે 'a Kr̥ṣnaite Version of an older Vaiṣnava poem, which in its turn was originally a late unsectarian Upaniṣad;' Deussenના મતે 'it is a late product of decadent Upaniṣadic thought;' Keithના મતે 'an Upanisad of the Śvetāśvatara type added late to the Krisṇa cult. (જુઓ: History of Philosophy: Eastern & Western. Vol. I. pp. 45)

આધ્યાત્મિક સાધાનાના ક્ષેત્રમાં વિસંવાદ અરાજકતા અને મતૈક્ય પ્રવર્તતાં હતાં. એમાં સમન્વયપ્રધાન દૃષ્ટિ રાખીને ~~અરાજકતા~~ સંવાદ અને પ્રકટાવવાનો પ્રયત્ન ભગવદ્ગીતાનો છે. અલબત્ત, આ જ કારણે વિભિન્ન મત ધારાવનારને પોતાના મતની પુષ્ટિ કરતું સમર્થન ગીતામાંથી મળી રહે છે.[૨] સન્તોની સાધાનાપ્રણાલીનાં આગળ વર્ણવેલાં લક્ષણો ગીતામાં સહેલાઇથી મળી રહે છે. તે સાથે સાથે ગીતામાં સગુણ ભક્તિપ્રધાન સાધાના પ્રણાલીનો પણ સ્વીકાર છે. યોગની જુદી જુદી વ્યાખ્યાઓ આપણને એમાં મળે છે:

समत्वम् योग उच्यते :૨,૪૮:
योगः कर्मसु कौशलम् :૨,૫૦:

શંકરાચાર્યે આ બેનો સમન્વય કરતાં કહ્યું છે કે સ્વભાવે કરીને જ ~~[illegible]~~બંધાન કરવાવાળાં જે કર્મ છે તે પણ સમત્વબુદ્ધિથી પોતાના સ્વભાવથી પાછાં વળે છે, તેથી સમત્વબુદ્ધિવાળા થવું. (શંકરભાષ્ય ૨,૫૦)

- - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨..... the human reason incapable of always playing the detective upon itself in this respect; it is its very nature to seize upon some partial conclusion, idea, principle, become its partIsan and make it the key to all truth, and it has an infinite faculty of ~~hel~~ doubling upon itself so as to avoid detecting in its opemations this necessary and cherished weakness. The Gita lends itself easily to this Kind of error, because it is easy, by throwing particular emphasis on one of its ~~e~~aspects or even on some salient and emphatic text and putting all the rest of the eighteen chapters into the background or making them a subordinate and auxiliary teaching, to turn it into a partisan of ~~its~~ own doctirne or dogma.

૩.

આમ છતાં ભક્તિ અને જ્ઞાન, બ્રહ્મની નિર્ગુણ અને સગુણ વિભાવના, ત્રણ પુરુષ, યોગ, સાધનાપધ્ધતિ, કર્મકાણ્ડ, યજ્ઞની વિભાવના– વગેરે ને વિશે ગીતાનું વલણ કેવું છે તે આ સાધનાપરમ્પરાના સંદર્ભમાં આપણે જોઇ જઇએ.

ગીતાને બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્ર તરીકે ઓળખાવાય છે.[3] એ બ્રહ્મને પામવાની પરાવિદ્યા છે, ને પરમાત્મા સાથે આત્માનો યોગ સાધી આપનારી પ્રક્રિયા સમજાવનાર યોગશાસ્ત્ર છે. આ અર્થનું જ વક્તવ્ય કઠોપનિષદના અંતભાગમાં છે.[4] પ્રો.રાધાકૃષ્ણને સંક્ષેપમાં ગીતા કેવી રીતે એની પહેલાંની પરંપરાઓ અને અનુશ્રુતિઓનાં લક્ષણોને પોતાનામાં આત્મસાત કરીને એક સમન્વયપ્રધાન દૃષ્ટિબિન્દુએ બધા પ્રશ્નોએ જુએ છે તે વિશે આમ કહે છે:

"The teacher refines and reconciles the different currents of thought, the Vedic cult of sacrifice, the Upanisad teaching of Transcendental ब्रह्मन्, the भागवत theism and tender piety, the सांख्य dualism and the yoga meditation."

વેદની યજ્ઞસંસ્થાનું ભગવદ્ગીતામાં અત્યન્ત સૂક્ષ્મ સ્વરૂપ જોવા મળે છે. ત્રીજા અધ્યાયના ૯ થી તે ૧૬ માં શ્લોકમાં યજ્ઞ વિશે જે કહ્યું છે તે મોટે અંશે વેદકાલીન યજ્ઞસંસ્થાને મળતું આવે છે. એમાં યજ્ઞ દ્વારા ઇન્દ્રવગેરે દેવોની ઉન્નતિ કરવાની વાત છે. પછી એ દેવોયજમાનની ઉન્નતિ સાધી આપે. આ રીતે પરસ્પર ઉન્નતિ કરતા બન્ને પરમશ્રેય (શંકરાચાર્ય એ પરમશ્રેય તે સ્વ.

---

૩ જુઓ દરેક અધ્યાયને અન્તે આવતી પુષ્પિકા:
.... श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे ....

૪ "मृत्युप्रोक्तां नचिकेतोऽथ लब्ध्वा विद्यामेतां योगविधिं च कृत्स्नम् ...." कठ० २, ३, १८

૪.

સ્વર્ગ એમ જ કહે છે)[૫] ને પામે . એ યજ્ઞ પ્રજાપતિના કહ્યામુજબ ઇષ્ટ કામનાઓ પૂરી પાડનાર એટલેકે એને અનેક પ્રકારના ફલરૂપ ભોગને પૂરા પાડનાર છે. યજ્ઞથી સંતુષ્ટ દેવો યજમાનને સ્ત્રી, પશુ, પુત્ર વગેરે ઇચ્છિત ભોગ આપે છે. પણ એ ભોગોને દેવોને અર્પ્યા વિના જે ભોગવે તેને ચોર કહ્યો છે. આથી દેવયજ્ઞ કરીને એમાંથી અવશિષ્ટ અમૃતને જે ભોગવે તે ગૃહસ્થ પંચ પાપ અને પ્રમાદથી થતાં તેમજ હિંસા વગેરેથી થતાં પાપમાંથી બચી જાય છે. એ અન્નમાંથી પ્રાણી, વૃષ્ટિથી અન્ન અને વૃષ્ટિ યજ્ઞથી થાય છે. આ યજ્ઞ બ્રહ્માક્ષરસમુદ્ભૂત છે. આ પ્રકારનું ઇશ્વરે વેદ અને યજ્ઞપૂર્વક ચલાવેલું જગતચક્ર-- એને અનુસરીને જે (વેદાધ્યાન ,યજ્ઞયાગ વગેરે) કર્મ નથી કરતો તે પાપાયુ ઇન્દ્રિયારામી વ્યર્થ જ જીવે છે. ચોથા અધ્યાયમાં આખી યજ્ઞભાવના બદલાઇ જાય છે. ચોથા અધ્યાયમા ૨૩ થી ૩૨ માં શ્લોકમાં આ યજ્ઞની સૂક્ષ્મ વિભાવના આપણે જોઇએ છીએ. એના મૂળ આપણે આગળ ઉપનિષદોમાં તો જોયાં જ છે. એ યજ્ઞમાં બ્રહ્મ જ અગ્નિ છે. બ્રહ્મ જ હવિ છે, બ્રહ્મ જ હોતા છે ને એ હવિ બ્રહ્મને જ પહોંચે છે.[૬] આ બ્રહ્મયજ્ઞ ઉપરાંત ગીતામાં દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, યોગયજ્ઞ સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞ[૭] અને જપયજ્ઞ[૮]ની વાત છે. એ બધામાં દ્રવ્યમય સાધનથી સિદ્ધ થતા યજ્ઞો કરતાં જ્ઞાનયજ્ઞને જ શ્રેષ્ઠ ગણ્યો છે.[૯] ઋગ્વેદને જાણવાવાળા,

---

૫ स्वर्गो वा परं श्रेयः अनवाप्स्यथ (गी.शां.भा.3,११)

૬ ચોથા અધ્યાયના અંતની પુષ્પિકામાં એને "બ્રહ્મયજ્ઞપ્રશંસા" નામે જ ઓળખાવ્યો છે.

૭ ભ.ગી. ૪,૨૮,

૮ यज्ञानां जपयज्ञोऽस्मि ભ.ગી.૧૦-૨૫

૯ श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप । ભ.ગી.૪-૩૩ :

૫.

સોમરસનું પાન કરનાર અને પાપ રહિત એવા સકામ પુરુષો વસુ વગેરે દેવતાોના રૂપમાં રહેલા પરમાત્માને અગ્નિષ્ટોમાદિ યજ્ઞોથી પૂજીને સ્વર્ગ-પ્રાપ્તિની ઇચ્છા રાખે છે. એવા લોકો અર્જિત પુણ્યના પરિણામરૂપે ઇન્દ્રના સ્થાનને પામીને સ્વર્ગમાં દેવોના દિવ્ય ભોગને ભોગવે છે., અને પુણ્ય ક્ષીણ થતાં ફરી મૃત્યુ લોકમાં પ્રવેશે છે.[૧૦] આમ વૈદિક કર્મોનો આશ્રય લેનાર કામ કામી આવાગમનને ટાળી શકતા નથી, ને શંકરાચાર્ય કહે છે તેમ એમને કદિ કયાંય સ્વતંત્રતા પ્રાપ્ત થતી નથી, કારણકે એઓ પોતાની કામનાવડે બંધાયેલા હોય છે.[૧૧] આ ઉપરાંત ત્રણ ગુણની દૃષ્ટિએ યજ્ઞના પણ ત્રણ પ્રકાર વર્ણવ્યા છે.[૧૨]. સાત્વિકયજ્ઞ, રાજસીયજ્ઞ અને તામસીયજ્ઞ. ફળની ઇચ્છા ન રાખનાર વિધિપુર:સર , કોઇ પુરુષાર્થ સિધ્ધ કરવાની આશયથી નહીં પણ યજ્ઞસ્વરૂપનિર્વર્તન કરવાના આશયથી જ યજ્ઞ કરવામાં આવે તે સાત્વિક યજ્ઞ. ફળના ઉદ્દેશથી દમ્ભ આચરવા માટે પણ જે યજ્ઞ કરવામાં આવે તે રાજસી યજ્ઞ, શાસ્ત્ર વિધિથી રહિત યજ્ઞ અસૃષ્ટાન્ન બને છે. મન્ત્રહીન, દક્ષિણા ને શ્રધ્ધાહીન યજ્ઞ ને તપ તામસી યજ્ઞ. યજ્ઞ કે તપ જેવાં કર્મ છોડવાનાં નથી,[૧૩] કારણકે એ જ મનુષ્યોને પાવન કરનારાં છે. રાજયોગ/હઠયોગ વગેરેની પ્રક્રિયાને પણ યજ્ઞનાં અંગ તરીકે ગણ્યાં છે.[૧૪].

---

[૧૦] ભગવદ્ગીતા ૯, ૨૦-૨૧ તથા એના પરનું શંકરભાષ્ય.

[૧૧] ભગવદ્ગીતા ૯,૨૧ તથા શાંકરભાષ્ય.

[૧૨] ભગવદ્ગીતા ૧૭, ૧૧-૧૩

[૧૩] ભગવદ્ગીતા ૧૮,૩

[૧૪] ભગવદ્ગીતા ૧૮,૫

૬.

તપોયજ્ઞની વાત પણ આપણે આગળ જોઇ. દેવ, બ્રાહ્મણ, ગુરુ અને બુધ્ધિમાન જ્ઞાની-- એ સૌનું પૂજન, શૌચ, આર્જવ, બ્રહ્મચર્ય અને અહિંસા-- આ શરીરદ્વારા કરાતાં તપ છે.[૧૫] અનુદ્વેગકર સત્ય પ્રિય અને હિતકારી વાણી બોલવી, સ્વાધ્યાય અને અભ્યાસ તે વાઙ્મય તપ કહેવાય.[૧૬] મનનો પ્રસાદ, સૌમ્યત્વ, મૌન, આત્મવિનિગ્રહ અને ભાવસંશુધ્ધિ તે માનસ તપ કહેવાય.[૧૭] આમ આપણે જોઇ શકીશું કે તપની વિભાવનામાં પણ સૂક્ષ્મતા આવી છે.

ગીતા મોક્ષને પરમ પુરુષાર્થ ગણે છે. આ મોક્ષ તે ઉપનિષદ્ના કહ્યા મુજબનું વિવેકખ્યાતિથી થતું આત્મદર્શન જ. આ મોક્ષ-પ્રાપ્તિનાં સાધનો પરત્વે ગીતામાં કેટલીક વાર વિરોધી વિધાનો જોવા મળે છે. આનું મુખ્ય કારણ વિરોધી મતો વચ્ચે સમન્વય સ્થાપવાની વૃત્તિ જ છે, આ સમન્વયની પ્રેરણા ભાગવત્ ધર્મે આપી છે. ગીતાનું બીજું નામ હરિગીતા પણ છે. એમાં ભાગવત્ ધર્મના જ સિધ્ધાન્તોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એમ પણ મહાભારતના શાન્તિપર્વમાં કહ્યું છે.[૧૮] ચિત્તસંશુધ્ધિ અર્થે કર્મ કરીને ચિત્તને પરમાત્મામાં પરોવવું, સર્વાત્મના ભગવાનને શરણે જવું ને એ રીતે મુક્તિ પામવી-- આ જાતની ઉપાસના-પ્રધાન કલ્પના, ભાગવત્ ધર્મની અસર બતાવે છે. પરમાત્માનું નિર્ગુણ, નિર્વિશેષ અને પરબ્રહ્મ રૂપે વર્ણન પણ ગીતામાં છે.

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

[૧૫] ભગવદ્ગીતા ૧૭, ૧૪,

[૧૬] ભગવદ્ગીતા ૧૭, ૧૫,

[૧૭] ભગવદ્ગીતા ૧૭, ૧૬,

૧૮ एवमेष महान्धर्मः स ते पूर्वं नृपोत्तम।
कथितो हरिगीतासु समासविधिकल्पितः॥ શાન્તિપર્વ,૩૪૮,૧૦

અવ્યક્તોપાસના એ ગીતાનું એક વિશિષ્ટ અંગ છે, એમ પણ કહી શકાય.[૧૯] મોક્ષની પ્રાપ્તિને માર્ગે સાધક અમુક અવસ્થાએ પહોંચે પછીથી વેદોક્ત કર્મો મોક્ષમાં અન્તરાય રૂપ પણ થઇ પડે. વેદના દેવોને પણ ગીતા સ્વીકારતી નથી. યજ્ઞયાગથી ભોગ અને ઐશ્વર્ય મળે, મોક્ષ તો આત્મદર્શનથી જ પ્રાપ્ત થાય. મુક્તિનું સાચું રહસ્ય અવગત થયા પછી વેદોક્ત કર્મ આચરવાની જરૂર રહે નહીં.[૨૦] ગીતા ઉપનિષદ્ની "પુરાણી પ્રજ્ઞા" ને આધાર તરીકે સ્વીકારે છે. કઠોપનિષદ્માંના તથા શ્વેતાશ્વતરમાંના કેટલાક શ્લોકો ગીતામાં જોવા મળે છે.[૨૧] શ્વેતાશ્વતરમાં તથા બૃહદારણ્યકમાં (૪,૪,૨૨) ઉપાસનાનાં બીજ છે તેને ગીતાએ વિકસાવ્યાં છે. એ જ પ્રમાણે ઇશાવાસ્યોપનિષદ્ (૨) તથા છાન્દોગ્ય (૪,૧૪,૩)માં[૨૨] નિષ્કામ કર્મ તથા અનાસક્તિપૂર્વક થતાં કર્મનો બચાવ છે, તેને ગીતાએ વિકસાવ્યો છે. પણ ઉપનિષદના નિર્ગુણ, નિરંજન બ્રહ્મને ગીતાએ ભાગવત્ ધર્મની અસર નીચે રહીને ~~નિર્ગુણ~~ સગુણ પુરુષ રૂપે ઇશ્વરનું રૂપ આપ્યું તે એ રીતે ભક્તિની પ્રતિષ્ઠા કરી. પણ અન્તે તો

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

૧૯ ભગવદ્ગીતા ૨,૨૩-૨૫, ૧૩,૧૨, ૧૩,૧૫-૧૭

૨૦ ભગવદ્ગીતા ૨,૪૨-૪૬, ૯,૨૦-૨૧

૨૧ ભગવદ્ગીતા ૨,૨૯: કઠ૦ ૧,૨,૭, ભગવદ્ગીતા ૨,૨૦: કઠ૦ ૧, ૨,૧૮, ભગવદ્ગીતા ૮,૧૧: કઠ૦ ૧,૨,૧૫, ભગવદ્ગીતા ૩,૪૨,: કઠ૦ ૧,૩,૧૦-૧૧, ૧,૨,૧૯. ભગવદ્ગીતા ૬,૧૧,: શ્વેતા૦ ૨,૧૦ ~~૨૦~~,ભગવદ્ગીતા ૬,૧૩, શ્વેતા૦ ૨,૮.

૨૨ यथा पुष्करपलाश आपो न श्लिष्यन्ते, एवमेवंविदि पापं कर्म न श्लिष्यते इति।

વળી બૃહદારણ્યક૦ ૪,૪,૨૩માં તસ્યૈવ સ્યાત્ પદવિત્તં विदित्वा न लिप्यते कर्मणा पापकेनेति।

૮.

આ ભક્તિ જ્ઞાનનિષ્ઠ ભક્તિ જ છે. સાધકોના અવસ્થાભેદ મુજબનો સાધનભેદ એ પણ ગીતાનું એક વિશિષ્ટ અર્પણ છે. પણ વાસ્તવમાં ભક્તિ અને જ્ઞાન એ બંનેની સાધન તરીકે તુલના કરતાં જ્ઞાનનિષ્ઠ ભક્તિનું જ ગીતામાં ગૌરવ થયેલું જણાશે. સંતપરંપરાએ પણ આ જ દૃષ્ટિબિન્દુને સ્વીકાર્યું છે. તે આપણે પાછળ જોઇશું. મોટે ભાગે અસંદિગ્ધ શબ્દોમાં ગીતા જ્ઞાનનું ગૌરવ કરે છે.[23] ગીતાના ૧૮માં અધ્યાયના ૫૫માં શ્લોકમાં જ્ઞાનનિષ્ઠાને જ પરાનિષ્ઠા કહી છે. એ જ અધ્યાય પરના શાંકરભાષ્યમાં શંકરાચાર્યે ભક્તિને જ્ઞાનનો સાધન રૂપે ઓળખાવી છે:

सेयम् ज्ञाननिष्ठा आर्तादिभक्तित्रयापेक्षया परा चतुर्थी भक्तिरित्युक्ता । तया परया भक्त्या भगवन्तम् तत्त्वतोऽभिजानाति ।

આમ ચતુર્થ પ્રકારની પરાભક્તિના સાધનથી ભગવાનને તત્ત્વતઃ જાણી શકાય. વળી ૧૮મા અધ્યાયના ૫૪મા શ્લોકમાં मद्भक्तिम् लभते पराम् કહ્યું છે તેના પર ભાષ્ય કરતાં શંકરાચાર્ય કહે છે: पराम् ज्ञानमात्रलक्षणाम् चतुर्थीम् જીવ અને બ્રહ્મ વચ્ચેના ભેદની પ્રતીતિનું નિવર્તન કરીને કૈવલ્યના ફલમાં પર્યવસાન પામતું આત્મજ્ઞાન જ નિઃશ્રેયસ હેતુ ને સિદ્ધ કરનારું છે એમ પણ શંકરાચાર્યે કહ્યું છે. વળી ગીતામાં ભગવાન પોતે

- - - - - - - - - - - - - - - - - - - - - -

23 ज्ञानम् लब्ध्वा परां शान्तिम् अचिरेणाधिगच्छति । (४,३९) ज्ञानम् विज्ञानसहितम् यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् । (९,१) ज्ञानानाम् ज्ञानमुत्तमम् यज्ज्ञात्वा मुनयः सर्वे पराम् सिद्धिम् इतो गताः । (१४-१); ज्ञेयम् यत्तत् प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते । (१३,१२); गच्छन्त्यपुनरावृत्तिम् ज्ञाननिर्धूतकल्मषाः । (५,१७) भक्त्या मामभिजानाति । (१८,५५) तेषामादित्यवज्ज्ञानम् प्रकाशयति तत्परम् । (५,१६); ततो माम् तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् । (१८,५५) .... ब्रह्म तथाप्नोति .... निष्ठा ज्ञानस्य या परा । (१८,५०)

પણ પોતાની સાધના કરનારાઓ પૈકી જ્ઞાનીને જ પોતાની સૌથી નિકટનો ગણે છે.[૨૪] Garbeના મત મુજબ ગીતાની તત્ત્વવિચારણાનો પાયો સાંખ્યયોગના સિદ્ધાન્તો છે. અલબત્ત, ગીતાના સાંખ્ય અને યોગ તે કપિલપતંજલિના સાંખ્યયોગ નહીં હોય. સાંખ્ય એટલે મોક્ષને માટેનો જ્ઞાનમાર્ગ અને યોગ એટલે મોક્ષને માટેનો ધ્યાનમાર્ગ એટલુ જ ગીતાને એ બન્ને સંજ્ઞાથી અભિપ્રેત છે.[૨૫] સાંખ્ય દર્શન ઇશ્વરના અસ્તિત્વનો પ્રશ્ન છેડતું નથી, જ્યારે ગીતામાં એના પર ભાર મૂકયો છે. રાધાકૃષ્ણનને મતે એમાં સેશ્વરવાદના પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.

"The emphasis of the गीता is on the supreme as the personal God who creates the perceptible world by his name (प्रकृति)"

અલબત્ત, આખરે તો બૃહદારણ્યકમાં (૨,૪,૧૨-૧૪) વર્ણવેલા एक થી આગળ વધીને अद्वैतने જ ગીતા માન્ય રાખે છે. આ રીતે સાંખ્યની જ્ઞાનપ્રક્રિયાના પ્રધાન અંશોને સ્વીકારીને ગીતા આગળ વધો છે. સાંખ્યના પ્રકૃતિ અને પુરુષ નું દ્વૈત એ સ્વીકારે છે, પણ ત્યાં આગળ ન અટકતાં એ અદ્વૈતનું પ્રતિપાદન કરે છે. ગીતા પ્રકૃતિ અને પુરુષ ને સ્વતંત્ર ને સ્વયંભૂ ગણતી નથી. એ પરમાત્માની જ એક પ્રકૃતિ કે અંગ છે-- પરા પ્રકૃતિ છે.[૨૬] સાંખ્યનું બહુપુરુષત્વ ગીતાએ સ્વીકાર્યું નથી, છતાં ત્રણ પુરુષોની કલ્પના કરી છે. બે પુરુષો તે ક્ષર અને અક્ષર, વ્યયી અને અવ્યયી, ને

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૪ तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते (७,१७); ज्ञानी तु आत्मैव मे मतम् । (७,१८)

૨૫ ભગવદગીતાના બીજા અધ્યાયના ૩૯માં શ્લોક પરનું માધ્વ ભાષ્ય જુઓ: शुद्धात्मतत्त्वविज्ञानं सांख्यमित्यभिधीयते ।
વળી જુઓ: ભગવદ્ગીતા ૨,૩૯,૩,૩,૫,૪-૫; ૧૩,૨૪;૧૮,૧૩;

૨૬ ભ.ગી.૩,૩૩;૪,૬;૯,૮,૧૧,૫૧;૧૩,૨૦;૧૮,૫૯;૭,૪;૧૩,૨૧-૨૨,

ત્રીજો તે પુરુષોત્તમ. આ પુરુષ સાંખ્યના પુરુષની જેમ નિષ્ક્રિય નથી. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંબંધની ચર્ચા પર શ્વેતાશ્વતર૨૦ ની અસર વરતાય છે. સાંખ્યના ત્રણ ગુણના સિધ્ધાન્તને ગીતા વ્યાપકરૂપે પ્રયોજે છે. તપ, યજ્ઞ, સુખ વગેરેના આ ગુણાનુસારી વિભાગ એ પાડે છે. ગુણાતીત થવું તેનું નામ જ મુક્તિ એમ ગીતા પણ સ્વીકારે છે. સગુણ બ્રહ્મની ઉપાસના ગીતામાં પુરસ્કારાઇ છે ખરી, પણ વાસ્તવમાં એ ને પરમાર્થ સત્ ના જ્ઞાન માટેની પૂર્વ તૈયારીરૂપ ગણવાની છે. મહાભારત કાળની બદલાયેલી પરિસ્થિતિને અનુકૂળ રહીને ગીતાએ ઉપાસના અને ભક્તિના પર ભાર મૂકયો છે, તેમ છતા ગીતાનુ સામાન્ય કુલાર્ણવતંત્રમાં કહયુ છે તેમ:

> अद्वैतम् केचिद् इच्छन्ति द्वैतम् इच्छन्ति चापरे।
> मम तत्त्वम् विजानन्तो द्वैताद्वैत विवर्जितम् ॥ [27]

સાચું વલણ દ્વૈતાદ્વૈતથી વિવર્જિત છે. જ્ઞાનમાર્ગી પરમ્પરાના કવિઓ પણ ઘણીવાર હરિને ભજવાની વાત કરે છે, હરિના વિયોગથી થતાં દુ:ખને પણ વર્ણવે છે. આનું કારણ આપતાં રાધાકૃષ્ણન્ કહે છે: "

> " Dialectic in itself and without reference to personal experience cannot give us conviction." [28]

આ સાથે ગીતાએ શાસ્ત્રાચાર કરતાં સદાચારના પર હમેશાં ભાર મૂકયો છે. જ્ઞાની, સ્થિતપ્રજ્ઞ, યોગારૂઢ, બ્રહ્મભૂત, જીવનમુક્તનાં

---

[27] ભગવદ્ગીતા ૨,૨૫; ૧૩,૧૨,૧૩; ૧૫-૧૭;

[28] સરખાવો: ભગવદ્ગીતાના ૬ ઠ્ઠા અધ્યાયના આઠમાં શ્લોક પરનુ શંકરાચાર્યનુ ભાષ્ય: જ્ઞાન અને વિજ્ઞાન વચ્ચેનો ભેદ બતાવતાં શંકરાચાર્ય કહે છે: ज्ञानं शास्त्रोक्त पदार्थानां परिज्ञानं, विज्ञानं तु शास्त्रतो ज्ञातानां तथैव स्वानुभवकरणम् ।
આ સ્વાનુભવ-કરણ સન્તોને ને જ્ઞાનમાર્ગી કવિઓને અભિમત છે, એ વિનાના શુષ્ક જ્ઞાનને જ અખો વ્યંઢળ સાથે સરખાવે છે.

લક્ષણો વર્ણવતા ભગવદગીતાના શ્લોકો જોતાં પણ આ સ્પષ્ટ થશે.[૨૯] ગીતામાં "યોગ" શબ્દ જુદા જુદા અર્થમાં વપરાયો છે તે આપણે આગળ જોયું,,પણ એનો આચરણ સાથેનો સંબંધ સર્વત્ર સ્પષ્ટ થાય છે. ઇન્દ્રિયોને નિયમમાં રાખી અનાસક્ત બનીને કર્મ કરવાં તે યોગ, ઇશ્વરની અદભુત શક્તિ પણ યોગ તરીકે વર્ણવાઇ છે. (ભ.ગી.૧૦,૭,) વળી જે આપણી પાસે નથી તે ને મેળવવું તે પણ યોગ( अप्राप्तस्य प्रापणम्_૯,૨૨), દેહદમનને ગીતા ઇષ્ટ ગણતી નથી.[૩૦] ચિત્તવિરોધ કરીને આત્મસ્થિત થવાને માટેની યૌગિક પ્રક્રિયાને ગીતા સ્વીકારે છે. પણ તે સાથે હઠયોગની જટિલતાને એમાં ઝાઝું સ્થાન નથી. શ્રધ્ધાને ગીતા એક મહત્વનું બળ લેખે છે. સકામ સાધનાનાં ફળનું વર્ણન ગીતામાં છે, પણ અવ્યક્ત અને અક્ષર તત્વને પામનારનું જ આવાગમન ટળે છે એમ ગીતા 'અસંદિગ્ધ શબ્દોમાં કહે છે.[૩૧] દૈવી અને આસુરી સંપત્તિનો
સંપત્તિનું સંવર્ધન કરવાનો આદેશ દે છે. વર્ણવ્યવસ્થાને ગીતા
સ્પષ્ટ ભેદ કરીને ગીતા દૈવી જન્મજાત નહીં, પણ ગુણકર્મવિભાગશ: યોજાયેલી લેખે છે. જીવનમુક્ત હોય તેણે પણ લોકસંગ્રહાર્થે કર્મ કરવાં એવો ગીતાનો આગ્રહ છે, પણ ફળની ત્યાગબુધ્ધિથી કરાયેલાં કર્મો બન્ધનરૂપ નીવડતાં નથી. આ રીતે સંસારત્યાગ નહીં.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૨૯ ભગવદ્ગીતા: ૨,૫૫-૭૨; ૪,૧૬-૨૩; ૫,૧૮-૨૮; ૧૨,૧૩-૧૬;
૪,૪-૩૨; ૧૦,૯-૧૦; ૧૩,૭-૧૧; ૧૪,૨૧-૩૫;
૧૬,૧-૩; ૧૮,૫૦-૬૦,

૩૦ ભગવદ્ગીતા ~~૬,૧૦-~~ ૬,૧૬-૧૭; ૧૭,૫-૬; ૩૧ ભ.ગી. ૮,૨૧.

: ૧૨ :

પણ સંસારમાં રહીને અન્ય મુમુક્ષોઓને આદર્શરૂપ થઇ કર્મો કરવા ગીતાને અભિમત છે. આ જ દષ્ટિબિન્દુ કબીર, નરસિંહ વગેરે સન્તોએ પણ સ્વીકાર્યું છે, તે આપણે આગળ જોઇશું.

આમ ગીતા વેદનું નિરપેક્ષ પ્રામાણ્ય સ્વીકારતી નથી, વેદના દેવોને પણ તેને તે સ્વરૂપે સ્વીકારતી નથી, વેદની યજ્ઞભાવનાને સૂક્ષ્મરૂપ આપીને સ્વીકારે છે, ઉપનિષદ્ના અવ્યક્ત, નિષ્કામ નિરંજન બ્રહ્મને સ્વીકારે છે, તે છતાં સાધકોના કક્ષાભેદને અનુસરીને સગુણ બ્રહ્મના ઉપાસનાને પણ સાધન તરીકે સ્થાન આપે છે. જ્ઞાનનિષ્ઠ ચતુર્થી પરાભક્તિ જ ગીતાને ઇષ્ટ છે તે અનેક સ્થળે ગીતામાં સ્પષ્ટ કર્યું છે. શાસ્ત્રાચારની જડતાને સ્થાને માનવતાની સંવર્ધક એવી સદાચારની ભાવના ગીતા સ્થાપે છે. આદર્શ સાધક મુમુક્ષુ અને જીવનમુકતના વર્ણનમાં આ ભાવનાને પુરસ્કારાયેલો આપણે જોઇ શકીશુ. સંતનાં લક્ષણો જુદા જુદા જ્ઞાનમાર્ગી કવિઓએ આપ્યાં છે. એ લક્ષણોને ગીતાએ આપેલાં લક્ષણો સાથે સરખાવતાં આશ્ચર્યજનક સામ્ય માલૂમ પડે છે.

જ્ઞાનમાર્ગી-પરમ્પરાના પર ગીતાને પ્રભાવ ઘણો છે તે વસ્તુ અનેક જ્ઞાનમાર્ગી કવિઓએ પોતાની પરમ્પરાના હાર્દરૂપ સિધ્ધાન્તનું નિરૂપણ કરતા ગ્રન્થને "ગીતા" ને નામે ઓળખાવ્યા છે તેથી પણ ફલિત થાય છે. [32] એમાં ઘણું કરીને સંવાદનું સ્વરૂપ હોય છે, જો કે નરહરિની "જ્ઞાનગીતા" અને અખાની "અખેગીતા" માં સંવાદનું સ્વરૂપ નથી. તેમ છતાં પરમગુહ્ય એવું સાધનાનું રહસ્ય અર્કરૂપે સ્થાપીને કહેવું તે પ્રધાન લક્ષણ આ માર્ગના કવિઓએ રચેલી "ગીતા" ઓમાં જળવાયું છે.

---

૩૨: નરહરિની "જ્ઞાનગીતા", અખાની "અખેગીતા", પ્રીતમની "જ્ઞાનગીતા", ગોપાળદાસની "ગોપાળગીતા", અનુભવાનન્દની "શિવગીતા".

Chapter-1-5



## મહાયાન અને સન્તમત

કનિષ્કના સમય દરમિયાન દાર્શનિક મીમાંસા શરૂ થઇ, એમાં મતભેદ ઊભા થયા. એનો બે મુખ્ય શાખા તે મહાયાન અને હીનયાન. બ્રાહ્મણ ધર્મની જેમ બૌધ્ધધર્મમાં પણ બુધ્ધની દેવ તરીકે પૂજા થવા લાગી. કનિષ્કના સમકાલીન નાગાર્જુને મહાયાન શાખાને વ્યવસ્થિત રૂપ આપ્યું. આ રીતે મહાસંઘિકો અને થેરવાદીઓ જુદા પડયા. મહાયાન અને બ્રાહ્મણ-ધર્મ એક બીજાની વધુ ને વધુ નજીક આવતા ગયા. કનિષ્કના સમયમાં જલંધરમાં મળેલી સંગીતિમાં સ્થપાયેલા નિયમોના પાયા પર મહાયાનની સ્થાપના થઇ. મહાયાન એ હીનયાનની અપેક્ષાએ નવી શાખા છે. મહાયાને સંસ્કૃત ભાષાને સ્વીકારી, હીનયાને પાલીને, બુધ્ધ ભગવાનના આદેશોને એમની પોતાની વાણીમાં સાચવી રાખ્યા(નો) હીનયાનનો દાવો છે. બુધ્ધભગવાનના આદેશને શુધ્ધ સ્વરૂપમાં સાચવી રાખવાનું ને વળગી રહેવાનું હીનયાન પસંદ કરે છે. મહાયાનમાં ઉપાસના, ગુહ્ય સાધના જેવાં તત્ત્વોનો પણ પાછળથી સમાવેશ થયો છે. મહાયાન સર્વ સાધારણને માટે છે, જ્યારે હીનયાન અમુક વિશિષ્ટ કોટિના માનવીઓ માટે છે. મહાયાનને પોતાનું આગવું શાસ્ત્ર નથી, કારણ કે એ કોઇ અમુક એક સમ્પ્રદાયનું પ્રતિનિધિત્વ ધરાવતો નથી. હીનયાન મનુષ્યના દૈનંદિનીય જીવનથી દૂર રહીને પોતાના મઠના એકાન્તમાં નિર્વાણને સિધ્ધ કરવાનો આદેશ આપે છે, ને ખગ્ગવિસાણ સુત્તમાં ભિક્ષુઓને કૌટુમ્બિક જીવન ગાળવાની ને સમાજ સાથે સમ્પર્કમાં આવવાની મના કરવામાં આવી છે. વિશુધ્ધિમગ્ગના મતમુજબ નિર્વાણ પ્રાપ્ત કરવા ઇચ્છનારે શ્મશાનમાં જઇને રહેવું જોઇએ. હીનયાનમાં એક પરમ સર્જક અને બીજા ગૌણ દેવો-એમ દેવોની આખી સૃષ્ટિ પાછળથી ઊભી થઇ. ધ્યાનમાં મદદરૂપ થઇ પડે એ આશાએ આ દેવો ઉપજાવવામાં આવ્યા. બુધ્ધની પણ દેવને સ્થાને પ્રતિષ્ઠા કરવામાં આવી. અદૃશ્ય અગોચર ને અકળ માટેની મિથ્યા મીમાંસા ને વિતણ્ડામાં ન પડવાની બુધ્ધની સલાહ હીનયાનીઓએ ઉવેખી હોય એમ લાગે છે. ધીમેધીમે એમાં હિન્દુ દેવદેવી, પુનર્જન્મનો સિધ્ધાન્ત અને સ્વર્ગનરકના ખ્યાલનો પણ સ્વીકાર થયો. રાધાકૃષ્ણન કહે છે તેમ :

It is not a healthy-minded doctrine. A sort of world-hatred is its inspiring motive. It prefers negative and philosophically strict definitions, on the whole, Mahayana aims at positive and religious expressions.........................................

.......By its abstract and negative tendencies the Hinayana became the incarnation of dead thought and the imprisonment of spirit. It gives us neither a warm faith for which to live nor a real ideal for which to work" (Indian Philosophy, Vol. I, p.589).

આથી જેમ વેદકાલમાં વ્રાત્યોએ વૈદિક જડઆચારનો વિરોધ કરીને માનવની અપેક્ષાની વધુ નિકટની એવી સાધના-પ્રણાલી ઉપજાવી લીધી તેમ હીનયાનની જડતાની સામે મહાયાન શાખાએ માનવને વધુ અનુકૂળ એવી એક પરમ્પરા સ્વાભાવિક રીતે જ ઉપજાવી લીધી. હીનયાનમાં મનુષ્યની આધ્યાત્મિક એષણાઓને ઉવેખવામાં આવી. મહાયાનીઓ બુદ્ધને તપનો આદેશ આપનાર તરીકે ઓળખતા નથી.[1] એમણે ભોગવિલાસ અને દેહદમન એ બંને અન્તિમોને અનાર્ય આચાર ગણ્યા છે. નિર્વાણ પામીને એઓ દુનિયા તરફથી પોતાની દષ્ટિ વાળી લેતા નથી, પણ દુઃખથી પીડાતી દુનિયાને પ્રકાશની લ્હાણ કરે છે.[2] મહાયાને હીનયાનની ઉત્સાહહીન ઉપેક્ષાવૃત્તિને સ્થાને માનવ હૃદયને સ્પર્શે એવી પધ્ધતિનો આશ્રય લીધો. એણે માનવમનને અનુકૂળ પુરવાર થઇ ચૂકેલા યોગ, ઉપનિષદ્ અને ગીતાના સેશ્વરવાદને અપનાવ્યો. મહાયાન સર્વ કોઇને શ્રધ્ધા, ભક્તિ અને જ્ઞાનના માર્ગદ્વારા મુક્તિની આશા આપે છે. એમાં સાધકે તરત જ સંસારત્યાગ કરવાની કોઇ જરૂર ઊભી ~~પડતી~~ થતી નથી કે માનવમાનવ વચ્ચેના સંબંધથી વેગળા

---

1. "Those two dead-ends, monks, should not be followed by one who has gone forth. Which two? That which is among sense-pleasures, addiction to attractive sense-pleasures, low, of the villager, of the average man, unariyan, not connected with the goal; and that which is addition to tormenting the self, ill, unariyan, not connected with the goal." વિનયપિટક ૧,૧૦.

2. "I would be a guard to them that have no protection, a guide unto the traveller, a ship, a well, spring, a bridge, for the seekers of that shore; I would be a lamp to such as need a lamp, a bed for the weary that need a bed, the very slave of such as need service." – બોધિચર્યાવતાર

રહેવાનો પણ જરૂર નથી. આ જાતના ભેદને જે સ્થિર કરનાર વર્ણવ્યવસ્થાનો બુદ્ધે વિરોધ કરેલો. એમણે પણ વર્ણવ્યવસ્થા ગુણકર્મને આધારે નક્કી થાય છે એમ કહેલું.[3] પાપમુક્ત, દર્પમુક્ત, સંયમી, જ્ઞાની, પવિત્ર આચરણવાળો જ બ્રાહ્મણ કહેવાય. જે ક્રોધ કરે, તિરસ્કાર અનુભવે, જે દુષ્ટ હોય, દમ્ભી હોય, ખોટા વિચારો ધરાવતો હોય, છેતરપીંડીમાં રાચતો હોય ને માનવમાત્રને માટે અનુકમ્પા વિનાનો હોય તેને જ્ઞાતિથી બહિષ્કૃત ગણાવો. આમાં માનવમાનવ વચ્ચેના સહાનુભૂતિભર્યા સંબંધને ખાસ મહત્વ અપાયું છે. મહાયાન પ્રાણીમાત્રની મુક્તિને પોતાનું લક્ષ્ય ગણે છે.[4] મૂળ બૌદ્ધ ધર્મના અષ્ટાંગિક માર્ગનો અહીં દશ ભૂમિને રૂપે વિસ્તાર કરવામાં આવ્યો છે. એમાંની પહેલી ભૂમિ તે પ્રમુદિતા. એ આનન્દપૂર્ણ હોય છે ને એમાં બોધિને વિશેના વિચારનો ઉદય થાય છે. આ કક્ષાએ જ બોધિસત્વ પ્રણિધાનો કરે છે, જે ભાવિ વિકાસની રૂપરેખા નક્કી કરે છે. નાનામાં નાની રજકણ પણ બુદ્ધત્વ પામે નહીં ત્યાં સુધી નિર્વાણ સ્વીકારવું નહીં, એવો અવલોકિતેશ્વરનો નિર્ણય આ ભૂમિકાએજ થયેલો. હૃદયને વિશુદ્ધ કરતી ને અનાત્માની ભ્રાન્તિમાંથી મુક્ત કરતી અન્તર્દૃષ્ટિ ધીમેધીમે ખીલતી જાય છે. વસ્તુમાત્રની અનિત્યતાની પ્રતીતિથી સાધકની અનુકમ્પા વિસ્તરતી જાય છે ને એ વિમલા નામની બીજી ભૂમિને પ્રાપ્ત કરે છે. એમાં નીતિનું પાલન અને સૂઝનો વિકાસ કરવાનો હોય છે. પછીની ત્રીજી પ્રભાકરી નામની ભૂમિમાં

---

3. "The Brahmin who has removed all sinfulness, who is free from haughtiness, from impurity, self-restrained, an accomplished master of knowledge, who has fulfilled the duties of holiness, such a Brahmin justly calls himself a Brahmin. He that gives way to anger and feels hatred, a wicked man, a hypocrite, he that embraces wrong views, and is deceitful, such a one is an outcast, and he that has no compassion for living things." રાધાકૃષ્ણને Indian Philosophy, Vol. I (/.437) માં ટાંકેલું

4. "..... The Mahayana lays as much or greater stress on love, and aims at the salvation of every sentient being, and finds in Nirvana the One Reality, which is 'void' only in the sense that it is free from the limitations of every phase of the limited or contingent experience of which we have empirical knowledge". A. Coomaraswamy: Buddha and the Gospel of Buddhism, pp.226-227.

બોધિસત્વ જુદી જુદી ભાવનાઓ સે વે છે જેના વડે ક્રોધ, તિરસ્કાર, ભ્રાન્તિનું નિરસન થાય છે અને શ્રધ્ધા, અનુકમ્પા, ઉદારતા અને નિઃસ્વાર્થતાનું સંવર્ધન થાય છે, ને સાધક ધૈર્ય અને સહિષ્ણુતાથી દીપ્તિમાન બને છે, પછીથી સાધક અહમ્‌નો લય કરવાના હેતુથી બોધિપક્ષ ધર્મનું આચરણ કરે છે ને તદનુરૂપ ગુણો કેળવે છે. આ ચોથી ભૂમિકા અર્ચિષ્મતીને નામે ઓળખાય છે. પછીથી સાધક અભ્યાસ અને ધ્યાનદ્વારા ચાર આર્ય સત્યોને એના સાચા અર્થમાં સમજવાનો પ્રયત્ન કરે છે. ધ્યાન અને સમાધિપ્રધાન આ પાંચમી ભૂમિ સુદુર્જયાને નામે ઓળખાય છે. નૈતિક આચરણ અને સમાધિથી સાધક અભિમુખી નામની ભૂમિને પ્રાપ્ત કરે છે. આ ભૂમિકાએ પણ એ સર્વથા વાસનારહિત બનતો નથી, અને હજુ બુધ્ધ થઇને માનવજાતિને ઉધ્ધારવાની વાસના સેવતો હોય છે. સાર્વત્રિક મુક્તિ જેના વડે સિધ્ધ થાય તેવા જ્ઞાનને એ ઝંખતો હોય છે. હવે એ દૂરંગમા નામની સાતમી ભુમિને પ્રાપ્ત કરે છે. અમુક વિશિષ્ટ પદાર્થો માટેની ઇચ્છાથી એનું મન જ્યારે મુકત થાય છે ત્યારે એ અચળ બને છે ને અનુત્પત્તિકધર્મચક્ષુ નામનો આઠમી ભૂમિને પામે છે. ત્યાં એ વસ્તુઓને એના સાચા સ્વરૂપે તથતામાં મૂળ નાંખીને રહેલી જુએ છે. હવે બોધિસત્વની પ્રવૃત્તિ દ્વૈતભાવથી કે સ્વાર્થભાવથી શબલિત થતી નથી, એને ચિત્તની સમતાપૂર્ણ અવસ્થાથી સન્તોષ થતો નથી, ને એ ધર્મનો બીજાને આદેશ દેવાની શરૂઆત કરે છે. આમ એ અભ્યસક્તભાવે નિઃસ્વાર્થતાથી આચરતાં કર્મનો નવમી ભૂમિ સાધુમતીને પામે છે. બુધ્ધ ભગવાને એમના પૂર્વાવતારોમાં કોઇને કોઇ માટે પોતાના જીવનનું ન હે. પૃથ્વીનો કોઈપણ ખંડ એવો નથી કે જ્યાં એમણે આ જાતનું સમર્પણ કર્યું ન્હોય ~~સમર્પણ કર્યું હોય~~ આ રીતે ઉપનિષદ્‌માંનો ધાર, ખ્રિસ્તિધર્મનો તારણહાર બોધિસત્વને મળતા આવે છે. આમ ક્રમશઃ વિકાસ સાધીને ધર્મમેઘ નામની દશમી ભૂમિને પ્રાપ્ત કરીને બોધિસત્વ તથાગતની પદવીને પ્રાપ્ત કરે છે. આમ આ અર્થમાં સમજવામાં આવતા ધર્મને અનુકૂળ જીવન બનાવવું એનું જ નામ મુક્તિ. ~~મહાયાન શાખા આદિબુધ્ધધર્મનો અર્હતની પદવીથી પણ આગળ ધર્મને અનુકૂળ જીવન બનાવવું એનું જ નામ મુક્તિ.~~ મહાયાન શાખા આદિ બુધ્ધધર્મની અર્હતથી પદવીથી પણ આગળ બોધિસત્વ અને બુધ્ધની બે પદવીઓને કલ્પે છે. બોધિસત્વની આ વિકાસયાત્રા અને મહાયાનનું એક લાક્ષણિક અર્પણ છે, તે એને કારણે કેટલીક વાર મહાયાન બોધિસત્વયાન તરીકે પણ ઓળખાય છે.[૫] એમાં દાન, વીર્ય શીલ, શાન્તિ, ધ્યાન અને પ્રજ્ઞા આટલા ગુણો ખાસ કેળવવાના હોય છે.

---

૫: જુઓ Indian Philosophy - Vol. I પૃ.૬૦૧-૬૦૨ રાધાકૃષ્ણન્‌કૃત.

જ્ઞાનમાર્ગી કવિઓએ જે માર્ગ ચીંધ્યો છે, તેની સાથે આ મહાયાનશાખાએ પ્રબોધેલા માર્ગનું કેટલું સામ્ય છે તે બતાવવા આ વિષયને આટલા વિસ્તારથી ચર્ચ્યો છે. આ માર્ગમાં વૈરાગ્યની સખતાઇને શિથિલ કરવામાં આવી છે. ભિક્ષુ થવું અનિવાર્ય ગણવામાં આવ્યું નથી. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ લક્ષ્ય સિધ્ધ કરી શકાય. ઉપાસનાને પણ સાધન તરીકે મહત્વની લેખી છે. પ્રજ્ઞાપારમિતા પરની ટીકામાં નાગાર્જુને કહ્યું છે. "શ્રધ્ધા :ભક્તિ: એ બુધ્ધે પ્રબોધેલા ધર્મના સાગરનું પ્રવેશ દ્વાર છે, ને જ્ઞાન એ નાવડી છે, જેમાં બેસીને એ સાગરમાં વિહાર કરી શકાય છે." "ગુરુનુ મહત્ત્વ પણ એમાં સ્વીકારાયું છે. શ્રાવક, પ્રત્યેકબુધ્ધ અને બોધિસત્વ-એવા ત્રણ પ્રકારના જુદીજુદી કક્ષાના સાધકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ સૌ કોઇ, નિરપવાદ, મુક્તિ પામી શકે એવો વિશ્વાસ મહાયાન સ્થાપી આપે છે. બુધ્ધ પ્રત્યેની ભક્તિથી અને સદાચરણથી નીચ ગણાતા પણ મુક્તિ પામી શકે છે એવું મહયાન માને છે. બુધ્ધે પોતાના શિષ્યોને ધર્મચક્રપ્રવર્તનનો આદેશ આપતાં કહ્યું: " હે ભિક્ષુઓ, હવે તમે વિશ્વ સમસ્તને માટેની અનુકમ્પાથી પ્રેરાઇને, અનેકના હિતને અર્થે, સમસ્ત માનવજાતિના કલ્યાણને અર્થે ધર્મનો પ્રચાર કરવા જાઓ. એ આદિ, મધ્ય અને અન્તમાં ઉજ્વલ છે તે ધર્મને પ્રબોધો." "બૌધ્ધધર્મનો "પરિવર્ત" નો સિધ્ધાન્ત પણ આ સંદભમાં સમજાવો જરૂરી છે. એ સિધ્ધાન્તાનુસાર આપણાં સારાં કર્મો આપણે બીજાને આપી શકીએ છીએ. આ સૃષ્ટિમાં કોઇ બધાથી સાવ વેગળો કે એકાકી બનીને જીવી શકતો નથી. એક બીજાના કર્મોની અસર એકબીજાને થાય જ છે. ~~માહાત્માને~~ મહાયાનને નિર્વાણના પર ઝાઝો ભાર મૂકયો નથી. એને મન મહત્ત્વની વસ્તુ તે બોધિસત્વની (Enlightened Sainthood) પદવીની પ્રાપ્તિ છે. એ શાશ્વતતા પર કેન્દ્રિત થયેલા ચિત્તની મુદામય ધ્યાનાવસ્થામાં પરિણમે છે. નિર્વાણની સ્થિતિનાં જુદાં જુદાં વર્ણનો બૌધ્ધધર્મના જુદાજુદા આચાર્યોએ આપ્યાં છે.[6] આનન્દ કુમારસ્વામીએ બૌધ્ધ ધર્મ અનાત્મવાદી છે ને નિરાશાપ્રેરક છે એવી બે ભ્રાન્તિઓનું નિરસન કરતાં કહ્યું છે *: It is almost

---

6. અશ્વઘોષ ને મતે "It is like the emptiness of space and the brightness of the mirror, in that it is true, real and great. It completes and perfects all things. It is free from the condition of destructibility. In it is reflected every phase of life and activity in the world. Nothing goes out of it, nothing enters into it, nothing is annihilated, nothing is destroyed. It is one eternal soul, no forms of defilement can defile it; it is the essence of intelligence." અસંગને મતે વિશ્વવ્યાપી મહાત્મા સાથેનો યોગ એટલે નિર્વાણ, પ્રજ્ઞાપારમિતાને મને નિર્વાણ એટલે 'profound, fathomless being' ચન્દ્રકીર્તિને મતે નિર્વાણ એટલે ભ્રાન્તિ માત્રનો અન્ત લાવતી શૂન્યતા.

universally claimed that the Buddha taught that there is no self, thus ignoring that what is actually denied is the reality of the mutable ego or psycho-physical individuality".

"It is still often asserted that Buddhism is a 'passimistic' doctrine, notwithstanding that its goal of freedom from all the mental suffering that man is heir to is one attainable here and now". Gotama the Buddha p.23

## વજ્રયાન, સહજયાન, કાલચક્રયાન અને સન્તમત.

આ ઉપરાંત ઇસ્વીસનના ત્રીજા સૈકાની આસપાસ વજ્રયાન, મંત્રયાન વગેરે શાખાઓ અસ્તિત્વમાં આવી. સંન્યાસોપનિષદમાં કહ્યા મુજબ હિન્દુધર્મમાં સંન્યાસનો અધિકાર માત્ર બ્રાહ્મણોનો જ ને તે પણ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમમાંથી પસાર થયા પછી જ પ્રાપ્ત થાય એવું વિધાન હતું. પછીથી જાબાલોપનિષદમાં બ્રાહ્મણ ગમે તે આશ્રમમાં હોય ત્યારે સંન્યાસ લઇ શકે એવો મત દર્શાવવામાં આવ્યો છે. પણ બૌધ્ધ ધર્મમાં આવા કશા નિષેધો નહોતા. ગમે તે વર્ણનો ને ગમે તે આશ્રમમાં રહેલો માણસ વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય તો સંન્યાસ લઇ શકે એવી એમાં જોગવાઇ હતી. આથી ઘણા સાધકો સંન્યાસ લેવા લાગ્યા. પણ સંઘમાં જરૂરી એવી શિસ્તનું પાલન બધાને માટે શક્ય નહોતું. આથી પણ એવા વર્ગે પોતાનો એક આગવો ગુહ્ય સમાજ સ્થાપ્યો. એની નવી સંગિતા રચવામાં આવી. એમાં યોગાચાર અને કાપાલિકોની મંત્રસાધના ભળી ગયાં. વસુબન્ધુના મોટાભાઇના 'અસંગ રચિત પ્રજ્ઞાપારમિતાના સાધના ખણ્ડમાં પાછળના ગુહ્ય સમાજતન્ત્રમાં જોવામાં આવતી સાધનાપધ્ધતિ લગભગ સરખા સ્વરૂપે મળી આવે છે. એ ઉપરાંત એમાંની બીજી સામગ્રી મંજુશ્રી મૂલકલ્પ નામના મન્ત્રયાન શાખાના ગ્રન્થમાંથી લેવામાં આવી હોય એમ લાગે છે. આ ગ્રન્થ ઇશુની પહેલી સદી જેટલો જૂનો લેખવામાં આવે છે. વેદકાલમાં અને ખાસ કરીને અથર્વવેદમાં જે મંત્રનું મહત્વ હતું તે મન્ત્રયાનમાં પુનઃપ્રતિષ્ઠિત થયું લાગે છે. એમાં બુધ્ધની વાણીનો સંક્ષેપ કરી સૂત્રો અને તેમાંથી મંત્રો રચવામાં આવ્યા. એનો ઉપયોગ ભૌતિકસિધ્ધિ માટે વિશેષ થવા લાગ્યો. આથી ઘણા એ શાખા તરફ આકર્ષાયા. એની સાથે હઠયોગ અને તન્ત્રની સાધનાપ્રણાલીનો સમન્વય સાધીને વજ્રયાન નામની શાખા અસ્તિત્વમાં આવી. આ શાખાનુ મહત્વ એટલું તો વધ્યું કે પાલવંશના રાજ્ય અમલ દરમિયાન નાલંદા અને વિક્રમશીલા જેવી વિદ્યાપીઠોમાં આ વિષયને માટેના ખાસ આચાર્યો પણ નીમવામાં આવ્યા. આ શાખા મુજબ નિર્વિશિષ્ટ નિષ્ક્રિય જ્ઞાનના સ્વરૂપની સ્ત્રીવત્ પ્રજ્ઞા અને પુરુષવત્ સક્રિયતત્વ ઉપાયનું સમ્મિલન-યુગનધ્ધ સિધ્ધ કર્યાથી સમરસ થવાય છે ને મહાસુખની દશાને પ્રાપ્ત કરી શકાય છે. આની પાછળ રહેલા સિધ્ધાન્તનું સ્વરૂપ કાંઇક આ પ્રકારનું છે: જગતનું સર્જન પરમતત્વમાં વૈષમ્ય આવવાને કારણે થાય છે. એની સામ્યાવસ્થા પ્રલયને સૂચવે છે. એ વૈષમ્યનું મૂળ કારણ બે વિરુધ્ધ શક્તિઓમાં રહેલું છે જે અન્તઃશક્તિ અને બાહ્યશક્તિને રૂપે એક બીજાને વશ કરવા માં

--

ક્રિયાશીલ રહે છે. એનું પ્રત્યક્ષ ઉદાહરણ આપણને આપણા શરીરની અંદર ચાલી રહેલી પ્રાણ અને અપાનની પારસ્પરિક ખેંચતાણમાં જોવા મળે છે. એ જ વસ્તુ ઇડા અને પિંગળા નાડીની વિષમતામાં જોવા મળે છે. એથી એ વૈષમ્યમાં સમતા સ્થાપીને એને સુષુમ્ણામાં લીન કરવાનો પ્રયત્ન યોગીઓ કરે છે. આમ આ સાધનામાં હઠયોગનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. [1]

વજ્રયાનમાંથી જ કાળે કરીને પ્રાદુર્ભાવ પામેલી સહજયાન નામની શાખા સાથે સન્તમતને વધારે સંબંધ છે. પોતાને ઉડ્ડિયાનના રાજા તરીકે ઓળખાવનાર ઇન્દ્રભૂતિની બહેન લક્ષ્મીંકરી (ઇ.સ. ૭૨૯) એ આ શાખા સ્થાપી એમ માનવામાં આવે છે. [2] એ શાખા યોગ તન્ત્રના વર્ગની છે. એમાં દેહદમન, ક્રિયાકાણ્ડ, તીર્થયાત્રા, તીર્થસ્નાન, વિધિનિષેધ વગેરેને અનાવશ્યક લેખ્યાં છે. કાષ્ઠ, પાષાણ, કે માટીની દેવમૂર્તિઓને નમન કરવું જરૂરી નથી, પણ સાધકે ધ્યાન અને ધારણાનો અભ્યાસ ન કરી પોતાના દેહને આરાધવો, કારણ કે એમાં જ સર્વ દેવોનો વાસ છે. સત્યનું જ્ઞાન થયા પછી સાધકને માટે કશાં નિયંત્રણને જરૂરી નથી. આહારવિહાર અંગેના કશા વિધિનિષેધ પછી માન્ય રાખવાનો જરૂર નથી. સાધનાની સાહજિકતા પર એમાં ભાર મૂકવામાં આવ્યો છે. આ વિ બુધ્ધની અસંદિગ્ધ ઉક્તિ છે: विरागात् न परं पापम् न पुण्यं सुखतः परम् ।
વળી પ્રજ્ઞોપાયવિનિશ્ચયસિધ્ધિના ૪૦ મા શ્લોકમાં પણ કહ્યું છે:

तथा तथा प्रवर्तेत यथा न क्षुभ्यते मनः ।
संक्षुब्धे चित्तरत्ने तु नैव सिद्धिः कदाचन ॥

વજ્રયાનની મહાસુખની અવસ્થા, સમરસ થવાની અવસ્થા તે જ સહજયાનની સહજાવસ્થા. [3]
વળી ગુહ્ય સમાજતંત્રમા પણ કહ્યું છે:

दुष्करै र्नियमस्तीव्रैः सेव्यमानो न सिद्ध्यति ।
सर्वकामोपभोगांस्तु सेवयंश्चाशु सिद्ध्यति ॥ (પૃ.૨૭)

આ સાધનામાર્ગમાં ઘણાં પ્રલોભનો હતાં. આથી આ માર્ગના બધા જ સાધકો સહજને સિધ્ધ કરી શકતા નહોતા. જે એ દશાને સિધ્ધ કરતા તેઓ "સિધ્ધ" તરીકે

---

૧: જુઓ ઉ.ભા.સં.પ. પ.ચ.કૃત. ઉપ. Tantrika Culture among the Buddhists

૨: જુઓ શ્રી બિનયતોષ ભટ્ટાચાર્યનો નામનો " The Cultural Heritage of India, Vol II (Ramakrishna Mission માં છપાયેલો લેખ.

(3) History of Bengal : Dr. R.C. Majmudar, Part I P.P. 420-421,

ઓળખાતા. એવા સિધ્ધોની સંખ્યા ૮૪ ગણવામાં આવે છે. એ સિધ્ધો મંત્રયાનની મંત્ર, મંડળ વગેરે બાહ્ય સાધનાની ઉપેક્ષા કરતા ને યોગસાધના દ્વારા ચિત્તના વિકાસના પર વધારે ભાર મૂકતા. મૂળ શાખાની પારિભાષિક સંજ્ઞાઓને અપનાવતા ખરા, પણ એમાં નવા સંકેતનું, જરૂર લાગે ત્યાં, આરોપણ કરતા. એમાં કક્ષાભેદ ને અધિકારભેદને પણ સ્થાન હતું. સાધકના વિકાસની કક્ષા અનુસાર "કુલ" પાડવામાં આવતા. આ "કુલ" બૌધ્દદર્શને બતાવેલા પંચસ્કન્ધ અનુસાર પાડવામાં આવતા.

## બૌદ્ધદર્શન અને સન્તમત

હવે બૌદ્ધદર્શનના સિદ્ધાન્તોની આ સાધનાપરમ્પરા પર શી અસર થઇ તે જોઇ લઇએ.

પરસ્પર વિરોધી મતોનો સમન્વય સાધવાનો ગીતાનો પ્રયત્ન હતો, પણ પાછળથી અરાજકતા વધતી ગઇ હોય એમ લાગે છે. વેદોની મહત્તા ફરીથી સ્થાપિત કરવાના પ્રયત્નો થયા હતા. સ્મૃતિઓ વ્યવસ્થિત રૂપે આકાર નહોતી પામી, પણ એના વિધિનિષેધનું બળ વરતાવા માંડયું હતું. ષડ્દર્શનનો હજુ વિકાસ થયો નહોતો. જડ આચારને વધુ મહત્ત્વ મળવાને કારણે નૈતિક જીવનનો હ્રાસ થતો જતો હતો, ને શાસ્ત્રાર્થ તથા વિતણ્ડામાં મનુષ્યની બુદ્ધિશક્તિનો વૃથા વ્યય થતો હતો. જીવ અને જગતની શાશ્વતતા કે ક્ષણિકતા, મૃત્યુ પછીની અવસ્થા, સત્ય અને ભ્રાન્તિ વચ્ચેનાં વ્યાવર્તક લક્ષણો, આ જગત ઉપરાંતનું બીજું જગત, કર્મબન્ધન અને મનુષ્યની સ્વતંત્ર સંકલ્પશક્તિ- આવા બધા પ્રશ્નોની મીમાંસા ચાલ્યા કરતી હતી.[1]

આવી પરિસ્થિતિમાં ગૌતમબુદ્ધે પોતાનો ધર્મ પ્રબોધ્યો. જીવ અને બ્રહ્મના પારસ્પરિક સંબંધની એમાં ઝાઝી મીમાંસા નથી. એ માનવાભિમુખ વધુ છે. આથી જ એનો ભાર સદાચારના પર વિશેષ છે. માનવીની મુખ્ય સમસ્યા તે દુ:ખની છે.[2] માણસની તત્વ વિચારણાના આદિમાં આ દુ:ખ જ રહ્યું હોય છે. ભગવાન બુદ્ધ પણ ચાર આર્ય સત્યો- ૧. દુ:ખ, ૨. દુ:ખસમુદય, ૩. દુ:ખનિરોધ. અને ૪. દુ:ખ-અનિરોધમાર્ગ-થી જ પ્રારમ્ભ કરે છે. પવિત્ર ને નિર્દોષ જીવનથી તણ્હા (તૃષ્ણા) નો ક્ષય કરવો એ મહત્ત્વની વસ્તુ છે. એને માટેનો અષ્ટાંગિકો નિર્વાણમાર્ગ એમણે પ્રબોધ્યો છે. આ નિર્વાણ ભગવત્કૃપાથી પ્રાપ્ત થતું નથી. એને માટે અષ્ટાંગિકો માર્ગ પ્રમાણેના સદાચારનું અનુશીલન કરવું જ જરૂરી છે. આ અષ્ટાંગિકો માર્ગ આપણે જોઇશું, તો એમાં સન્તસાધનામા ઘણાં અંગોનો સમાવેશ થઇ ગયેલો દેખાશે.

---

૧: જુઓ રાધાકૃષ્ણન કૃત. Indian Philosophy, Vol. I pp.352-353.

2: "Both now and heretofore I teach m just this, ill and the end of ill.(મજ્ઝિમનિકાય, ૧,૧૪૦ ) Gotama the Buddha: Anand Coomarswamy and I.B. Horner p.24.

આ અષ્ટાંગિકી માર્ગનાં આઠ અંગો આ પ્રમાણે છે: ૧. સમ્યક્ વિચાર, ૨. સમ્યક્ સંકલ્પ, ૩. સમ્યક્ વાણી, ૪. સમ્યક્ કર્મ, ૫. સમ્યક્ આજીવિકા, ૬. સમ્યક્ વ્યાયામ, ૭. સમ્યક સ્મૃતિ, ૮. સમ્યક્ સમાધિ.

આપણા દરેક કાર્યની પાછળ એને પ્રેરનારી અમુક પ્રકારની વિચારણા રહી જ હોય છે. માટે સૌથી પ્રથમ કાર્યની ભૂમિકારૂપ વિચાર સમ્યક્ સ્વરૂપનો હોય તે જરૂરી છે. પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રી કેળવીને જીવવું, સાચી માનવતાની ભાવના કેળવવી તે સમ્યક્ સંકલ્પ.[3] મહાયાન શાખાના વજ્રધ્વજસૂત્રમાં કહ્યું છે તેમ પ્રાણીમાત્રનો ભાર પોતે લઇ શકે એવી સમર્થ મૈત્રીની ભાવના હોવી જોઇએ. પણ ભાવના સેવવાથી ઇતિ આવી જતી નથી. એને અનુરૂપ કર્મ પણ હોવાં જોઇએ. એની અભિવ્યક્તિ સમ્યક્ વાણી, સમ્યક્કર્મ અને સમ્યક્ આજીવિકાને રૂપે થવી જોઇએ. અસત્ય, પૈશુન, કઠોરભાષા અને નિરર્થક ટોળટપ્પાને નિવારવા તેનું નામ સમ્યક્વાણી.[4] સમ્યક્ કર્મ એટલે નિઃસ્વાર્થભાવે કરેલું કર્મ. બુધ્ધને ક્રિયાકાણ્ડ, મંત્રતંત્ર, યજ્ઞયાગ કે વિધિમાં રસ નથી.[5] નદીમાં સ્નાન કરવાથી પાપોનાં પાપ ધોવાઇ જતાં નથી. તીર્થસ્થાને જવાથી પાપમુક્ત થઇ જવાતું નથી.[6] અશોકના શિલાલેખ (૬ ઠ્ઠો) માં પણ આ જ વાત કહેવાઇ છે.

વહેમ અને અન્ધશ્રધ્ધાથી પ્રેરાઇને થતા જડ આચારને સ્થાને મૈત્રી, કરુણા, અનુકંપા વગેરેની સાધનાનું મહત્ત્વ જ એમાં સ્થાપ્યું છે.[7] આવા જડ આચારમાં સૂક્ષ્મ ભાવનાનું આરોપણ કરીને એને પુનરુજ્જિવિત કરવાનો બુધ્ધનો પ્રયત્ન હતો. માંસભક્ષણ એ પાપ નથી.

---

૩. સુત્રાવિભંગ.

૪: અંગુત્તરનિકાય, ૪, ૨૪૭.

5: "Better homage to a man grounded in the dharma than to Agni for a hundred years."

6: " What would it than gain by going to Gaya? Amy water is Gaya to thee."

7: "Pious regulations are of small accounts, whereas meditation is excellent".

ક્રોધ, મદ્યપાન, પ્રવંચના, ઇર્ષ્યા, આ અપવિત્ર કરનારી વસ્તુ છે. ભ્રાન્તિમાંથી મુક્ત થઇને પારમાર્થિક સત્યને ઓળખવું તે મુખ્ય વસ્તુ છે. બ્રહ્મચર્ય પાળવું, નગ્નાવસ્થામાં ફરવું, મુંડન કરાવવું, ખરબચડું વસ્ત્રધારણ કરવું, પુરોહિતોને દક્ષિણા આપવી કે દેવોને યજ્ઞમાં આહુતિ આપવી — આ બધાંથી ચિત્તશુધ્ધિ પ્રાપ્ત થતી નથી. આમ બુધ્ધને આત્મદમનના પ્રકારના જુગુપ્સાજનક તપ પ્રત્યે ઘૃણા હતી.[8] સમ્યક્ કાર્યથી જ સમ્યક્ આજીવિકા સિધ્ધ થાય. બ્રાહ્મચારમાં પવિત્ર રહીએ તો જ ચિત્તશુધ્ધિ સિધ્ધ થાય. સમ્યક્ વ્યાયામ એટલે એવી ચિત્ત શુધ્ધિને માટેનો ઉધોગ. સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ પણ ચિત્તશુધ્ધિનાં જ સાધનો છે. શુભ વિચારનું રટણ, ખરાબ વિચાર કાર્યમાં પરિણમે તો તેથી આવતાં અનિષ્ટ પરિણામોના ભયનો સ્પષ્ટ ખ્યાલ, ખરાબ વિચારથી અપસરણ, એને માટે જવાબદાર હૈ એવી પરિસ્થિતિનું પૃથક્કરણ અને એનો નિરાસ, શરીરની મદદથી મનને યોગ્ય માર્ગે વાળવાનો પ્રયત્ન-આટલી પાંચ વસ્તુનો સમ્યક્ વ્યાયામમાં સમાવેશ થાય છે. ચિત્તની ચંચળ ઊર્મિઓથી થતો પ્રક્ષોભ શક્તિનો હ્રાસ કરે છે, માટે એનું નિયંત્રણ કરવું જરૂરી છે. પોતાની આધ્યાત્મિકતાનું ગૌરવ પણ પતનને નોતરે છે, માટે એમાંથી પણ માણસે બચવું જોઇએ.[9] આમ આખરે તો બોધિસત્ત્વની અવસ્થા પ્રાપ્ત કરવી તે ધર્મને અધીન છે, પણ ધર્મ ચિત્તાધીન છે:

चित्ताधीनो धर्मो धर्माधीनो बोधिः।

આ અષ્ટાંગિકો માર્ગ બુધ્ધ ભગવાનને સ્વનુભવમાંથી લાધ્યો છે, માટે બુધ્ધ હંમેશાં સ્વાનુભવના પર રૂઢિ અને શાસ્ત્રના કરતાં વધુ ભાર મૂકે છે. આનન્દે એકવાર સંઘને

---

8. "Buddha was against the worship of the ugly and the repulsive embodied in certain morbid types of asceticism. His sweet reasonableness comes in his condemnation of unnatural forms of asceticism." Indian Philosophy: S. Radhakrishnan.p.421.

9. "Whoseover is pure and knows that he is pure and finds pleasure in knowing that he is pure becomes impure and knows that he is impure and makes effort to become pure dies of a pure thought". Indian Philosophy: S. Radhakrishnan. p.423.

અંગે પ્રશ્ન કરેલો. એના જવાબમાં બુદ્ધે કહેલું. आत्मदीपो भव । તું જ તારું શરણું થા. તું બહારનો બીજો કશો આશ્રય શોધીશ નહીં. સત્યને તું દીપની જેમ દૃઢ પકડી રાખ. સત્યને તું દૃઢ આશ્રયની જેમ પકડી રાખ. તારા સિવાય બીજે કયાંય કશું શરણું શોધીશ. નહીં. વળી અન્યત્ર પણ આ જ મતલબનું એમણે એમના શિષ્યોને કહ્યું છે." તમારા આચાર્યે અમુક વાત કહી છે માટે એમાં વિશ્વાસ ન રાખો. કોઇ ધ ધર્મગ્રન્થમાં એ લખી છે માટે પણ એમાં વિશ્વાસ ન મૂકો. દરેક વાતને વ્યક્તિગત અનુભવની કસોટીએ ચઢાવો, ને પછી જો એ તમારે માટે તથા અન્યને માટે હિતકર લાગે તો જ એને સ્વીકારો, જો હિતકર ન લાગે તો ન સ્વીકારો."

આગળ કહ્યું તેમ તત્વચર્ચાની અટપટી આંટીઘુંટીમાં પડવા કરતાં માનવના દૈનંદિનીય વ્યાવહારિક જીવનમાંથી ઉત્પન્ન થતી સમસ્યાઓના ઉકેલ તરફ બુદ્ધનું લક્ષ વધુ છે. એમણે એક સ્થળે કહ્યું છે: "જો કોઇના શરીરમાં તીર પેસી ગયું હોય કે જો કોઇ આગમાં સપડાઇને બળી રહયો હોય તો એવે સમયે એ જો એવો વિચાર કરવા બેસે કે આ તીર કેવી રીતે બનાવ્યું હશે, કયા પ્રકારના લોખંડમાંથી બનાવ્યું હશે, કોણે બનાવ્યું હશે, ને એવી જ રીતે પેલો બીજો પણ આ આગ કોણે લગાડી હશે, એ કંઇ જાતિનો હશે, એણે શા માટે આગ લગાડી હશે એવો વિચાર કરવા બેસે તો એ નરી મૂર્ખતા જ ગણાય. તીર વાગવાને કારણે જેને તીવ્રવેદના થતી હોય તેના શરીરમાંથી જેમ બને તેમ જલદી તીર બહાર ખેંચી કાઢવું, કે આગથી દાઝનારને અગ્નિની જવાળાથી બચાવી લેવો જરૂરી છે તેમ દુઃખપૂર્ણ સંસારના ભવચક્રમાંથી મનુષ્યને મુકત કરવો એ જ પરમ શ્રેયસ્કર છે, પરમ સત્યના દાર્શનિક વિવેચનમાં સમયનો દુરુપયોગ કરવો તે યોગ્ય નથી.

**ચર્યાગાન, બૌધ્દદોહા અને સન્તમત**

આ સિધ્દો પૈકી શંકરાચાર્યના પૂર્વવર્તી લેખાતા સરહપાદ કે સરહપા ખાસ ઉલ્લેખપાત્ર છે. એમણે તત્કાલીન અન્ય સાધના-પ્રણાલીની કડક આલોચના પણ કરી છે. જેમ અખાએ ઢોંગ અને દંભી આચારની સખત ઝાટકણી કાઢી છે તેમ સરહપાએ પણ તત્કાલીન મિથ્યાચારને વખોડી કાઢયો છે. "બ્રાહ્મણોને રહસ્યનું જ્ઞાન નથી. એ લોકો અમથા જ વેદપાઠ કર્યા કરે છે, માટી, પાણી અને દર્ભ લઇને મંત્ર રટ્યા કરે છે ને ઘરની અંદર બેસીને હોમના આકરા ધૂમાડાથી નાહક પોતાની આંખ ખરાબ કરે છે. એ લોકો પરમહંસ બનીને ભગવાં વસ્ત્ર ધારણ કરી ઉપદેશ દેતા ફરે છે, ને યોગ્યાયોગ્યનો ભેદ ન સમજતા છતાં જ્ઞાની હોવાનો ઢોંગ કરે છે. શૈવમાર્ગીઓ શરીર પર ભસ્મ રગડે છે, માથે જટા બાંધે છે, ને દીવો સળગાવીને ઘંટ વગાડયા કરે છે. ઘણાખરા જૈનો મોટામોટા નખ રાખીને મલિન બનીને નગ્નાવસ્થામાં ફરે છે, ને શરીર પરના વાળ ચૂંટયા કરે છે. ક્ષપણકો એ જ રીતે "પુચ્છ" ના વાળ લઇને ફરે છે. ને "ઉચ્છ" વૃત્તિથી જીવન ગાળે છે. શ્રમણેર ને ભિક્ષુઓ પ્રવૃજિતને વંદે છે, "સૂત્રાંત" ની ચર્ચા કરે છે ને ચિન્તનથી ચિત્તનું શોષણ કરવાનો પ્રયત્ન કરે છે. કેટલાક લોકો મહાયાની બનીને તર્કવિતર્ક લડાવે છે, મંડળ ચક્રના ફંદામાં પડે છે ને ચતુર્થ તત્ત્વનો ઉપદેશ દે છે, તો વળી બીજા કેટલાક પોતાને "શૂન્યમાં લીન કરી દેવાની આશાએ અસિધ્ધ વસ્તુની પાછળ પડે છે."[1] વજ્રયાનીઓના દુરાચારને એમણે વખોડી કાઢતાં એમની કમલકુલિશવાળી સાધનાને "સુરતવિલાસ" કહીને ઓળખાવી છે. પણ વર્જયાની સાધનાના શુધ્દરૂપને એમણે "વિસરિઆ" (विस्तरश्च) આ બધાથી અનોખી કહી છે. એને માટે સંસારત્યાગ કે કુટુંબત્યાગ કરવાની પણ જરૂર નથી. સહજાવસ્થાની ઉપલબ્ધિ જ સાધનાનું અન્તિમ લક્ષ્ય છે. એટલે જ એમણે કહયું છે કે સહજને છોડીને જેઓ જે નિર્વાણ પ્રાપ્ત કરવાનું સ્થાન સેવે છે, તેઓથી પરમાર્થનો કોઇપણ સાધના સફળ થઇ શકે નહીં.[2] "બોહિ", "જિણરઅણ", "મહાસુહ", "અણુત્તર", "જિનઉર", "ધામ" આ બધા "સહજ"ના જ પર્યાયવાચી શબ્દો છે. એને પ્રાપ્ત કરવું તે જ પરમ પુરુષાર્થ. "નિર્વાણ" કે "શૂન્ય" નકારાત્મક વિભાવનાઓ નથી, એ પારમાર્થિક તત્ત્વ છે જે સત અને અસત થી પર છે, ને સર્વકોઇનું પરમલક્ષ્ય છે. ઉપનિષદોમાં પરમતત્ત્વને જાણ્યા પછી બીજું કશું જાણવાનું રહેતું નથી. જે કાંઇ જાણવા જેવું છે તેનો "સહજ" માં જ

---

૧: સરહપાદનો દોહાકોશ પૃ. ૧૪-૧૭

૨: સહજછહિજે હિબ્બાણ ભાવિઉ, ણઉ, પરમત્થ એક્ક તેસાહિઉ. ૧૩ :દો.કો.પૃ.૧૭:

સમાવેશ થઇ જાય છે.[૩] એ "સહજ" ને સિધ્ધ કરવા માટે ચિત્તશુધ્ધિ અનિવાર્ય છે. એ ચિત્તશુધ્ધિ એટલે શું? ચિત્ત જ સકળ વસ્તુનું બીજ છે, ભવ કે નિર્વાણ એમાંથી જ વિસ્ફુરિત થાય છે, તે ચિન્તામણિરૂપને પ્રણામ કર, તેથી બધી ઇચ્છા ફળશે, જો ચિત્ત બધ્ધ હોય તો બન્ધન થાય, ચિત્ત મુક્ત હોય તો મુક્ત થવાય. એમાં જરા સન્દેહ નથી. જડ લોકો જે ચિત્તથી બંધાય છે તેનાથી બુધ્ધો પરિમુક્ત થાય છે.[૪] કેટલીક વાર ઉપનિષદ્માં આગળ જોઇ ગયા તેવી અટવળાણી પણ જોવા મળે છે:

બધ્ધો ધાવઇ દહદિહંહિ, મુક્કો ણિચ્ચલ ઠાઇ. દો.કો.પૃ.૪.

બન્ધનમાં રાખેલું ચિત્ત દશે દિશાએ દોડી જાય છે, પણ એકવાર એ મુક્ત થયું કે પછી "સહજ"માં સ્થિર થઇ જાય છે. આ ઋજુમાર્ગ (ઉજુબાટ) ને ચીંધતા સરહપા કહે છે:

ઉજુ રે ઉજુ છાડિ મા લેહુ રે બંક
નિઅડિ બોહિ મા જાહુ રે લંક.
હાથેર કંકણ મા લેહુ દાપ્પણ
અપણે અપા બુઝતુ નિઅમણ.
બામદાહિન જો બાલ બિબલા
સરહ ભણઇ વાપા ઉજુ બાટ ભઇલા. (ચર્યાગાન, ૩૨ પૃ. ૧૩૮)

ઋજુ માર્ગનો ત્યાગ કરીને વાંકો માર્ગ ના લેશો, બોધિ નિકટ હોય પછી લંકા ના જશો, હાથકંકણને આરસીની શી જરૂર? ડાબા જમણાની પંચાત કરવાની જરૂર નથી, ઋજુ માર્ગ જ સારો.

આ જ અર્થનું સરહપાનું બીજું પણ ચર્યાગાન છે.

બામ દાહિણ દો બાટા ચ્છાડી, શાંતિ બુમથેઉ સંકલિઉ
ઘાટ નગુમા અડતલિ ણ હોઇ, આખિ બુજિસ બાટ જાઇઉ ।।
ચર્યાગાન.૧૬, પૃ.૧૩૨.

આ માર્ગે જતાં ડાબા-જમણાનો ત્યાગ કરીને આંખ દેખાડે તે માર્ગે સીધા

---

૩: તસુપરિઆણે અણ્ણ ણ કોઇ, અવરગણે સબ્બવિસોઇ: ૧૬, દો.કો.પૃ.૧૭.

૪: ચિત્તે કે સઅલ બીઅં ભવણિવ્વાણોવિ જસ્સ વિફુરંતિ ।
તં ચિંતામણિરૂઅં પણમહ ઇચ્છા ફલં દેંતિ ।। ૪૧ ।।
ચિત્તે બજ્ઝે બજ્ઝઇ મુક્કે મુક્કઇ ણત્થિ સંદેહ ।।
બજ્ઝન્તિ જેણ વિ જડા લહુ પરિમુચ્ચંતિ તેણ વિ બુહા ।। ૪૨ ।। દો.કો.પૃ.૨૪.

જવાનું છે. આ રીતે માર્ગે જતાં માર્ગની સમવિષમતા બાધારૂપ બનતી નથી. આ જ ભાવનાનો પડઘો આપણે નરહરિ વગેરે જ્ઞાનમાર્ગીઓની કૃતિમાં સાંભળીએ. હવે એ સહજને શી રીતે સિધ્ધ કરવું?

સવ્વરૂઅ તહિં ખસમ કરિજ્જઇ
ખસમ સહાવેં મણ વિધરિજ્જઇ
સો વિ મણુ તહિ અમણુ કરિજ્જઇ
સહજ-સહાવેં સો પરૂ રજ્જઇ ।। દોહાકોષ ૧૭ ।।

સર્વ રૂપને ખસમ (આકાશવત્) બનાવી દેવા, મનને ખસમ સ્થિતિમાં સ્થિર કરવું, જેથી કરીને મન "અમન" બની જાય (મનનો સ્વભાવ ચંચળતાનો, તેનો ત્યાગ કરીને અચંચળ "અમન" બને), પછી સહજ સ્વભાવમાં રાચવું.

તેલોપા નામના સિધ્ધ આ સહજાવસ્થાને "અદ્વય" ને નામે પણ ઓળખાવે છે.[૫]

કાણ્હપા પણ આ જ પ્રકારનું આ સાધનાનું વર્ણન આપે છેઃ

ણિત્તરંગ સમ સહજ - રૂઅ સઅલ - કલુસ-વિરહિએ
પાપ-પુણ-રહિઅ કુચ્છણાહિ કણ્હુ ફુડ કહિએ ।। ૧૦ ।।

માટે જ જેણે સહજમાં મન નિશ્ચલ કર્યું, તે જ સાચો સિધ્ધ, તેને પછી જરામરણનો ભય નહીં.

સહજે ણિચ્ચલ જેણ કિઅ સમરસેં ણિઅમણ - રાઅ.
સિધ્ધો હતો પુણ તક્ખણે ણઉ જરામરણર ભાસ ।। ૧૯ ।।

પણ્ડિતો અને પણ્ડિતોનું શુષ્કજ્ઞાન - એની ટીકા આ સિધ્ધો એ પણ કરી છેઃ

પણ્ડિઅ સઅલ સત્ત્ય વક્ખણઇ
દેહહિં બુધ્ધ વસન્ત ણ જાણઇ ।।
અવણાગમણ ણ તેણ વિખણ્ડિઅ
તો વિ ણિલજ્જ ભણઇ પણ્ડિઆ ।। ૬૮।। ૬.

---

૫: ચિત્ત ખસમ જહિ સમસુહ પઇટ્ઠઇ ઇન્દીઅ વિસઅ તહિ મત્તણ દીસઇ ।। ૫ ।।
આઇ રહિઅ એ હુ અન્ત રહિઅ, બરગુરવાઅ અદઅ કહિઅ ।। ૬ ।।

૬: કાણ્હપા પણ પણ્ડિતને વિશે કહે છેઃ

આગમ - વેઅ - પુરાણેં પણ્ડિઆ માણ વહન્તિ
પક્ક સિરિફલેં અલિઅ જિમ વાહેરિઅ ભમન્તિ ।। ૨ ।।

પણ્ડિત સત્યની લાંબીલાંબી વાતો ડહોળતા હોય છે ખરી, પણ આ દેહની અંદર જ બુધ્ધ વસે છે તેની બિચારાને ખબર હોતી નથી. એ આવા-ગમનને ટાળી શકતો નથી, ને તે છતાં નિર્લજ્જ બીજાને પોતાને પણ્ડિત કહેવડાવતો હોય છે.[૭]

આમાં મોટા શાસ્ત્રજ્ઞાનની કે જપજાપની પણ કશી જરૂર નથી:

જે બુજ્ઝિઅ વિરલ સહજ્જણ કાહિં વેઅ પુરાણ
તે તુડિઅ વિસઅ વિઆપ્ર જગુ રે અસેસ પરિમાણ ।। ૩૭

આગળો છો ને ઘણા હોય, આખરે પરમ તત્વતો એક જ છે, પછી એને માટે ઝઘડા શાના?

એક્કુ દેવ બહુ આગમ દીસઇ
આપણુ ઇચ્છેં ફુડ પડિહાસઇ ।। ૭૯ ।।

વળી

અક્ખર વાઢા સઅલ જગુ ણાહિ ણિરક્ખર કોઇ
તાવ સે અક્ખર ઘોલિઆ જાવ ણિરક્ખર હોઇ ।। ૮૮ ।।

આ સાધનામા પણ ગુરુનું મહત્ત્વ તો સ્વીકારાયું જ છે:

જીવન્ત હ જો ણ ઉ જરઇ સો અજરામર હોઇ
ગુરુ-ઉવએસેં વિમલમઇ સો પર ઘણો કોઇ ।। ૬૯ ।।

આગળ જોઇ ગયા તેમ આ સાધનામાં યૌગિક પ્રક્રિયાનો સ્થાન છે. માટે કાણ્હપા એ સાધનાનાં સોપાન ક્રમશઃ આ પ્રમાણે વર્ણવે છે.

જઇ પવણ-ગમણ-દુઆરે દિઢ તાલા વિદિજ્જઇ
જઇ તસુ ઘોરા-ધારે મણ દિવહો કિજ્જઇ
જિણ-રઅણ ઉઅરેં જઇ સો વર અમ્બરુ છુપ્પઇ
ભણઇ કાણ્હ ભવ ભુઞ્જન્તે ણિવ્વાણો વિ સિજ્ઝઇ ।। ૨૨ ।।

---

૭: ઘરેં અચ્છઇ બાહિરે પુચ્છઇ
પઇ દેક્ખઇ પડિવેસી પુચ્છઇ
સરહ ભણઇ વઢ જાણ ઉ અપ્પા
ણઉ સો ધેઅ ણ ધારણ જપ્પા ।। ૬૨ ।।

પવનના બહાર જવાના માર્ગે દઢ તાળું મારી દેવું, પછીથી એ કારણે થયેલા ગાઢ અન્ધકારમાં નિશ્ચલ થયેલા મનનો દીપ પ્રકટાવવો, પછી જિનરત્ન તરફથી આકાશનને સ્પર્શે તો આ સંસાર ભોગવતે છતે નિર્વાણ પ્રાપ્ત થાય. ૮. આ "નિર્વાણ" નું વર્ણન પણ બ્રાહ્મી સ્થિતિના જેવું જ છે. એને આદિ અન્ત કે મધ્ય નથી, એ ભવ પણ નથી, ને નિર્વાણ પણ નથી, એ તો છે પરમમહસુખ, જેને પામ્યા પછી પારકું પોતીકું ૫ કશું રહેતું નથી. ૯ એ પરમ મહાસુખ તે જ સમરસ થવાની સ્થિતિ. એ વિશે સરહપા કહે છે:

જત્તવિ પઇસઇ જલહિ જલુ તત્તઇ સમરસ હોઇ
દોષ ગુણાઅર ચિત્તહા વઢ પરિવકખ ણ કોઇ ।। ૭૪ ।। ૧૦.

આ અનુભવ અનિર્વચનીય છે. એને ભાષામાં શી રીતે વર્ણવવો? ને વર્ણવીએ તોય બીજાને એની પ્રતીતિ શી રીતે કરાવવી?

કો પતિજ્જઇ કાસુ કહિમ અજ્જ કડાઇઅ આઉ
પિય દંસણે હલેણ ટલેસિ સંસાર કુડ જાઉ ।। ૨ ।।

વળી

કાસુ કહિજ્જઇ કો સુણઇ એત્થુ કજ્જસુ લીણ
દુક્કુ સુરુડગા ધૂલિ જિમ હિઅ - જાઅ હિઅહિ લીણ ।। ૭૩ ।।

ને છતાં આ સમરસ થયાના આનન્દના ઉદ્ગારો પણ આ દોહાઓમાં સાંભળવા મળે છે:

ગમ્તીરઇ ઉઆહરણે ણઉ પરણઉ અપ્પાણ
સહજાણન્દે ચઉક્કુ ફ્ણ ણિઅ સમ્વેઅણ જાણ ।। ૯૬ ।।

---

૮: આ જ પ્રકારનુ વર્ણન સરહપાએ પણ કર્યુ છે:

જહિ મણ મરઇ પવણ હો કખસ જાઇ××
એહુ સો પરમ મહસુહ કહિમ્પિ પણ જાઇ ।। ૩૦-૩૧ ।।

૯: આઇ ણ અન્તણ મજ્ઝ ણઉણઉ ભવ ણઉ ણિવ્વાણ ।
એ હુ સો પરમમહસુ હ ણઉ પર ણઉ અપ્પાણ। ૨૭ ।।

૧૦: આ સ્થિતિ અને તેની પ્રાપ્તિ અંગેના કાણ્હપાના આ દોહા પણ સરખાવો:

જિમ લોણ વિલિજ્જઇ પાણિએહિ તિમ ઘરિણિ લઇ ચિત્ત
સમરસ જાઇ તકખણે જઇ પુણુ તે સમ ણિત્ત ।। ૩૨ ।।

વળી સવ જગુ કાઅ-વાઅ પણ મિલિ વિકુરઇ તહિસો દુરે
સો એહુ ભઠઠ મહાસુહ ણિવાણ એકકુ રે ।। ૨૭ ।।

વળી

દુકખ - દિવાઅર અત્થગંઉ ઉવઇ તસવઇ સુકક

ઠિક્ષ - ણિમ્માણેં ણિમ્મિઅઉ તેણ વિમણ્ડલ ચક્ક ।। ૯૮ ।।

આગળ કહ્યું છે તેમ આ સાધનાપ્રણાલીમાં દેહનું ઘણું મહત્ત્વ છે.

જે પિણ્ડમાં તે જ બ્રહ્માણ્ડમાં એવી એની માન્યતા છે. [૧૧] જન્મમરણશીલ સ્થૂલ દેહ તે નિર્માણકાય, બોધિસત્ત્વ એ સ્થૂલ દેહને અતિક્રમીને આનન્દમય દેહને પ્રાપ્ત કરે, એનું નામ "સમ્ભોગ કાય". પણ ત્યાં જ અટકવાનું નથી. એને પણ અતિક્રમીને તથતારૂપ "ધર્મકાય" ને પ્રાપ્ત કરવો પડે છે. આ "ધર્મકાય" તે જ "અમૃતપદ", જેને અથર્વવેદના ઋષિ એ તેમ જ બાઉલ સાધકે અમૃતનું પુષ્પ કહીને ઓળખાવી છે. આથી જ તો સરહપાદ કહે છે કે આ દેહની અંદર જ સુરેશ્વરી ગંગા અને જમુના છે, આ દેહમાં જ ગંગા-સાગર ભર્યો છે, આ દેહમાં જ પ્રયાગવારાણસી છે - એની અંદર જ ચન્દ્ર અને દિવાકર રહ્યા છે, અહીં જ ક્ષેત્ર, પીઠ, અને ઉપપીઠ છે. એની ચારે બાજુ હું ભ્રમણ કરું છું, દેહના જેવુ કોઇ તીર્થ મેં જોયું નથી, અને એમાં જે સુખ પ્રાપ્ત થાય છે તે અન્ય કયાંય જોવામાં આવતુ નથી:

એત્થુ સે સુરસરિ જમુણા એત્થુ સે ગંગા-સાઅરુ ।
એત્થુ પઆગવણારસિ એત્થુ સે ચન્દ દિવાઅરુ ।।
એત્તુ પીઠ ઉપપીઠ એત્થુ મઇ ભમઇ પરિઠ્ઠઉ ।
દેહ સરિસઉ તિત્થ મઇ સુહ અણ્ણ ન દીઠ્ઠ ઉ ।। :૪૭-૪૮:

---

૧૧: આ માન્યતા પરત્વે નાથસમ્પ્રદાય સાથેના સહજયાન અને કાલચક્રયાનના મતૈક્યની ચર્ચા કરતાં 'Tantrika Culture among the Buddhists' એ નામના Cultural Heritage of India, Vol. II (Ramkrishna Mission દ્વારા પ્રકાશિત ) pp. 218-19 શ્રી ચિનમતોષ ભટ્ટાચાર્ય આમ નોંધે છે:

"The Nathas believed that the microcosm is a reflect of the macrocosm, and that everything that is found in creation has a parallel in the body, and in this respect Nathism has a curious resemblance to the Sahajayana as well as to the Kalacakrayāna".

અને આપણા આ દેહની અંદર જ કોઇ અશરીરી સંતાઇને રહ્યો છે, એને જાણે છે તે મુક્ત થઇ જાય છે:

અસરિર કોઇ શરીરહિં લુક્કો ।
જો તહિ જાણઇ સો તહિ મુક્કો ।।

આ અશરીરી તે આપણું સહજસ્વરૂપ, એ વજ્રકાય કે સહજકાયમાં વાસ કરે છે, ને આપણે વાસ કરીએ છીએ. નિર્માણકાયમાં, માટે જો એ સહજસ્વરૂપને પામવું હોય તો નિર્માણકાયમાંથી સહજકાય તરફ ગતિ કરવી જોઇએ. એ મહાસુખસ્વરૂપ છે એટલે સહજકાય મહાસુખકાય છે. આ ચારે કાયા આપણા દેહમા જ રહેલી છે. તાંત્રિકોને મને નાભિસ્થાને રહેલું મણિપુરચક્ર તે જ સહજયાનીને મતે નિર્માણકાય, હૃદયમાં રહેલું અનાહતચક્ર તે સમ્ભોગકાય, કણ્ઠમાં રહેલું વિશુધ્દ ચક્ર તે ધર્મકાય, ને તાન્ત્રિકોનું સહસ્ત્રાર ચક્ર તે સહજયાનીઓની વજ્રકાય અથવા સહજકાય અથવા મહાસુખકાય. આ સહજકાય જ શૂન્ય આકાશ. એને પામ્યા પછી ચિત્ત મહાસુખરૂપ અમૃતપાન કરે:

ગઅણે ઉઠિ કરઅ અમિઅપઞ્ઞ :૧૧:

આ વસ્તુને સાધકોએ અનેક રૂપકોનો આશ્રય લઇને ફરી ફરી વર્ણવી છે. વૈષ્ણવ સહજિયાઓએ પણ આ જ વાત કહી છે. ચણ્ડીદાસ કહે છે:

વસ્તુ આ છે દેહ વર્તમાને.

આ "વસ્તુ" એટલે "રસવસ્તુ" અથવા પ્રેમ. આપણા દેહની અંદર જ આ સહજપ્રેમરૂપ પરમતત્વ બિરાજે છે માટે

આપના જાનિલે જાનિ વૃન્દાવન તત્વ

જાતને ઓળખી એટલે વૃન્દાવનનું તત્ત્વ પણ ઓળખાઇ ગયું.

વળી

ભાણ્ડ હઇને જાનિ જત કૃષ્ણેર મહિમા ।
ભાણ્ડ હઇતે જાનિ રાધાપ્રેમ તત્ત્વ સીમા ।। ૧૨.

બીજા સાધારણ લોકો ભાણ્ડને બ્રહ્માણ્ડ વચ્ચે અંતર જોતા હશે, પણ સાચો સાધક તો એ બંનેને એકબીજામાં ભળી જતા જ જુએ છે:

---

૧૨: ડો. શશીભૂષણ દાસગુપ્ત કૃત "ભારતીય સાધનાર ઐક્ય" માં પૃ. ૩૯-૪૦ પર ટાંકેલું.

સે દેશે એ દેશે , અનેક અન્તર

જાનયે સકલ લોકે ।

સે દેશે એ દેશે મિશામિશી આછે

એ કથા કોયનાં કાકે.

આ વૈષ્ણવસહજિયા સાધકો શાસ્ત્રને પોતાનો સાધનામાં ઝાઝું મહત્ત્વ આપતા નથી. એઓ કહે છે :

જેઓ મર્મ જાણ્યા વિના ધર્મને વખાણે છે, હે સખી, તેવાઓનું આપણે કામ નથી. એ લોકો છો બહાર રહ્યા. બહારને બારણે આગળો વાસ્યો છે, પણ અંદરનાં દ્વાર ખુલ્લાં છે. આપણા એ દેશની વાત આ દેશમાં કહેતાં માર્મિક વ્યાથા થશે. [૧૩]

આ રૂપમાંથી સ્વરૂપમાં જવાની સાધનાને વૈષ્ણવ સહજિયા સાધકો "આરોપસાધના" કહે છે. આપણો સ્થૂલ પ્રાકૃત દેહ તે "રૂપ", એ દેહને કારણે થતો પ્રાકૃત "પ્રેમ" તે "કામ" પણ આ પ્રાકૃત દેહમાં જ અપ્રાકૃત રાધાકૃષ્ણનો-સ્વરૂપનો વાસ છે. એ સહજિયા સાધકોનું "અમૃત", એને પામવા માટે જપતપની જરૂર નથી:

છાડિ જપ તપ સાધહ આરોપ એકતા કરિયા મને ।

સ્વરૂપે આરોપ જાર રસિક નાગર તાર પ્રાપ્તિ હબે મદનમોહન ।।

આમ આ સાધનામાં રૂપના ઉપર સ્વરૂપનો આરોપ કરવાનો છે. આમ છતાં આ સાધનામાં "રૂપ" નો અસ્વોકાર નથી. એ "રૂપ"નું અવલમ્બન લઇને જ ઉલટે માર્ગે જતાં સ્વરૂપની એંધાણી મળે, માટે એનો અવજ્ઞા કરવી પાલવે નહીં. ને સ્વરૂપની એંધાણી મળયા પછી રૂપ એમાં ભળી જાય, બંને વચ્ચે કશો ભેદ રહે નહીં.

રૂપે તે સ્વરૂપે દુઇ એકુ કરિ મિશાલ કરિયા ખાળે

સેઇ સે રતિને એકાન્ત કરિલે તબે સે શ્રીમતી પાબે

આમ રતિને શ્રીમતીમાં પરિવર્તિત કરીને પાળવી જોઇએ.

---

૧૩: મરમ ના જાને ધરમ બાખાને એમન આછયે જારા

કાજ નાઇ સખિ તાદેહ કથાય બાહિરે રહુના તારા

બાહિર દુયારે કપાટ લેગે છે ભિતર દુયાર ખોલા ।।

સે દેશેર કથા એ દેશે કહિલે લાગિબે મરમે વ્યથા.

માટે જ સ્વરૂપનો આરોપ તે રસકૂપ છે ને સકળ સાધનાનો સાર છે. સ્વરૂપને ભજીને સાધના કરે તો સાધક પાર થઇ જાય.[૧૪] ~~સ્વરૂપને~~ આ સહજસાધના સાવ સ્હેલી નથી, પણ આકરો છે. સ્વરૂપ સ્વરૂપ તો બધા બર્ક્યા કરે, પણ આ જીવલોક તે કાંઇ સ્વરૂપ નથી. એની ગતિ તો પદ્મની ગન્ધ જેવી, એને પારખવાની શક્તિ કોની? સ્વરૂપને ભજશો તો "માનુષ"ને પામશો. જો આરોપ કાઢી નાંખશો તો "નર" ને પામશો. પદ્મમાં જેમ સૂક્ષ્મરૂપે ગન્ધ રહેલી છે તેમ આપણા સ્થૂલ રૂપની અંદર સૂક્ષ્મરૂપે સ્વરૂપ રહ્યું છે. આ ઉપમા કેટલી અર્થપૂર્ણ છે! અહીં જે "માનુષ"નો વાત કરી છે તેના પણ વૈષ્ણવ સહજિયા સાધકોને મતે ત્રણ પ્રકાર છે: (૧) પ્રાકૃત સંસ્કારસંપન્ન, (૨) પછી કાયિક, માનસિક અને આધ્યાત્મિક સાધનાથી સ્થૂલ દેહમાં રહયે છતાં પોતાનું પરિવર્તન સિધ્ધ કરી અપ્રાકૃત રૂપમાં વાસ કરનાર તે "અયોનિમાનુષ" ને (૩) એનાથી ય ઉપર તે સહજમાનુષ.[૧૫] આ સહજમાનુષ નો જ મહિમા ચણ્ડીદાસે બુલંદ અવાજે ગાતાં કહ્યું:

સબાર ઉપરે માનુષ સત્ય
તાહાર ઉપરે નાઇ.

આ "સહજમાનુષ" થવું કાંઇ સ્હેલું નથી. એ તો શૂરાનો મારગ છે, માટે જ તો ચણ્ડીદાસે કહ્યું છે:

જે જન ચતુર સુમેરુ શિખર સૂતાય ગાથિતે પારે
માકસાર જાલે પતંગ બાંધિલે એ રસ મિલાય તારે.

---

~~૧૪: સે દેશેર કથા એ દેશે કહિતે લાગિબે પરમે વ્યથા ।। ચણ્ડીદાસ~~

૧૪: સ્વરૂપે આરોપ ગેઇ રસકૂપ સકલ સાધન પાર
સ્વરૂપે ભજિયા સાધન કરિલે સાધક હઇને પાર ।।

૧૫: માનુષ માનુષ ત્રિવિધ પ્રકાર માનુષ બાછિયા લેહ
સહજ માનુષ અયોનિ માનુષ સંસ્કારા માનુષ દેહ ।।
(ડૉ. શશીભૂષણ દાસ ગુપ્તના ભારતીય સાધનાર ઐકય" માં પૃ. ૪૭ પર ટાંકેલું)

જે ચતુર માણસ હોય તે સુમેરુ શિખર ને સૂતરમાં ગુંથી શકે, કરોળિયાની જાળમાં પતંગને બાંધે ત્યારે આ રસ તેને મળે. આ જ વસ્તુ કહેવા માટે ચણ્ડીદાસે "હેયાલી" Language of Paradox નો આશ્રયલીધો છે. [૧૬]

---

૧૬: મૃત્તિકા ઉપરે જલેર બસતિ તાહાર ઉપરે ઢેઉ
તાહાર ઉપરે પીરિતિ બસતિ તાહા કિ જાનયે કેઉ.

મુનિ રામસિંહના "પાહુડદોહા" માં તથા દસમા શૈકાના "સાવયધમ્મદોહા" માં સન્તોની સાધના-પ્રણાલીમાં દેખાતાં ઘણાં લક્ષણો મળી આવે છે. એમાંના ઘણા દોહા સાથે અખાના છપ્પાનું વકતવ્ય સરખાવો જોતાં આશ્ચર્યજનક સાદશ્ય આપણને જોવા મળે છે. એમાંથી થોડા પ્રતિનિધિરૂપ દોહાઓ અહીં જોઇએ:

આ પૈકી વિક્રમસંવત ૯૯૦ ની આસપાસ દેવસેને માલવામાં લખેલાં "સાવયધમ્મદોહા" પર પહેલાં નજર નાંખીએ.

શાસ્ત્રજ્ઞાનથી કશો અર્થ સરતો નથી. સાચું જ્ઞાન અપરોક્ષાનુંભૂતિના સ્વરૂપનું જ છે. માટે વિપરીત જ્ઞાન શીર્ષકવાળા ૧૦૫ માં દોહામાં કહ્યું છે: સો શાસ્ત્રોને જાણવા છતાં વિપરીત જ્ઞાનવાળાના મન પર ધર્મ ચઢતો નથી. સો સૂર્ય ભલેને ઊગે, તો ય ઘૂવડ તો આંધળું જ રહેવાનું.[1] આ માર્ગ જેવાતેવાતે માટે નથી. એમાં તો ભારે સાહસની જરૂર છે, એ તો શૂરાનો મારગ છે, એમાં કાયરનું કામ નથી. જ્યાં સાહસ ત્યાં જ સિધ્ધિ[2] આંધળું દેહદમન કશા અર્થનું નથી. દર્શન વિના જે તપ કરે છે તેની નિષ્ઠા નિષ્ફલ જ નીવડે છે. બીજ વિના કયાંય અન્નના ભારથી ઝૂકેલો ખેતી દેખાય ખરો?[3] આ સાધના માટે ગુરુ આવશ્યક છે. જિનવરના વચન ગુરુના ઉપદેશથી જ પ્રકટ થાય છે. અંધકારમાં દીપક વિના કોઇ કાંઇ ઓળખી શકે ખરો?[4] પણ એ ગુરુ જેવોતેવો હોય તે ન ચાલે. જે જ્ઞાનદ્દારા ત્રિકાળને જાણે છે તેના જ વચન પ્રમાણભૂત ગણાય. જે દોષથી રહિત ને કેવળ જ્ઞાનવાળો હોય તે જ અરહંત.[5] વળી જે સૂરિમાં સંયમ, શીલ, શૌચ અને તપ છે તે જ ગુરુ કહેવાય. દાહ, છેદ અને કશાઘાતની કસોટીમાંથી પસાર થાય પછીજ કંચન ઉત્તમ કહેવાય.[6] શ્રાવકનાં લક્ષણ ગણાવતાં વર્ણભેદને સ્વીકાર્યો છે ને કહ્યું છે કે આ ધર્મનું

---

૧: સત્થસએણ વિયાણિયહં ધમ્મુ ણ ચઢઇ મણે વિ ।
દિણયરસઉ જઇ ઉગ્ગમઇ ઘૂયડુ અંધઉ તો વિ ।। ૧૦૫ ।।

૨: ...... જાહિં સાહસુ તહિં સિધ્ધિ ।। ૭૧ ।।

૩: દંસણ રહિય જિ તઉ કરહિં તાહં વિ ણિપ્ફલ ણિક્કુ ।
વિણુ બીયઇં કણભરણમિય ભણુ કિં ખેતી દિઠ્ઠુ ।। ૫૫ ।।

૪: તં પાયડુ જિણવરવયણુ ગુરુ ઉવએસઇં હોઇ ।
અંધારઇં વિણુ દીવડઇં અહંવ કિ પિંછઇ કોઇ ।। ૬ ।।

૫: અરહંતુ વિ દોસહિં રહિઉ જસુ પુણ્કુ કેવલણાણુ ।
ણાણમુણિય કાલત્તયહં વયણુ વિ તાસુ પમાણુ ।। ૫ ।।

૬: સંજમુ સીલઉ સઉચ્ચુ તઉ જસુ સૂરિહિ ગુરુ સોઇ ।
દાહ છેય કસઘાય ખમુ ઉત્તમુ કંચણુ હોઇ ।। ૭ ।।

આચરણ કરનાર, પછી તે બ્રાહ્મણ હોય, શૂદ્ર હોય કે ગમે તે હોય, શ્રાવક છે. નહીં તો શું શ્રાવકના માથા પર કાંઇ મણિ થોડો જ હોય છે? ૭ સાચા સાધકનો અભિલાષા એકમાત્ર હોય છે ને તે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, ઋષિ ગુરુ, જિનવરદેવ અને બોધિસમાધિ સહિત મરણ ભવે થાય, તે. ૮.

અહીં સાથેસાથે પરમાત્મપ્રકાશ, યોગસાર, અમૃતાશીતિ અને નિજાત્માષ્ટકના કર્તા યોગીન્દ્રદેવની સન્તમતને સમ્મત એવી વિચારણાની ટૂંક નોંધ લેવી ઘટે. યોગીન્દ્ર સાચા અર્થમાં યોગીન્દ્ર જ હતા. એમની કૃતિઓ અધ્યાત્મતત્ત્વથી ઓતપ્રોત છે. એમણે એમના ગ્રન્થોમાં આદિથી અન્તસુધી ભાર મૂકીને કહયું છે કે બાહ્યાચાર અને આડમ્બરનો કશો અર્થ નથી. આત્મામાં લય પામવાથી જ સાચું સુખ મળે. એમને મન આખી સૃષ્ટિ આત્મમય હતી. દેવ, શાસ્ત્ર કે ગુરુની પૂજાની એમને જરર જણાતી નહોતી. માટે તો એમણે પરમાત્મપ્રકાશમાં ૨૫૮ કહયુ છે:

દેઉલુ દેઉ વિ સત્થુ ગુરુ તિત્થુ વિ વેઉ વિ કવ્વુ ।
વત્થુ જુ દીસઇ કુસુમિયઉ ઈંધણુ હોસઇ સવ્વુ ।। ૨૫૭ ।।

વળી યોગસારમાં કહ્યું છે કે જ્યાં જોઉં છું ત્યાં આત્મા જ દેખાય છે. પછી સમાધિ કોને માટે લગાડું? કોને છૂત અછૂત ગણું?

કાસુ સમાહિ કરઉં કો અંચઉં ।
છોપુ અછોપુ કરિવિ કો વંચઉ ।।
હલ સહ કલહિ કેણ સમ્માણઉં ।।
જહિં જહિં જોવઉં તહિં અપ્પાણઉં ।। :યોગસાર, ૩૯ ।। ૯.

હવે મુનિ રામસિંહ ( કે મુનિરામસિંહ ) કૃત આશરે વિક્રમની અગિયારમો શતાબ્દિમાં રચાયેલા "પાહુડદોહા" તરફ વળીએ.

---

૭: એહુ ધમ્મુ જો આયરઇ બંભણુ સુદ્દુ વિ કોઇ ।।
સો સાવઉ કિં સાવયહં અણ્ણુ કિ સિરિ મણિ હોઇ ।। ૭૬ ।।

૮: દંસણુ ણાણુ ચરિત્તુ તઉ રિસિગુરુ જિણવરદેઉ ।
બોહિસમાહિએ સહુ મરણુ ભવિ ભવિ હુજ્જઇ એઉ ।। ૨૨૪ ।।

૯: જુઓ હીરાલાલ જૈન સમ્પાદિત "સાવયધમ્મદોહા" (શ્રી અમ્બાદાસ ચવરે, દિગમ્બર જૈન ગ્રન્થમાલા-૨) નું પ્રાક્કથન પૃ. ૪.

મુનિ રામસિંહે એમના જમાનામાં પ્રવર્તતા દમ્ભ અને ઢોંગને ઠીકઠીક વખોડી કાઢયા છે.

જે મોટા મોટા વ્યાખ્યાન આપ્યા કરે છે તે બુધ્ધિમાન જો આત્મામાં ચિત્તને નહીં વાળે તો અન્નને બદલે એણે પરાળનો સંગ્રહ કર્યો કહેવાય. [૧૦] કહેવાતા પણ્ડિતને ઉદ્દેશીને કહયું છે: અલ્યા પણ્ડિતોમાં શ્રેષ્ઠ, તું કણ છોડીને ફોફલાં ખાંડે છે. તું ગ્રન્થ અને એના અર્થમાં સન્તુષ્ટ છે, પણ પરમાર્થને તો જાણતો નથી. માટે તું મૂર્ખ છે.[૧૧] એવા જ પણ્ડિતને ઉદ્દેશીને વળી કહયું છે: હે મૂર્ખ, બહુ ભણવાથી શું? જ્ઞાન-તિલ્લિંગ (અગ્નિકણ) શીખ, જે પ્રજ્વલિત થવાથી પાપ અને પુણ્ય ક્ષણમાત્રમાં બળી જાય છે.[૧૨] ષ ટ્દર્શનની વાત તો ભારે જટિલ છે. એના ધંધામાં પડવાથી મનની ભ્રાન્તિ ટળી નહીં, એક દેવતા છ ભેદ કર્યાં એટલે મોક્ષમાં નથી જવાતું. [૧૩] કેવળ શાસ્ત્રજ્ઞાન કશા ખપનું નથી. જેના મનમાં જ્ઞાન વિસ્ફુરિતથયું નથી તે મુનિ બધાં શાસ્ત્રોને જાણતો છતાં કર્મોના હેતુને કરતો સુખ નથી પામતો. [૧૪] વળી કહયું છે કે જ્ઞાનમય આત્મા સિવાયના બીજાં બધાં જ શાસ્ત્રો કલ્પિત છે. [૧૫] આને માટે

---

૧૦: વકખાણડા કરંત બુહુ અપ્પિ ણ દિણ્ણુ ણુ ચિત્તુ ।
કણહિં જિ રહિ઼ઉ પયાલુ જિમ પર સંગહિઉ બહુત્તુ ।। ૮૪ ।।

૧૧: અ પંડિયપંડિય પંડિયા કણ્કુ છંડિવિ તુસ કંડિયા
અત્થે ગંથે તુટ્ટો સિ પરમત્થુ ણ જાણહિ મૂઢો સિ ।। ૮૫ ।।

૧૨: ણાણતિડિક્કિ સિક્ખિ દઢ કિં પઢિયઈ બહુએણ
જા સુંધુક્કી ણિડ્ડહઇ પુણ્ણુ વિ પાઉ ખણેણ ।। ૮૭ ।।

આજ પ્રકારના અર્થવાળા બીજા પણ ઘણા દોહા છે : ૮૬, ૯૭, ૯૮.

૧૩: છહદંસણ ધંધઇ પડિય મણહં ણ ફિટ્ટિય ભંતિ ।
એક્કુ દેઉ છહ ભેઉ કિઉ તેણ ણ મોક્ખહં જંતિ ।। ૧૧૬ ।।

આ જ અર્થના બીજા છપ્પા ૧૨૫, ૧૨૬.

૧૪: જસુ મણિ ણાણુ ણ વિપ્ફુરઇ કમ્મહં હેઉ કરંતુ ।
સો મુણિ પાવઇ સુક્ખુ ણ વિ સયલઈ સત્થ મુણંતુ ।।

૧૫: અપ્પા મિલ્લિવિ ણાણમઉ અવરુ વિડાવિડ સત્થુ ।। ૧૯૯ ।।

વાદવિવાદ કરવો મિથ્યા છે. જે વાદવિવાદ કરે છે, જેની ભ્રાન્તિ મટી નથી અને જે પોતાની બડાઇ કરવામાં મશ્ગુલ રહે છે તેઓ ભ્રાન્ત બનીને સંસારમાં ભ્રમણ કર્યા કરે છે. [૧૬] માટે જ આખરે સાચી વસ્તુ તે તો અપરોક્ષાનુભવ છે, એના વિનાનો તર્ક વંધ્ય છે. જે અનુભવ કરે છે તે જ પૂર્ણરૂપે જાણી શકે છે. [૧૭] બાકી તો અક્ષરાઢ્ઢ, સાહીથી મિશ્રિત ગ્રન્થો ને વાંચતાં વાંચતાં ઘણા ક્ષીણ થઇ ગયા, પણ એક પરમ કલા ન જાણી કે આત્મા ક્યાંથી ઊગ્યો ને ક્યાં લીન થઇ ગયો! ૧૪૦.

વળી આ સાધના તો સહજ સાધના છે. એમાં માને કૃત્રિમ રીતે રુંધ્યા કરવાની કે દેહદયા કરવાની જરૂર નથી. છોડી દો, મનેને છૂટું મૂકી દો, એને જ્યાં જવું હોય ત્યાં જવા દો. એને સિદ્ધિની મહાપુરી તરફ આગળ વધવા દો. કશો હરખશોક કરશો નહીં. [૧૯] મીઠું પાણીમાં ભળી જાય છે તેમ જો ચિત્ત વિલીન થઇ જાય તો જીવ સમરસ થઇ જાય. એથી બીજું વળી સમાધિમાં શું કરવાનું હોય છે? [૨૦] મન પરમેશ્વરમાં મળી ગયું અને પરમેશ્વરમાં મન સાથે ~~મળ્યો~~ મળી ગયા, બંને સમરસ થઇ ગયાં, હવે પૂજા કોની કરવાનો રહી? [૨૧] વિષયકર્ષાયમાં જતા મનને જેણે નિરંજનમાં સ્થિર કર્યું; તેણે મોક્ષ મેળવ્યો. એને માટે નથી બીજાં કોઇ તંત્ર કે મંત્ર. [૨૨] જ્યારે મંત્રતંત્ર, ધ્યેયધારણ,

---

૧૬: વાદવિવાદા જે કરહિં જાહિં ણ ફિટ્ટિય ભંતિ ।
જે રત્તા ગઉપાવિયઇં તે ગુપ્પંત ભમંતિ ।। ૨૧૭ ।।

૧૭: જો અણુહવઇ સો જિ પરિયાણઇ ।। ૧૬૫-૩ ।।

૧૮: અકખરચડિયા મસિમિલિયા પાઢંતા ગય ખીણ ।
એક્ક ણ જાણી પરમ કલા કહિં ઉગ્ગઉ કહિં લીણ ।। ૧૭૩ ।।

૧૯: મિલ્લહુ પિલ્લહુ મોક્કલઉ જહિં ભાવઇ તહિં જાઉ ।
સિદ્ધિમહાપુરિ પઇસરઉ મા કરિ હરિસુ વિસાઉ ।। ૪૮ ।।

૨૦: જિમ લોણુ વિલિજ્જઇ પાણિયહં તિમ જઇ ચિત્તુ વિલિજ્જ ।
સમરસિ હુદઇ જીવડા કાઇં સમાહિ કરિજ્જ ।। ૧૭૬ ।।

૨૧: મણુ મિલિયઉ પરમેસહરો પરમેસહુ જિ મણસ્સ ।
બિણ્ણિ વિ સમરસિ હુઇ રહિય પુજ્જ ચડાવઉં કસ્સ ।। ૪૯ ।।

૨૨: જેણ ણિરંજણિ મણુ ધારિઉ વિસયકસાયહિં જંતુ ।
મોકખહ કારણુ એત્તડઉ અવરઇં તંતુ ણ મંતુ ।। ૬૨ ।।

કે ઉચ્છવાસનું કારણ કરવામાં આવતું નથી ત્યારે મુનિ પરમ સુખથી સુવે છે. એવી ગરબડ કોઇને ગમતી નથી.[૨૩] બાહ્યાચારના પર ભાર મૂકવાની જરૂર નથી. તીર્થયાત્રા નિરર્થક છે. એક તીર્થથી બીજે તીર્થે ભ્રમણ કરનારને કશું ફળ મળયું નહીં. બહારથી તો તું પાણીથી ચોખ્ખો થયો, પણ અભ્યંતરના શા હાલ થયા?[૨૪] 'હે મૂર્ખ, તેં એક તીર્થથી બીજે તીર્થે ભ્રમણ કર્યું ને તારાં ચામડાંને પ્રાણથી પખાળ્યું. પણ પાપરૂપી મળથી મેલા આ મનને તું શી રીતે ધોઇશ?[૨૫] દેવાલયમાં પાષાણ છે, તીર્થમાં જલ છે, ને બધી પોથીઓમાં કાવ્ય છે. જે વસ્તુ ફળીફૂલી દેખાય છે તે બધી જ આખરે ઇન્ધનરૂપ બના જશે.[૨૬] પાંદડાં પાણી, હવે તેમ એ બધાને આપસમાન જ ગણ. જો તારે મોક્ષ પામવો હોય તો તે એનાથી નહીં મળે, એનું સાધન તો બીજું જ છે.[૨૭] સકલીકરણ જાણ્યું નહીં, પાણી અને પણનો ભેદ જાણ્યો નહીં. આત્માના અને પરના મેલને ઓળખ્યો નહીં. ને ક્ષુદ્ર દેવને પૂજ્યા કરે છે[૨૮] જો આવાગમન ટાળવું હોય તો અક્ષય, નિરામય, પરમગતિમાં મનને ફેંકીને છોડી દે. તો આવા-ગમનની વેલ તૂટી જશે, એમાં જરા ય ભ્રાન્તિ ન રાખીશ.[૨૯] એ અક્ષય તત્વ વર્ણવિહીન છે. જ્ઞાનમય છે, જે સંત અને નિરંજન છે તે જ શિવ સિદ્ધ છે, એમાં અનુરાગ રાખવો જોઇએ.[૩૦]

---

૨૩: મંતુણ તંતુણ ધેઉણ ધારણુ । ણ વિ ઉચ્છાસહ કિજ્જઇ કારણુ ।।
એમ ઇ પરમ સુકંખુ મુણિ સુસ્વઇ । એહીં ગલગલ કાસુ ણ રુચ્ચઇ ।। ૨૮૬।।

૨૪: તિત્થઇં તિત્થ ભમંતયહં કિ ણ્ણેહા ફલ હૂવ ।
બાહિરુ સુધ્ધઉ પાણિયહં અભિંતરુ કિમ હૂવ ।। ૧૬૨ ।।

૨૫: તિત્થઇ તિત્થ ભમેહિ વઢ ધોયઉ ચમ્મુ જલેણ ।
એહુ પણુ કિમ ધોએસિ તુહું મઇલઉ પાવમલેણ ।। ૧૬૩ ।। જુઓ ૧૭૮, ૧૭૯

૨૬: દેવલિ પાહણુ તિત્થિ જલુ પુત્થઇં સવ્વઇં કવ્વુ ।
વત્થુ જુ દીસઇ કુસુમિયઉ ઇંધણુ હોસઇ સવ્વુ ।। ૧૬૧ ।।

૨૭: પાહુડદોહા- ૧૫૮

૨૮: પા. દો. ૧૮૪-૮૫

૨૯: પા. દો. ૧૭૧, ૧૬૯, ૧૭૦.

૩૦: પા. દો. ૩૮

જ્ઞાનમય આત્મા સિવાયના બીજા ભાવ પરાયા છે. માટે એ બધાને છોડીને હે જીવ, તું શુધ્દ્ધ સ્વભાવનું જ ધ્યાન કર. [31] આપણા દેહમાં વસનાર પરમાર્થને જાણી લઇએ, પછીથી વન્દન કોને કરવાના રહે. [32] સગુણ નિર્ગુણનો પણ શો ભેદ કરવો? હું સગુણ છું અને પ્રિય નિર્ગુણ, નિર્લક્ષણ અને નિઃસંગ છે. એક જ અંગમાં વસવા છતાં અંગ સાથે અંગ ન મળ્યું. [33] જેણે બેને મિટાવી દઇને એક કરી દીધા ને મનની વેલીને ચઢાઇ ન જવા દીધી તે ગુરુની હું શિષ્યા છું, હું બીજા કશાની લાલસા કરતી નથી. [34] ને હવે તો આગળ પાછળ દશે દિશામાં, જ્યાં જોઉં છું ત્યાં, એ જ એ છે. હવે મારી ભ્રાન્તિ ફીટી ગઇ. હવે કોઇને કશું પૂછવાનું રહ્યું નથી. [35] લોકો છોને ઠઠોલા ઠઠોલા કહે હે ઠઠી, તું ક્ષોભ ન કરીશ. તું મોહને ઉપાડીને સિધ્દ્ધમહાપુરીમાં પ્રવેશ કર. [36] આ દેહ જ એક દેવાલય છે, તીર્થ છે. હે મૂર્ખ, લોકોએ બનાવેલાં દેવાલયો જોતો ફરે છે, પણ જેમાં સંત શિવ બિરાજે છે તે તારા દેહદેવાલયને તું જોતો નથી. [37] ચિત્ત શુધ્દ્ધિ કરવી એ જ સાચું તપ. બહારનું તપ તો મિથ્યા તપ. ચિત્તમાં એ વિચિત્ર નિરંજનને ધારણ કર, જેથી મેલથી છૂટકારો થાય. એ નિરંજનને શૂન્ય કહીએ છીએ ખરા, પણ શૂન્ય શૂન્ય નથી. ત્રિભુવનમાં સર્વત્ર શૂન્ય શૂન્ય જ દેખાય છે. શૂન્ય સ્વભાવમાં ભળેલો

---

31: પા. દો. ૩૭

32: પા. દો. ૪૧

33: હઉ સગુણી પિઉ ણિગ્ગુણઉ ~~ણિલ્લક્ખણુ~~ ણીસંગુ । (ણિલ્લક્ખણુ)
એકહિં અંગિ વસંતયહં મિલિઉ ણ અંગહં અંગુ ।। ૧૦૦ ।।

34: બે ભંજેવિણુ એક્કુ કિઉ મણહં ણ ચારિય વિલ્લિ ।
તાહિ ગુરુવહિ હઉ સિસ્સિણી અણ્ણહિ કરમિ ણ લલ્લિ ।। ૧૭૪ ।।

35: અગ્ગઈ પચ્છઈ દહદિહહિં જહિં જોવઇ તહિં સોઇ ।
તા મહુ ફિટ્ટિય ભંતડી અવસુ ણ પુચ્છઇ કોઇ ।। ૧૭૫

36: પા. દો. ૧૪૩

37: પા. દો. ૧૮૦, ૧૮૬.

આત્મા પાપ અને પુણ્યનો અપહાર કરે છે. ૩૮. એ શુધ્દ આત્મામાં વર્ણભેદ કે લિંગભેદ નથી. હું શ્રેષ્ઠ બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, ક્ષત્રિય નથી, શુદ્ર નથી. હું પુરુષ નથી, નપુંસક નથી, સ્ત્રી નથી. આ વિશેષ ને જાણ. ૩૯: સાચો સાધક માત્ર આટલું જઇચ્છે. ભવે ભવે મળરહિત સમ્યગ્દર્શનને પામું, ભવે ભવે સમાધિ કરું ને ભવે ભવે મનમાં ઉત્પન્ન થનાર વ્યાધિનું નિરહનનકરવાવાળા ઋષિ નેજ ગુરુ તરીકે પામું. ૪૦: એમાં યોગસાધનાના પણ નિર્દેશો જોવા મળે છે. ૪૧: કેટલીક વાર ઉપાલમ્ભને રૂપે આ સાધનાનો આદેશ કરવામાં આવેછે. હે જોગી, સહજ અવસ્થામાં પ્રવેશતા આ કરભ :ઉંટ: ને રોક, અક્ષય, નિરામયમાં પ્રવેશીને એ પોતે પોતાનો જ સંહાર કરી નાંખશે. આનો અર્થ એ કે પરમતત્વ સાથે અભિન્ન થઇને ભળી ગગા પછીઆપોપું રહેતું નથી, પણ આ વાત જરા અવળી રીતે કહી છે. પ્રહેલિકાના સ્વરૂપની કેટલીક કૂટ ઉક્તિઓ પણ આ દોહાઓમાં મળી આવે છે. અહીં એના થોડા નમૂના જ જોઇશું. જે વસતિ વગરનાને વસતિવાળું ને વસતિવાળાને ઉજ્જડ કરે છે, હે જોગી, તેની બલિહારી છે. એને નથી પાપ અડતાં કે નથી અડતાં પુણ્ય. (૧૯૨) ડાબી બાજુ ગ્રામ વસાવ્યું ને જમણી બાજુય ગ્રામ વસાવ્યું, પણ મધ્યભાગને સૂનો રાખ્યો. હે જોગી, તું ત્યાં ગ્રામ વસાવ. (૧૮૧), હે દેવ, મને તમારી ચિન્તા છે. જ્યારે મધ્યાહ્નતા પ્રસારનો અન્ત આવશે ત્યારે તું તો જઇને સુઇ રહેશે ને પાળી સૂની પડી રહેશે. (૧૮૨) હે સખી, જેમાં પોતાનું પ્રતિબિમ્બ જ ન દેખાય, એવા દર્પણને હું શું કરું ? મને આ જગત લજ્જાવાન લાગે છે. ઘરમાં રહેવા છતાં ય ગૃહપતિના દર્શન નથી થતાં.

આમ આ દોહાસાહિત્યમાંની જ ઘણી વીગતો થોડું રૂપાન્તર પામીને સીધી સ સન્તસાહિત્યમાં ચાલી આવી છે. આ દોહાસાહિત્ય સન્તોની સાધનાના ક્રમવિકાસમાં આ કારણે એક મહત્વનું સ્થિત્યન્તરબની રહે છે.

---

૩૮: સુણ્ણાં ણાંહોઇ સુણ્ણાં દીસઇ સુણ્ણં અ તિહુવર્ણ સુણ્ણં ।
 અવહરઇ પાવપુણ્ણં સુણ્ણ સહાવેણ ગઓ અપ્પા ।। ૨૧૨ ।।

૩૯: પા. દો. ૩૧.

૪૦: ભવિ ભવિ દંસણુ મલરહિઉ ભાવભવિ કરઉ સમાહિ ।
 ભવિ ભવિ રિસિ ગુરુ હોઇ મહુ ણિહયમણુબ્ભવવાહિ ।। ૨૧૦ ।।

૪૧: પા. દો. ૨૨૧, ૨૨૧૧,૨૦૩, ૧૮૧, ૬૮.

## તન્ત્ર અને સન્તમત

તન્ત્ર એ સાધનાનું શાસ્ત્ર છે. આથી જ સાધક સિવાયના કોઇને એ વિશે ઉપદેશ દેવાનો અધિકાર નથી. આથી જ તો ભાવચૂડામણિતન્ત્રમાં કહ્યું છે :

तन्त्राणामतिगूढत्वात् तद्भावोऽप्यतिगोपितः।

અને કુલાર્ણવતંત્રમા પણ આ જ વસ્તુ સ્પષ્ટ રીતે કહી છે:

इयं तु शाम्भवी विद्या गुप्ता कुलवधूरिव।

એ જાણવાને માટે સાધનાના જ્યોતિથી માર્ગને પ્રકાશિત કર્યા પછી યોગ્ય ગુરુનો આશ્રય લેવો. તન્ત્રમાં ગુરુનું મહત્વ ઘણું જ છે. કુશાગ્ર બુધ્ધિવાળો શાસ્ત્રનું અધ્યયન કરીને શાસ્ત્રાર્થ સમજી શકે ખરો, પણ તેથી કાંઇ તેને સાધનાનો અધિકાર પ્રાપ્ત થઇ જતો નથી. એને માટે તો ગુરુનો જ સમ્પર્ક સાધવો જોઇએ:

गुरुपदे ज्ञातो ज्ञेयं न ज्ञेयं शास्त्रकोटिभिः।

આમ અધ્યયનથી લબ્ધ પાણ્ડિત્ય અને સાધના એ બે ભિન્ન વસ્તુ છે તે તન્ત્રમાં સ્પષ્ટ રીતે કહેવાયું છે.

નારાયણીય તન્ત્રમાં કહ્યું છે કે યામલોમાંથી વેદોનો પ્રાદુર્ભાવ થયો છે. આ યામલો તે તન્ત્રોનો સમૂહ જ છે.[1] એ શ્લોકમાં કહ્યું છે કે સામવેદમાં જે કહેવામાં આવ્યું છે તે બ્રહ્મયામલમાં છે, ઋગ્વેદમાં જે કહ્યું છે તે રુદ્ર યામલમાં છે, યજુર્વેદમાં જે કહ્યું છે તે વિષ્ણુ યામલમાં છે અને અથર્વવેદમાં જે કહ્યું છે તે શક્તિયામલમાં છે. વેદની જેમ તન્ત્રને પણ અપૌરુષેય માનવામાં આવે છે. અર્થર્વવેદમાં તન્ત્રવિહિત અનુષ્ઠાનપધ્ધતિ જોવા મળે છે.[2] શૈવ દાર્શનિક શ્રીકણ્ઠાચાર્યે બ્રહ્મસૂત્ર ઉપરના એમના શિવવિશિષ્ટાદ્વૈતભાષ્યમાં તન્ત્રશાસ્ત્રને શ્રુતિની સમકક્ષ ગણીને સ્વીકાર્યું છે. એમને

---

૧: જુઓ Cultural Heritage of India Vol. II

પૃ. ૧૯૧:

રામકૃષ્ણ મિશન પ્રકાશિત: માં The Spirit And Culture of The Tantras નામનો શ્રી અટલબિહારી ઘોષ નો લેખ.

૨: જુઓ શ્રી સુખમય ભટ્ટાચાર્ય શાસ્ત્ર સપ્તતીર્થપ્રણીત "તન્ત્રપરિચય" : વિશ્વભારતી ગવેષણા ગ્રન્થમાળા : પૃ. ૩ એજન. પૃ. ૩.

મતે વેદ અને તન્ત્ર-બંને શિવદ્દારા જ પ્રકટ થયેલાં છે.[3] મનુ વગેરેની સ્મૃતિઓ તે કર્મકાણ્ડની પરિપૂરક છે, જ્યારે તન્ત્ર બ્રહ્મકાણ્ડનું પરિપૂરક છે. શંકરાચાર્યે એમના પ્રપંચસાર" નામના તન્ત્રવિષયક ગ્રન્થમાં તાન્ત્રિક સાધનાને બ્રહ્મજ્ઞાનને માટે પરમ અનુકૂળ કહીને વર્ણવી છે.[4] મહર્ષિ હારીતે પણ કહ્યું છે :

श्रुतिश्च द्विविधा प्रोक्ता वैदिकी तान्त्रिकी तथा (મનુટીકા)

આમ એક સાધનાપ્રણાલી તરીકેની તન્ત્રની પ્રાચીનતા તથા એનું ગૌરવ સ્વીકારાયેલાં છે. તન્ત્રશાસ્ત્રને ઇશ્વરની આજ્ઞાસ્વરૂપ ગણ્યું છે. ને એની અવતારણા "શિવતત્ત્વરહસ્ય"-ના કહેવા મુજબ સદાશિવના પંચમુખમાંથી થઇને છે. તન્ત્રાચાર્ય ભાસ્કર રાય "લલિતા-સહસ્રનામ" પરના ભાષ્યમાં તન્ત્રને બ્રહ્મકાણ્ડ કહીને ઉપનિષદોના અંગરૂપ જ લેખે છે. "મેદિનીકોષ"માં કહ્યા મુજબ તન્ત્રશબ્દનો અર્થ શ્રુતિની શાખાવિશેષ છે. વૈદિક સાધના અને તાન્ત્રિક સાધનાનું લક્ષ્ય ભિન્ન નથી. માટે જ તો રુદ્રયામલમાં કહ્યું છેઃ

यद्वेदैर्गीयते स्थानं तत् तन्त्रैरपि गीयते।

કાલિયુગના સ્વલ્પાયુ અને ભોગપ્રવણ મનુષ્યને માટે તાન્ત્રિક અનુષ્ઠાન જ શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે.[5] શંકરાચાર્ય તાન્ત્રિક પધ્ધતિ શ્રી વિદ્યાની ઉપાસના કરતાં. આજે પણ શંકરમઠમાં શ્રીમન્ત્રની સ્થાપના કરેલી જોવામાં આવે છે. મહાપ્રભુ ચૈતન્યદેવે ણ પણ શંકરસમ્પ્રદાયના ઇશ્વરપુરી પાસેથી દીક્ષા લીધેલી.

તન્ત્રની સાધના કોઇને માટે નિષિધ્ધ નથી, અલબત્ત, એમાં સાધકની સાધનાને માટેની યોગ્યતા મુજબ અધિકારભેદ સ્વીકાર્યો છે. આ દષ્ટિએ તન્ત્ર મનુષ્યના ત્રણ ભાગ પાડે છે: પશુ, વીર અને દિવ્ય. ભાવચૂડામણિતન્ત્રમાં આ ત્રણના પેટા ~~વિભાગો~~ વિભાગો પણ આપ્યા છે. મનુષ્યના ભાવ - mental disposition અનુસાર આ વિભાગની યોજના કરવામાં આવી છે. આ ભાવ :માનસિક અવસ્થા: તે ત્રણ પ્રકારના : પશુભાવ, વીરભાવ અને દિવ્યભાવ. જે સાધકનું અવિદ્યાનું આવરણ સહેજ પણ શિથિલ થયું નથી,

---

૩: એજન પૃ. ૩.

૪: એજન. પૃ. ૪.

૫: कलौ तन्त्रोदिता मन्त्राः सिद्धास्तूर्णफलप्रदाः। :મહાનિર્વાણ તન્ત્ર:

જોન વુડરોફ કૃત Shakti and Shakta માં "તન્ત્ર" એટલે શું તે સમજાવતો આ શ્લોક ટાંક્યો છે: तनोति विपुलानर्थान् तत्त्वमन्त्रसमन्वितान्।
त्राणं च कुरुते यस्मात् तन्त्रमित्यभिधीयते॥

એનું અંતર કેવળ અવિદ્યાથી પરિપૂર્ણ છે, જે અવિદ્યાના પાશથી બંધાયેલો છે તે પશુ, આમાં માત્ર શિશ્નોદરપરાયણ તે અધમ પશુ, ને સંયતેન્દ્રિય, શાસ્ત્ર-વિશ્વાસી ને તત્વજિજ્ઞાસુ તે ઉત્તમ પશુ. જે સાધક અવિદ્યાના પાશને છેદીને પૂરેપૂરા ઉદ્યમથી વીરની જેમ ઇશ્વરના સાક્ષાત્કાર માટે સાધના કરે છે તે વીર. આ અવસ્થામાં સાધકનો અજ્ઞાનાન્ધકાર થોડે અંશે દૂર થયો હોય છે, ઇશ્વરની સાથેના યોગની પણ અંશતઃ પ્રતીતિ થઇ હોય છે, પણ એ સ્થાયી સ્વરૂપની હોતી નથી, પણ એ જગતમાં સર્વકંઇને શિવશક્તિની લીલારૂપે ક્રમશઃ અનુભવતો જાય છે. આ કક્ષાથી આગળ ઉન્નયનને પામતાં સાધક ઉપાસ્ય દેવતાની સાથે અભેદનો અનુભવ કરીને આનન્દ પ્રાપ્ત કરે છે. આમાં દેવ સાથેની અભિન્નતા સિધ્ધ થઇ હોવાને કારણે એને દિવ્યભાવ કહેવામાં આવે છે.[૬] શંકરાચાર્યના શિષ્ય પદ્મનાભાચાર્ય "પ્રપંચસાર" પરના ભાષ્યમાં કક્ષાભેદ અનુસાર જુદાજુદા પાંચ માર્ગોનો નિર્દેશ કરે છે: સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, સામાન્ય, સાક્ષી. ત્રણ ભાવની સાથે સંકળાયેલા વેદ, વૈષ્ણવ, શૈવ, દક્ષિણ, વામ, સિધ્ધાન્ત તથા કૌલ એમ સાત આચારની સોપાનશ્રેણીએ ઉત્તરોત્તર ચઢતો જઇને સાક્ષાત્ બ્રહ્મસિધ્ધિને પામે છે. વેદાચારમાં વેદમૂલક સ્મૃતિપુરાણાદિના અનુશાસનને પ્રમાણરૂપે સ્વીકારીને તે મુજબ ઉપાસ્ય દેવતાનું પૂજન અર્ચન કરવામાં આવે છે. એમાં એમાં શરીર તથા મનની શુધ્ધિ પર ખાસ ભાર મૂકવામાં આવે છે. વૈષ્ણવાચારમાં ભક્તિના પર તથા શૈવાચારમાં જ્ઞાનના પર ભાર મૂકવામાં આવે છે. આ રીતે ભક્તિ જ્ઞાન તરફ લઇ જવાનું સોપાન ગણાયું છે. વૈષ્ણવાચારમાં તપસ્યાના કષ્ટને ટાળીને જગતની વિષ્ણુમય કલ્પના કરીને ભક્તિ કરવાની હોય છે. એમાં રાત્રિએ પૂજા કરવાનો તથા જપની માળાને સ્પર્શ કરવાનો પણ નિષેધ છે. શૈવાચારમાં વેદાચારના થોડા અંશ ટકી રહયા હોય છે. એમાં અવૈધ પશુહિંસાનો નિષેધ છે. સર્વકાર્યમાં મહેશ્વરનું સ્મરણ કરવાનું હોય છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આ અષ્ટાંગ યોગની સાધનાદ્વારા અભીષ્ટ દેવતાની આરાધના કરવાની હોય છે. વેદાચાર તથા વૈષ્ણવાચારને મુકાબલે ~~શૈવાચારમાં~~ ઉપાસના વેદાચારને મળતી આવે છે. એમાં દેવી ભૂત્વા દેવીં યજેત્ એવું વિધાન છે. અહીં પશુભાવની સાધના પૂરી થાય છે. વામાચારને વિશે ઘણી ભ્રામક માન્યતાઓ પ્રચલિત છે. ~~એ વામાચારને~~

---

૬: આ ત્રણ ઉત્તરોત્તર કક્ષાના સાધકોનાં સ્વભાવ-લક્ષણનું વર્ણન "કાળાખ્ય તન્ત્ર"માં આપેલું છે.

~~વિશે ઘણી ભ્રામક માન્યતાઓ પ્રચલિત છે.~~ એ બાહ્યાકાચાર નહીં, પણ દક્ષિણથી વિરુદ્ધનો એવો બાહ્યકાચાર છે. એને વિશે બાડવાનલીય તન્ત્રમાં કહ્યું છે:

આગમોક્ત વિધાનેન બાહ્યકેનૈવ પૂજયેત્ ।
જપાત્ હોમાચ્ચ બાહ્ય: સ્યાદ્ દક્ષિણો દક્ષિણાદ્ભવેત્ ॥

મેરુતન્ત્રમાં પાંચ પ્રકારના બાહ્યમાર્ગનો ઉલ્લેખ છે: કૌમિક, વામ, ચીનક્રમ, સિદ્ધાન્તીય અને શાબર. મહર્ષિ વશિષ્ઠ પણ તાન્ત્રિક ઉપાસનામાં સિદ્ધ થવા માટે ચીન દેશમાં ગયા હતા અને ચીનાચારમાં દીક્ષિત થયા હતા. સ્વચ્છન્દભૈરવ તન્ત્રમાં કહ્યું છે કે ચીનાચારની સાધનામાં કશા વિધિનિષેધ પાળવાના હોતા નથી. સાધકે યદૃચ્છા વિહાર કરવો. શ્રુતિસ્મૃતિવિહિત શૌચાચાર વગેરે પણ પાળવાની જરૂર નથી:

ન શૌચાદિ ક્રિયા કાર્યાઃ સ્મૃતિશાસ્ત્રપ્રચોદિતાઃ ।
સ્વેચ્છાચારોઽત્ર કથિતઃ પ્રચરેદ્ ઇષ્ટભાવતઃ ॥

સિદ્ધાન્તાચારમાં મુખ્યત્વે અન્તર્યાગનું ગ્રહણ કરવાનું હોય છે. અન્તર્યાગના અંગરૂપે જ બહિર્યાગનું આચરણ થઇ શકે. એમાં મન્ત્રવિશોધિત પંચ મકારનું સેવન કરવાનું હોય છે. આ માર્ગને શ્રેષ્ઠ શા માટે કહ્યો છે તેનું કારણ આપતાં કુલાર્ણવતન્ત્ર કહે છે:

શૈવાચ્ચોત્તમં ... નિત્યં સેવેત ।
વામાદપિ કૌલેષ્વપિ સિદ્ધાન્તઃ પરતઃ સ્મૃતઃ ॥

કૌલાચારનો સાધક મહાજ્ઞાની હોય છે, ને સદાશિવતુલ્ય બની શકે છે. આચાર વિહિત ઉપાસનામાં દિશા, કાળ, આસન વગેરે કશાનો નિયમ એને પાળવાનો રહેતો નથી. કર્દમ-ચન્દનમાં, મિત્રશત્રુમાં અને ઘર અને શ્મશાનમાં કૌલને કશો ભેદ નથી. કૌલ ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારના હોય છે. જે ભૂતમાત્રમાં પોતાના વિભુરૂપનું દર્શન કરે તે પોતાની અંદર સર્વભૂતનું દર્શન કરે તે કૌલિકોત્તમ કહેવાય. જે ધ્યાનપર જ્ઞાનનિષ્ઠ અને ધ્યાનનિષ્ઠ બનીને પંચ તત્ત્વ દ્વારા સાધના કરે તે મધ્યમકૌલ અને જે માત્ર જ્ઞાનભૂમિપર આરોહણ કરી રહ્યો હોય તે પ્રાકૃત કૌલ. ૭.

આ "કુલ" શબ્દ અને કૌલાચાર સૌભાગ્યભાસ્કર આમ સમજાવે છે. "કુ" એટલે પૃથ્વી પૃથ્વતત્વ જેમાં લીન થાય તેનું નામ કુલ. મૂળાધાર ચક્રમાં પૃથ્વીતત્વ રહેલું છે. આથી મૂલાધાર ચક્રને કુલ કહેવામાં આવે છે. મૂલાધારની સાથે સુષુમ્ણા નાડીનો સંબંધ છે, આથી લક્ષણાથી "કુલ" શબ્દ સુષુમ્ણાનો બોધક બની શે શકે. સુષુમ્ણા સહસ્ત્રારચક્રમાં

---

૭: કુલાર્ણવમન્ત્ર અને વિશ્વસારતન્ત્રમાં આ સપ્તવિધ આચારનું વિસ્તૃત વર્ણન આપવામાં

થઇને મળે છે, માટે સહસ્રારમાંથી સ્રવતા અમૃતનું નામ કુલામૃત.[૮] તો વળી કુલાર્ણવતન્ત્રમાં કહ્યા મુજબ અકુલ કહેતાં શિવ અને કુલ કહેતાં શક્તિ – એ બેના સામરસ્યનો અનુસન્ધાતા સાધક જ કૌલ કહેવાય. પંચમકારના સેવનનું વિધાન ઘણી આશંકા ઊભી કરે છે. આનો શ્રી સુખમય ભટ્ટાચાર્ય, શ્રી અટલબિહારી ઘોષ વગેરેએ બચાવ કર્યો છે. આ સંબંધમાં શ્રી સુખમય ભટ્ટાચાર્ય કહે છે: "મને એમ લાગે છે કે ચિત્તને શુધ્ધ અને સ્થિર કરીને સાધનાનો આરમ્ભ કરવા જતાં ઘણો વિલમ્બ થવાનો સમ્ભવ રહે. કદાચ એ જ કારણે મરણશીલ માનવ ગમે તે અવસ્થામાં રહેવા છતાં મહાશક્તિની ઉપાસનાનો આરમ્ભ કરી શકે એ હેતુથી પ્રવૃત્તિ-માર્ગની આ વિધિવ્યવસ્થા થઇ હોય એમ લાગે છે. ભોગવાસનાનો ત્યાગ કર્યા વિના સાધક એના ઇષ્ટદેવતાનું શરણ લે એ જ તાન્ત્રિક સાધનાની મર્મકથા છે કે નહીં તે વિચારવા જેવું છે. તન્ત્રની સાધનામાં ભોગ અને મોક્ષ એકબીજાની વિરુધ્ધ નથી".[૧૦] કુલાર્ણવતન્ત્રમાં કહ્યું છે કે જે તૃષ્ણાપૂર્વક મધુમાંસ સેવે તે પાતકી કહેવાય.[૧૧] સમયાચારતન્ત્રના કહ્યા મુજબ મંત્રદ્વારા પંચતત્ત્વને શોધિત કર્યા વિના એનો ઉપયોગ કરનાર અતિશય ગર્હિત ગણાય. યોગમાર્ગી અને કૌલમાર્ગનું લક્ષ્ય તો એક જ છે. માત્ર ઉપાય પરત્વે ભેદ છે. યોગમાર્ગ ભોગવર્જિત અને એ કારણે કઠોર છે, તો તન્ત્રમાર્ગમાં ભોગને રસ્તે ચાલતાં ય મુક્તિલાભ થાય છે. આથી કુલાર્ણવતન્ત્રમાં કહ્યું છે:

---

૭: ચાલુ: આવ્યું છે. આ સાત આચાર અને યોગવાશિષ્ઠની સાત જ્ઞાનભૂમિકા (તથા મહાયાનની ૧૦ ભૂમિકા) વચ્ચે ઘણું સામ્ય છે. આ સાત પૈકીના પ્રથમ પાંચમાં ગુરુનું માર્ગદર્શન જરૂરી ગણ્યું છે. છેલ્લી બે અવસ્થામાં સાધક મુક્ત બને છે.

૮: कु: पृथ्वीतत्त्वं लीयते यत्र तेन कुलम् आधारचक्रं तत्सम्बन्धात् सुषुम्णामार्गोऽपि । अतः सहस्रारात् स्रवदमृतं कुलामृतम् ।

૯: अकुलं शिव इत्युक्तं कुलं शक्तिः प्रकीर्तिता ।
कुलाकुलानुसन्धाने निपुणाः कौलिकाः प्रिये ॥

૧૦: તન્ત્ર પરિચય પૃ. ૫૮.

૧૧ सेवते मधुमांसानि तृष्णया यः स पातकी ।

योगी चेन्नैव भोगी स्याद् भोगी चेन्नैव योगवित्।
भोगयोगात्मकं कौलं तस्मात् सर्वाधिकं प्रिये॥

કારણ કે :

भोगो योगायते साक्षात् दुष्कृतिः सुकृतायते।
मोक्षायते हि संसारः कुलधर्मे महेश्वरि॥

અનાસક્ત સાધકને તો ભોગ યોગ સમાન જ બની રહે. શ્રી અટલબિહારી ઘોષ પણ આ સંબંધમાં કહે છે. "The object of using these five तत्त्वs in worship is that by the repeated practice of the ritualistic observances he acquires a nature whereby everything he does in his ordinary life becomes an act of worship".[12]

વળી એઓ કહે છે કે : "The कुलार्णव तन्त्र says that the wine which gladdens is the nector which flows from the union of the कुण्डलिनी शक्ति with शिव at the सहस्रार in the head. And he who drinks this drinks nector and others are mere wine-bibbers. That man who kills by the sword of ज्ञान the animals of merit and demerit and leads his mind to the Supreme शिव is said to be a true eater of flesh. That man is truly a fish-eater who controls all his senses and places them in the आत्मन् ; others are mere killers of animals. The शक्ति of the पशु is not awakened, but that of कौलिक is. The man who enjoys this शक्ति is said to be a शक्ति- enjoyer. He is permeated by the bliss which arises out of union of the

---

12. The Spirit and Culture of the Tantra: Cultural Heritage of India Vol. II.

supreme ~~xx~~ शक्ति and आत्मन् - which is the true union; others are no better than fornicators.[13]

It should be noted that the term for the fifth तत्त्व is derived from the word मिथुन which means a couple. Since nothing in the world of experience happens without the combination of two things - even consciousness is impossible without it - मैथुन symbolizes the unity which is behind all this duality, which is beyond ordinary human comprehension and which the जीवन्मुक्त alone can apprehend. By the offering of this to the chosen deity is meant the offering of the sense of duality, so that the underlying oneness may be realized. This is the true significance of the fifth item".

---

13.
आमूलाधारमाब्रह्मरन्ध्रं गत्वा पुनः पुनः ।
चिच्चन्द्रकुण्डलीशक्तिसामरस्यसुखोदयः ॥
व्योमपङ्कजनिस्यन्दसुधापानरतो नरः ।
सुधापानमिदं प्रोक्तमितरे मद्यपायिनः ॥
पुण्यापुण्यपशुं हत्वा ज्ञानखड्गेन योगवित् ।
परे लयं नयेच्चित्तं पलाशी स निगद्यते ॥
मनसा चेन्द्रियगणं संयम्यात्मनि योजयेत् ।
मत्स्याशी स भवेद्देवि शेषाः स्युः प्राणिहिंसकाः ॥
अप्रबुद्धा पशोः शक्तिः प्रबुद्धा कौलिकस्य च ।
शक्तिं तां सेवयेद् यस्तु स भवेत् शक्तिसेवकः ॥
पराशक्त्यात्ममिथुनसंयोगानन्दनिर्भराः ।
य आसते मैथुनं तत् स्यादितरे स्त्रीनिषेवकाः ॥
इत्यादि पञ्चमुद्राणां वासनां कुलनायिके ।
ज्ञात्वा गुरुमुखाद्देवि यः सेवेत स मुच्यते ॥
- कुलार्णवतंत्र.

તંત્રમાં આખરે તો નિર્ગુણની જ સાધના છે. એનું સાકારત્વ સાધકની અપેક્ષાએ જ કલ્પાયું છે. આથી કુલાર્ણવતન્ત્રમાં કહ્યું છે :

चिन्मयस्याप्रमेयस्य निष्कलस्याशरीरिणः ।
साधकानां हितार्थाय ब्रह्मणो रूपकल्पना ॥ १४

આ સાધનામાં પણ ગુરુનું મહત્ત્વ ઘણું જ છે. ગુરુની અપરોક્ષાનુભૂતિનું બળ શિષ્યને અત્યન્ત ઉપકારક થઇ પડે છે. એ ગુરુ જિતેન્દ્રિય, સત્યવાદી અને શાન્તચિત્ત હોવો જોઇએ. શિષ્યની સંખ્યા વધાર્યે જ જવી એ સદ્‌ગુરુનું કામ નથી. સ્ત્રી પણ ગુરુ હોઇ શકે, એટલું જ નહીં. તન્ત્રોમાં સ્ત્રીગુરુઓની પ્રશંસા પણ જોવા મળે છે. ઇષ્ટમન્ત્ર ગુરુ પાસેથી જ મળે. જેનું મનન કરવાથી ઉધ્ધાર થાય તે મન્ત્ર. તેનું અર્થ જાણ્યા વગર ઉચ્ચારણ કરવાનો કશો અર્થ નથી. આથી વરિવસ્યારહસ્યમાં કહ્યું છે :

नार्थज्ञानविहीनं शब्दस्योच्चारणं फलति ।
भस्मनि वह्निविहीनं न प्रक्षिप्तं हविर्ज्वलति ॥

તાન્ત્રિક સાધનાનો અધિકાર પાણ્ડિત્યાભિમાનીને નથી. સાધક તો નમ્રતાપૂર્વક બ્રહ્માથી માંડીને તે અતિ ક્ષુદ્ર તૃણ સુધ્ધાંને પોતાનો ગુરુ લેખે. આ સૃષ્ટિમાં કોણ પૂજવા જેવું નથી?

ब्रह्मादिस्तम्बपर्यन्ता यस्य मे गुरुसन्ततिः ।
तस्य मे सर्वशिष्यस्य को न पूज्यो महीतले ॥ १५

તન્ત્રાલોકની ટીકામાં તન્ત્રશાસ્ત્રનો અધિકારી કોણ એની ચર્ચા કરતાં કહ્યું છે:

संसाराम्बुनिधेर्यः स्यात्तितीर्षुः कश्चिदुत्तमः ।
नात्यन्ततज्ज्ञो नो मूर्खः सोऽस्मिन् शास्त्रेऽधिकारवान् ॥

---

૧૪: આ જ વિચાર રજૂ કરતાં અન્ય તન્ત્રોમાંના નિર્દેશો:

उपासकानां कार्यार्थं श्रेयसे जगतामपि
साकारापि निराकारा मायया बहुरूपिणी ॥ (महानिर्वाणतन्त्र)

વળી: साकारमूलकं सर्वं साकारस्य प्रपश्यति ।
अभ्यासेन सदा देवि निराकारं प्रपश्यति ॥ कुब्जिकातन्त्र )

આ જ પ્રમાણે નવરત્નેશ્વર, સુપ્રભેદતન્ત્ર, માર્કણ્ડી વગેરેમાં પણ નિર્દેશો મળી આવે છે.

૧૫: જુઓ આ જ મતલબની બૃહદારણ્યકોપનિષદ્‌ની ઉક્તિ:

पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत् । बृ. 3/5

જ્ઞાન જ વાસ્તવમાં મુક્તિનો એકમાત્ર હેતુ છે. ગુરુ અને શિષ્ય વચ્ચેનો ભેદ આભાસ જ છે. શિષ્ય સાથે જે ગુરુમાં એકાત્મકતાની બુધ્ધિ સ્ફુરિત થાય તે જ સિધ્ધ અને મુક્ત કહેવાય. [૧૬] શિષ્યપ્રશિષ્યોની મુક્તિ જ ગુરુની મુક્તિ ગણાય. દીક્ષાના મુખ્ય ત્રણ પ્રકારો તન્ત્રમાં કહ્યા છે. તે પૈકીની શામ્ભવી દીક્ષામાં ગુરુ શિષ્યના મસ્તકમાં ઇષ્ટદેવતાના ચરણનું ધ્યાન ધરે, ને એથી સ્રવતા અમૃતથી શિષ્યના બાહ્ય તેમ જ આન્તર મળને દૂર કરે. શાક્તી દીક્ષામાં મૂલાધારથી તે બ્રહ્મરન્ધ્ર સુધીના પ્રદેશમાં એ દીપ્તિમન્ત અગ્નિના જેવી તેજની લહરીની ધારણા કરે, ને એ તેજ દ્વારા શિષ્યનાં દુષ્કર્મ તથા દુરિતોનાશ કરે. માન્ત્રદીક્ષામાં ગુરુ શાસ્ત્રીય પધ્ધતિએ શિષ્યના કાનમાં બીજમન્ત્ર બોલે.

પૂજા તે મૂર્તિની પુષ્પ વગેરેથી થતી પૂજા નહીં, મહાવ્યોમમાં નિર્વિકલ્પની જે સાધના તે જ પૂજા એમ તન્ત્રાલોકની ટીકામાં સ્પષ્ટ કહ્યું છે..

પૂજા નામ न पुष्पाद्यैर्या मतिः क्रियते दृढा ।
निर्विकल्पे महाव्योम्नि सा पूजा -- --

(તન્ત્રાલોક ટીકા.૪:૧૨૧)

તન્ત્રને યોગ જોડે તો ગાઢો સંબંધ છે જ, એ આપણે આગળ જોઇ ગયા. ભક્તિ અને જ્ઞાનની સાથે યોગ ન હોય તો કર્મકાણ્ડ સાર્થક ન ઠરે. [૧૭] સાધકે અન્તર્યાગ કરવાનો હોય છે. મૂળ તત્ત્વનું જ્ઞાન જન્મે નહીં તો પૂજા નિરર્થક જ જાય. ભૂતશુધ્ધિ અને ષટ્ચક્રભેદનનું તન્ત્રમાં ઘણું મહત્ત્વ છે. પાંચ પ્રકારની શુધ્ધિ તન્ત્રમાં વર્ણવાઇ છે: આત્મશુધ્ધિ, સ્થાનશુધ્ધિ, મન્ત્રશુધ્ધિ, દ્રવ્યશુધ્ધિ અને દેહશુધ્ધિ. ભૂતશુધ્ધિને ગૌતમીયતન્ત્ર આ પ્રમાણે ઓળખાવે છે.

शरीराकारभूतानां भूतानां यद्विशोधनम् ।
अव्ययब्रह्मसंयोगाद् भूतशुद्धिरियं मता ॥ १८

---

૧૬: જુઓ સુખમય ભટ્ટાચાર્યકૃત તન્ત્રપરિચય. પૃ. ૨૩:

૧૭: જુઓ સુખમય ભટ્ટાચાર્યકૃત "તન્ત્રપરિચય. પૃ. ૧૯:

૧૮: આને મળતા ઉલ્લેખો ગુપ્તસાધનતન્ત્ર તથા અગસ્ત્યસંહિતામાં પણ છે.

ભૂતશુધ્દિનો ઉલ્લેખ સૂક્ષ્મ શરીરને નિર્મલ કરવાનો છે, પણ એને માટે સ્થૂલ શરીરને પણ શુધ્ધ કરવું જ પડે. આ અંગે ષ ટ્ચક્રનું જ્ઞાન આવશ્યક છે, કારણ કે ષ ટ્ચક્રભેદ તાન્ત્રિક સાધનામાં પાયાની વસ્તુ છે. તન્ત્રશાસ્ત્રમાં સુષુમ્ણાનાં જુદાં જુદાં નામો મળી આવે છે. શૂન્યપદવી, બ્રહ્મરન્ધ્ર, મહાપથ, શ્મશાન, શામ્ભવી ઇત્યાદિ. સહસ્ત્રારચક્રને ભેદ્યા વિના આનન્દમય સ્વરૂપમાં સાધકની પ્રતિષ્ઠા નહીં થાય:

भेदयित्वा सहस्रारे पङ्कजे ... समर्पयेत् । (શાક્તક્રમ)

કુણ્ડલિનીને "યોગીવલ્લભા" કહીને પણ ઓળખાવી છે. આ કુણ્ડલિની જ જીવશક્તિ છે. એને જાગૃત ને ઉર્ધ્વમુખી કર્યા વિના કશી સાધના, તન્ત્રને મતે, સમ્ભવે નહીં. આ સાધના કેવળ ગુરુગમ્ય છે.

સાધના કરનારે સંસાર છોડવાની જરૂર નથી, એટલું જ નહીં; મહાનિર્વાણતન્ત્રમાં તો કહ્યું છે કે વૃધ્ધ માતાપિતા, પતિવ્રતા ભાર્યા અને શિશુનો ત્યાગ કરીને કદી અવધૂતાશ્રમમાં પ્રવેશ કરવો નહીં.,

मातरं पितरं वृद्धं भार्याञ्चैव पतिव्रताम् ।
शिशुञ्च तनयं हित्वा नावधूताश्रमं व्रजेत् ॥

વળી જાતિવર્ણનિર્વિશેષ કોઇ પણ આ સાધના કરી શકે. નિષ્કામભાવે કર્મ કરનાર, જે કાંઇ કરે તે બ્રહ્મને જ અર્પણ કરનાર, બ્રહ્મજ્ઞાન પરાયણ બ્રહ્મનિષ્ઠ ગૃહસ્થ પણ સાધના કરી શકે. સ્ત્રીને પણ આ સાધનામાં નિષેધ નથી. જો અવધૂત શિવ હોય તો અવધૂતી શિવા છે. મહાનિર્વાણતન્ત્રના આઠમાં ઉલ્લાસમાં તથા મુણ્ડમાલાતંત્રના બીજા પટલમાં આની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

તન્ત્રમાંનો तत् શબ્દ બ્રહ્મપદવાચ્ય છે. એ तन् ધાતુની સાથે કર્તૃવાચ્ય ક્વિમ્ પ્રત્યયને જોડવાથી સિધ્દ થાય છે. तन् ધાતુનો અર્થ વિસ્તારવું એવો થાય છે. જે દેશ કાળને વ્યાપીને રહે તે तत् ને આ તત્નો ભાવ તે તત્ત્વ. તન્ત્રે કલ્પેલાં છત્રીસ તત્ત્વો તે આ तत् ના જ અસાધારણ ધર્મો છે.[૧૯]

---

૧૯: જુઓ ભોજદેવકૃત તત્વપ્રકાશની ટીકામાં શ્રીકુમારે એમના ગુરુ ઇશાન શિવના ટાંકેલા આ શ્લોક:

ततत्वात् सन्ततत्वाच्च तत्त्वानीति ततो विदुः ।
सतत्त्वं देशतो व्याप्तिः सन्ततत्वं च कालतः ॥
लक्षाविद्योजनव्यापि तत्त्वमाप्रलयात् स्थितम् ।
अन्यथा स्तम्भकुम्भादिष्वपि तत्त्वं प्रसज्यते ॥

[કુ[illegible] ભટ્ટાચાર્યકૃત 'તન્ત્રપરિચય'માં પૃ ૭૦ પર ટાંક્યું]

આ છત્રીસ તત્વો નીચે મુજબ છે: :૧: શિવ, :૨: શક્તિ :૩: સદાશિવ, :૪: ઇશ્વર :૫: વિદ્યા, :૬: માયા :૭: અવિદ્યા, :૮: કલા, :૯: રાગ, :૧૦: કાલ, :૧૧: નિયતિ, :૧૨: જીવ, :૧૩: પ્રકૃતિ :૧૪: મન :૧૫: બુદ્ધિ, :૧૬: અહંકાર :૧૭: શ્રોત્ર, :૧૮: ત્વક્ :૧૯: ચક્ષુ :૨૦: જિહ્વા, :૨૧: ઘ્રાણ, :૨૨: વાક્, :૨૩: પાણિ, :૨૪: પાદ, :૨: વાયુ :૨૬: ઉપસ્થ, :૨૭: શબ્દ :૨૮: સ્પર્શ :૨૯: રૂપ, :૩૦: રસ, :૩૧: ગન્ધ :૩૨: આકાશ :૩૩: વાયુ :૩૪: તેજ :૩૫: જલ, :૩૬: પૃથિવી.

આ પૈકીનું શિવ તત્ત્વ તે ઇચ્છાશક્તિ રૂપ ઉપાધિવિશિષ્ટ પરમ શિવ. એને એકમાંથી અનેક થવાની ઇચ્છા થાય ત્યારે જ સૃષ્ટિનો આરંભ થાય. પરમ શિવ નિર્ગુણ છે, પણ સૃષ્ટિની સર્જનની ઇચ્છા થવાથી એ સગુણ બને છે. પરમ શિવ અને શિવ આ બંને સંજ્ઞાઓ તન્ત્રમાં સગુણ અને નિર્ગુણ બ્રહ્મ માટે પ્રયોજાય છે. શક્તિ જ્યારે નિષ્ક્રિય બનીને શિવમાં લીન થઇ ગઇ હોય ત્યારે એ નિર્ગુણ કહેવાય. તન્ત્રને મતે કશું જડનથી. આથી તત્ત્વત: બધું જ શિવરૂપ છે. વસ્તુને પ્રકટ કરનાર અને વસ્તુના પ્રકાશ વચ્ચે ×કશો ભેદ નથી. આ પ્રકાશમય પરમ શિવને કશું પ્રમાણ પરિમિત કરી શકે. પ્રમેયો આ પ્રકાશમય શિવને નહીં.! વિભક્ત કરી શકે નહીં. આ અન્યાનપેક્ષી પરમ શિવ દેશ, કાલ વગેરેથી સીમિત નથી. એ સર્વવ્યાપક અને નિત્ય છે. પણ કાળથી એનો નિર્દેશ કરી શકાય નહીં.

આ શિવ તત્ત્વને અભિનવગુપ્તે તન્ત્રાલોક (૧, ૬૩) માં છ ભાવે જોયું છે. ભોગના આધાર ભુવનરૂપે, જ્ઞાનની વસ્તુમાત્રના દેહરૂપે, જ્યોતિરૂપે, આકાશાદિરૂપે, નાદરૂપે, શબ્દરૂપે, અને મન્ત્રાત્મક શબ્દરૂપે, આ પૈકીના જે ભાવે સાધક એની સાધના કરે તે સ્વરૂપે એને પામે. જેમ પાણી કે દર્પણમાં પ્રતિબિમ્બિત થતી વસ્તુ પાણી કે દર્પણથી જુદી હોવા છતાં પ્રતિબિમ્બ પડતું હોય છે ત્યારે એ વસ્તુની પાણી વગેરેથી અભિન્ન એવી જ પ્રતીતિ થાય છે, તે જ રીતે પ્રકાશમય પરમ શિવ પણ સમસ્ત વિશ્વને, એટલે કે પોતાની શક્તિને પોતાના સ્વરૂપથી અભિન્નરૂપે ક્રોડીકૃતભાવે પ્રકટ કરે છે. આથી એ વિશ્વમય છતાં વિશ્વોત્તિર્ણ છે.

પરમ શિવના વિભુ, નિત્ય, વિશ્વાકૃતિ, વિશ્વોત્તીર્ણ વગેરે વિશેષણો ભલે હોય, તેથી એના સ્વરૂપને કશી હાનિ થતી નથી. એ બધાં એના એકમાત્ર ધર્મ પ્રકાશમયત્વમાં આખરે શમી જાય છે. આ પ્રકાશમયત્વને કાલિકાદિતન્ત્રમાં "અહંપ્રત્યવમર્શ" એવી સંજ્ઞાથી ઓળખાવાયું છે. આ સ્વાભાવિકી શક્તિને પ્રતાપે જ શિવ સૃષ્ટિ, સ્થિતિ

સંહારમાં પ્રવૃત થઇ શકે છે.[૨૦] અહીં શક્તિ અને શક્તિમાન વચ્ચે કશો ભેદ નથી, અદ્વૈત જ છે. એક શક્તિનાં અનેક રૂપ હોઇ શકે, પણ તેથી દ્વૈતની કલ્પના ન કરવી જોઇએ, કારણ કે, ~~પણ તેથી~~ અભિનવગુપ્ત કહે છે તેમ, એકજ અગ્નિમાં બાળવાની, : (અનાજને) પકવવાની અને પ્રકાશ આપવાની શક્તિ એકી સાથે હોય છે. એટલે જેમ શક્તિ અને શક્તિમાન વચ્ચે ભેદ નથી તેમ શક્તિ શક્તિ વચ્ચે પણ વાસ્તવમાં ભેદ નથી. આ શક્તિને વિમર્શ શક્તિ પણ કહે છે. આ શક્તિ શિવનો ધર્મ છે.[૨૧] બ્રહ્મ અને બ્રહ્મમાંથી જ થયેલા જગતમાં કશો ભેદ જોવાનો નથી.[૨૨] આ શક્તિનાં મુખ્ય ત્રણ સ્વરૂપો છે. જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા. આ પૈકી મહાસરસ્વતીનું રૂપ તે જ્ઞાનશક્તિ, મહાકાલીનું રૂપ તે ઇચ્છાશક્તિ, મહાલક્ષ્મીનું રૂપ તે ક્રિયાશક્તિ. આ ત્રણમાં કશો ભેદ નથી. તન્ત્રમાં શક્તિનું મહત્ત્વ ઘણું છે. આખું વિશ્વ જ શક્તિરૂપ છે. આચાર્ય ભાસ્કરે દેવીભાગવતમાંનો આ શ્લોક સૌભાગ્યભાસ્કરમાં ટાંકીને એ જ વાતનું સમર્થન કર્યું છે:

रुद्रहीनं विष्णुहीनं न वदन्ति जनास्तथा ।
शक्तिहीनं यथा सर्वे प्रवदन्ति नराधमम् ॥

આપણે કોઇ નમાલા માણસને રુદ્રહીન કે વિષ્ણુહીન કહેતા નથી, પણ શક્તિહીન જ

---

૨૦: अन्तर्जिकी स्फुरत्ता विमर्शरूपास्य वर्तते शक्तिः ।
तद्योगादेव शिवो जगदुत्पादयति पाति संहरति ॥

વરિવસ્યા રહસ્ય.૪

એ જ અર્થની તન્ત્રાલોકમાં અભિનવગુપ્તની ઉક્તિ:

૨૧: स्वात्मन्येव चिदाकाशे विश्वमस्यवभासयन् ।
स्रष्टा विश्वात्मक इति - - - - ॥

૨૧: સરખાવો:
परास्य शक्तिर्विविधैव श्रूयते ।
स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥

:શ્વેતાશ્વતરોપનિષદ્ ૬.૬-૮

૨૨: ब्रह्मणि जगतो जगति च विश्वाऽभेदस्तु सम्प्रदायार्थः ।

વરિવસ્યારહસ્ય. ૮૧.

કહીએ છીએ તે અત્યન્ત સૂચક છે. આ શક્તિને જ આદ્યા શક્તિ કે મહામાયા કહે છે. પણ વેદાન્ત દર્શનની માયા સાથે એને એકરૂપ ગણવાની નથી, કારણ કે પેલી માયા તો જડ વસ્તુ છે. જ્યારે આ મહામાયા નિત્યચૈતન્યરૂપ છે. સંસારના બન્ધને બાંધનાર આ જ શક્તિ, પણ બન્ધનમાંથી મુક્ત કરનાર પણ એ જ શક્તિ; ને આગળ કહ્યું છે તેમ, તાન્ત્રિકની દષ્ટિએ બધું જ ચેતનરૂપ છે, આથી એ ચિતશક્તિને જ આરાધે છે:

चितिरूपेण या कृत्स्नमेतद् व्याप्य स्थिता जगत्
नमस्तस्यै नमस्तस्यै नमो नमः ।

શિવ સ્વતંત્ર નથી, શક્તિ વિનાના શિવ કર્તૃત્વાદિધર્મશૂન્ય છે, માટે તન્ત્રમાં મહાશક્તિની ઉપાસના બધાજ સાધકોને માટે અનિવાર્ય છે. વળી શિવ અને શક્તિનો સંબંધ નિત્ય છે. શક્તિ વિષયક જ્ઞાન દ્વારા જ સાધક શિવવિષયક જ્ઞાન ઉપલબ્ધ કરી શકે. આમ બે વચ્ચેએ સંબંધ ઉપાયોપેયનો છે. નાદ, બિન્દુ વગેરે આ શક્તિનાં જ રૂપ છે.

પરમ શિવ/તો અનન્ત અને અનાદિ છે, એટલે તેની ઉપાસના તો થાય નહીં. સ્વપ્રકાશ્ય સંવિત્ જ ઉપાસકોના દેવતારૂપે સ્ફુરિત થાય છે. એની ઉપાસનાનુ પરમ લક્ષ્ય તે ~~શિવનુપ્રાપ્તિ~~ શિવત્વપ્રાપ્તિ. પરમ શિવની સ્વાતંત્ર્ય શક્તિને "પરા પ્રતિભા" પણ કહે છે. આ વૈવિધ્યમય વિશ્વ જેમાંથી ઉદ્ભવીને અસ્ત પામે છે, તેને તન્ત્રની પરિભાષામાં "કુલ" કહે છે. આ "કુલ" શક્તિનો જ સ્ફુરણ વિશેષ છે. કુલ વિના પણ જેની સત્તા ઉપલબ્ધ થાય તે અકુલ એટલે કે શિવ. આ શિવ સદા કૌલિકી પરા શક્તિથી યુક્ત હોય છે. [૨૩]
કરે છે. એ બેનો સંબંધ અવિનાભાવી છે. સંઘટ્ટ
અકુલ અને કૌલિકી શક્તિના યામલ રૂપને તન્ત્રની પરિભાષામાં "સંઘટ્ટ" એટલે સમ્યક્ ઘટ્ટન એટલે કે સ્પન્દ અથવા સંચાર. એને આનન્દશક્તિ પણ કહે છે. આ કારણથી અભિનવગુપ્તના સિધ્ધાન્તને સ્પન્દવાદ પણ કહે છે.

---

૨૩: अकुलं शिव इत्युक्तं कुलं शक्तिः प्रकीर्तिता ।
कुलाकुलानुसन्धाने निपुणाः कौलिकाः प्रिये ॥

કૃપાર્ણવતન્ત્ર.

તન્ત્રમાં જ્ઞાન જ્ઞાન વચ્ચે પણ વિવેક કર્યો છે. જે જ્ઞાન શુભ-અશુભ કર્મોના ફળથી આસક્તિ ઉત્પન્ન કરીને મુક્તિમાં અન્તરાયરૂપ બને છે તેને ઘોરજ્ઞાન કહ્યું છે. જ્ઞેય વસ્તુના અલ્પત્વથી કે અધિકતાથી જ્ઞાનશક્તિ પણ સંકોચ કે પ્રસાર પામે છે. સગુણની ઉપાસના કેવળ ચિત્તશુદ્ધિ અર્થે જ કરવાની હોય છે. કારણ કે એ રીતે શુદ્ધ થયેલું ચિત્ત જ નિર્ગુણ શિવવિષયક જ્ઞાનનું સાચું અધિકારી બની રહે છે. વેદાન્તમાંના બ્રહ્મની જોડે શક્તિ અને શક્તિમાનના અહૈત સ્વરૂપની આચાર્ય ભાસ્કર રાયે વરિવસ્યારહસ્યમાં સરખામણી પણ કરી છે:

अहंकारौ शिवशक्ती शून्याकारौ परस्पराश्लिष्टौ ।
स्फुरण प्रकाशरूपावुपनिषदुक्तं परं ब्रह्म ॥

જગતને પોતાથી અભિન્ન માનમાર તે સદાશિવ, જગતને પોતાથી ભિન્ન માને તે ઇશ્વર. એનાં ત્રણ રૂપ: બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર. "હું સૃષ્ટિથી ભિન્ન છું. એવો ભાવ થાય ત્યારે જ સર્જન, પાલન, અને લયની ત્રણ ક્રિયાને અવકાશ રહે. "હું જ આ સમગ્ર જગત છું" એ સ્વરૂપનું, અહંતા અને ઇદન્તાની અભિન્નતાનું સદાશિવનુંજ્ઞાન તે વિદ્યા. આ વિદ્યાને શુદ્ધ વિદ્યા પણ કહે છે. આ જ ઉપનિષદોની બ્રહ્મવિદ્યા. "આ જગત મારાથી ભિન્ન છે, એ સ્વરૂપનું ઇશ્વરનું જ્ઞાન તે માયા. એ ઇશ્વરની શક્તિ આગળ કહેલી વિદ્યાને આવરણ રૂપ તે અવિદ્યા. એના વડે જીવનો શિવભાવ અને સર્વજ્ઞતા આચ્છાદિત થાય. શિવની વ્યાપક શક્તિ સંકુચિત બનીને જીવમાં રહે ત્યારે તે કલા કહેવાય. નિત્યતૃપ્ત એવા શિવની આ સંકુચિત તૃપ્તિને રાગ કહેવાય. બધી અનિત્ય વસ્તુનું "કલન" થાય છે. એ ધ્વંસ કરનાર તત્ત્વને "કાલ" કહે છે, પણ શિવ તો અનાદિ અને અનન્ત હોવાથી એનો ધ્વંસ સંભવે નહીં, પણ જગતના પદાર્થોમાં છ જાતના ફેરફાર થાય છે: अस्ति, जायते, वर्धते, विपरिणमते, अपक्षीयते, विनश्यति.

આમ અવસ્થાન, ઉત્પત્તિ, વૃદ્ધિ, અવસ્થાન્તર પ્રાપ્તિ, ક્ષય અને ધ્વંસ આ છ
કરે છે. જીવનું શિવત્વ આ ષડ્ભાવ વિકારથી
પ્રકારના વિકારને તન્ત્રમાં ષડ્ભાવ-વિકાર સંકુચિત થાય ત્યારે એને "કાલ" કહેવાય. આ ષડ્ભાવ-વિકારમાંથી કાંઇ પણ છટકી શકે નહીં એમ તન્ત્ર માને છે. આથી શૈવ કે શાક્ત દર્શન પરિણામવાદી કહેવાય છે. શિવ સ્વતંત્ર છે, પણ અવિદ્યાને કારણે એ સ્વાધીનતા સંકોચ પામે છે. "આ પ્રકારનું કાર્ય કરવાથી આ ફળ મળશે" એવા નિયમનું સ્વરૂપ લે ત્યારે તેને "નિયતિ" કહેવામાં આવે છે. એને અદૃષ્ટ કે ભાગ્ય પણ કહેવામાં આવે છે. અસર્વજ્ઞ શિવ તે જ જીવ કે પુરુષ. આ જીવભાવ જ શરીરધારણ અને

અને મરણનો હેતુ છે. અગ્નિથી જે રીતે અસંખ્ય સ્ફુલિંગ ઉદ્‌ભવે છે, પણ એ બધા અગ્નિથી ભિન્ન હોતા નથી તેમ જીવની ઉત્પત્તિ શિવમાંથી થાય છે. ને જીવ અને શિવ અભિન્ન જ હોય છે. જીવ પરબ્રહ્મના અંશરૂપ જ છે. ષટ્‌ચક્રભેદની સાધનાની દષ્ટિએ જોઇએ તો પરમ શિવનું સ્થાન સહસ્ત્રારચક્રમાં છે, હૃદયને સ્થાને જીવ અને મૂલાધારચક્રમાં કુણ્ડલિની શક્તિ છે. જીવ પરમ શિવમાંથી ચૈતન્ય અને કુણ્ડલિનીમાંથી શક્તિ પ્રાપ્ત કરે છે. શિવ સ્વેચ્છાએ પોતાની માયા શક્તિથી પોતાના પૂર્ણ સ્વાતન્ત્ર્યને આચ્છાદિત કરે ત્યારે એ પરિમિત સ્વાતન્ત્ર્યજ્ઞાનને "આણવમલ" ની સંજ્ઞાથી ઓળખાય છે. આ આણવમલ તે જ અવિદ્યા. અને આને પરિણામે જીવ અને શિવમાં ભેદબુધ્ધિ જન્મે, એ ભેદબુધ્ધિને "માયિકમલ" કહે છે. આ માયિકમલને કારણે જીવ શુભાશુભ કર્મમાં પ્રવૃત્ત થઇને જન્મમરણ સુખદુઃખ વગેરે ભોગવે. એની પારિભાષિક સંજ્ઞા "કાર્મમલ" છે. આથી શરીર એટલે આણવ, માયિક, અને કાર્ય એમ ત્રિવિધ મલ. પ્રકૃતિ એટલે ચિત્ત, સત્વ, રજસ અને તમસ - આ ત્રણ ગુણોની સામ્યાવસ્થાનું નામ પ્રકૃતિ. એ બુધ્ધિ વગેરેનું મૂળ કારણ હોવાથી એને મૂલ પ્રકૃતિ પણ કહે છે. સત્વાદિ ગુણો અને બુધ્ધિ વગેરે તત્વો એમાં સૂક્ષ્મરૂપે અનભિવ્યક્ત થઇને રહ્યાં હોય છે. માટે એને "અવ્યક્ત" પણ કહે છે. રજોગુણપ્રધાન અન્તઃકરણને "મન" એવી સંજ્ઞાથી ઓળખાય છે. આ મનમાંથી જ બધા સંકલ્પો ઉદ્‌ભવે છે. સત્વગુણપ્રધાન અંતઃકરણને "બુધ્ધિ કહે છે. એ નિશ્ચયાત્મક જ્ઞાનનું ઉદ્‌ભવસ્થાન છે. તમોગુણ પ્રધાન અંતઃકરણને અહંકાર કહે છે. અહંકારમાંથી જ ભેદજ્ઞાન ઉદ્‌ભવે છે. શબ્દગ્રાહક ઇન્દ્રિયશ્રોત્ર, સ્પર્શગ્રાહક ઇન્દ્રિય ત્વક્, રૂપગ્રાહક ઇન્દ્રિય ચક્ષુ, રસગ્રાહક ઇન્દ્રિય જિહ્વા અને ગન્ધગ્રાહક ઇન્દ્રિય ઘ્રાણ. આ પાંચ જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. વાણીના ઉચ્ચારણનું પ્રધાન કારણ તે વાક્, ગ્રહણ અને ત્યાગ કરવાનું સાધન તે પાણિ, ચાલવા ફરવાનું સાધન, તે પાદ, મલત્યાગનું સાધન તે પાયુ, અને પ્રજનનાનન્દનું સાધન તે ઉપસ્થ. આ પાંચ કર્મેન્દ્રિયો કહેવાય. શબ્દતત્વ તે આકાશતન્માત્ર એ શ્રવણેન્દ્રિયનો વિષય, સ્પર્શતત્વ તે વાયુતન્માત્ર, એ ત્વાગન્દ્રિયનો વિષય; રૂપતત્ત્વ તે તેજસ્તન્માત્ર, એ ચક્ષુરિન્દ્રિયનો વિષય, રસતત્ત્વ તે જલતન્માત્ર, એ રસનેન્દ્રિયનો વિષય, ગન્ધતત્ત્વ તે પૃથ્વીતન્માત્ર, એ ઘ્રાણેન્દ્રિયનો વિષય. આને પંચ તન્માત્ર, સૂક્ષ્મભૂત કે વિષય કહેવાય. અવકાશમય આકાશ તત્ત્વ, ગતિ અને જીવનશક્તિ વિશિષ્ટ

વાયુતત્ત્વ, દાહક અને પાચક શક્તિવિશિષ્ટ તેજસ્તત્વ, દ્રવત્વવિશિષ્ટ જલતત્ત્વ, અને કાઠિન્ય તથા આધારશક્તિ વિશિષ્ટ પૃથ્વી તત્ત્વ–આ પાંચ તત્ત્વો તે પંચમહાભૂત કહેવાય. તન્ત્રની દષ્ટિએ આ છત્રીસ તત્ત્વોનો પરિચય થયો. સ્કન્દપુરાણમાં પણ છત્રીસ તત્ત્વોનો નિર્દેશ છે.[24] સાંખ્ય દર્શનમાં ચોવીસ તત્ત્વોની વાત છે. તન્ત્રમાંનાં વધારાનાં બાર તત્ત્વોને વધુ સૂક્ષ્મગણીને સાંખ્યમાં છોડી દીધાં હશે એવું સુખમય ભટ્ટાચાર્યનું અનુમાન છે.[25]

આ છત્રીસ તત્ત્વોને કેટલાક તન્ત્રોમાં આત્મતત્ત્વ, વિદ્યાતત્ત્વ અને શિવતત્ત્વ એમ ત્રણ વિભાગમાં વહેંચી નાંખ્યાં છે. પૃથ્વીથી તે માયા સુધીના એકત્રીશ તત્ત્વોમાં સત્ અંશ પ્રકટ થાય છે, પણ ચિત અને આનન્દ અંશ આવૃત છે. આથી આ એકત્રીસ તત્વને આત્મતત્ત્વ કહે છે. શુદ્ધ વિદ્યા, ઇશ્વર અને સદાશિવમાં "સત" અને "ચિત" અંશ પ્રકટ છે, પણ "આનન્દ" અંશ આવૃત છે, માટે એને વિદ્યાતત્વ કહે છે. શક્તિ અને શિવમાં સત ચિત અને આનન્દ ત્રણે અંશ પ્રકટ થાય છે. માટે આ તત્ત્વોને શિવતત્વ કહે છે. આ છત્રીસ તત્ત્વોની સમષ્ટિને "તુરીયતત્વ" કહે છે. આ સિવાયના આ તત્ત્વો વિશેના બીજાં પણ દષ્ટિબિન્દુઓ તન્ત્રમાં જોવા મળે છે. પણ એ અધિકાર ભેદે ઉપદેશભેદ હશે એમ જ માનવું રહ્યું. આગળ કહ્યું તેમ તન્ત્રો પરિણામવાદી છે. વરિવસ્યારહસ્યપ્રકાશમાં સ્પષ્ટ જ કહ્યુ છે : इदं सृष्टिः परब्रह्मपरिणामः । આપણે એ પણ જોઇ ગયા કે તન્ત્રમાં શક્તિ અને શક્તિમાન વચ્ચે ભેદ જોવાયો નથી, તેમ જ વસ્તુના ઉપાદાન કારણ અને કાર્યવસ્તુ વચ્ચે પણ આત્યન્તિક અભેદ જ તન્ત્રે સ્વીકાર્યો છે. શિવશક્તિની લીલારૂપે આ વિશ્વનો આવિર્ભાવ થાય છે. આ વિસ્તારને ભાસ્કર રાય ચાર ભાગોમાં વહેંચી નાંખે છે. અર્થમય, શબ્દમય, ચક્રમય અને દેહમય. રેશમના કીડાની જેમ શિવશક્તિ પણ જગતના નિર્માણમાં નિમિત્ત અને ઉપાદાન કારણ બની રહે છે. વિશ્વના સર્જનની ઇચ્છા કરે ત્યારે નિમિત્ત કારણ અને તત્વરૂપે પરિણત થઇને આ ચરાચર સૃષ્ટિ રચે ત્યારે ઉપાદાન કારણ.

---

24: षट्त्रिंशत्तत्त्वप्रासादमूर्ध्निस्थिताय नमो नमः ।

25: જુઓ સુખમય ભટ્ટાચાર્યકૃત "તન્ત્રપરિચય" પૃ. ૮૬:

શિવ અને શક્તિ એકબીજામાં અભિન્નભાવે અનુસ્યૂત થઇને રહ્યાં હોય એ સ્થિતિને તન્ત્રની પરિભાષામાં "સમરસ" અવસ્થા કહે છે. આ સામરસ્ય સમ્બન્ધે શક્તિ વિશિષ્ટ શિવ તે જ પરબ્રહ્મ.

તાન્ત્રિકો જગતને આનન્દરૂપ માને છે, દુઃખના હેતુરૂપ નહીં. વળી "સૌભાગ્ય ભાસ્કર"માં ભાસ્કર રાયે બ્રહ્મને સગુણ અને નિર્ગુણ એમ બે પ્રકારનું કહીને વર્ણવ્યું છે. સગુણ બ્રહ્માને અપર બ્રહ્મ પણ કહે છે. શિવશક્તિ પોતેજ નિમિત્ત અને ઉપાદાન કારણ છે. તેને મળતો નિર્દેશ તૈત્તિરીયોપનિષદ્‌માં પણ છે:

सोऽकामयत बहु स्याम् प्रजायेय। ૬/૨

વળી તન્ત્ર સત્કાર્યવાદને સ્વીકારે છે.

હવે તન્ત્રોની દૃષ્ટિએ મુક્તિનું સ્વરૂપ તપાસીએ. શિવના પ્રત્યક્ષ અનુભવરૂપ જ્ઞાનથી મુક્તિ પામી શકાય. શિવ અને જીવ વચ્ચેનું જે ભેદજ્ઞાન છે તેને દૂર કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય. ગુરુએ ઉપદેશેલી સાધનાને માર્ગે જતાં જતાં સાધક ચરમ અવસ્થાને પહોંચીને અદ્વૈત-બુદ્ધિને પામે.

આથી મોક્ષની વાત કરતાં કૌલોપનિષદ્‌માં કહ્યું છેઃ

मोक्षः सर्वात्मतासिद्धिः। કૌલોપનિષ ૬-૪.

सर्वैक्यताबुद्धिरन्ते । " ૨૪.

તન્ત્રમાં ભક્તિના બે પ્રકાર બતાવાયા છે: ગૌણી અને મુખ્યા. સગુણ શિવનાં પૂજાઅર્ચન, નામકીર્તન તે ગૌણીભક્તિ; એમાંથી અનુરાગ-વિશેષ નો ઉદ્‌ભવ થાય તેનું નામ પરા ભક્તિ- પણ એ આ બંને પ્રકારનું અવલમ્બન સગુણ બ્રહ્મ. આ ભક્તિ પણ ચિત્તશુદ્ધિના સાધન તરીકે જોવાઇ છે. પણ પોતાના સાચા સ્વરૂપ વિશેનું જ્ઞાન તે જ પરમ પુરુષાર્થ એટલે કે મુક્તિ કહેવાય. એમ પરશુરામ કલ્પસૂત્રમાં કહ્યું છે: आत्मलाभान्नपरं स्वविमर्शः पुरुषार्थः। (૧-૬) એ ગ્રન્થમાં જ વળી કહ્યુ છે:

दिव्यते (પરશુરામ કલ્પસૂત્ર ૧-૨૮) મહાનિર્વાણતન્ત્રમાં મુક્તિને વિશે આમ કહ્યું છે:

ज्ञानं ज्ञेयं तथा ज्ञाता त्रितयं भाति मायया।
विचार्यमाणे त्रितये आत्मैवेकोऽवशिष्यते ॥
ज्ञानमात्मैव चिद्रूपो ज्ञेयमात्मैव चिन्मयः।
विज्ञाता स्वयमेवात्मा यो जानाति स तत्त्ववित् ॥
एतत्ते कथितं ज्ञानं साक्षान्निर्वाणकारणम्

નિર્ગુણ બ્રહ્મત્વ કે પરમ શિવત્વને સિદ્ધ કરવું તે જ "નિર્વાણ" શબ્દનો આગમસમ્મત અર્થ છે. ઉપાસ્ય સગુણ બ્રહ્મ હોય તો નિર્વાણ ન પ્રાપ્ત થાય. અભિનવગુપ્તે પણ કહ્યું છે કે ભાવવસ્તુ અને અભાવવસ્તુને બાદ કરીને માત્ર પરમ પ્રકાશરૂપ શિવમાં જ્ઞાનને નિશ્ચલ કરીએ તો જ પરમ શિવને જાણી શકાય. એટલે કે બધા પદાર્થને શિવમય બનાવી દઈએ તો આત્મજ્ઞાન થાય. આ જ્ઞાન પામવાને માટે સાધના કરવી પડે. એ સાધનાથી બધેજ નિર્વાણ પ્રાપ્ત થાય.

તન્ત્રામાં અવળવાણીનો પણ ઉપયોગ થયો છે. દેખીતી રીતે નિષિદ્ધ ગણાતી વસ્તુનું એમાં સેવન કરવાનું કહેવાયું છે. પણ એમાંની અવળવાણી જો સમજીએ તો આખી વસ્તુનો ગૂઢ અર્થ પ્રકટ થાય છે. આ પદ્ધતિનો ઉપયોગ અનધિકારી આગળ યોગ્ય વસ્તુને પ્રકટ ન કરવાના હેતુથી જ થયો હોવો જોઈએ.

આમ આપણે તન્ત્રની દાર્શનિક પાર્શ્વભૂમિ, સાધનાની વિશિષ્ટતા અને એમાં જ્ઞાન, ભક્તિ તથા યોગસાધનાના વિશિષ્ટ સ્થાનની વિસ્તારથી ચર્ચા કરી ને એનો સન્તોની સાધના-પરમ્પરા સાથેનો સંબંધ જોયો.

-----

નાથસમ્પ્રદાયઃ

નાથ-સમ્પ્રદાયના પ્રવર્તક આદિનાથ એટલે શિવને ગણવામાં આવે છે, પણ ગોરખનાથ આ સાધના-પરમ્પરાના અગ્રગણ્ય પુરુષ છે એ સર્વ-સ્વીકૃત હકીકત છે. બૌધ્ધ ગ્રન્થો અને જૈન શ્રુતિઓને આધારે એમનો સમય ઇ.સ. ૭૫૦ નો આજુબાજુનો લેખવામાં આવે છે. જ્યારે બીજા એક મત મુજબ ગોરખનાથ સન્ત જ્ઞાનેશ્વર {:૧૨૭૫-૧૨૯૬} ના સમકાલીન ગણાય છે. ગોરખનાથ પોતે પોતાને "આદિનાથ નાતી મછેન્દરનાથ પૂતા" કહીને ઓળખાવે છે. બૌધ્ધ-પરમ્પરા અનુસાર મીનપા ગોરખનાથના ગુરુ ગણાય છે. આ મીનપા એટલે જ મત્સ્યેન્દ્રનાથ.

આગળ બૌધ્ધ દોહાસાહિત્યની ચર્ચા કરતી વેળાએ આપણે સિધ્ધોની વાત કરી. આ સિધ્ધો સાથે નાથ-સમ્પ્રદાય અત્યન્ત નિકટ સંબંધે સંકળાયેલો છે, એટલું જ નહીં પણ આ સમ્પ્રદાય સિધ્ધ મત [ગોરખસિધ્ધાન્તસંગ્રહ પૃ. ૫૮] તથા સિધ્ધ-માર્ગ[યોગ બીજ]તરીકે ઓળખાયો પણ છે. નાથ જ સાચો સિધ્ધ છે માટે એને સિધ્ધમત કહેવામા આવે છે. નિર્ગુણ સાધકોની પરમ્પરા પૈકીના દાદૂ વગેરેએ નાથપંથી યોગીઓને, અને તેમાં ય ખાસ કરીને આદિનાથ, મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ તથા ચોર્યાસી સિધ્ધોને તથા કાણેરી, ચૌરંગી, હાડિફાને પોતાના મતના આચાર્ય તરીકે સ્વીકાર્યા છે. [૧] આમ તો નાથપન્થને બહુ પુરાણો બતાવવામા આવે છે. સત્યયુગમાં પંજાબમાં પેશાવરમાં, ત્રેતામાં ગોરખપુરમાં, દ્વાપરમાં દ્વારકાથી પણ આગળ હુરભુજમાં અને કલિયુગમાં કાઠિયાવાડની ગોરખમઢીમાં એની પ્રતિષ્ઠા થઇ એવી એક અનુશ્રુતિ છે. ગોરખનાથના શિષ્ય ધર્મનાથ પેશાવરથી કચ્છ ગયા હતા. પ્રબન્ધચિન્તામણિમાં[૨] એક વાત આવે છે તે મુજબ ચૌલુક્ય-રાજ મૂળરાજે મૂલેશ્વર નામનું એક શિવ મંદિર બંધાવ્યું હતું. સોમનાથ રાજાની આરાધનાથી સન્તુષ્ટ થયા ને અણહિલ્લપુરમાં અવતીર્ણ થવાની ઇચ્છા પ્રકટ કરી. આથી મૂળરાજે અણહિલ્લપુરમાં ત્રિપુરુષ પ્રાસાદનામનું મંદિર બંધાવ્યું. એ મંદિરના પ્રબંધક તરીકે રાજાએ કંથડી નામના એક શૈવ સિધ્ધને બોલાવ્યા. આ સિધ્ધ ગોરખનાથના શિષ્ય હતા.

---

૧. જુઓ હજારી પ્રસાદ દ્વિવેદીકૃત. "હિન્દી સાહિત્યકી ભૂમિકા" પૃ. ૩૩

૨. પ્રબન્ધ ચિન્તામણિ. પૃ. ૨૨-૨૩

એવી અનુશ્રુતિ છે. એમાં સિધ્ધનું જે વર્ણન આપ્યું છે. તે નાથપંથના યોગીને બરાબર બંધ બેસતું આવે છે. મૂલરાજ સંવત ૯૯૩{ની :કે એક મત મુજબ ૯૯૪} આષાઢી પૂર્ણિમાએ ગાદી પર આવ્યો હતો. આ રીતે ગોરખનાથ દશમાં સૈકામાં થઇ ગયા એમ કહી શકાય.

બુધ્ધના નિર્વાણ પછી વજ્રયાની ને સહજયાની શાખાઓમાં સ્વેચ્છાચાર ને અનાચાર વધવા લાગ્યો. વજ્રયાને પંચ મકારનો સ્થૂળ અર્થમાં સ્વીકાર કર્યો. નિર્વાણને માટે પ્રજ્ઞાપાર-મિતાનો ઉપભોગ જરૂરી ગણાયો ને પૃથ્વી પરની દરેક સ્ત્રીમાં પ્રજ્ઞા-પારમિતા રહી છે એમ માનવામાં આવ્યું. ઓરિસાના રાજા ઇન્દ્રભૂતિએ અને અનંગવજ્રે એથી આગળ વધીને એમ કહ્યું કે સ્ત્રી જ મુક્તિ આપનાર છે. આવી દુરાચાર અને અનાચારની સ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે ગોરખનાથનો પ્રાદુર્ભાવ થયો. પંડિત રાહુલ સાંકૃત્યાયને ૮૪ વજ્રયાની સિધ્ધોની સૂચી પ્રકટ કરી છે, તેમાં ગોરખનાથના ગુરુ મીનપા એટલે કે મત્સ્યેન્દ્ર નાથનો ઉલ્લેખ છે. એ રીતે ગોરખનાથ વજ્રયાની શાખા જોડે સંકળાયેલા હતા. આ ઉપરાંત આ પન્થનું સાહિત્ય જોતાં એની ઉપર સહજયાની ને વજ્રયાની સિધ્ધોની ઘણી અસર સ્પષ્ટ દેખાઇ આવે છે.

પંચમકારના, સ્થૂળ દૃષ્ટિએ કરાયેલા, સ્વીકારથી જે શિથિલતા પ્રવેશી ગઇ તેને ગોરખનાથે નવો વળાંક આપ્યો. એમણે પોતે તો નવો પંથ સ્થાપવાનો પ્રયત્ન કર્યો નથી. પ્રવર્તમાન સાધનાને શુધ્ધ કરવાનો જ એમનો પ્રયત્ન છે. એમણે હઠયોગની સાધના પર ભાર મૂકયો , પણ એ સાધનાને એમણે એના એ રૂપમાં ન સ્વીકારી, પણ એને સંસ્કારીને સ્વીકારી. હઠયોગમાં ઇશ્વરભાવનો સમાવેશ છે તે ગોરખનાથની સાધનામાં સ્થાન પામતો નથી. હઠયોગમાં યોગી સહસ્ત્રારચક્રમાં પહોંચ્યા પછી પણ, વ્યુત્થાનકાળમાં એની સમાધિ તૂટે ત્યારે એ ભોગવાસનાનો શિકાર બને છે. પણ આ સાધનામાં સહસ્ત્રારથી પણ ઉપર સુરતિકમલની કલ્પના કરી છે. સુરતિ કમલમાં પહોંચ્યા પછી સમાધિ તૂટતી નથી. એને ગગનમણ્ડલ કે કૈલાસ પણ કહે છે. એમના યોગમાં વર્ગભેદ કે જાતિભેદને સ્થાન નથી. હિન્દુમુસલમાનના સમન્વયનો સૂર અહીંથી સૌ પ્રથમ સંભળાતો થાય છે. [3] બાહ્યાચારની જડતા માટે ગોરખનાથે હિન્દુમુસલમાનને એક સરખો ઠપકો આપ્યો છે. વળી એમની સ્ત્રી શિષ્યાઓ પૈકી ગોપીચન્દની માતા મેનાવતીનું નામ તો ઘણું જાણીતું છે. સિધ્ધ અને નાથ સમ્પ્રદાય શ્રુતિને સાધિકા લેખતા નથી. વેદના પણ એમણે બે પ્રકારે ગણ્યા છે:

---

૩: સને ૧૭૨૪ માં શેખ ફેજુલ્લાહ નામના બંગાળી મુસલમાને આ પન્થનો મહત્ત્વનો ગ્રન્થ "ગોરક્ષવિજય" રચ્યો છે.

૧. સ્થૂલ [જેમાં યજ્ઞીયાગનું વિધ્ધાન હોય. યોગીઓને એની સાથે કશી લેવાદેવા નથી. એમ સ્પષ્ટ જ કહ્યું છે] ૨. સૂક્ષ્મ [એને સમસ્ત વેદના મૂળભૂત ૐકાર સાથે સંબંધ છે]. કબીર પણ સ્થૂળ અને સૂક્ષ્મ વેદની વાત કરે છે. નાથપંથીઓ આમ તો અદ્વૈતવાદી જ છે પણ શાંકરમતથી જુદા પડવા માટે પોતાને "દ્વૈતાદ્વૈત-વિલક્ષણ-વાદી કહીને ઓળખાવે છે.[૪] "નાથ" શબ્દનો અર્થ "રાજ્ગુહ્ય" માં આ પ્રમાણે કર્યો છે: "ના" એટલે અનાદિરૂપ અને "થ" એટલે ત્રણે ભુવનનું સ્થાપિત થવું. એટલે નાથ એટલે ત્રણે ભુવનની સ્થિરતાનું કારણ-રૂપ અનાદિ ધર્મ.[૫] આ ઉપરાંત "ના" શબ્દનો અર્થ મોક્ષ આપવામાં દક્ષ એવા નાથ-બ્રહ્મનું જ્ઞાન કરાવવું અને "થ" નો અર્થ અજ્ઞાનના સામર્થ્યને સ્થગિત કરવું એમ શક્તિ-સંગમતંત્રમાં સમજાવ્યું છે.

નાથપન્થીઓનો સૌથી મહત્ત્વનો સિધ્ધાન્ત એ છે કે જે કાંઇ બ્રહ્માણ્ડમાં તે બધું જ પિણ્ડમાં છે.[૬] શિવ પોતે જ પોતાની સિસૃક્ષારૂપ થઇ શક્તિને કારણે જગતના રૂપમાં આવિષ્કૃત થાયા છે. આ બ્રહ્માણ્ડરૂપે આવિષ્કૃત થવાની પ્રક્રિયા દરેક પિણ્ડની પણ પ્રક્રિયા છે. માત્ર સત્ત્વ, રજસ, તમસ અને પ્રાણશક્તિનાં ઓછાવત્તાં-પણાંને કારણે પિણ્ડ પિણ્ડ વચ્ચે ભેદ દેખાય છે. કોઇક પિણ્ડ વધુ વિકસિત હોય છે તો કોઇક પિણ્ડ ઓછો વિકસિત હોય છે એટલું જ. આ પન્થ સાધનાના પર વધુ ભાર મૂકતો હોવાથી ને માનવશરીર એ સાધનાનું મહત્ત્વનું સાધન હોવાથી નાથપન્થમાં શરીરને પ્રધાન પિણ્ડ

---

૪ यदि ब्रह्माद्वैतमस्ति तर्हि द्वैतं कुत आगतम्। यदा मायाकल्पितमिति वदेयुस्तर्हि तान् वदन्तो पश्यामोऽक्रियांश्च कर्म तत् किमिति चेदुच्यते। अद्वैतं तु निष्क्रियादित्वात्यास्ति। यतः कस्यापि वस्तुनो नाशोऽपि शून्याभिन्नं कर्तव्यं इत्यादिनानेकविधिनाऽद्वैतखण्डनं करिष्यामः। महासिद्धैरुक्तं यद् द्वैताद्वैत-विवर्जितं पदं निश्चलं दृश्यते तदेव सम्यगित्यभ्युपगमिष्यामः।
[गो. सि. सं. पृ. १५]

५ नाकारोऽनादिरूपं थकारः स्थाप्यते सदा।
भुवनत्रयमेवैकः श्री गोरक्ष नमोऽस्तु ते॥

६ ब्रह्माण्डवर्ति यत् किञ्चित् तत् पिण्डेऽप्यस्ति सर्वथा।
[सि. सि. सं. ३/२]

લેખવામાં આવે છે. આખા બ્રહ્માણ્ડને નાથપન્થીઓ શરીરમાં સમાયેલું વીગતે વર્ણવે છે.[૭] આ શરીરમાં મુખ્ય કાર્યકર શક્તિ તે કુણ્ડલિની. એ બ્રહ્માણ્ડમાં વ્યાપ્ત મહાકુણ્ડલિની નું પિણ્ડગત સ્વરૂપ જ છે. માનવશરીર પ્રધાન પિણ્ડ છે. પણ નાથપન્થીઓ એને "આદ્ય" પિણ્ડ નથી કહેતા, કારણકે એથી સંખ્યાથી વર્ણન કરવા જેવું થાય છે, ને સંખ્યા ઉપાધિ છે. આમ નાથતત્ત્વ-બ્રહ્મ આવી બધી ઉપાધિથી અતીત અખણ્ડ જ્ઞાનરૂપી નિરંજન છે, શૂન્ય છે[૮]. નાથપંથી યોગીઓ આત્માનો શૂન્યમાં ને શૂન્યનો આત્મામાં લય કરીને નિશ્ચિન્ત બને છે. જાલંધરપાદનું નેપાલમાંથી મળી આવેલું એક અપ્રસિધ્ધ પદ પંડિત રાહુલ સાંકૃત્યાયને પ્રકટ કર્યું છે. એમાં જાલંધરપાદ અક્ષય નિરંજન નિરાલંબ શૂન્યને નમસ્કાર કરે છે, ને બૌધ્ધોની જેમ એક અનિર્વાચ્ય" શૂન્ય" ને ઉપાસ્ય માને છે. પણ એમનું આ "શૂન્ય" તે નિષેધાત્મક શૂન્ય હોય એમ લાગતું નથી. એથી ઉલટું આ "શૂન્ય" તે સરહપાદના વિધેયાત્મિક મહાસુખનામના "સત" આનન્દનું જ પર્યાયવાચી લાગે છે. આ "શૂન્ય" નિષેધાત્મક નથી એ સૂચવવાને જ સહજયાનો અને વજ્રયાનો સાધકોએ "સુખરાજ", "મહાસુખ" વગેરે સંજ્ઞાઓ યોજી હતી. પ્રથમાનન્દ, પરમાનન્દ, વિરમાનન્દ અને સહજાનન્દ પૈકી છેલ્લો સહજાનન્દ તે જ સુખરાજ અને મહાસુખ, તે જ શ્રેષ્ઠ આનન્દ. એ બ્રહ્મની જેમ શબ્દાતીત અને અનુભવૈકગમ્ય છે. એની પ્રાપ્તિની સ્થિતિ સરહપાદ આમ વર્ણવે છે:

ઇન્દિય જત્થ વિલય ગઉ
ણિટ્ઠિઉ આપ સહાવા।
સો હલે સહજન તનુ કુડ
પુચ્છહિ ગુરુ પાવા.

ભગવાન બુધ્ધ પોતે પણ આ સુખરાજનું વર્ણન કરવા જતાં વચનદરિદ્ર થઇ ગયા એવો એનો મહિમા છે. આ સુખરાજ જ સાર છે. એ જ શૂન્યાવસ્થા છે, કારણ કે એનાં આદિ મધ્ય અને અન્ત નથી, એમાં પોતાનું કે પરાયાનું જ્ઞાન રહેતું નથી. એ જન્મ નથી કે મોક્ષ નથી, ભવ નથી કે નિર્વાણ નથી.[૯] જાલંધરપાદ આ સ્થિતિનું

---

૭: જુઓ સિ. સિ. સં. તૃતીયોપદેશ.

૮: જુઓ શિવસંહિતા ૧-૬૮
निखिलोपाधिहीनो वै यदा भवति पुरुषः।
तदा विवक्षतेऽखण्डज्ञानरूपी निरञ्जनः॥

૯: આઇણ અન્ત ણ મજ્ઝ ણઉ, ણઉ ભય ણઉ ણિબ્બાણ।
એહુ સો પરમ મહાસુહ, ણઉ પર ણઉ અપ્પાણ.

વર્ણન કરતાં કહે છેઃ જે આનન્દ, પરમાનન્દ અને વિરમાનન્દની વચ્ચે ઢંકાઇ જતો નથી, જે બધાથી ઊંચે ને પર છે તે મહાસુખ છે. ગોરખબાણીમાં આ શૂન્યનો મહિમા આમ વર્ણવ્યો છેઃ

સુંનિ જ માઇ સુંનિ જ બાપ ।
સુંનિ નિરંજન આપૈ આપ
સુંનિ કૈ પરચૈ ભયા સથીર
નિહચલ જોગી ગહર ગંભીર    ૨૩૧

[ડૉ. બડથ્વાલ સંપાદિત "ગોરખબાની" પૃ. ૭૩]

આ સાધના-પ્રણાલીને તંત્રોના કૌલાચાર સાથે સંબંધ છે, પણ બૌધ્ધોના નૈરાત્મ્ય-ભાવને એમાં સ્વીકાર્યો નથી, એનું લક્ષ્ય તો શિવ છે, તે અખણ્ડ, અવ્દય અને અવિનશ્વર છે. આ કૌલમાર્ગમાં "કુલ" એણે શક્તિ અને "અકુલ" એટલે શિવનું સામરસ્ય સિધ્ધ કરવાનું છે. એને જ કૌલ જ્ઞાન કહે છે. [10] નાથ-સમ્પ્રદાયમાં મત્સ્યેન્દ્રનાથે આ કૌલજ્ઞાનનો પ્રચાર કર્યો એવી પરમ્પરા છે. બ્રહ્મનો વિચાર કર્યા પછી બ્રહ્મશક્તિનો વિચાર કરતાં એના જ્ઞાન અને બુદ્ધિ એવા બે પ્રકાર કહ્યા છે. આ પૈકી જ્ઞાન જ મોક્ષ એટલે કે સર્વાત્મતાસિધ્ધિનું કારણ છે. વાસ્તવમાં જ્ઞાન અજ્ઞાન વચ્ચે પણ ભેદ નથી. પાંચ પ્રકારની ભેદ-બુધ્ધિ [આત્મામાં અનાત્મબુધ્ધિ, અનાત્મામાંય આત્મબુધ્ધિ, જીવોમાં પરસ્પર ભેદબુધ્ધિ, ઉપાસ્ય ઉપાસકમાં ભેદબુધ્ધિ અને પરમબ્રહ્મ અને આત્મામાં ભેદબુધ્ધિ]તે જ અજ્ઞાન. મોક્ષ આ દેહમાં જ છે. ધર્મવિરુધ્ધનું કાર્ય તે કરવા જેવું છે ને ધર્મ વિહિત તે કરવા જેવું નથી. અહીં ધર્મ એટલે ધર્મશાસ્ત્ર, જે કેવળ વિધિનિષેધની વ્યવસ્થા કરે છે. આ વિશ્વશામ્ભવી શક્તિનો આવિષ્કાર છે. આ સાધનાપરમ્પરાના સાધકો વેદને માન્ય રાખતા નથી. શાસ્ત્રજ્ઞાનનું એમને મન કશું મહત્ત્વ નથી. સર્વૈક્યત્વ બુધ્ધિ સિધ્ધ કરવી એ જ મહત્ત્વની વસ્તુ છે. ગુરુ એક જ હોઇ શકે. મન્ત્રસિધ્ધિ પ્રાપ્ત કરતાં પહેલાં વેદાદિનો ત્યાગ કરવાનું સ્પષ્ટ કહ્યું છે. પોતાની ઉપાસના પધ્ધતિને સાધકે પ્રકટ કરવી નહીં. તત્કાલીન સામાજિક પરિસ્થિતિને અનુસરીને સાધકે અંદરથી શક્ત, બહારથી શૈવ અને લોકોમાં વૈષ્ણવ તરીકે રહેવું એવા વ્યવહારુ આચારનો આદેશ આપવામાં આવ્યો છે. તેમ છતાં લોકનિન્દાથી જરાય ડરવું નહીં ને કોઇનું કહ્યું ગણવું નહીં એમ પણ સ્પષ્ટ કહ્યું છે.

---

૧૦: આ માર્ગની સમર્થ ચર્ચા કૌલોપનિષદ્માં મળે છે.

વ્રતાચરણ ન કરવું, નિયમપૂર્વક ન રહેવું તે અધ્યાત્મ. નિયમ એની જડતાને કારણે મોક્ષમાં બાધક નીવડે છે. સંપ્રદાય સ્થાપવો નહીં, ને બધામાં સ્-સમતાબુધ્ધિ રાખવી તો જ મુક્ત થવાય.

નાથપન્થીઓ સત્કાર્યવાદી છે. અવ્યક્ત એવું કાર્ય તે જ કારણ છે; ને એની વ્યક્તાવસ્થા તે કાર્ય છે. એમાં :૧: આરમ્ભ :૨: તરુણ ઉલ્લાસ :૩: યૌવનોલ્લાસ :૪: પ્રૌઢ ઉલ્લાસ :૫: તદ-તોલ્લાસ :૬: ઉન્મની ઉલ્લાસ :૭: અનવસ્થાઉલ્લાસ: — નિર્વિકલ્પક બ્રહ્માનન્દ — એમ સપ્તોલ્લાસની કલ્પના છે. આ સાધનાનો માર્ગ સહજ છે, એવો આ પરમ્પરાના સાધકોનો દાવો છે. વેદાચાર( વૈદિક કર્મકાણ્ડ, યજ્ઞયાગ-પ્રધાન), વૈષ્ણવાચાર (વ્રત, ઉપવાસ, ભજનાસક્તિપ્રધાન), ~~વૈષ્ણવાચાર : વ્રત, ઉપવાસ, ભજનાસક્તિપ્રધાન:~~ શૈવાચાર (યમ નિયમ, ધ્યાનધારણ, સમાધિ, શિવશક્તિની ઉપાસના), દક્ષિણાચાર (ઇષ્ટમંત્રનો જપ), વામાચાર (આત્માને શક્તિના રૂપમાં કલ્પીને થતી સાધના), સિધ્ધાન્તાચાર (~~બધા કરતાં~~ વધુ મનોબુધ્ધિ કરીને પરમ શિવ સાથે અભેદ સિધ્ધ કરવાની સાધના) અને કૌલાચાર-આ પૈકીના પ્રથમ ચાર આચાર તે પશુના આચાર કહ્યા છે, ને છેલ્લો કૌલાચાર શ્રેષ્ઠ આચાર ગણ્યો છે; એમાં સાધક સાધનાની સર્વોચ્ચ કક્ષાએ પહોંચ્યો હોય છે, એમાં કશા નિયમ પાળવાના રહેતા નથી. પછી કાદવમાં કે ચન્દનમાં, પુત્ર કે શત્રુમાં, સ્મશાન કે ઘરમાં, સુવર્ણ કે તૃણમાં લેશમાત્ર ભેદબુધ્ધિ રહેતી નથી. આ સ્થિતિ પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી જ લોકો આ ધર્મ છે, આ શાસ્ત્ર છે, આ તપ છે, આ લોક છે, આ માર્ગ છે, આ દાન છે, આ ફળ છે, આ જ્ઞાન છે, આ જ્ઞેય છે, આ શુધ્ધ છે, આ અશુધ્ધ છે, આ સાધ્ય છે, આ સાધક છે, આ તત્ત્વ છે, આ ધ્યાન છે, એવી બાલબુધ્ધિના વિકલ્પો કે કલ્પના કર્યા કરે છે.[૧૧] એને આ અદ્વૈતજ્ઞાન પ્રાપ્ત થઇ ગયું છે તેને પછી પ્રાણાયામ સમાધિ કે ધ્યાન-ધારણાની કશી જરૂર રહેતી નથી.[૧૨] એ બ્રહ્મા, શિવ રુદ્દ, બુધ્ધ, દેવી વગેરે ઉપાસ્યોથી અભિન્ન બનીને પોતે ધ્યાન અને ધ્યાતા બની જાય છે.[૧૩] પછી એ યજ્ઞ ઉપવાસ, પૂજાઅર્ચના હોય, નિત્યનૈમિત્તિક વિધિ,

---

૧૧: અકુળવીર તંત્ર ૭૮–૮૭

૧૨: અકુળવીર તંત્ર ૧૭–૨૦

૧૩: " ૨૬–૨૮

પિતૃકાર્ય, તીર્થયાત્રા, ધર્મ અધર્મ, સ્નાન, ધ્યાન વગેરેથી પર થઇ જાય છે.[૧૪] આ મચ્છ-દષાદની અકુલસાધનાનો સાર છે. આ માર્ગના સાધકોનો દાવો છે કે એમની સાધનાનો માર્ગ સહજ છે, ને યોગીઓનો મુશ્કેલ છે.

આ પન્થમાં "સમયાચાર" નો ઉલ્લેખ આવે છે. "શ્રીવિદ્યા" ના ઉપાસકોનો આ એક મહત્ત્વનો આચાર છે. આદ્ય શંકરાચાર્ય પણ આ આચારના અનુયાયી હતા એમ કહેવાય છે. સમયમાર્ગમાં અન્તર્યાગનું માહાત્મ્ય છે. આ "સમય" એટલે હૃદયકાશમાં ચક્રની ભાવના કરીને થતું પૂજાવિધાન.[૧૫] સમયાચારના તત્ત્વને ગુરુમુખૈકવેદ્ય ને ગૂઢ લેખ્યું છે. આ આચાર પાળનારને મન્ત્ર કે પુરશ્ચરણ-નો જરૂર નથી, જપ કે બાહ્ય હોમની જરૂર નથી. બાહ્ય પૂજાવિધિની જરૂર નથી. સમયિનાં મન્ત્રસ્ય પુરશ્ચરણં નાસ્તિ। જપો નાસ્તિ। બાહ્ય હોમોઽપિ નાસ્તિ। બાહ્ય પૂજાવિધયો ન સન્ત્યેવ। હૃત્કમલમ્ યાવત્ સર્વમનુષ્ઠેયમ્।[૧૬]

યોગની સિધ્ધિઓનું આકર્ષણ એ પણ એક પ્રલોભન લેખાયું છે, ને એમાંથી સાવધ રહેવાનું કહેવામાં આવ્યું છે, મનુષ્યનું શરીર યોગસિધ્ધિનું ઉત્તમ સાધન છે ખરું, પણ યોગસિધ્ધિનો ઉપયોગ ચમત્કારને માટે કરવાનો નથી. આવું દષ્ટિબિન્દુ તે સમયમાં પ્રવર્તતું હશે ને જુદાજુદા પ્રકારના લોકો મોક્ષને માટે કેવા ફાંફા મારતા હશે તેનો ખ્યાલ "અમરૌધશાસનમ્"[૧૭] નોંધ્યા નિર્દેશ વાંચતા આવે છે: "આ દુનિયાના લોકોની મૂર્ખતાથી આશ્ચર્ય થાય છે. કોઇ શુભાશુભ કર્મના અનુષ્ઠાનથી મોક્ષ ઇચ્છે છે તો કોઇ વેદપાઠથી; કોઇ (બૌધ્ધ) નિરાલંબનને ઘણું મહત્ત્વ આપે છે; તો કોઇ ધ્યાનકલા કરણ વગેરેના પ્રયોગથી ઉત્પન્ન રૂપ-બિન્દુ-નાદ-ચૈતન્ય-પિણ્ડ-આકાશને મોક્ષ કહે છે, તો વળી કોઇક પૂજા પૂજક મદ્યમાંસ સુરતાદિથી થતાં આનન્દને જ મોક્ષ કહે છે; કોઇ મૂળકન્દથી ઉલ્લસિત કુણ્ડલિનીના સંચારને મોક્ષ કહે છે, તો કોઇ સુસમદષ્ટિ-નિપાતને

---

૧૪: અકુળવીરતંત્ર ૪૩-૪૬

૧૫ દહરાકાશાવકાશે ચક્રં વિભાવ્ય તત્ર પૂજાદિકં સમય ઇતિ કથ્યતે ઉચ્યતે।

૧૬: લક્ષ્મીધરકૃત સૌન્દર્યલહરીની ટીકા, શ્લોક ૧૪.

૧૭: અમરૌધશાસનમ્ પૃ. ૮-૯

મોક્ષ કહે છે. [૧૮] પરંન્તુ વાસ્તવમાં આ બધાં મોક્ષરૂપ નથી. હવે મોક્ષ શું તે કહીએ. જ્યારે સહજસમાર્ગ વડે મનને મનથી જ જોવામાં આવતા જે અવસ્થા અનુભવાય છે તે જ વાસ્તવમાં મોક્ષ છે." આ સહજસમાધિ એ મહત્ત્વની વસ્તુ છે. એની મહત્તા આ સાધના-પરમ્પરામાં ખૂબ ગવાઇ છે, ને સન્તોએ પણ સહજસમાધિને મહત્ત્વ આપ્યું છે. યથાસ્થાને એની વિસ્તારથી ચર્ચા કરીશું.

હવે આ સિધ્ધાન્તો અને માન્યતાઓ આ પન્થના સાધકોની અનુભવવાણીમાં જે સ્વરૂપે વર્ણવામાં છે તે જરા જોઇ લઇએ:

આ પરમ્પરાનું સાહિત્ય જોતાં સૌથી પ્રથમ વસ્તુ ધ્યાન ખેંચે છે તે એ કે લોકાભિમુખ થવાને માટે આ પરમ્પરાએ લોકભાષાને અપનાવી છે. આ વલણ પાછળથી સંસ્કૃતના સારા અભ્યાસી રામાનન્દે પણ અખત્યાર કર્યું ને રામાનન્દદ્વારા કબીર દાદૂ વગેરે સન્તોમાં તથા આપણા અખો વગેરે જ્ઞાનમાર્ગી કવિઓમાં પણ એ વલણ અતૂટ ચાલ્યું આવેલું સ્પષ્ટ દેખાય છે. [૧૯]

આ પન્થની સાધનામાં પણ ગુરુનું ઘણું જ મહત્ત્વ છે. ગુરુ તો કરવો જ જોઇએ, કોઇએ નગુરા ન જ રહેવું, કારણ કે ગુરુ વિના જ્ઞાન મળતું નથી. [૨૦] જેની પાસે ઓછું હોય તેણે જેની પાસે અધિક હોય તેને ગુરુપદે સ્થાપી તેની પાસેથી ગ્રહણ કરવું જોઇએ. પણ જ્ઞાન ગ્રહણ કરી લીધા પછી ગુરુનું બન્ધન સ્વીકારવું અનિવાર્ય નથી. જો મનને ગમતું હોય તો એનો સંગ રાખો, નહીં તો એકલાં રહેવું. [૨૧]

---

૧૮ इत्येवंविध भावनाश्रितलक्षणो मोक्षो न भवति। अथ मोक्षपदं कथ्यते - यत्र सहजसमाधिक्रमेण मनसा मनः समालोक्यते स एव मोक्षः। अमरौघशासनम् पृ.९.

૧૯. જુઓ રામાનન્દ: "નવધા બેદ કિતાબ હૈ ઝૂઠે કા બાના"

કબીર: "સંસકિરત હૈ કૂપ જલ, ભાખા બહતા નીર, જબ ચાહો તબ હી ડૂબૈ સીતલ હોય શરીર."

૨૦: ગુરુ કીજૈ ગહિલા નિગુરા ન રહિલા, ગુરુ બિન ગ્યાન ન પાઇલા રે ભાઇલા ગો.બા.૨૮.

૨૧: અધિક તત ને ગુરુ બોલિયે હીંણ તત તે ચેલા ।
મન માંનૈ તો સંગિ રમૌ નહીં તો રમૌ અકેલા ।। ગો.બા.૧૬૧ પૃ. ૫૫.

ગગનમંડલમાં (એટલે કે બ્રહ્મરન્ધ્રમાં) એક ઊંધા મોઢાનો કૂવો છે, ને એમાં અમૃતનો વાસ છે. જે સગુરો છે તે એ અમૃતને ભરી ભરીને પીએ છે, પણ નગુરો તરસ્યો રહી જાય છે.[૨૨] પણ ગુરુ તો આખરે જ્ઞાન મેળવવાને માટેનું સાધન છે. જ્ઞાનના જેવો બીજો ગુરુ નહીં મળે, ચિત્ત જેવો ચેલો નહીં મળે, મનના જેવું મેળ ખાય એવું કશું નહીં મળે, તેથી ગોરખનાથ કહે છે કે હું એકલો ફરું છું.[૨૩] આ ગુરુઓ પણ જુદીજુદી કક્ષાના હોઇ શકે. જે માત્ર કહી જાણે, ને જે માત્ર વેદ પઢી જાણે. તે નીચી કોટિના; પણ જે ઉચ્ચ પ્રકારનું જીવન જીવે એવા,[૨૪] સાચી રહેણીવાળા "રહતા" ગુરુ તે જ સાચા ગુરુ. ખોટા ગુરુઓ ને પાખંડીઓની પણ સારી ટીકા આ પરમ્પરાના સાહિત્યમાં મળે છે; જેનું બોલવાનું શબ્દોમાં જ રહી જાય, રહેણીમાં ન ઊતરે, તેની વાણી પણ થોથી જ રહી જાય; એવા પણ્ડિતના હાથમાં માત્ર પોથી જ રહી જાય.[૨૫] જેને પુરું જ્ઞાન પ્રાપ્ત થયું નથી હોતું તેવા ખણ્ડિત જ્ઞાનીઓ જ વધારે કોલાહલ કરી મૂકે છે. એમને ઉદ્દેશીને એક સિધ્ધે કહ્યું છે: "હે ખણ્ડિત જ્ઞાની, બહારની વાત સારુ આટલો બધો શા માટે ઝૂઝી મરે છે? જે પરમપદ છે તેને ઓળખી લે. તે વિના આ આસન ને પવન (પ્રાણાયામ)નો ઉપદ્રવ કાંઇ લેખે લાગવાનો નથી. તું અમથો જ રાત દિવસ સડયા કરશે, ને આરમ્ભથી આગળ જઇ શકશે નહીં". ૨૬.

---

૨૨: ગગન મંડલ મૈં ઉંધા કૂવા તહાં અમૃત કા બાસા ।
સગુરા હોઇ સુ ભરિ ભરિ પીવે નિગુરા જાઇ પિયાસા ।। સરખાવો મોરાંનું પદ.

૨૩: ગ્યાંન સરીખા ગુરુ ન મિલિયા ચિત્ત સરીખા ચેલા ।
મનસરીખા મેલૂ ન મિલિયા તાથૈં ગોરખ ફિરૈ અકેલા ।। ગો.બા.૧૮૯,પૃ.૬૪

૨૪: કથણી કથૈસો સિષ બોલિયૈ, વેદ પઢૈ સો નાતી,
રહણી રહૈ સો ગુરુ હમારા, હમ રહતા કા સાથી. ગો. બા.

૨૫: કહણિ રહણિ બિન થોથી, પંડિત કે હાથિ રહ ગઇ પોથી.

૨૬: પંડિત ગ્યાંન મરૌ કયા ઝૂઝિ । ઔરૈ લેહુ પરમપદ બૂઝિ ।
આસણ પવન ઉપદવ કરૈં । નિસિદિન આરંભપચિ-પચિ મરૈ ।।
ગો. બા. ૧૩૪, પૃ.૪૭

સાધના વિનાનું શુષ્કજ્ઞાન કશા ખપમાં આવતું નથી, માટે હે પણ્ડિત, જેને તું વાંચે છે તે સારરૂપ જ્ઞાનને જરા આચરી તો જો, તું તારી કરણીથી જ પાર ઉતરી શકીશ. ગોરખનાથજી કહે છે કે હું કેવી રીતે સાક્ષી દઉં કે ઘટઘટમાં દીપક (બ્રહ્મ) પ્રકાશે છે, પણ પશુને તો આંખ જ દેખાતી નથી![27] સાચો યોગી હરકોઇ સાથે વાતમાં નથી ઉતરતો. અવધૂત તો અબોલ જ રહે છે.[28] તીરથે ભમીભમીને મરે તેથી શું?[29] કોઇ ચૌદસનું વ્રત કરે તો કોઇ પૂનમનું કોઇ વાળ તોડી તોડીને મરે પણ તે અરહંતનો પાર કયાંથી પામે?[30] અલ્લાહ એક પણ કુરાનને માનનારાઓએ એ એને બે બનાવી દીધા. શિયા અને સુન્ની ના બે સમ્પ્રદાય થઇ ગયા, એ લોકો અલ્લાહને ઓળખી શકયા નથી. એ નકામાં બાંગ પોકારી પોકારીને મરી ગયા. આ જ રીતે નવ નાથ ને ચોર્યાસી સિદ્ધો આસનધારી થયા પણ તે યોગનો પાર પામ્યા નહીં, વનમાં ભ્રમી ભ્રમીને મર્યા, જે સ્વાંગ સજવામાં પૂરો છે પણ જ્ઞાનમાં ઊણો છે, જેનું પેટ કદી ભરાતું જ નથી, જે દમ્ભ કરવામાં શૂરો છે ને પાખંડ કરીને લોકોને રીઝવે છે, પણ ગોરખનાથ કહે છે કે એને યોગ સિધ્ધ થયો જ નથી.[32] એથી ઉલટું જ્યાં ગોરખ (સાચા જોગી) છે ત્યાં જ્ઞાન છે, ત્યાં દ્વૈતભાવ વિગલિત થઇ જાય છે; ત્યાં કશા વાદને અવકાશ નથી, એને કશી સ્પૃહા હોતી નથી, એ દાવ વિના બોલે છે: (ગો. બા. પૃ. ૬૫) જીવતો જોગી હંમેશાં અમીરસ પીએ છે. અહર્નિશ ને

---

૨૭. પઢિ દેખિ પંડિતા રહિ દેખિ સારં, અપણીં કરણીં ઉતરિબા પારં ।
બદંત ગોરખનાથ કહિ ધૂ સાખી, ઘટિઘટિ દીપક (બલે) પણિ પસુ ન : દૈ
(ષૈષે) આંખી ગો.બા.૫૯ પૃ.૨૧

૨૮: પંડિત જણજણ બાદ ન હોઇ, અણબોલ્યા અવધૂ સોઇ. ગો. બા.પૃ.૧૩૨.

૨૯: તીરથાં ભ્રમિભ્રમિ મૂવા ગો. બા. પૃ.૧૩૨.

૩૦. ચૌદસિયાં નૈ પૂનમિયાં જૈન બ્રતધારી હૂવા,
અરહંત કૌ તિનપાર ન પાયો કેસ લૌંચિલૌંચિ મૂવા ।

૩૧: યેક મુલાંનિમ દોઇ કુરાંનિમ ગ્યારહ ખુરસાણી હૂવા
અલહ કૌ તિન પાર ન પાયૌ બાંગ દેઇ દેઇ મૂવા
નૌ નાથ ને ચૌરાસી સિધા, આસણધારી હુવા ।।
જોગ કૌ તિન પાર ન પાયૌ બન બૈઠાં ભ્રમિ ભ્રમિ મૂવા, ગો.બા.પૃ.૧૩૩

૩૨. સાંગ કા પૂરા ગ્યાન કા ઊરા પેટકા તૂટા, ડિંભ કા સૂરા
બદંત ગોરખ નાથ ન પાયા જોગ । કરિ પાખંડ રિઝાયા લોકા ।।

અખંડિત ધારાએ. એ દષ્ટ પદાર્થોમાં અદષ્ટ પરમાત્માના દર્શન કરવા જોઇએ, તો જ જે અગમ્ય ને અપાર છે તે સિધ્ધ થાય.[33] આ સાચા જોગીનો એકેએક શબ્દ ઠાલો નથી, પણ ખાંડાની તીક્ષ્ણ ધારના જેવો છે, કારણ કે એની કથનીની જેમ એની રહેણી પણ સાચી છે, જે કાગળ પર કે અક્ષરથી લખાઇ નથી તે (પરમાત્માની) ચિઠ્ઠી આ જોગીઓ વાંચી લઇ શકે છે.[34] જે અધૂરો જ્ઞાની હોય છે તે જ વધારે તીખી વાણી બોલે છે, ને એ રીતે સત્ય શબ્દનો ઉચ્છેદ કરે છે, એ ભીતરી તત્ત્વનો ભેદ જાણતો નથી, પોતાના અલમસ્ત શરીરના જોરે કેવળ કરડા શબ્દો જ એ બોલી જાણે છે. (ગો.બા.પૃ.૬૮,૨૦૫) ગુરુએ શિષ્યની યોગ્યતા પ્રમાણેજ જ્ઞાન આપવું, વાસણ જેટલાને લાયક હોય તેટલુંજ અંદર મૂકવું, જો દાબી દાબીને ભરવા જઇએ તો વાસણ ફુટી જાય.[35]

આ સાધનામાં જ્ઞાનને સ્વાનુભવથી સિધ્ધ કરીને સ્વાનુભવની જ કસોટીએ ચઢાવવાનું હોય છે. "નાદનાદ" તો સૌ કોઇ કહે, પણ નાદમાં લીન તો કોઇ વિરલ જ થઇ શકે છે. બ્રહ્મચર્યનું પાલન એક સાધન છે, ને એ એકલું તો માત્ર શિલાના જેવું શુષ્ક છે. જે એને સાધીને સિધ્ધાવસ્થામાં પૂર્ણતામાં લીન થાય છે તેને જ એ ફળ્યું કહેવાય.[36] સાચો દરવેશ તે જ કે જે "દર" એટલે પરમાત્માના ઘરની, બ્રહ્મરન્ધ્ર ની, વાત જાણે છે, ને જે પાંચે પવનને અથવા પ્રાણાયામથી ઇન્દ્રિયોને પ્રત્યાહારની સાધનાથી વિષયોમાંથી પાછી વાળે છે અને દિનરાત સચેત રહે છે.[37] પણ મનને બહુ કચડી નાંખવાનો કે કાયાકલેશ કરવાની જરૂર નથી. હસીખેલીને ધ્યાન ધરવું, રાતદિવસ બ્રહ્મજ્ઞાનની વાત કરવી; આમ હસતાંખેલતાં જે પોતાના મનને ભાંગતો નથી તે નિશ્ચલ બનીને નાથની સાથે ક્રીડા કરે છે.[38] ગુરુને એક શિષ્ય પોતાની મુશ્કેલી જણાવીને પૂછે છે: હે સ્વામી, વનમાં જાઉં તો ક્ષુધા વ્યાપે છે, નગરમાં જાઉં તો માયા, ભરીભરી ખાઉં તો વીર્ય

---

૩૩: જીવતા જોગી અમીરસ પીવતા અહનિસ અખંડિત ધારં
દિષ્ટિ મધે અદિષ્ટિ બિચારિબા ઐસા અગમ અપારં ગો.બા.પૃ.૬૪

૩૪: સબદ હમારા ષરતર ષાંડા રહણિ હમારી સાચી
લેષે લિષી ન કાગદ માડી, સો પત્રી હમ બાચી ।। ગો.બા.પૃ.૮૧

૩૫: જિતના લાઇક બાસણ હોવે, તે તો તામે મેલ્હે ૨૫૪
આધિ ભરૈ તો બાસણ ફૂટે- ૨૫૫, પૃ.૨૮

૩૬: નાદ નાદ સબ કોઇ કહે નિ નાદહિં લે કો બિરલા રહૈ ।
નાદ બિંદ હૈ ફીકો સિલા જિહિંસાધ્યા તે સિધૈ મિલા ગો.બા.પૃ.૬૧,૧૮૧

વધવાથી કામ વધે છે, વીર્યથી બનેલા આ શરીરને કેવી રીતે સિધ્ધ કરવું? એના જવાબમાં ગુરુ કહે છે: ભાઇ, ભોજન જોઇને અકરાંતિયો બનીને તૂટી પડીશ નહીં, તેમ ભૂખે ય ન મરીશ; રાતદિન બ્રહ્માગ્નિનું ગ્રહણ કરવું જોઇએ. શરીરની સાથે હઠ ન કરીશ, તેમ પડયો ય ન રહીશ.[૩૯] મધ્યમ માર્ગ સ્વીકારીને સહજ સ્વાભાવિક સ્થિતિમાં રહેવું તે જ યોગ્ય છે. ફટ દઇને કશું બોલી નાખવું નહીં, જોરથી ઠપઠપ કરતાં ચાલવું નહીં, ધીમેધીમે પગલે ચાલવું, ગર્વ ન કરવો.[૪૦] મનને કચડીને દાબી મારવું નહીં, એને ખાલી પણ રાખવું નહીં, બ્રહ્માગ્નિનું રહસ્ય જાણવું જોઇએ: દાબિ ન મારિબા ષાલી ન રાષિબા જાંનિબા અગનિકા ભેવૈં, [ગો. બા.૫૯, ૧૭૩]

આ સાધનામાં એક સાધન તરીકે દેહનું મહત્ત્વ ઘણું છે. એ વિશે આગળ આપણે ઉલ્લેખ કરી ગયા. આ સમ્પ્રદાયનો "સિસ્ટપુરાણ" નામની કૃતિમાં કહ્યું છે:

કાયા ઉપરાંતિ રત્ન નાહીં. (ગો.બા.પૃ.૨૩૭)

જે કાંઇ બ્રહ્માણ્ડમાં છે તે પિણ્ડમાં એટલે કે કાયામાં છે જ, માટે "કાયા તૈં કછું અગમ બતાવૈં તાકો મૂંડૂ જાઇ." ઘટમાંમાં બ્રહ્મ છે, દિવ્યતાનાં બીજ તો બધે વાવ્યાં છે, પણ જેમ બરાબર નહીં પકવેલા એવા કાચા ઘડામાં પાણી રહી શકતું નથી તેમ

---

૩૭: દરવેસ સોઇ જો દરકી જાંણૈ । પંચે પવન અપૂઠો આંણૈ
સદા સુચેત રહૈ દિન રાતિ । સો દરવેસ અલહ કી જાતિ ।। ગો.બા.પૃ.૬૧,૧૮૨.

૩૮: હસિબા ષેલિબા ધરિબા ધ્યાંન । અહર્નિસિ કથિબા બ્રહ્મ ગિયાંન
હસૈ ષેલૈ ન કરૈ મન ભંગ । તે નિહચલ સદા નાથ કૈ સંગ, ગો.બા.પૃ.૪;૮

૩૯: સ્વામી બન ષંડિ જાઉં તૌ ષુધ્યા વ્યાપૈ નગ્રી જાઉં ત માયા ।
ભરિભરિ ષાઉં ત બિંદ બિયાપૈ ક્યોં સીઝતિ જલપ્યંદ કાયા ।।
ધાયે ન ષાઇબા ભૂષે ન મરિબા અહનિસિ લેબા બ્રહ્મ અગનિકા ભેવં ।
હઠ ન કરિબા પડયા ન રહિબા યૂં બોલ્યા ગોરષ દેવં ।। ગો.બા.૧૨-૩૦-૩૧

૪૦: હબકિ ન બોલિબા ઠબકિ ન ચાલિબા ધીરૈં ધરિબા પાવં ।
ગરબ ન કરિબા સહજૈં રહિબા ભણત ગોરષ રાવં ।।
ગો.બા.૧૧,૨૭

જે સિદ્ધ નથી થયો તેને બ્રહ્માનુભવ થતો નથી.[૪૧] આ દેહને કઠોર સાધનાથી પાડવાનો નથી, જો સિદ્ધ બન્યા વિનાનો કાચો દેહ જ પડી જાય તો એથી ગુરુને લાજવું પડે.[૪૨] સ્વયં દેવ શરીરની અંદર જ રહ્યા છે તેને જાણ્યા વિના બીજા દેવને વૃથા પૂજી મરો છો! એમાં નવ દ્વારે (નવરન્ધ્ર) નવ નાથ રહે છે, ત્રિવેણી જગન્નાથ છે, ને દશમે દ્વારે કેદાર છે.[૪૩] આ શરીરની અંદર જ અડસઠ તીર્થ રહ્યા છે, પછી હે ભાઇ, તું કયાં ભમ્યા કરે છે?[૪૪] કાયા-નગરીનું વિસ્તારથી વર્ણન પણ કરવામાં આવ્યું છે. એમાં અરધ ઉરધી (શ્વાસપ્રશ્વાસ) નું બજાર માંડયું છે; પ્રાણના સ્વામી હરિ ત્યાં પાદશાહ છે, વિચાર એનો કાજી છે, પંચ તત્ત્વ તે એના વજીર છે, મન અને પવન એના હાથીઘોડા છે, જ્ઞાન એનો અક્ષય ભંડાર છે. આ અમારું કાયાનું શહેર છે, મન એનો ફોજદાર છે, ચૈતન્ય એના પર પહેરો ભરતો કોટવાલ છે, ચોરની બારણામાં ડોકાવાની પણ હિંમત નથી. ત્રણસો ને સાઠ (હાડકાં)પથ્થરનો એનો કિલ્લો બન્યો છે. એના સોળ આધાર છે (પગનો અંગૂઠો, મૂલ, ગુદા, મેઢ્ર, ઉડ્ડિયાન, નાભિ, હૃદય, કંઠ, ઘંટિકા, જિહવામૂલ, તાલુ, ઊર્ધ્વ દંતમૂલ, નાસિકાગ્ર, નાસિકામૂલ, ભ્રૂમધ્ય, લલાટ અને નેત્ર) સોળ બાઇઓ છે. આ ગઢના નવ દરવાજા તો પ્રગટ દેખાય છે; દસમું દ્વાર (બ્રહ્મરન્ધ્ર) દેખાતું નથી.

---

૪૧: ઘટિ ઘટિ ગોરખ બાહી કયારી જો નિપજે સો હોઇ હમારી
ઘટિ ઘટિ ગોરખ કહે કહાંણી કાચૈ ભાંડે રહે ન પાંણી ગો. બા. ૧૪, ૩૭

૪૨: પ્યંડ પડૈ તો સતગુરૂ લાજૈ. ગો. બા. ૧૨, ૩૨.

૪૩: ગુરુદેવ સ્વંભ દેવ સરીર ભીંતરિયે ।
આત્મા ઉત્તિમ દેવ તાકી કો ન જાંણૌ સેવ
આંન દેવ પૂજિ પૂજિ ઇમહી મરિયે ।।
નવે દ્વારે નવે નાથ, તૃબેણી જગન્નાથ દસવે દ્વારિ કેદારા ગો. બા. ૯૪

૪૪: ઘટહીં ભીંતરિ અઠસઠિ તીરથ કહાં ભ્રમૈ રે ભાઇ
પૃ. ૫૫, ૧૬૩

કોટ ઉપર અનેક પ્રકારના વૃક્ષોનાં લાકડાંમાંથી બનાવેલું પિંજરું મૂકયું છે, એમાં બોતેર કોટડી બનાવી છે (૭૨ નાડીઓ), આ નવે દ્વાર પર સાંકળ છે ને યંત્ર ગોઠવ્યાં છે, એથી કાયાગઢને કોઇ છીનવી શકે એમ નથી. અનાહતનાદ રૂપી ઓઘડિયાં વાગે છે. પરમજ્યોતિના બે દીપક (સગુણ ને નિર્ગુણ જ્ઞાન) ત્યાં બળ્યા કરે છે, ત્યાં કામ અને ક્રોધની ગરદન મારી છે, આદમ ત્યાં આવી અદલપાદશાહી ચલાવે છે. સત્ય આ બાદશાહની બીબી છે, સન્તોષ શાહજાદો છે ને ક્ષમા તથા ભક્તિ બે દાઇ છે. આદિનાથના શિષ્ય મત્સ્યેન્દ્ર નાથના શિષ્ય ગોરખનાથે અહીં આવી કાયારૂપી નગરી વસાવી છે. [૪૫]આવી આ કાયામાં જ મણિ ને માણેક ઊપજે છે, ને મોતીની વર્ષા થાય છે:-

કાયા કે ભીતર મણિ માણિક નિપજૈ
તહાં ધુંનધુનિ બરષૈ મોતી.

બ્રાહ્યાચાર અને જડ આચારને અસંદિગ્ધ શબ્દોમાં આ સાધકોએ ભાંડ્યા છે. પાવડી પહેરનાર બાવાના પગ લપસી જાય છે, શરીરને સાંકળથી બાંધનારના શરીરનો નાશ થાય છે. નગ્ન, મૌની અને કેવળ દૂધપર રહેનારને યોગ સિધ્ધ થતો નથી, કારણ કે દૂધપર રહેનારનું મન સદા બીજાના ઘર ભણી ભટકતું રહે છે. નાગાને શરીરને ગરમ રાખવાની ચિન્તા રહે છે તેથી એને બળતણની ત્રેવડમાં રહેવું પડે છે, મૂગાને સાથીની જરૂર પડે છે, જે એને બદલે બોલીને ભિક્ષા માગી શકે. [૪૬] આસન લગાવીને બેસવું, પ્રાણાયમથી પવનનો નિરોધ કરવો, સ્થાન ને માન માટે વલખાં મારવા એ બધા ખોટા ધંધા છે. (અથવા અમુક સ્થાને જઇને ધ્યાન ધરવાથી સિધ્ધિ મળે એમ માનવું તે ભ્રમ છે) જો આત્મતત્ત્વનું ચિન્તન કરશો તો જેમ જળમાં ચન્દ્ર દેખાય છે તેમ આખું જગત બ્રહ્મના પ્રતિબિમ્બ રૂપ દેખાશે.[૪૭] કાજી ને મુલ્લાં કુરાન લઇને બેઠા છે, બ્રાહ્મણો વેદ લઇને બેઠા છે, કાવડિયા અને સંન્યાસીઓને તીર્થજાત્રાએ ભ્રમમાં નાંખ્યા છે. આ પૈકીના કોઇએ નિર્વાણપદનું રહસ્ય જાણ્યું નથી. દેવાલયની યાત્રા શૂન્ય યાત્રા છે, તીર્થની જાત્રા પાણી બરાબર છે,

---

૪૫: ગો. બા. પૃ. ૧૨૦, ૫૬, ૨૭
૪૬: ગો. બા. પૃ. ૧૫, ૩૯-૪૦
૪૭: ગો. બા. પૃ. ૨૯, ૮૨

સુફળ જાત્રા તો અતીતની યાત્રા છે— એટલે કે સાધુસન્તોનાં દર્શન કરવાની જાત્રા છે, કારણ કે એઓ અમૃતવાણી ઉચ્ચારે છે.[૪૮] સાચા સાધકે તો ઉન્મનાવસ્થામાં લીન રહેવું જોઇએ, કોઇને પોતાનો ભેદ કહેવો ન જોઇએ. અમૃતવાણી બોલવી જોઇએ, ઝરણાનું પાણી પીવું જોઇએ (બ્રહ્મરન્ધ્રમાંનો અમૃતનિર્ઝર) ગુરુમુખની વાણી સાંભળવી હોય તો લંકા છોડીને (માયાને છોડીને) પરલંકા જવું જોઇએ.[૪૯] હિન્દુ દહેરામાં જાય, મુસલમાન મસ્જિદમાં, પણ જોગી જે પરમપદનું ધ્યાન ધરે છે તેને તો નથી મંદિર કે નથી મસ્જિદ. હિન્દુ રામને ભજે, મુસલમાનો ખુદાને, પણ જોગી તો અલખનું આરાધે છે, ત્યાં નથી રામ કે નથી ખુદા.[૫૦] ખરો વાત તો એ છે કે "ધરા" (પાંચભૌતિક શરીર) માં જ અધરાનો (પરબ્રહ્મનો) પરિચય કરવાનો છે, ને એ પરિચય જ્યારે થઇ જાય છે ત્યારે અદ્વૈતની સિધ્ધિ થાય છે.[૫૧]

એક રીતે જોતાં આ માર્ગ અત્યન્ત સહજ છે, પણ ગોરખનાથ કહે છે કે આ માર્ગ આકરો પણ છે:

ગોરખ કહૈ હમારા ખરતર પંથ. ગો. બા. ૨૨૦

એમાં તો જેવા તેવાનું કામ નહીં, શૂરાનું જ કામ. એ શૂરા કેવા હોય છે? એ મરણને આવકારે છે, પણ આ મરણ તે ભૌતિક અર્થમાં મરણ નથી. આ તો "મીઠું" મરણ છે, માટે તો કહ્યું છે : હે જોગી મરો, મરવાનું મીઠું હોય છે, પણ એવું મોત મરજો કે જે ગોરખનાથ મર્યા ને પરમતત્ત્વનાં દર્શન પામ્યાં.[૫૨] આ શૂરા પીઠ પર કદી પા થવા દેતા નથી.[૫૩] શૂર (સાધક) કદી માર્ગ પર ચાલતાં અટકતો નથી, જે હાર સ્વીકારીને પોતાને કાળને શરણે કરી દે છે તેને માટે જ વિશ્રામ છે.

---

૪૮: ગો. બા. પૃ. ૩૩, ૯૬-૯૭
૪૯: ગો. બા. પૃ. ૨૩, ૬૪
૫૦: ગો. બા. પૃ. ૧૫, ૬૮-૬૯
૫૧: ગો. બા. ૨૧૮ પૃ. ૭૧
૫૨: મરૌ વે જોગી મરૌ, મરૌ, મરણ હૈ મીઠા
તિસ મરણીં મરૌ, જિસ મરણીં ગોરખ મરિ દીઠા ।।
ગો. બા. પૃ. ૧૦,૨૬

જેને આ શરીરમાં જ બ્રહ્મનો પરિચય થતો નથી, ને છતાં જે ભિક્ષાન્ન ખાધે રાખે છે તેને આખરે ભારે પડવાનું છે.[૫૪] આથી સાચો સંન્યાસી તો બધાનો ન્યાસ કરે, ગગનમણ્ડળમાં (બ્રહ્મરન્ધ્રમાં થતી બ્રહ્માનુભૂતિ) જ આશા રાખે, અનહદમાં મનને ઉન્મની અવસ્થામાં રાખે, ને આવો સંન્યાસી જ અગમ્ય પરમતત્ત્વને વિશે કાંઇ કહેવાનો અધિકારી લેખાય.[૫૫] સાચો અવધૂત હોય તે જ ગુરુપદનો અધિકારી બને એના વચને વચનમાં વેદ હોય, પદેપદે તીર્થ હોય, પ્રત્યેક દષ્ટિક્ષેપમાં કૈવલ્ય હોય.[૫૬] એના એક હાથમાં ત્યાગ હોય ને બીજા હાથમાં યોગ હોય, ને છતાં પોતે ત્યાગ અને યોગ બંનેથી અલિપ્ત હોય તે જ અવધૂત.[૫૬] સૂતસંહિતામાં કહ્યું છે તેમ એ અતિવર્ણાશ્રમી હોય. 'અવધૂત-ગીતા'માં કહ્યું છે તેમ આ અવધૂતનો પરમ પુરુષાર્થ મુક્તિ એટલે કે દ્વૈતાદ્વૈતથી પર એવું સમતત્ત્વ છે.

આ પરમતત્ત્વ સર્વરૂપ છે ને ત્રિભુવનમાં સૌથી શ્રેષ્ઠ છે. એ પાણીથી પણ પાતળું છે ને ફૂલથી (ફૂલની સુવાસથી) પણ હલકું છે. (જુઓ કબીર) શારીરિક મુદ્રાકલા કામની નથી, મનની મુદ્રા જ કરવી જોઇએ. શરીરનાં છિદ્રોને બંધ કરવાથી યોગ સિધ્ધ થતો નથી, મનને અન્તર્મુખ કરવાથી જ એ તો સિધ્ધ થાય છે. જ્યારે પવનની ગતિ ઉલટી થશે, એટલે કે એ પાતાળમાં જવાને બદલે પ્રાણાયામથી બ્રહ્માંડમાં પ્રવેશશે ત્યારે કાળને ગ્રહણ કરશે (શરીરને વશ કરશે) આ શરીર ખરેખર સત્યનું ઘર છે ( યહુ તન સાચ સાચકા ઘરવા), એમાંનું લોહી બદલાઇ જઇને અમૃત બની ગયું છે. સર્વોચ્ચ જ્ઞાનપદને સ્પર્શનાર (સર્વોચ્ચ જ્ઞાનથી જેને જાણી શકાય છે તે) અતીત પુરુષ પરબ્રહ્મ પણ શરીરના અવિરલ થયા પછી દેખી શકાય છે. આ રીતે જ્યારે યોગી જશ, મૃત્યુ અને કાળનું ભક્ષણ કરી લે છે ત્યારે તેને નિષ્પત્તિ યોગી કહેવાય છે.[૫૭]

---

૫૪: ગો. બા. પૃ. ૭૧, ૨૧૬

૫૫: ગો. બા. પૃ. ૩૬ ૧૦૩

૫૬ वचने वचने वेदास्तीर्थानि च पदे पदे।
दृष्टौ दृष्टौ च कैवल्यं सोऽवधूतः श्रियेऽस्तु नः॥
एकहस्ते धृतस्त्यागो योगश्चैककरे स्वयम्।
अलिप्तस्त्यागयोगाभ्यां सोऽवधूतः श्रियेऽस्तु नः॥ ગોરક્ષસિદ્ધાંત, પૃ. ૧

૫૭: યોગીઓના સાધનાના કક્ષાભેદ પ્રમાણે ચાર ભેદ છે:
આરમ્ભ, ઘટ, પરિચય, નિષ્પત્તિ, ગો. બા. ૧૪૬-૧૪૭ પદ ૫૦ મુ.

જ્યારે પ્રાણ અને કુણ્ડલિની (ગરુડ અને સર્પિણી) નું બ્રહ્માણ્ડમાં સામંજસ્ય સ્થાપીને મન સૂઇ જાય છે ત્યારે બ્રહ્મરંધ્રમાં એનું અમૃતની સાથે મર્દન થાય છે. આ મર્દનથી એ સૂક્ષ્મ થઇ જાય છે. ગોરખનાથ કહે છે કે આ વાત મેં પ્રત્યક્ષ દીઠી છે:

તે બાત ગોરષ પ્રતષિ દીઠી ૫૮

આ સિધ્ધિના અનુભવનાં વર્ણનો પણ જોવા જેવાં છે. ત્યાં ઉદય નથી કે નથી અસ્ત, નથી રાત કે નથી દિવસ, આખી ચરાચર સૃષ્ટિમાં ક્યાંય કશો ભિન્નતાનો ભાવ નથી, સર્વેશ અને એની ચરાચર સૃષ્ટિ વચ્ચે પણ કશો ભેદ નથી. ત્યાં કેવળ શુધ્ધ નિરંજન જ અવશિષ્ટ રહે છે. પછી મૂળ અને શાખાનો (અધિષ્ઠાન અને નામરૂપોપાધિનો) ભેદ રહેતો નથી. જે સૂક્ષ્મ પણ નથી ને સ્થૂળ પણ નથી, તે સર્વ વ્યાપી જ પછી રહે છે. [૫૯] એ પરમાનુભવની સ્થિતિમાં નિરતિ નથી, સુરતિ નથી, નથી યોગ કે નથી ભોગ, નથી ત્યાં જરા, નથી મૃત્યુ કે નથી રોગ, ત્યાં વાણી ય નથી ને ૐકાર પણ નથી. ગોરખ કહે છે કે ત્યાં તો બધું એકાકાર જ છે. [૬૦] શૂર સાધકને જે સિધ્ધિ પ્રાપ્ત થાય છે તેમાં સૂર્ય (પિંગળા નાડી) નો ચન્દ્ર સાથે અથવા આધાર પદ્મસ્થ સૂર્યનો સહસ્રારસ્થ ચન્દ્રમાં સાથે જોગ સ્થપાય છે ને ત્રણ તર્કટ (એટલે કે સત્ત્વ, રજસ ને તમસ) દબાઇ જાય છે ને ત્યારે (અનાહત રૂપી) તૂર વાગે છે. આ પૂર્ણપદ શૂર સાધકને જ પ્રાપ્ત થાય છે. બાકીના મૂર્ખો તો ઉચિત માર્ગનો ત્યાગ કરીને ભાગી જ જાય છે. [૬૧] આ માટેની સાધના અંગેની વીગતે સૂચના આપતાં વર્ણનો પણ આ સાહિત્યમાં ઘણાં છે. (જુઓ ગો. બા. પૃ. ૧૨૪, ૫૬ ૩૦ મુ) એ પૈકીનું એક જે સમ્પ્રદાયની સાંકેતિક ભાષામાં છે, પણ આપણી ગૂજરાતીની નજીકનું હોવાથી અહીં ટાંક્યું છે :

---

૫૮: ગો. બા. પૃ. ૧૪૭,૫૦

૫૯: ગો. બા. પૃ. ૩૬, ૧૧૧

૬૦: ગો. બા. પૃ. ૩૫,

૬૧: ~~અવસ્થાનાં પુષ્કળ~~ ગો.બો.પૃ.૬૨-૮૫ આવાં, યોગની પરિભાષામાં સિધ્ધિની અવસ્થાનાં, પુષ્કળ વર્ણનો આ સાહિત્યમાં છે. જુઓ ગો. વાઁ.પૃ. ૬૩,૧૮૭, ૧૮૮, ગો. બા. પૃ. ૧૧૬-૧૧૭, ૫૬ ૨૪.

મનપવના ધોરી જોતાવો, સતનાં સાંતીડા સમધાવો

દયાધર્મનાં બીજ અણાવો, ઇણીપરિ ખેત્રે જાવો.

ખાતાં ન ખૂટે દેતાં ન નિઠૈ, નમ બારે નહી જોઇ

મછીન્દ્ર પ્રસાદે જતી ગોરખ બોલ્યા, નિત નવેડો થાઇ  ગો.બા.પૃ.૧૨૫,પદ ૩૧

આપણા અખાની પ્રખ્યાત છપ્પા "પથ્થર તેટલા પૂજેદેવ" નીયાદ અપાવતું બીજું એક પદ જોઇએ:

કૈસે બોલો પંડિતા દેવ કોને ઠાંઇ

નિજ તત નિહારતાં અમ્હે તુમ્હે નાંહી  ।। ટેક ।।

પખાંણગરાની દેવલી પખાંણગરા દેવ

પખાંણ પૂજિલા કૈસે ફીટીલા સનેહ  ।। ૧ ।।

સરજીવ તેડિલા નિરજીવ પૂજિલા

પાપ ચીકરણીં કૈસૈં દૂતર તિરિલા  ।। ૨ ।।

તીરથિ તીરથિ સનાંન કરીલા,

બાહર ધોએ કૈસૈં ભીતરિ ભેદીલા  ।। ૩ ।।

ગો.બા.પૃ. ૧૩૨,પદ ૩૭

જે અવધૂત હોય તે પંડિતની જેમ બાદ ન કરે, તે તો અણબોલ્યો જ રહે.

પારિભાષિક ભાષાને છોડી દઇને સાવ સુબોધ ભાષામાં આ બધાંનો સાર "સિસ્ટ પુરાણ" માં આમ આપ્યો છે:

સાંચ ઉપરાંતિ શાસ્ત્ર નાહીં,

કાયા ઉપરાંતિ રત્ન નાહીં

સીલ ઉપરાંતિ વ્રત નાહીં

ધ્યાન ઉપરાંતિ ગ્રંથ નાહીં

નિરંજન ઉપરાંતિ ધ્યાન નાંહી

ફકીરી ઉપરાંતિં પદવી નાહીં

નિહચલ ઉપરાંતિ જોગ નાહીં

ગુરુ ઉપરાંતિ દાતા નાહીં

ગ્યાન ઉપરાંતિ પ્રકાશ નાહીં

ચરચા ઉપરાંતિ રસ નાહીં.  ગો.બા.પૃ.૨૩૬, ૨૩૭

પરિશિષ્ટ ક.૪

આનો પડઘો સન્તસાધકોની વાણીમાં સંભળાયા જ કરે છે. આખી સાધનાનો સાર સરળ ભાષામાં મૂકતાં કહ્યું છે:

> નિરતિ સુરતિ અવિનાસી સૂં લાવૌ
> આપા સોધી બ્રહ્મ નિરોધૌ
> સહજ પલટૌ જોતી
> કાયા કે ભીતર મણિમાણિક નિપજૈ
> તહાં ધુનિ ધુનિ બરષૈ મોતી
> સહજ સુન્ન ભયા પ્રકાશી

આ સાહિત્યમાં આઠ મુદ્રા, ચોવીસ સિદ્ધિ, બત્રીસ લક્ષણનાં વર્ણનો છે. સિદ્ધિઓની યાદી આપીને અન્તે કહ્યું છે:

યતી ચૌબીસ સિદ્ધિ ત્યાગૈ સોઇ પરમજ્યોતિ કૂપાવૈ, આ ચોવીસ સિદ્ધિનો ત્યાગ કરી જાણનાર જતિ જ પરમજ્યોતિને પામી શકે. આ પન્થનો સાધક તો પોતાની આગવી ખુમારીમાં કહે છે:

> ગંગ જમુન મેરી ષટલડી રે, હંસ ગવન તુમાઇજી
> ધરણિ પાથરણૌ ને આભ પછેવડૌ તૌ ભી સૌડી ન માઇજી.
>
> ગો. બા. પૃ.૯૩-૪.

આ સાધકોનો વિશાળ ગ્રન્થજ્ઞાનનો કે બહુશ્રુતપણાનો દાવો નથી. એમની ગૌરવની વસ્તુ એ છે કે એમની રહેણી સાચી છે, ને માટે જ એમના શબ્દની ધાર તીક્ષ્ણ ખાંડા જેવી છે:

> સબદ હમારા ષરતર ખાંડી, રહણિ હમારી સાચી
> લેષૈ લિષી ન કાગદ માડી, સોપત્રી હમ બાચી. ગો.બા.પૃ.૮૧-૨૬૪

અમે (પરમાત્મા પાસેથી આવેલી) ચિઠ્ઠી વાંચી લીધી છે, જે કાગળ ઉપર લખાઇ નથી, બ્રહ્મ ઉપર દષ્ટિ પડયા વિના શબ્દમાં શક્તિ આવતી નથી(ગો.બા.પૃ. ૮૦-૨૬૩)

આ સાધના આમ આકરી છતાં સહજ સાધના છે:

> અવધૂ સહજૈ લૈણા સહજૈ દૈણા સહજૈ પ્રીતી લ્યો લાઇ ।
> સહજૈ સહજૈ ચલૈગા રે અવધૂ, તૌ બાસણ કરૈગા સમાઇ ।।
>
> ગો. બા. પૃ.૭૯, ૨૫૬

આમ આપણે સંક્ષેપમાં સિધ્ધોના સ્વાનુભવની ઉચ્ચારાયેલી વાણીને આધારે આ સાધનાના સ્વરૂપને જોઇ ગયા. એમાં ગુરુનું મહત્ત્વ, શાસ્ત્રજ્ઞાન અને બાહ્યાચારની ગૌણતા, પાખંડનો વિરોધ, પણ્ડિતોના શુષ્કજ્ઞાનની ટીકા, હિન્દુમુસલમાનના સમન્વયનો પ્રયત્ન, સાધનામાં શરીરનું સાધન તરીકે મહત્ત્વ, એનું ગૌરવ, "કહણિ રહણિ" નો સંબંધ, યોગી, અવધૂત, દરવેશ, સિધ્ધ અને સૂરમાં (શૂર) નાં લક્ષણો, સિધ્ધિનાં સ્વરૂપનું વર્ણન જોઇ ગયા. ઐતિહાસિક વિકાસક્રમે આ સાધનામાં આ પ્રસ્થાનોની અત્યન્ત વ્યાપક અસર આખી સન્ત-સાધનાના પર પડેલી છે. કબીર અને દાદૂએ તો એનો સ્વીકાર કર્યો છે. નાથ જોગીઓનાં કેટલાંક પદો સીધાં ને સીધાં દાદૂ અને કબીરે અપનાવી લીધાં છે. આપણા જ્ઞાનમાર્ગી કવિઓમાં પણ, થોડા પારિવર્તિત રૂપે, પણ આ જ સૂર, આપણને સંભળાય છે. નાથપરમ્પરાનું પરવર્તી સાહિત્ય સાહિત્યનાં સ્વરૂપો પરત્વે પણ આ પરમ્પરાના સાહિત્યનું જ ઋણી છે. આપણી જ્ઞાનમાર્ગી પરમ્પરામાંના સાહિત્ય સ્વરૂપો પૈકીનાં ઘણાંનાં મૂળ આ પરમ્પરામાં દેખાય છે.

દોહરાચોપાઇનો ઉપયોગ, તે ઉપરાંત રાગરાગણીનો ઉપયોગ આ સાહિત્યમાં થયો છે. ગેય પદોની રચનામાં કદાચ જયદેવની આ પરમ્પરા ઋણી હોય. આ પદશૈલીનો પ્રારમ્ભ ક્યારે થયો તે કહેવું મુશ્કેલ છે, પણ સિધ્ધોના "પાદાકુલક" માં એનું પ્રારમ્ભિક સ્વરૂપ પ્રાપ્ત થાય છે. નાથપન્થી જોગીઓ અને સૂફીઓએ એનો ઉપયોગ કર્યો છે. એમાં પ્રાકૃત અપભ્રંશ ને સંસ્કૃત માત્રિક છન્દો જોવામાં આવે છે, પણ રાગરાગણીના પર વિશેષ ધ્યાન આપ્યું છે. આ ઉપરાંત બાર;તિથિ, બારમાસીના સ્વરૂપમાં લખાયેલું સાહિત્ય આ પરમ્પરામાં છે, સૂફી કાવ્યપરમ્પરામાં જેને "સિહરફી" કહે છે, તે પ્રકારનું કક્કા (કકહરા) નું સ્વરૂપ પણ આ પરમ્પરાના સાહિત્યમાં છે. તે ઉપરાંત ચૌંતીસી તથા બાવનીનાં સ્વરૂપો પણ છે. પ્રીતમમાં જે "રવેણી" છે તે "અક્ષરક્રમની રમૈની" પણ આ સાહિત્યમાં છે.

દોધક, પજ્ઝટિકા અથવા દોહા છન્દમાં રચાયેલી રચનાઓ આ સાહિત્યમાં સારા પ્રમાણમાં છે, આ ઉપરાંત ૧૬ માત્રાની ને ૧૬ માત્રાની ચોપાઇ, ચોવીસ માત્રાના રોળા, પણ એમાં વપરાયેલાં દેખાય છે. સંસ્કૃત કરતાં લોકભાષા તરફનું વલણ વિશેષ છે. અવળવાણી ને કૂટવાણીનું પ્રમાણ પણ સારું છે. (ગો.બા.પૃ.૩૦-૩૧,૮૬-૮૭) [૬૨] ગોરખવાણીના "સબદ" ની શરૂઆત જ આવી ગૂઢ વાણીથી થાય છે. બૂટિયાના પ્રસિધ્ધ પદની યાદ આપતું આ પદપણ જોવા જેવું છે:

---

૬૨: આ ઉપરાંત પણ આવી અવળવાણી કે ગૂઢવાણીના પુષ્કળ"સબદ" ગોરખવાણીમાં છે, જે વિસ્તારના ભયે અહીં ટાંક્યા નથી.

ગોરખ તો ગોપલો, ગગન ગાઇ દુહિપીવેલો. ગો.બા.પૃ.૧૧૩ પદ ૨૧.

સળંગ રૂપકગ્રન્થિનો ઉપયોગ કરતી પણ પુષ્કળ રચનાઓ આ સાહિત્યમાં છે. એમાં વેપારનું રૂપક [૬૩] છે. ગારૂડીને સાપનું રૂપક છે[૬૪] ગાય ને વાછરડાનું રૂપક છે, [૬૫] સોનારાનું રૂપક છે,[૬૬]. સ્ત્રીપુરુષ ના સ્નેહની પરિભાષામાં પણ આ અનુભવ વર્ણવાયો છે. [૬૭] આ ઉપરાંત "આત્મબોધ" "મછીંદ્રગોરખ બોધ"માંનો ગુરુ-શિષ્યનો પ્રશ્નોત્તર-રૂપ સંવાદ, "રોમાવલી" "ગુષ્ટિ", "તિલક" વગેરે બીજાં પણ સાહિત્ય-સ્વરૂપો આ સાધના-પરમ્પરામાં મળી આવે છે.

આ રીતે આ સાધનાનાં સ્વરૂપનો સ્પષ્ટ આકાર તથા એનાં લક્ષણો અહીં આપણને બંધાઇ ગયાં હોય એવું લાગે છે. એનો ક્રમિક વિકાસ આપણે જેમ જેમ આગળ જઇશું તેમ તેમ સ્પષ્ટ થતો જશે.

---

૬૩: ગો. બા. પૃ. ૧૦૪,

૬૪: સ્રોર્નત.પૃ. ૧૪૦

૬૫: ગો.બા.પૃ.૧૪૭-૫૧

૬૬: સ્રોર્નત.પૃ. ૯૧

૬૭: ગો. બા. પૃ. ૧૫૩.

**સૂફી સાધના** સૂફી સાધનાનો ઉદ્દગમ પ્રાચીન શામી પરમ્પરામાં છે. એનાં કેટલાંક તત્વો ઇસ્લામના ઉદય પહેલાનાં વિકસેલાં છે.

હઝરત મુહમ્મદને સ્વાનુભવથી જે જ્ઞાન સિધ્ધા થયું તે બે રીતે પ્રકટ થયું: એક તે ઇલ્મ-એ-સફીના, એટલે કે ગ્રન્થમાં સંગ્રહાયેલુ જ્ઞાન જે કુરાને શરીફમાં સચવાયું; ને બીજું તે ઇલ્મ-એ-સીના, એટલે કે રસૂલના હ્રદયમાં ગૂંથાયેલુ. આપણે આગળ સાધનાના બેપ્રકાર--શાસ્ત્રસમ્મત અને સ્વાનુભવ સમ્મત અથવા હ્રદયસમ્મત--ની વાત કરી છે. તેની જોડે આ બે પ્રકારને સરખાવી શકાય. આ પૈકીનુ બીજું જ્ઞાન સ્વાનુભવસિધ્ધા હોવાને કારણે અધિકારીઓનેજ પ્રાપ્ય બને.

હઝરત મુહમ્મદ પછીના ચાર ખલીફાઓ બાદ જે ખલીફાઓ થયા તેઓ રાજ્ય તથા સત્તા વિસ્તારવાની ખટપટમાં પડી ગયા; રસૂલ તથા પહેલા ચાર ખલીફાઓના આદર્શથી એઓ બહુ દૂર નીકળી ગયા; ધાર્મની શુધ્ધા ભાવનામાં એક અનેક બાહ્ય વસ્તુની ભેળસેળ થતી ગઇ. કુરાને શરીફ અને હદીસને આધારે જુદાં જુદાં ભાષ્યો ને વૃત્તિઓ લખાતાં જ ગયાં ને ધાર્મશાસ્ત્રની "કલેવરવૃધ્ધિ" થતી રહી. પ્રમાણભૂત વિવરણ કોનુ ગણવુ એ વિશે વિતણ્ડા વધાતી ગઇ, આને પરિણામે શેખ અને ઉલેમાઓનુ હ મહત્ત્વ વધ્યું. અન્ધ શ્રધ્ધા પણ વધતીતી ગઇ, આને શેખ અને ઉલેમાઓ પણ આખરે તો શાસકોના આશ્રિત હતા, એટલે શાસકની ઇચ્છાનુસાર ફતવા એઓ કાઢવા લાગ્યા. આ જડતા અને સંકુચિતતાની પ્રતિક્રિયારૂપે સૂફીમત અસ્તિત્વમાં આવ્યો.

૨.

એના આદ્ય પ્રવર્તકોમાં અબુલ હસન નૂરીનું નામ ખાસ ઉલ્લેખપાત્ર ગણાય છે. "સૂફી" સંજ્ઞાના સંકેત પરત્વે મતૈક્ય નથી. કેટલાકને મતે એ "સફા" એટલે મન, વચન અને કર્મની પવિત્રતા ને હૃદયની નિર્મળતા સૂચવે છે. તો કેટલાક "સફા" નો અર્થ પરમાત્મા તથા પ્રાણીમાત્ર પ્રત્યેના નિઃસ્વાર્થ પ્રેમ તથા પરમાત્માનો પણ પ્રાણીમાત્ર પ્રત્યેનો એવો પ્રેમ ગણે છે. કેટલાક એને "સોફિયા" એટલે કે જ્ઞાનમાંથી ઉત્પન્ન કરે છે. આ અર્થમાં એ જ્ઞાનમાર્ગી પરમ્પરાની નજીક આવે છે. પણ અમુક વર્ગવિશેષને જ્ઞાની કહીને શા માટે ઓળખાવાયો ને એ સંજ્ઞા એ વર્ગપૂરતી જ શા કારણે મર્યાદિત થઇ તે સ્પષ્ટ થતું નથી. "સફ" નો અર્થ પ્રથમ કક્ષાનું એવો પણ થાય છે. ક્યામતને દિવસે જેઓ ઇશ્વરની પ્રિયતાના પાત્ર બન્યા હોવાને કારણે સૌથી આગલી હરોળમાં હોય છે તે સૂફી એવો અર્થ આ મત પ્રમાણે થાય છે. તો વળી કેટલાક "સુફા" એટલે ચબુતરો એ શબ્દ પરથી મસ્જિદના ચબૂતરા આગળ બેસીને હઝરત મુહમ્મદના સાથીઓ જ્ઞાનચર્ચા કરતા તે આધારે સૂફીઓને ચબૂતરે બેસીને જ્ઞાનચર્ચા કરનાર અલગારીઓ તરીકે ઓળખાવે છે. સૌથી વિશેષ સ્વીકૃત અર્થ "સૂફ" એટલે કાળું ઊન, ને એ ઊનનો ડગલો પહેરનાર, સાદું સરળ જીવન ગાળનાર સાધકો એ છે. વાસ્તવમાં આ બધા જુદા જુદા અર્થોનો ભેગો મળીને જે એક સંકેત ઘડાય છે તે "સૂફી" સાધકોને સાચી રીતે ઓળખાવે છે એમ કહી શકાય છે.

હવે આ સાધનાધારાના વિકાસના જુદા જુદા તબક્કાઓ જોઇ જઇએ: શેખ અબૂ હાશિમ પરમ્પરાનુસારના પ્રથમ સૂફી ગણાય છે. વિ.સં.ના

૯મો સૈકો એ એમનો જીવનકાળ ગણાય છે. આ પ્રથમ તબક્કાના બીજા ઉલ્લેખ પાત્ર સૂફીઓમાં ઇબ્રાહીમ બિન અદ્હામ (સં.૮૪૦), ફુજામલ બિન ઐયાજ (વિ.સં.૮૫૮) તથા સ્ત્રી સૂફી સાધિકા રાબિયા બસરાવિનીને ગણાવી શકાય. રાબિયામાં મીરાંબાઇ ની જેમ આત્મસમર્પણ (તવક્કુલ) ની ભાવના પ્રધાન સ્થાને હતી. સૂફીમતના અભ્યાસી ડો. નિકોલ્સન આ પ્રથમ ત્રણના સૂફી સાધકોને [illegible]કહીને ઓળખાવે છે. એમનામાં સ્વર્ગનરકના ફળની ઉપેક્ષા, નિષ્કામ ઇશ્વરપ્રેમ પ્રધાન સ્થાને હતાં. એઓ તોબા (પ્રાયશ્ચિત) અને તવક્કુલ (આત્મસમર્પણ)ના પર વિશેષ ભાર મૂકતાં. પાછળથી માત્ર સંન્યાસને સ્થાને અધ્યાત્મવિદ્યાની પ્રતિષ્ઠા થતી ગઇ, જે જાહિદ (સંન્યાસ-વ્રત ધારી) હતા તે આરિફ (અધ્યાત્મવાદી) બન્યા.

આ સાધનાધારાના બીજા તબક્કામાં અબ્બાસવંશના મંત્રી વરમકે આપેલા ઉત્તેજનથી ભારતની દાર્શનિક વિચારણાનો ઠીક ઠીક પ્રસાર થયો. મામુના દરબારમાં અનેક ધર્મોના અનુયાયીઓની સભા મળતી ને તત્ત્વચર્ચા થતી. આમ તર્કવિતર્કની પ્રણાલીનો પ્રારમ્ભ થયો. હારુન-અલ-રશીદના વખતમાં ગ્રીક ફિલસૂફની વિચારણાની અસર પણ વરતાવા લાગી; ગ્રીક ફિલસૂફોના ગ્રન્થોના અનુવાદ પણ થયા. આ સાથે બૌધ્ધ દર્શન, વેદાન્ત દર્શનનાં અભ્યાસ અને અનુશીલન પણ થવા લાગ્યાં. ઇરાની સંસ્કૃ સંસ્કૃતિ, ખ્રિસ્તીઓની ભાવપ્રવણતા ને પ્લોટિનસનુ Neoplatonism આ બધાંની અસરથી સનાતન ઇસ્લામ ધર્મની અંદર એક ક્રાન્તિકારી વિચારણનો ઉદ્ભવ

થયો. આ બુદ્ધિ-આશ્રયી વિચારધારાને તે વખતના શાસકોએ દબાવી દેવાને માટે કડક પગલાં પણ લીધાં.

આ યુગના સાધકો પૈકી મારૂકુલ કર્ખી (સં.૮૭૨) એ સૂફીમતની પારિભાષિક શબ્દાવલી ઘડવામાં મોટો ફાળો આવ્યો ને સાચા ફકીરનાં લક્ષણો બાંધ્યાં. ઇશ્વરનું ચિન્તન, ઇશ્વરનું શરણ, અને ઇશ્વરપ્રીત્યર્થે ~~ક~~કર્મો કરવાં. એમણે તરાવ્વુફ (પરમતત્ત્વની અનુભૂતિ) ને પ્રાધાન્ય આપ્યું. એ પરમ્પરાના બીજા સાધાક અબૂ સુલેમાનદારાની (સં.૮૮૭) એ જ્ઞાનચક્ષુ ખોલવાની અગત્ય પર ભાર મૂકયો. આ યુગના બીજા સાધક જૂલનૂન મિસ્ત્રી (સં ૯૧૫) ને તો સનાતન ઇસ્લામીઓએ ઇસ્લામ વિરોધી જાહેર કરેલા. એમણે Neo Platonic વિચારધારાનો પ્રચાર કર્યો. જામીએ એમને આદિગુરુની ~~પ~~ પદવી આપી છે. "ફના" (નિર્વાણ) નું પ્રતિપાદન સૌ પ્રથમ અબૂ માજીદે કર્યું. એણે ઇશ્વર અને જગતને સમવ્યાપી અને અભિન્ન લેખ્યાં તથા સર્વાત્મવાદને પુરસ્કારતી વિચારધારાનો પ્રચાર કર્યો. ~~પણ આ યુગના~~ અલજુનેદ અને શિબલીએ જૂલનુન મિસ્ત્રીની ઉપદેશાવલીનો શબ્દબધ્ધ કરી અને સનાતન ઇસ્લામ તથા નવી વિચારધારાનો સમન્વય સિધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો. પણ આ યુગના ને સૌથી વિશેષ ઉલ્લેખપાત્ર સૂફી સાધાક તે મંસૂર અથવા હલ્લાજ. એઓ ઊન વણવાનો ધંધો કરતા હતા. એમણે ખૂબ યાત્રા કરી, જુદા જુદા સાધાકોનો પ્રત્યક્ષ સમ્પર્ક સેવી અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એમણે ઇરાન ભારત, ખોરાસાન, અને તુર્કસ્તાનનો પ્રવાસ કર્યો હતો. એમનું.

૫.

પ્રખ્યાત મહાવાક્ય "અનલ્હલ હક" (હું સત્ય અથવા પરમતત્ત્વરૂપ છું) આપણને અહં બ્રહ્માસ્મિ. ની યાદ દેવડાવે છે. પણ એમની આ વિચારધારાનો સનાતની ઇસ્લામીઓએ વિરોધ કર્યો. એમને શૂળી પર ચઢવું પડ્યુ પડયું. એ એમણે કુરાને ઉપદેશેલા આચાર પ્રત્યે ઉદાસીનતા સેવી, નિત્યાચારની જડતા ને પણ ફગાવી. આથી સનાતનીઓએ એમને વિધર્મી ગણ્યા. એમની વાણી "કિતાબુત્તવાસીન" માં સંગ્રહાયેલી છે.

આ સાધનાધારાના ત્રીજા તબક્કામાં મુખ્યત્વે સમન્વય અને વ્યવસ્થા સ્થાપવાની પ્રવૃત્તિ થઇ. સૂફી મતને વ્યવસ્થ વ્યવસ્થિત સ્વરૂપ આ સમયે પ્રાપ્ત થયું. એના મુખ્ય મુખ્ય ત્રણ વિભિન્ન સિદ્ધાન્તોને પ્રતિપાદિત કરનાર ત્રણ સૂફી સાધકો-- કાલાબાધી (સં.૧૦૫૨), હુજ્વિરી (સં.૧૧૪૯) અને ગજાલી (સં.૧૧૬૮) ના નામ ખાસ ઉલ્લેખપાત્ર છે. કાલાબાધીએ આ ધારાની સાચા ઇસ્લામ સાથેની અભિન્નતા સ્થાપવાનો પ્રયત્ન કર્યો. હુજ્વિરીએ એના ગ્રન્થ "કશ્ફુલ મહજૂબ"માં સૂફીસમ્પ્રદાયની જુદી જુદી ધારાઓનું વ્યવસ્થિત વર્ગીકરણ કરી એ બધાની વિચારધારાનો તુલનાત્મક અભ્યાસ રજૂ કર્યો. સૂફી મતનો ફારસી ભાષામાં લખાયેલો, એ સૌથી જૂનો ગ્રન્થ છે. ત્રીજા સાધક
સિદ્ધ કર્યો. એણે સૂફીમતની વિસ્તાર આલોચના કરી ને એને સનાતન ઇસ્લામની
ગજાલીએ તૌહિદ (એકત્વ) અને તવક્કલ(આત્મસમર્પણ) નો સમન્વય, વધુ નજીક લાવવાનો સફળ પ્રયત્ન કર્યો.

હુજ્વિરીએ સૂફી મતની જે જુદી જુદી શાખાઓ ગણાવી છે તે પૈકી અવતારવાદને સ્વીકારતી હુલૂલી તથા મનુષ્ય ને ઇશ્વરનું અદ્વૈત સ્વીકારતી હલ્લાજી શાખાને સનાતની ઇસ્લામીઓ મરદૂદ (નિન્દનીય) ગણે છે, મકબૂલ ~~સ્વીકાર્ય~~

(સ્વીકાર્ય) ગણતા નથી. સ્વીકાર્ય એવી દશ શાખાઓ તો નાના નાના મતભેદને કારણે ઉદ્ભવેલી છે. એ પૈકીની કોઇકમાં દાર્શનિક વિચારણાના વિશ્વપ્રેરણના પર ભાર મૂકયો છે, તો કોઇકમાં સદાચાર પર ભાર મૂકયો છે. જુનૈદમાં સમન્વય સ્થાપનાના કાર્યને શેખ શિહાબુદ્દીન સુહરવર્દીએ એમના ગ્રન્થ "અવારિફુલ મારૂફ" માં આગળ વધાર્યું. સૂફી મતનો એ સૌથી વિશેષ પ્રમાણભૂત ગ્રન્થ લેખાય છે. આ ગ્રન્થની અસર એક દશકામાંજ ભારત સુધી પહોંચી. સ્પેનના નિવાસી શેખ મુહીદ્દીન ઇબ્ન અરબી (સં.૧૨૨૧-૧૨૯૭) નો પ્રયત્ન જુદી દિશામાં હતો. ~~તે એ~~ ઇસ્લામ ધર્મની વિરોધી ગણાતી સૂફી વિચારધારાનો એ માટે ઉંડો અભ્યાસ કર્યો ને એ સિધ્ધાન્તોની એમણે ઉચિત પુનઃપ્રતિષ્ઠા કરી. આ રીતે સુહરવર્દી તથા અરબીએક બીજાના પૂરક બની રહ્યા.

આ પરમ્પરાનો પ્રચાર કરનારા કવિઓ પૈકી સૌથી ઉલ્લેખપાત્ર તે આટલાઃ ઉમર ખય્યામ (સં.૧૧૮૦), સનાઇ (સં.૧૧૮૮), નિજામી (સં.૧૨૬૦) અત્તાર (સં.૧૨૮૭). આ પરમ્પરાનો તન્તુ લાંબા સમય સુધી અતૂટ રહ્યો. રૂમી (સં.૧૩૩૦), સાદી (સં.૧૩૪૯), શબ્સતરી (સં.૧૩૭૭), હાફિઝ (સં. ૧૪૪૭) અને જામી (સં.૧૫૪૯) આ જ પરમ્પરાના ફારસી કવિઓ છે.

સનાતની ઇસ્લામધર્મને અનુકૂળ એવા સૂફી મતને રાજ્યશાસકોએ પણ મ માન્યતા અર્પી. એને પરિણામે એનો, ઇસ્લામની જેમ, તલવારના જોરે પ્રચાર થવા લાગ્યો; તો વળી કેટલાક, ચમત્કારનો પરચો બતાવીને, પણ એનો પ્રચાર કરવા લાગ્યા. આમ એનાં ઘણાં વિકૃત સ્વરૂપો અસ્તિત્વમાં આ

આવ્યાં, જેમને મૂળ સ્ત્રોત્ર સાથે કશો સંબંધ સરખો પણ ન રહ્યો.

હવે આ સાધનાનું સ્વરૂપ તપાસીએ: જીવ, જગત અને ઇશ્વર–આ ત્રણના પરસ્પર સંબંધોને વિશેના આ મતમાં જુદા જુદા મતો છે. ઇશ્વરનું તત્વ, વિશેના જુદા જુદા ત્રણ મતો મુખ્ય છે. તે પૈકી "ઇજાદિયા" મત ઇશ્વરને જગતથી જુદો લેખે છે. જગત શૂન્યમાંથી ઉત્પન્ન થયું છે એમ માને છે. ઇસ્લામને અનુકૂળ એવો, આ શુધ્ધ એકેશ્વરવાદને મળતો મત છે. બીજો મત તે "શુહૂદિયા". એ મતાનુસાર ઇશ્વર આ જગતથી પર છે, પણ જેમ દર્પણમાં મૂળનું પ્રતિબિમ્બ દેખાય છે તેમ એનું આ જગતમાં પ્રતિબિમ્બ દેખાય છે. આ સર્વાત્મવાદને મળતો સિધ્ધાન્ત છે. ત્રીજો મત તે "વુજૂદિયા". એનું મહાવાકય "હમ સસ્ત" છે. ઇશ્વર સિવાય કયાંય બીજુ કશું છે જ નહીં. સાધકો પૈકી ઇબ્ન અરબી વિશ્વાત્મવાદને માને છે, જિલી જગતની પૃથક્ સત્તા સ્વીકારતા નથી, ઇશ્વરનેજ જગતરૂપ લેખીને બંનેને અભિન્ન ગણે છે. તો હુજિવરી ઇશ્વર અને જગતને જુદાં ગણીને એકેશ્વરવાદને પુરસ્કારે છે. મોટા ભાગના સૂફીઓ એમ માને છે કે ઇશ્વર જગતની અંદર પણ નથી ને બહાર પણ નથી , તેમ એ એકી સાથે જગતની અંદર ને બહાર છે એવું પણ નથી. એમને મતે "બહાર" અને "અંદર" એવી સંજ્ઞાઓ માત્ર ભૌતિક પદાર્થોને જ લાગુ પાડી શકાય. ઇશ્વરનું વર્ણન કરતી વેળાએ એ સંજ્ઞાઓ નિરર્થક થઇ પડે છે.

ઇબ્ન અરબી, હલ્લાજ તથા જામી વગેરે સૂફીઓ ઇશ્વરને નિર્ગુણ, નિર્વિશેષ શુધ્ધ સત્તામાત્ર રૂપે જુએ છે. એમનો મત શાંકર અદ્વૈત-વાદને મળતો આવે છે.

૮.

આ ઇશ્વરનું જે સવિશેષ અને સગુણ રૂપ તે ઇશ્વર. હુજ્વિરી ને કાલાવાધિ જેવા સૂફીઓ ઇશ્વરને સગુણરૂપે જુએ છે, ને એના ગુણોની સંખ્યા અનન્ત છે એમ માને છે . આ રીતે એ મત વિશિષ્ટાદ્વૈત મતને વિશેષ મળતો આવે છે.

ઇશ્વરે પોતાના ગૂઢ રહસ્યને પ્રકટ કરવા, સૃષ્ટિ સરજી એવું કેટલાક સૂફીઓ માને છે. હલ્લાજના મત પ્રમાણે ઇશ્વર પોતાના સ્વરૂપને જોઇને ખુશ થયા ને એમનો આત્મપ્રેમ જ આ સૃષ્ટિરૂપે આવિર્ભૂત થયો. આ રીતે વિશ્વનું સર્જન ઇશ્વરના સ્વતઃસ્ફુર્ત અને અપરિમેય આનન્દનો મૂર્ત વિકાસમાત્ર છે.કોઇ સાધારણ ભાવની સ્ફૂર્તિ કે વાસનાની પૂર્તિરૂપ નથી. કારણકે જો એમ માનીએ તો ઇશ્વરમાં ન્યૂનતા કલ્પવી પડે. એક મત પ્રમાણે અવ્યક્ત ઇશ્વરજ વ્યક્ત સૃષ્ટિને રૂપે પરિણત થાય છે. સૂફીઓના મતાનુસાર ઇશ્વરે ~~સૌથી~~ સૌથી પ્રથમ પોતાના નામના નૂર (પ્રકાશ)માંથી નુ ~~સલ~~મહમ્મદિયા- મુહમ્મદના નૂરની રચના કરી. પછી એ નૂર સૃષ્ટિના ઉપાદાનરૂપ બન્યું. એમાંથી પૃથ્વી, જળ, વાયુ, તથા અગ્નિ- એ ચાર તત્ત્વો ઉદ્ભવ્યાં, પછી આકાશ અને તારા થયા, પછી સાત ભુવન, ધાતુ ઉદ્ભિજ, જીવજન્તુ ને માનવનું નિર્માણ થયું. આ બધાં વડે બ્રહ્માણ્ડ બન્યું, ને એ અનેક બ્રહ્માણ્ડોનું વિશ્વ બન્યું.

સર્જનનું સર્વોચ્ચ શિખર તે માનવ છે. ઇશ્વરના સ્વરૂપની પૂર્ણ અભિવ્યક્તિ માનવ શરીરમાં થઇ છે. એમાં પૃથ્વી, જળ, વાયુ, તથા અગ્નિ ઉપરાંત "નફસ" પણ છે, ને તે ઉપરાંત કલ્બ (હૃદય), રૂહ (આત્મા), સિર્ર (જ્ઞાનશક્તિ) ખફી (ઉપલબ્ધિની શક્તિ) તથા આખફા (અનુભૂતિની શક્તિ) રહ્યાં. છે ને આ

વિશેષ ને કારણે માનવશરીર જગતના કરતા પણ ઇશ્વરનું પૂર્ણ પ્રતિરૂપ બની રહે છે. આ બધાના શરીરમાં જુદા જુદા સ્થાનો પણ બતાવાયા છે. કલ્બ ડાબી બાજુએ, રૂહ જમણી બાજુએ, સિર્ર એ બંનેની વચ્ચે, ખફી કપાળમાં ને અખ્ફ મસ્તક અથવા વક્ષમાં, ખાસ કરીને અખ્ફ (અનુભૂતિની શકિત) થી માનવત્વ સિધ્ધ થાય છે. આમ માનવ શરીર પાંચ જડ અને પાંચ આધ્યાત્મિક ઉપાદાનોથી ઘડાયેલુ છે. એ ક્રમશ: આધ્યાત્મિક ઉન્નતિ સિધ્ધ કરતું રહે છે, અલબત્ત નફસ (જડ આત્મા) એવા અન્તરાય નાંખે છે પણ રૂહની શકિતને કારણે એ કલ્બમાં ઇશ્વરને પ્રતિબિમ્બિત્ત કરે છે. ને એ રીતે એનું પરમતત્વ સાથેનું મિલન સિધ્ધ થાય છે.

સિધ્ધ, જીવનમુક્ત, પૂર્ણ માનવોનું વર્ણન પણ આ સૂફી સાધના-ધારામાં આપણને મળેછે. ઇલ્મ અરબી આલ ઇંસાનુલ કામિલ- પૂર્ણ માનવના લક્ષણને ચર્ચે છે. એને મતે આ કામિલ જ ઇશ્વરની એકમાત્ર સાચી અભિવ્યકિત છે. દરેક મનુષ્યમાં પૂર્ણતા સ્વભાવથી જ રહી હોય છે; તે ક્રમશ: સિધ્ધ કરવાની રહે છે. આવો પૂર્ણ માનવ સામાન્ય માનવ તથા ઇશ્વર વચ્ચે સેતુરૂપ બની રહે છે. મુહમ્મદ આવા પૂર્ણ માનવોમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.[1] આ ઉપરાંત વલી અથવા પીર, નબી, ઔલિયા પણ આ સાધનામાં ઉચ્ચ કોટિના સાધકો છે. જૈનોમાં ચોવીસ તીર્થંકરો, નાથોના નવ નાથની જેમ આ

---

[1]એનો ક્રમ આ મુજબ આપવામાં આવે છે: ૧,આદમ-સામાન્ય માણસ, ૨,ઇંસાન-જ્ઞાની, ૩,વલી-પવિત્ર મનુષ્ય, ૪,કુતુબ-મહાત્મા, ૫,નબી-પયગમ્બર,

૧૦.

પરમ્પરા પણ મુહમ્મદને બારમા નબી ગણે છે. આ નબીઓનો ઇશ્વર સાથે અપરોક્ષ સંબંધ હોય છે, એમને કોઇ મધ્યસ્થની જરૂર રહેતી નથી. પણ રૂમી કહે છે કે નબીની મધ્યસ્થતા વગર પણ ઇશ્વરનો સાક્ષાત્કાર થઇ શકે.`

આ સાધનામાં પણ ગુરુનું મહત્ત્વ ઘણું છે. પીર અથવા સદગુરુ માં પૂરી શ્રધ્ધા રાખવી જોઇએ. આ ઉપરાંત સાધનાની જુદી જુદી કોટિએ પહોં-ચેલા સાધકને માટે જુદી જુદી સંજ્ઞાઓ છે.

માનવજીવનના ઉદ્દેશને બે રીતે જુએ છે: નિષેધાત્મક અને ભાવાત્મક, આ દૃષ્ટિએ જોતાં ફના અને બકા બે મહત્ત્વની સંજ્ઞાઓ છે. અન્ય સંજ્ઞાઓની જેમ આ સંજ્ઞાઓના સંકેત પરત્વે મતભેદ છે. આ સંજ્ઞાને સમજતાં પહેલાં એની પૂર્વભૂમિકારૂપે થોડી સંજ્ઞાઓ સમજી લેવી જરૂરી છે. પરમ તત્વ કે ઇશ્વર-અહદ ના સૂફી મતે બે સ્વરૂપ કલ્પ્યાં છે. જાત અને સિફત. જાત એટલે જાણ-નાર અને સિફત એટલે જાણવામાં આવનાર. આ રીતે જોતાં જાત તે અલ્લાહ અને સિફત તે મુહમ્મદ. આ બેની નજૂલ અને ઉરૂજ નામની શક્તિઓ પછીથી વિશ્વનું નિર્માણ કરે છે. નજૂલ એટલે લય, ઉરૂજ એટલે પુનરૂક્તિ. જાત-માંથી ઉત્પન્ન થઇને નજૂલ સિફતમાં લય પામે છે. જાત સિફતને ઉત્પન્ન કરીને પોતાનામાં લીન કરી દે છે. વાસ્તવમાં આ બંને અભિન્ન છે, પણ મનુષ્ય પોતાની મર્યાદાને કારણે એ બંનેને અલગ ગણીને ભેદ જુએ છે. હક એટલે સત્ય. એ સત્ય ઉપનિષદમાં વર્ણવ્યા મુજબ જ- અહીં પણ આચ્છાદિત છે, જેથી અનધિકારી એને જોઇ ન શકે. હકનું રૂપ એક જ છે, પણ પોતાની પરિ

-મિત શકિત અનુસાર સૌ એને જોઇને જુદી જુદી રીતે વર્ણવે છે. જ્યારે અહદ (પરમેશ્વર) ને પોતાની વહદત (આગવા અસ્તિત્વ)નો અનુભવ થાય છે. ત્યારે એ પોતાના સ્વરૂપને ચાહવાને માટે બીજું રૂપ ઉપજાવવાની એને ઇચ્છા થાય છે. આ ઉત્પન્ન થતું બીજું રૂપ તે માશૂક, સૂફીમત અનુસાર અલ્લાહ માશૂક છે ને સુફી આશિક.છે

હવે જીવનની પૂર્ણતા એટલે વકા. એ ભાવાત્મક સ્થિતિ છે; અલ્લાહની વાસ્તવિક સ્થિતિ એ છે. કેટલાક જીવનકાળ દરમિયાન એ સ્થિતિને સિદ્ધ કરે છે, નહીં તો બધાને જ મૃત્યુ પછી એ સ્થિતિને પામવાનીજ હોય છે. ફના એટલે વિલીન થવું, લય પામવો. કાલાવાધી એ હુજ્વિરીને મતે ફના એટલે જીવની જગત પ્રત્યેની આસક્તિનો નાશ. જિલીને મતે ઇશ્વર અને જગતનો સંબંધ પાણી અને બરફના જેવો છે. એ બંને એકજ વસ્તુના બે રૂપ છે.[૨] એ ફનાનો અર્થ મનુષ્યનું ઇશ્વરમાં વિલીન થવું એવો કરે છે, ને વકા એટલે મનુષ્યનું ઇશ્વર તત્ત્વમાં અવસ્થાન. કેટલાક ફના એટલે માનવોચિત ગુણોનો વિલય અને વકા એટલે ઇશ્વરના ગુણોમાં અવસ્થાન એવો અર્થ ઘટાવે છે. પાણી ઉપર પડતું સૂર્યનું પ્રતિબિમ્બ પાણી ન રહેતાં રહેતું નથી, સૂર્યમાં મળી જાય છે. તેમ મનુષ્ય પોતાના ગુણોનો લય કરે તો અલ્લાહમાં મળી જાય છે. રૂમીને મતે ફના એટલે માનવીય ગુણોનો નાશ અને વકા એટલે ઇશ્વરીય ગુણોની પ્રાપ્તિ.

---

[૨] આ દૃષ્ટાંત જ્ઞાનમાર્ગી કવિઓ પણ આપે છે. જુઓ "અખેગીતા".

૧૨.

આ વકા રૂપી મંઝિલને પ્રાપ્ત કરવા માટેનો સાધાના માર્ગ વીગતે તપાસીએ. એની જુદી જુદી ચાર અવસ્થા છે. ૧-શરિયત, ૨-તરીકત, ૩-હકીકત અને ૪-મારિફત. પ્રથમ કક્ષામાં મુરિદ-તાલિબ ફના ફિશશેખને સિધ્ધા કરીને ફેવ દીવાની હાલને પામે છે, આ કક્ષામાં સાધક નફ્સની ભૂમિકાએ સાધાના કરે છે ને એ નાસૂત તરીકે ઓળખાય છે. અહીં સગુણની પૂજા, આચાર અને સ્વાર્પણ મહત્ત્વનાં છે. બીજી કક્ષામાં સાધક તરીકત નો આશ્રય લે છે, ફના ફિશશેખને સિધ્ધા કરીને પીરાની હાલને પામે છે. આ સાધાના કલ્બની ભૂમિકાએ કરવામાં આવે છે. એમાં ગુરુભક્તિ નુ મહત્ત્વ છે. પીર ને મુરિદે સ્વાર્પણ કરવુ અગત્યનું છે. આ કોટિના સાધકને મલકૂત કહે છે. ત્રીજી કક્ષામાં હકીકતનો આશ્રય લઇને સાધક ફના ફિર્રસુલેને સિધ્ધા કરી નૂરાની હાલને પામે છે. આ સાધાના દિલની ભૂમિકાએ થાય છે. એમાં ભક્તિનું પ્રાધાન્ય છે, ને પયગમ્બરને સર્વસ્વ અર્પણ કરવાનો મહિમા છે આ કોટિનો સાધક જબરૂત તરીકે ઓળખાય છે. આ પછી કામિલ કે આરિફ બનીને સૂફી સાધક મારિફત નો આશ્રય લઇ ફના ફિલ્લાહને સિધ્ધા કરી રૂહાની હાલને પામે છે. આ કક્ષાએ પરમાત્મામાં દેહાભિમાનનો સમ્પૂર્ણ લય સિધ્ધા થાય છે ને સાધક લાહૂતની પદવીને પામે છે. આથી પણ ઉંચી હાહૂતની પદવી છે તેમાં વાસિમે હકથી સાધક વકાને સિધ્ધા કરીને ગૈબની સ્થિતિને પામે છે. આ જીવન્મુક્તની સ્થિતિ છે. આ સાધાનાસોપાનને આપણા કર્મયોગ, ભક્તિયોગ તથા જ્ઞાનયોગની સાથે સરખાવી શકાય. સૂફીઓનો હાહૂત તે જ પૂર્ણ પુરુષ .

કઠોપનિષદ્માં પ્રત્યાવર્તનની સાધાનાનો જે અણસારો મળ્યો તે સૂફી સાધાનામાં પણ દેખાય છે. ઇમામ ગઝાલીના કહેવા મુજબ ઇશ્વર અનેક (સત્તર હજાર) નકાબની પાછળ છુપાયો છે. એમના થોડા પડદા પ્રકાશ-મય છે તો થોડા અન્ધાકારમય. આ આવરણોને કારણેજ એ બધાને દૃષ્ટિગોચર થતો નથી, જો દૃષ્ટિ ગોચર થતો હોત તો એના તેજથી અનધિકારીને રાખ કરી નાખ્યા હોત. આ આવરણ મોચનની સાધાના સાધાકે કરવાની છે. આ સાધાનામાં ગતિ બે પ્રકારની છે. એક તો સાધાક ની ઇશ્વર તરફની અને બીજી ઇશ્વરની સાધાક તરફની. જેમ જેમ સાધાક પરમેશ્વર તરફ આગળ વધે તેમ તેમ પોતાની માનવીય મર્યાદાઓને છોડતો જાય. પ્રત્યાવર્તનની સાધાનામાં સાલિક આહ્નિક તરફ જાય છે. અન્ધાકાર ના આવરણમાંથી પાછો વળીને , પ્રત્યાવર્તિત થઇને ફરી સાત આવરણોને ભેદે છે.એ સાત આવરણોના ક્રમ વિશે સૂફીઓમાં મતભેદ છે. કેટલાકને મતે એ સાત આવરણભેદ્યા પછી પણ બીજા ચાર આવરણને પાર કરવાના હોય છે. આ સાત સાધાના સોપાન તે અનુતાપ, આત્મસંયમ, વૈરાગ્ય, દારિદ્રય, ધૈર્ય, ઇશ્વરમાં વિશ્વાસ, સંતોષ .[3] છેલ્લી કક્ષાએ સાહ્નિક ચિત્તની શાન્ત સમાહિત સ્થિતિને પ્રાપ્ત કરે છે. આ પછીના ચાર પગથીયાં તે મારિફત : (હૃદય પ્રસૂત જ્ઞાન) એનું ભાવાવેગમય રૂપ પ્રેમ, વજ્દ(ભાવોન્માદ) અને વસ્લ(ઇશ્વર સાથેનું મિલન).

---

[3] જુઓ પરશુરામ,ચતુર્વેદી કૃત સૂફી કાવ્ય સંગ્રહ પૃ.૩૦.

સૂફીઓની ઉપાસના પધ્ધતિમાં નમાજ (સલાત), કુરાનનું પારાયણ (તિલાવત) ભજનકીર્તન (અવરાદ), આ સર્વસામાન્યને માટે છે. આ ઉપરાંત ની વિશેષ સાધાના પધ્ધતિમાં પ્રજાહદ (નફસના પરનો કાબૂ), જિક્ર- એના બે પ્રકાર જિક્ર જલી (અમુક વાકયનું ઉચ્ચ સ્વરે રટણ), અને જિક્રખફી: (મન્દ સ્વરે થતો જપ) અને મરાકબ (નિદિધ્યાસન)

ભારતમાં ઇસ્લામનો પ્રચાર તો સાતમા સૈકામાં થયો. તે પહેલા આરબ દેશો સાથેનો ભારતનો સાંસ્કૃતિક ને વ્યાપારી સંબંધ તો હતોજ. આવા વેપારીના કોઇ કાફલા સાથે સં. ૭૩૯ ના અરસામાં દક્ષિણમાં ચૈલાપુરમાં તથા ઉત્તરપશ્ચિમમાં પેશાવરમાં થોડા ધાર્મોપદેશકો આવ્યા. ત્યાર બાદ બાબા રતન તથા બાબા ખાકી જેવા ધાર્મિક-તરીકે પીરોએ પણ પ્રચાર કર્યો. ને તલવારના જોરે ઇસ્લામ સ્વીકારવાનો પણ જમાનો આવ્યો. પણ સૂફી મતનો સાચો પ્રચાર ૧૨માં સૈકામાં પૂર્વાર્ધમાં થયો. ત્યારે પ્રસિધ્ધ સૂફી સાધાક અલહુજ્વિરી ભારતમાં આવ્યા હતા. એઓ લાહોરમાં મૃત્યુ પામ્યાં. પછીથી યુવાન સાધાકોની મંડળી પરિભ્રમણ કરવા લાગી. એ મંડળી અંત તરીકે એટલે કે પથમાં પરિણમી. સૌથી પ્રથમ સૂફીઓના ચિશ્તિયા સમ્પ્રદાય નો ભારતમાં પ્રચાર શરૂ થયો. ખ્વાજા મુઇનુદ્દીન ચિશ્તી (૧૧૯૯-૧૨૯૩) આ સૂફીમતના સર્વ પ્રથમ પ્રચારક હતા. એઓ સં.૧૨૨૨ માં અજમેરમાં સ્થિર થયા. એમના શિષ્યો પૈકી ખ્વાજા કુતુબુદ્દીન "કાકી" તથા ફરીદુદ્દીન શકર -ગંજ વિશેષ જાણીતા છે. દિલ્હીના બાદશાહ અલ્તમશ આ "કાકી"ના શિષ્ય થયા હતા. આ જ પરમ્પરામાં બીજા જાણીતા સાધાક તે નિજામુદ્દીન-

ઓલિયા. એણે દિલ્હીના બાદશાહના દરબારમાં કદી પણ ન જવાની પ્રતિજ્ઞા લીધી હતી. એમની એક જુદીજ "નિજામિયા" શાખા સ્થપાઇ. સૂફીમતની બીજી મહત્વની શાખા તે સુહર્વર્દીયા શાખા. મુલતાનમાં જન્મેલા બહાઉદ્દીન "જકારિયા" એ એનો પ્રચાર કર્યો. એજ પરમ્પરાના શેખ અહમદ માશૂક કર્મકાંડને ખૂબ તિરસ્કારતા હતા. ઇસ્લામધર્મે સ્વીકારેલી વાતો નુ ની વિરૂધ્ધ એવું પણ એમાં હતું. આથી એને મલામતી(નિન્દાપાત્ર) ગણ્યા છે- ને એ શાખાનો બેશરા ગણવામાં આવી. આવીજ એક બેશરા (અવૈધ) શાખા તે રસૂલશાહી. એમાં વિચાર સ્વાતંત્ર્યને પ્રાધાન્ય હતું. આ ઉપરાંત એમાં એક સુહાગિયા શાખા પણ હતી. જે સુર્ખપોશના એક શિષ્યે અમદાવાદમાં પ્રચલિત કરી. એનું નામ મુસા સુહાગ હતું, (સં.૧૫૦૬), એ પોતે હમેશાં સ્ત્રીના વેશમાં ફરતો ને ઇશ્વરને પોતાનો પતિ માનતો, આથી બધા એને "સદા સુહાગ" ને નામે ઓળખાતા.

કાદિરિયા શાખાનોભારતમાં પ્રચાર મહમ્મદ ગૌસે કર્યો. દિલ્હીનો સુલતાન સિકંદર લોદી એનો શિષ્ય હતો. એની ઉપશાખાઓ પૈકી બંગાળ ની કુમેશિયા, રાવળપીંડી ની બહલુલ શાહી, લાહોરની મુકીલશાહી ને પશ્ચિમમાંની હાજી મુહમ્મદ (સં. ૧૫૫૭) ની જૌશાહી વિશેષ પ્રસિધ્ધ છે. આ લોકોએ સાધનામાં સંગીત અને નૃત્યનેકે પણ અપનાવ્યા. શાહજાદા દારા શિકોર "મિયાં ખેલ" નામની શાખાના મિયાં મીરના શિષ્ય મુલ્મા-શાહનો મુરીદ હતો.

Smt. HANSA MEHTA LIBRARY THE M. S. UNIVERSITY OF BARODA





નકશબંદિયા શાખા ખ્વાજા બહાઉદ્દીન "નકશબંદે" શરૂ કરી. ભારતમાં એનો પ્રચાર એનાથી સાતમી પેઢીએ ખ્વાજા બાકી બિલ્લા બેરંગે (સં.૧૬૬૦) કર્યો. એ લોકો કપડાં પર છાપ પાડવાનું કામ કરતા તેથી "નકશબંદી" કહેવાયા. તો કેટલાક એમ પણ કહે છે કે અધ્યાત્મવિદ્યાની ગૂઢ વાતોનું માદૃશ ચિત્ર એઓ આપી શકતા માટે "નકશબંદી" તરીકે ઓળખાયા. આ પરમ્પરાનો ભારતમાં પ્રચાર કરનાર સાધકો પૈકી સૌથી વિશેષ ઉલ્લેખ -પાત્ર અહમદ ફારૂખી (સં.૧૬૨૦-૧૬૮૨) છે. એમણે સુન્નીઓને ઉપર લાવવાનો પ્રયત્ન કર્યો, આથી રાજકર્તાનો ખોફ વહોર્યો. એણે સુફીઓની "વુજૂદિયા" તથા "શુહુદિયા" વિચારધારાનો સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો. એનો કયુ -મિયતનો સિધ્ધાન્ત ઉલ્લેખપાત્ર છે. આ કયુમ તે ઇંસાન કામિલથી પણ ઊંચી કોટિનો છે. પરમેશ્વર સિવાયનું બીજુ બધું એને આશ્રયે રહ્યું હોય છે. એને "ઉલૂબે આજમ" સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક પુરુષ પણ કહે છે.

આ સિવાયના બીજા ઉલ્લેખનીય સમ્પ્રદાયોમાં જોનપુરના અબ્દુલ્લા શત્તારનો શત્તારી સમ્પ્રદાય છે. એમાં સહજ સાધનાથી બહુ અલ્પ સમયમાં "ફના" અને "વકા" સિધ્ધ થાય છે. આ સમ્પ્રદાયના પ્રસિધ્ધ સૂફી શાહ મુહમ્મદ ગૌસનું બાદશાહ હુમાયૂંએ પણ બહુમાન કર્યું હતું. નજમુદ્દીન કલંદરે પ્રચારમાં આણેલા કલંદરી સમ્પ્રદાયમાં સાધકો ધાર્મિક આચાર વિચાર ને બહુ ગણતા નથી. ને પરિવ્રાજક ફકીર રૂપે જીવન ગાળે છે. આ ઉપરાંત સનાતનીઓની નિન્દાને પાત્ર ઠરનારાઓનો એ જુદો "મલામતી" સંપ્રદાય પણ હતો.

૧૭.

૧૭.

આમ સૂફી સાધના જુદે જુદે સ્વરૂપે ભારતમાં પ્રચાર પામી ને આપણા સંત સાધકો પર એની વ્યાપક અસર પડી. કબીર, દાદૂ, બુલ્લેશાહ વગેરે સન્તોની કૃતિઓમાં આ અસર સ્પષ્ટ જ જણાઇ આવે છે. તે ઉપરાંત બકસરની પાસેના જગદીશપુરમાં રાજ કરતા સાધક પીરનશાહ સૂફી સાધનાની અસર નીચે આવીને સૂફી થઇ ગયા હતા.[૪] આ પીરનશાહ ના પુત્ર ઇ દરિયાશાહ જાણીતા સન્ત છે. એ કશાં શાસ્ત્ર, વ્રત, તીર્થ, આચાર, બાહ્યવિધિમાં માનતા નહીં. એમના મુખ્ય ૩૬ શિષ્યો હતા. એ પૈકીના એક મુબારક નાગોરી એ નાગોરીમત પ્રચારમાં આણ્યો જે આઉલબાઉલ દરવેશ વગેરેમાં ફેલાયો. એમને કુરાન હદીસ વગેરેમાં આસ્થા નહોતી. એઓ "સ્વતંત્ર માનવ" હતા. યુનાની ફિલસૂફીના એઓ મોટા જાણકાર હતા. એમના બે દીકરા ફૈઝી અને અબુલફઝલ ભારતના ઇતિહાસમાં જાણીતા છે. આ પૈકીના ફૈઝી વેદાન્ત પણ્ડિત હતા. એમણે વેદાન્તના ગ્રન્થો, મહાભારત, રામાયણ વગેરેના અનુવાદ કર્યા છે. દરિયાશાહ ના શિષ્યો ચારે દિશામાં ફેલાયા. એ પૈકીના અલખશાહે હિન્દુ અને મુસલમાનને યોગ અને મૈત્રીનો ઉપદેશ આપ્યો. એમણે બંગાળમાં નાગોરી મતનો પ્રચાર કર્યો. આ ઉપરાંત અલવરમાં અઢારમી સદીમાં રસૂલશાહ નામના ફકીર થઇ ગયા. એઓ તન્ત્ર વિદ્યા પણ શીખેલા ને વીરાચારની સાધના કરેલી. છેક કાઠિયાવાડમાં જૈન ભણ્ડારમાંથી

---

[૪] જુઓ ભારતીય અનુશીલન : ગૌ.હી. ઓઝા અભિનન્દન ગ્રન્થમાં "મધ્યયુગમાં રાજસ્થાન અને બંગાળની વચ્ચેની સાધનાનો સંબંધ" એ ક્ષિતિમોહન સેનનો નિબન્ધ. વિભાગ ૬, પૃ. ૮૭.

રસૂલશાહી સાધાનાની હસ્તલિખિત પ્રત બંગાળી ભાષામાં લખાયેલી મળી આવી છે.

ગૂજરાતી જ્ઞાનમાર્ગી કવિઓ પૈકી અખો, અને નિરાંત સીધા સૂફી અસર નીચે આવ્યા હોય એમ લાગે છે. અખાએ "અખાજીના ઝુલણા" માં વેદાન્ત અને સૂફી ઇશ્કી એકવાચકતા બતાવવાનો જ પ્રયત્ન કર્યો છે. એ કૃતિ ઉર્દુ, હિન્દી, પંજાબી- એમ મિશ્ર ભાષામાં રચાઇ છે, પણ એમાં સૂફી સાધાનાના પારિભાષિક શબ્દો-- અર્શ, ઐન, ગૈન, હક શરીઅત, હકીકત, મુર્શિદ, ફ્રેજ, કુતુબ, વાજબ, વેહદત, મુકામ, અલહશી, દીન, શફાત, આરિફ, ફના, ગેબ, ઇશ્ક, માશૂક, ખાલિક, તાલીબ, આરફાન્, હાલ, જલવા, જાત, સફાત, વલી, નૂર, વગેરે આવે છે. સંત બુલ્લેશાહની પંક્તિ:

ઐન હી આપ હૈ બિના નૂકતે સદા ગૈન મહબૂબ દિલદાર મેરા

ની સાથે અખાની આ પંક્તિ પણ સરખાવવા જેવી છે:

અખા, ઐન જાનેસુ "ગૈન" નાવે,
બિન બૂઝ્યા બહુત મરે.[5]

આ ઉપરાંત "અખાજીની જકડી" માં પણ સૂફી સાધાનાધારાની સ્પષ્ટ અસર દેખાય છે.[6] એની વિશેષ ચર્ચા અખાનો અભ્યાસ કરતી વેળાએ કરીશુ. નિરાંત (૧૭૭૦-૧૮૪૬) નો મિયાં સાહેબ નામનો એક સાધાક એક હાથમાં તુલસી લઇને ડાકોર જતો હતો ત્યારે મળેલો. એની સાથે એણે તત્ત્વચર્ચા કરી. આ મુસ્લીમ સાધાકે ઇશ્વરને

---

[5] જુઓ અપ્રસિધ્ધ અક્ષયવાણી (સાગર સમ્પાદિત) પૃ.૧૪૬

[6] એજ ન. પૃ. ૮૩-૧૨૨.

શોધાવા માટે તીર્થસ્થાને જવાની કે પૂજાપાઠ કરવાની જરૂર નથી, કારણ કે ઇશ્વરનો આપણામાં જ વસતો હોય છે એવું નિરાંતને કહ્યું. આ વાત નિરાંતને ગળે ઉતરી, ને તેણે એ મુસલમાન સાધાકને ગુરુ- પોતાના ગુરુ તરીકે સ્થાપ્યો. આ પ્રસંગ નિરાંતના પરની મુસલમાન સાધાકની અસરને સ્પષ્ટ બતાવે છે.[૭]

---

[૭] જુઓ કૃ.મો. ઝવેરીકૃત ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો. પૃ.૧૪૫.

## મધ્યયુગીન સન્ત સાધના

પૂર્વભૂમિકાની આટલી ચર્ચા કર્યા પછી સન્તસાધનાનાં મુખ્ય લક્ષણો અને એનાં, જુદાજુદા સન્તોની વાણીમાંથી મળતાં, નિદર્શનો જોઇએ. સન્તસાધનાએ ચોક્કસ સ્વરૂપ ધારણ કર્યું. તે સમયની પરિસ્થિતિ કેવી હતી તે ટૂંકમાં જોઇ લઇએ. બૌધ્ધ સાધના મંત્રતંત્રને કામણટુમણમાં સરી પડીને ઐહિક વિષયલાલસા તરફ મીટ માંડતી થઇ ગઇ હતી. બ્રાહ્મણ ધર્મે ધીમેધીમે પોતાનું પ્રાધાન્ય સ્થાપવા માંડયું હતું. વેદને પ્રમાણ તરીકે નહીં સ્વીકારનારના તરફ એ અસહિષ્ણુ બનતો જતો હતો. બૌધ્ધો, શાક્તો અને શૈવોનો એક મોટો વર્ગ વેદોના પ્રામાણ્યને સ્વીકારતો ન હોવાને કારણે વેદબાહ્ય ગણાતો હતો. દશમી શતાબ્દિમાં વધારે પ્રબળ બનેલો પાશુપત મત પણ વેદબાહ્ય લેખાતો હતો. આ દરમિયાન મુસલમાનો દેશના શાસક તરીકે સ્થિર થવા લાગ્યા. આમ તો ઇશુની સાતમી સદીમાં ખલીફા ઉમરે પહેલો વેપારી કાફલો હિન્દુસ્તાન મોકલ્યો હતો. ત્યારથી તે ૧૪ મી ૧૫ મી સદી સુધી આ વેપાર અતૂટ ચાલતો રહયો. ભારતની સમૃધ્ધિ આરબો અને ઇરાનીઓને હંમેશાં આકર્ષતી રહી. દક્ષિણમાં મલબારમાં એમના વહાણો લાંગરતાં. હિન્દુઓ સાથેનો આરબ ઇરાની વેપારીઓનો સંબંધ વધતો ગયો, અરસપરસમાં લગ્ન સંબંધો પણ બંધાવા લાગ્યા. હજ્જાજ અને કાસિમે મોટી મુસ્લીમ વસતિ વસાવી. હિન્દુઓએ એમની સ્વભાવસહજ ઉદારતાથી મુસલમાનોને એમના ધર્મપ્રચારમાં સહાય પણ કરી. [1] આ અરસામાં ચેરવંશના આખરી તબક્કામાં હતો. અનેક ધર્મપ્રકારનાં પરસ્પર વિરોધી બળો પ્રજાજીવનમાં વરતાતાં હતાં. પ્રજાને માર્ગદર્શનની જરૂર વરતાતી હતી. એ અરસામાં સમાનતાની ઇસ્લામની ભાવના પ્રજાને ભાવી ગઇ. બ્રાહ્મણધર્મની રૂઢિચુસ્તતાને કારણે ઘણા હિન્દુ સાધકોને એમાં સ્થાન ન મળ્યું. એ પૈકીના ઘણાને ઇસ્લામનો અંગીકાર કરવો પડયો. પૂર્વ બંગાળના વેદબાહ્ય ગણાયેલા સમ્પ્રદાયો પૈકીના ઘણાએ ઇસ્લામને સ્વીકાર્યો. પંજાબમાં પણ નાથ, નિરંજન તથા પાશુપતોની ઘણી શાખા મુસલમાન થઇ ગઇ. આ ઉપરાંતની ગોરખનાથના સમયની શૈવ શાક્ત તથા બૌધ્ધ શાખાઓ ન હિન્દુ કે ન

---

૧. Historical sketches of Deccan - Iyer શ્રી સિદ્ધનાથ તિવારીએ "નિર્ગુણ કાવ્ય-દર્શનમાં" ટાંકેલું.

મુસલમાન એવી સ્થિતિમાં પણ રહી ગઇ. [૨] રૂઢિચુસ્તો વધુ અસહિષ્ણુ બન્યા. મુસલમાનોના આવવાને કારણે પોતાને શુધ્ધ ને ઉચ્ચ મનાર રૂઢિચુસ્તોએ જાતિ બન્ધનોને સખત બનાવ્યાં, વર્ણાશ્રમ વ્યવસ્થા જડતાને પામી. આ પરિસ્થિતિમાં ઇસ્લામની સમાનતાની ભાવનાનું આકર્ષણ હોય તે સ્વાભાવિક છે. ચેરવંશના પરમાલ સમ્રાટે ઇસ્લામને સ્વીકાર્યો, આમ એને શૂન્યાશ્રમ પણ મળયો. પાંડયવંશમાં તો મુસલમાનો મંત્રીપદ સુધી પહોંચ્યા હતા. ખલીફા વલિદના સમયમાં પહેલવહેલા આરબો મુલતાન તથા સિન્ધમાં વસ્યા ને ત્યાંથી કાઠિયાવાડ, ગૂજરાત ને કોંકણ સુધી ફેલાયાં. તે સમયમાં ભારતની રાજકીય એકતાની ભાવના પણ છિન્નભિન્ન થઇ ચૂકી હતી. જુદાજુદા રાજવંશો પોતપોતાનું સંભાળીને બેસી રહેતા હતા. આથી સુબુકત ગીન અને મહમદ ગઝનવીની ચઢાઇઓ દરમિયાન એમને કયાંય હિન્દુઓનો સંયુક્ત સામનો કરવો પડયો નહીં. સોમનાથનું મંદિર ભાંગ્યું, તલવારનું જોર વધ્યું. મૂર્તિભંજક મુસલમાનોનો આ ઉત્કર્ષ જોઇને પણ ઘણાંની આસ્થા મૂર્તિપૂજામાંથી ઉઠી ગઇ. શરૂશરૂમાં હિન્દુમુસ્લીમ એકબીજાથી અલગ રહયા, એક બીજાને કાફર ને મ્લેચ્છ કહીને નિંદવા લાગ્યા, પણ આ ખેંચતાણની તંગ પરિસ્થિતિ ઝાઝો વખત ટકી રહી શકેજ નહીં. આથી સમન્વયના પ્રયત્નો થવા લાગ્યા. ઇસ્લામમાં પ્રજામાની સમાનતા ને ધર્મોપાસનાનો દરેકને મળતો સમાન અધિકાર– આ બે તત્વો આવકારવા જેવાં લાગ્યાં. આવી પરિસ્થિતિમાં દક્ષિણમાંથી ભક્તિનું મોજું આવ્યું. જનસાધારણને એણે એક આલમ્બન આપ્યું. સરળ ભક્તિના માર્ગે ઘણાને મોટું બળ આપ્યું. સમ્પ્રદાયોની જંટાજાળમાં અટવાતી પ્રજાને રાહત મળી. કર્મકાણ્ડ અને આચારની જડતામાં પુરાઇ ગયેલી પ્રજાના હૃદયમાં ભક્તિના ભાવોચ્છ્વાસે જાણે નવા પ્રાણનો સંચાર કર્યો. દક્ષિણથી આવેલી વૈષ્ણવ ભાવના ઉત્તરમાં નવા સંસ્કાર પામી, એકેશ્વરવાદી ઇસ્લામનો પણ સન્તો પર પ્રભાવ પડયો. પોતાની અંદર રહેલા દ્વેષોને તટસ્થતાથી ને નમ્રતાથી સુધારવાનું વલણ દેખાવા માંડયું. કબીરાદિ સન્તોએ પ્રજાને સુધારવાને માટે કેટલું કેટલું કહયું છે! એ ઉપરથી તે સમયની પ્રજાની જડતાનો આપણને કંઇક ખ્યાલ આવે છે. આપણા સન્ત કવિઓ પૈકી નરસિંહ, મીરાં, અખો ને પાછળના ધીરો તથા ભોજો–આ બધાંને પણ ઓછેવત્તે અંશે આ કરવુંજ પડયું છે.

---

૨. જુઓ હજારી પ્રસાદ દ્વિવેદીકૃત "મધ્યકાલીન ધર્મસાધના" પૃ. ૯૮.

સુધારણાની આ પ્રવૃત્તિ બે મુખ્ય શાખામાં વહેંચાઇ ગયેલી લાગે છે. [3] એક શાખા પ્રાચીન પ્રણાલીથી વિખૂટી પડવા માગતી નથી, તો બીજી સ્વતંત્ર રીતે નવો પ્રયત્ન કરી જોવાનુ સાહસ કરવા તત્પર છે. એ પ્રાચીન ધર્મ-ગ્રન્થોમાં જ બધું છે એમ માનતી નથી. એ વધારે આગળ ન જતાં માનવશરીર તરફ પોતાની દ્દષ્ટિને સ્થિર કરીને એમાંજ બધું સમાયેલું છે એવું માને છે ને એને સત્યનુ સર્વશ્રેષ્ઠ મંદિર માને છે. આ માન્યતાને પુષ્ટ કરતી અનેક ઉક્તિઓ સન્તસાહિત્યમાં છે તે આપણે આગળ ચર્ચા કરતાં જોઇશું. યોગસાધનાને સ્વીકારવાનું કારણ પણ માનવદેહને સિધ્ધિનાં સાધનતરીકે અપાયેલું મહત્વ જ છે. બૌધ્ધ સહજયાની તથા વૈષ્ણવ સહજિયાઓએ માનવ દેહમાં બધાં તીર્થો જોયાં ને એને સર્વશ્રેષ્ઠ કહી, માનવ સત્યની સર્વોદય કક્ષાએ સ્થાપના કરી. પરમતત્વના સ્વરૂપ પરત્વે પણ આ બે શાખાઓમાં ભિન્નતા દેખાય છે. શંકરાચાર્યે બ્રહ્મને સત્ય કહીને જગતને મિથ્યા ઠેરવ્યું, ને આત્મજ્ઞાનની સાધનાને શ્રેષ્ઠ કહી તો બીજી બાજુએ ભક્તિ પ્રચારક આચાર્યોએ ભક્તિના આલમ્બન માટે અલૌકિક ભગવાનની કલ્પના કરી. બૌધ્ધ સહજયાનીઓએ સત્ય અને શૂન્યના અદ્દૈતને સ્વીકાર્યું ને એમાં મહાસુખમય સહજની સ્થિતિનું આરોપણ કર્યું. ચિત્ત એમાં તદાકાર થાય તેને સર્વોચ્ચ સ્થિતિ ગણી, તો વૈષ્ણવ સહજિયાઓએ એ "સહજ" ને પ્રેમનું આલમ્બન પણ બનાવ્યું.

દક્ષિણમાંથી આવેલો ભક્તિની ધારા બે ભાગમાં વહેંચાઇ ગઇ: સગુણ અને નિર્ગુણ. આ પૈકીની સગુણ ધારાએ પૌરાણિક અવતારોને કેન્દ્રસ્થાને સ્થાપ્યા. [4] બાહ્યાચારની શુષ્કતાને આન્તરિક પ્રેમના ઉદ્રેકથી સીંચી, વિરોધને બદલે બને ત્યાં સુધી સમાધાનનો માર્ગ અપનાવ્યો. શાસ્ત્રનો આધાર ત્યજ્યો નહીં ને એમાં શ્રધ્ધા સ્થાપી. ભક્તિને કારણે જીવ અને ભગવાનને અલગ રાખ્યા, વિરહવેદનાને ખૂબ ઘરાઇ ઘરાઇને ગાઇ લીધી, ને આથી સગુણ ને સાકારની ઉપાસનાને પ્રાધાન્ય મળ્યું. અલબત્ત, અન્તિમ સ્થિતિ તો ઉપાસ્યને ઉપાસકની અભિન્નતા જ લેખાઇ. નિર્ગુણ ધારાએ નાથપંથી સાધકોના અલખ નિરંજન નિરાકાર નિર્ગુણ પરબ્રહ્મને કેન્દ્રસ્થાને સ્થાપ્યું. બ્રાહ્યાચારની શુષ્કતાને ફગાવી દીધી. સમાધાનને બદલે વિદ્રોહનો માર્ગ લીધો, શાસ્ત્રને આધારભૂત ન ગણતાં

---

૩. જુઓ પરશુરામ ચતુર્વેદીકૃત "ઉત્તરી ભારતકી સન્તપરમ્પરા" પૃ. ૧૨૭-૧૨૮.

૪. જુઓ હજારીપ્રસાદ દ્દિવેદીકૃત "મધ્યકાલીન ધર્મસાધના" પૃ. ૯૯-૧૦૦.

બ્રહ્મતત્વને સ્વસંવેદ્ય લેખી સ્વાનુભવને જ સૌથી મોટો આધાર માન્યો. શ્રધ્ધાને સ્થાને આત્મજ્ઞાનને સ્થાપ્યું. પિણ્ડમાંજ બ્રહ્માણ્ડને જોયું. આથી ભગવાનની બહાર કલ્પના ન કરતાં એને પોતાનામાંજ જોયા.

વિરોધાભાસીજે જોવું હોય તો ઉત્તરના હઠયોગી ને દક્ષિણના ભક્તોનું ચિત્ર કાંઇક આવું દેખાય છે. એમાં બંને પક્ષે અતિરેક પણ થયો જે દૂષણમાં જ પરિણમ્યો. એક પક્ષે જ્ઞાનનો ગર્વવધ્યો તો બીજા પક્ષે અજ્ઞાનમાંજ ભરોસો રાખ્યો. એકે પ્રેમને મનને દુર્બળ બનાવનાર ગણ્યો તો બીજાએ જ્ઞાનને કઠોર ગણ્યું. એક સ્વાવલમ્બી બન્યા તો બીજા કેવળ ઇશ્વરાવલમ્બી બન્યા. સન્તોએ પોતાના જીવનથી અને સ્વાનુભવનું બળ પ્રાપ્ત કરોને પ્રકટેલી વાણીથી આ બેની અતિમાત્રાને ટાળીને સમન્વય સાધ્યોને બોધ્યો.

અત્યાર સુધીમાં જે જે સાધનાપ્રણાલીની આપણે ચર્ચા કરી ગયા તે બધીએ સન્તોની સાધનાની એક સુદૃઢ ભૂમિકા તૈયાર કરી આપી. શાસ્ત્રસમ્મત ધર્મોમાં પ્રવેશેલી અસહિષ્ણુતા અનુદારતા અને આચાર જડતાની પ્રતિક્રિયારૂપે ચૌદમા પંદરમાં સૈકામાં
છેક દક્ષિણથી તે ઉત્તર સુધી સન્તોનો વર્ગ ઊભો થયો. આ સન્તોના અગ્રણી પ્રથમ
દેશમાં પુરુષ રામાનન્દ (સં.૧૩૫૫-૧૪૬૭) કહેવાય છે. જો કે એ પહેલાં દક્ષિણના બાર આડવાર ભકતો (વિક્રમના બીજાથી તે દશમાં સૈકા સુધીમાં થઇ ગયેલા) વૈષ્ણવ આચાર્યો (દશમાંથી બારમા સૈકા સુધીના) દક્ષિણમાં અદ્વૈતપરક ભક્તિને કેન્દ્રસ્થાને સ્થાપનાર બારકરીઓના પ્રવર્તક જ્ઞાનેશ્વર (સં.૧૩૩૨-૧૩૫૩), નામદેવ(સં.૧૩૨૭-૧૪૦૭) વૈષ્ણવ કવિસંત જયદેવ (સં.૧૨૩૬-૧૨૬૨), જેનો નામદેવે પોતાની રચનાઓમાં ઉલ્લેખ કર્યો છે તે સંત સધના (સં.૧૩૨૭-૧૪૦૭) વગેરે સન્તો થઇ ગયા છે. આ પૈકોના રામાનન્દ શ્રી સમ્પ્રદાયના અનુયાયી રાઘવાનન્દના શિષ્ય હતા. એમના પર નાથપન્થની સાધના તથા સિધ્ધાન્તોની ઘણી અસર થઇ હતી. આ ઉપરાંત છેક દક્ષિણમાંથી ઉત્તર સુધીમાં એમણે કરેલાં પર્યટનને કારણે અન્ય સન્તો અને સાધકોના સમ્પર્કમાં આવવાનો પણ એમને લાભ મળ્યો હતો. આથી રામાનન્દમાં દક્ષિણની ભક્તિ સાથે ઉત્તરના જ્ઞાનની ગંભીરતા અને વિશાળતાનો યોગ થયેલો જોવામાં આવે છે. શ્રી સમ્પ્રદાયની રૂઢિચુસ્તતાને એમણે ફગાવી દીધી. એમના "રામાવત" સંમ્પ્રદાયમાં સંન્યાસને બદલે ગૃહસ્થ જીવનનો સ્વીકાર છે, સરળ નિષ્કપટ ને આડંબરરહિત જીવન જીવવાનો આગ્રહ છે. સહજ સાધનાનું મહત્વ છે. શાસ્ત્રજ્ઞાનના કરતાં સ્વાનુભવનું મહત્વ વિશેષ છે. આથી એમના શિષ્યો પૈકોના સેનાનાઇ, બોમાજી, રૈદાસ, ધન્નાભગત, આ બધાજ હીન જાતિના ને અશિક્ષિત છતાં ઊંચી કોટિના સન્ત હતા. દૃષ્ટિની વ્યાપકતા, માનવમાત્ર પ્રત્યે સહાનુભૂતિ અને સિધ્ધાન્ત-જડતાનો અભાવ આટલાં રામાનન્દનાં વ્યાવર્તક લક્ષણો છે. આ કારણે
રામાનન્દ ઉત્તરમાં આવ્યા ત્યારે એમની જીવનદૃષ્ટિની અસર તત્કાલીન પરિસ્થિતિને કારણે

વધારે ઉત્કટ અને વ્યાપક સ્વરૂપની થઇ. વર્ણવ્યવસ્થાની જડતાએ આણેલી સંકુચિતતા ને ઊંચનીચની ભાવનાને સ્થાને માનવમાત્ર પ્રત્યેનો ઉદાર સમભાવ, શાસ્ત્રની શુષ્કતા ને જડતાને સ્થાને ભક્તિનો ઉદ્રેક અને સ્વાનુભવનો આનન્દ, પરલોક તરફની દૃષ્ટિને સ્થાને ઇહલોકમાં રહીને આ દેહમાં રહ્યા રહ્યા બધું સિધ્ધ કરવાનું ઉત્સાહી વલણ, સામ્પ્રદાયિક મતભેદોને નિવારીને અનાદિ અનન્ત એકને સિધ્ધ કરવાનો પ્રયત્ન- આ પ્રમુખ લક્ષણો તત્કાલીન પરિસ્થિતિના સંદર્ભમાં પ્રજાને સવિશેષ રુચ્યા. કોઇ અમુક ઇષ્ટદેવને સ્થાને "સત્ય" ની સ્થાપના એમણે કરી, ને "રામ" એ સત્યના પ્રતીકરૂપ ગણાયા. આથી સાકાર ભક્તિને બહુ અવકાશ ન રહયો. સાધનાનો અધિકાર હીન જાતિનાને પણ પ્રાપ્ત થયો. નામસ્મરણ, ભજનકીર્તન જેવાં સરળ સાધન પણ સ્વીકારાયાં. સંસ્કૃત જેવી સામાન્ય મનુષ્યને માટે કઠિન ભાષા છોડીને લોકો સમજે તેવી ભાષામાં ધર્મતત્વનો પ્રચાર થવા લાગ્યો. શાસ્ત્રવાણીને બદલે સન્તવાણીનો પ્રભાવ વધવા લાગ્યો, કારણ કે એની પાછળ સ્વાનુભવની સચ્ચાઇનું બળ હતું. એ વાણી દેશને ખૂણેખૂણે પ્રસરી ગઇ, ને લોકોની આધ્યાત્મિક સાધનાની પ્રવૃત્તિમાં નવા પ્રાણનો સંચાર કર્યો. દેશવ્યાપી આ આન્દોલનનું આપણા દેશના સાંસ્કૃતિક ઇતિહાસમાં ઘણું મહત્વ છે. મહારાષ્ટ્રમાં વારકરી અને મહાનુભાવ (જેના પ્રવર્તક ચક્રધર એક ગૂજરાતી હતા) દક્ષિણમાં આળ્વારો અને વિશિષ્ટાદ્વૈતમૂલક ભક્તિના પ્રચારક આચાર્યો, ઉત્તરમાં નાથપંથીઓ તથા રામાનન્દના શિષ્યો, નાનક વગેરે શીખ સન્તો, આસામમાં શંકરદેવ, બંગાળમાં વૈષ્ણવ સહજિયા તથા ચૈતન્ય સમ્પ્રદાયના સાધકો, આ સૌએ પ્રજામાં નવી જીવનદૃષ્ટિનો સંચાર કર્યો. એમાં મતભેદો હશે, પણ તે ગૌણસ્વરૂપના. નિષ્કલંક ચારિત્ર્યશીલ સરળ જીવન, સામ્પ્રદાયિક સંકુચિતતાનો વિલોપ અને માનવમાત્રનો ઉચિત સમાદર, આ મૂલ્યો સન્તોએ એમના જીવનમાંથી સિધ્ધ કરી આપ્યાં ને એ સીધા જીવનમાંથી જ આવતાં હોવાને કારણે પ્રજાના પર એનો સારો પ્રભાવ પડ્યો. શીખોના ગ્રન્થ સાહેબમાં મહારાષ્ટ્રના નામદેવની વાણી પણ સંગ્રહાયેલી છે. દરેક સમ્પ્રદાયના વાણીસંગ્રહમાં અન્ય સમ્પ્રદાયના સન્તોની વાણીનો સારો સરખો સંગ્રહ જોવામાં આવે છે. આજ રીતે નાથો તથા સિધ્ધોની વાણી એક બાજુ પેશાવર, બીજીબાજુ બંગાળ અને ત્રીજીબાજુ કચ્છના ધોણોધર સુધી વિસ્તરી છે. આચાર્ય ક્ષિતિમોહન સેને જયપુરમાં એક વૃધ્ધ સાધકને ત્યાં સન્તવાણીનો આવો મોટો સંગ્રહ જોયો હતો. એ વિક્રમ સંવત ૧૭૬૬ ના વૈશાખની કૃષ્ણા એકાદશીએ લખાઇને પૂરો થયો હતો. એમાં દાદૂ, કબીર, નામદેવ, રૈદાસ, હરદાસ, નાનક, કાન્હાજી, રજ્જબજી, બનવારીજી, રામાનન્દ, પીપા, પરસ, ભીખન, બડુવલ, ફરુવા, કાજી કાદમ, શેખ ફરીદ, કાજી મહંમુદ દરવેશ, શેખ બહાવદ, તિલોચન, સોમજી,

ચતુર્ભુજ, નરસી (નરસિંહ મહેતા) ભીવજી, બછનાગરજી, વિસા, વેણીજી, સિવશ્રમજી, બિજલ, ગોવિન્દદાસ, નરસિંહદાસ, મુકુન્દભારતી, સન્તદાસ, વિદ્યાદાસ, નેતજી, સારીજી, વાલ્મીક, અંગદ, ભુવન, સીહાજી, શ્રીરંગ, દીવાજી, ધાટમદાસ, ચન્દનદાસ, ગોવિન્દદાસ (૨), રંગજી, વ્યાસજી, કોમહજી, બાલાજી, પરમાનન્દ, સુરદાસ, શંકર, ગોરખ, બખના, જનગોપાલ, ચૈતનજી, ટીલાજી, સાધુજી, પૂરણ, દૂજન, જગજીવન, જૈમલ, રજ્જબ, વરસીજી, સુન્દરદાસ, વગેરેનાં પદો છે. આમાં નરસિંહ મહેતાનાં તથા જગજીવનનાં પણ પદો છે એ ખાસ ઉલ્લેખપાત્ર વસ્તુ છે. મુસલમાન દરવેશની વાણી પણ એમાં સંઘરાઇ છે. દાદૂપન્થીઓની વાણીના સંગ્રહમાં સમ્પ્રદાયની બહારના ૩૧ ભક્તોની વાણી છે. તે ઉપરાંત ચતુ:સમ્પ્રદાયના ૧૫ ભક્તોની તથા નિમ્બાર્ક સમ્પ્રદાયના ૬ ભક્તોની વાણી છે. આ ઉપરાંતના ષડ્દર્શનવાદી સંન્યાસી જોગી, જંગમ, જૈન, બૌદ્ધ, તથા સૂફી તેમજ નિરંજનપન્થી (હરિદાસ સ્થાપિત) કબીરપંથી, નાનકપંથી, દાદૂપન્થી - આટલા પન્થોના સાધકોની વાણી છે. દાદૂ પોતે પોતાની વાણીમાં નારદ, પ્રહ્લાદ, શિવ, કબીર, નામદેવ, શુકદેવ, બીમા, રવિદાસ, ગોરખ, ભર્તૃહરિ, અનન્ત સિદ્ધગણ, ગોપીચન્દ, દત્તાત્રેયનો આદરપૂર્વક ઉલ્લેખ કરે છે. આ વીગતો તે સમયમાં જુદાજુદા પન્થ વચ્ચે ગૌણ મતભેદ છતાં કેટલો મેળ હતો તે બતાવવાને પૂરતી છે. [૫]

જયપુરના એ સાધકનો પાસેની ૧૭૦૯ માં લખાયેલી એક પોથીમાં રામાનન્દનાં ત્રણ પદ મળી આવે છે. એ પૈકીનું એક પદ ગ્રન્થસાહેબમાં પણ છે. રામાનન્દે જે વિચારણાનો પ્રચાર કર્યો અને જે સંન્તમતની કેન્દ્રવર્તી ભાવના બની રહી તે આ પદમાં અર્કરૂપે આપણને પ્રાપ્ત થાય છે. એમાં સન્તસાધનાએ પાછળથી વિકસાવેલાં બધાંજ લક્ષણોનો બીજરૂપે અણસાર મળી રહે છે. એ પદ રામાનન્દને આ સન્તસાધનાના સમર્થ અગ્રણીને સ્થાને ઉચિત રીતે સ્થાપે છે. એ પદનો ભાવાર્થ કંઇક આ સ્વરૂપનો છે: આ જીવનમાં જ હું બધુ પામ્યો છું તો પછી હવે બહાર જવાની જરૂર શી છે? ચિત્ત તો બહાર જવા ઇચ્છતું નથી. બહાર તો માત્ર પાણી ને પાષાણ છે, ને ભગવાન તો બધું જ પૂર્ણ કરીને સર્વત્ર રહ્યો છે. મન પૂજા માટે વ્યાકુળ થઇને સુવાચન્દન લઇને નીકળ્યું હતું.

---

૫. જુઓ શિતિમોહન સેન કૃત "દાદૂ" પૃ.૧૬૬-૧૭૭. વીરમગામના શંકરદાસ પાસે આવા બીજા સંગ્રહોની માહિતી છે, તે પૈકીનો એક જયપુરના ઝવેરી બજારમાં કલ્યાણદાસજી ભંડારીને ઘરે રાધામોહન લાલજી પાસે છે, એમ શિતિમોહન સેને નોંધ્યું છે. આ સંગ્રહમાંનાં નરસિંહનાં પદો પ્રાપ્ત થાય તો અત્યારે મળી આવતાં પદો સાથે એનો સરખામણી કરી શકાય.

ગુરુએ બતાવ્યું કે જેની પૂજા કરવા જાય છે તે તો તારા અન્તરમાં જ છે. આ બ્રહ્મમાં જ રામાનન્દ વિહરે છે. ગુરુના એક શબ્દથી કોટિકોટિ કર્મબન્ધન છેદાઇ જાય છે. સહજ શૂન્યમાં નિત્ય વસન્ત હોય છે. [૬] હવે જીવને કયાંય જવાની ઇચ્છા નથી.

સન્તમતની મુખ્ય માન્યતાઓનો અહીં સંક્ષેપમાં ઉલ્લેખ જોઇ શકાશે. સન્તપરમ્પરામાં પદોના બે પ્રકાર હોય છે : ભાવપદ અથવા કથનીપદ અને કરણી પદ. આ પૈકીના કથનીપદ પોથીઓમાં સંગ્રહાયેલાં હોય છે, પણ કરણીપદ પોથીમાં ઘણુંખરું હોતાં નથી. કણ્ઠપરમ્પરાએ એ ગુરુ પાસેથી શિષ્ય પાસે જાય છે. એ પદોમાં દેહતત્ત્વ, ષટ્ચક્ર, કમલસ્થાન, ભ્રમરવેદ, ઇડાપિંગલાસુષુમ્ણાની ત્રિવેણી, પ્રત્યાવર્તનની સાધના, કુણ્ડલિનીને જાગ્રત કરીને સહસ્ત્રાર સુધી પહોંચાડવી વગેરે યોગગત ક્રિયાઓનો ઉલ્લેખ હોવાને કારણે એને કરણીપદ કહે છે. કથની અને કરણી એક બને ત્યારે સાધના પૂર્ણ ને અખણ્ડ બની કહેવાય. [૭]

ઉપર જોઇ ગયા તેમ આ સન્તમત અમુક એક વ્યક્તિએ પ્રચારમાં આણેલો મત નથી. એની પાછળ ભિન્નભિન્ન શાખાના અનેક સાધકોની સાધનાનું બળ છે. એક રીતે જોઇએ તો સાધનામાર્ગ માનવ જેટલોજ જૂનો છે. આથી જ તો ગરીબદાસે કહ્યું પણ છે:

આદિ સનાતન પંથ હમારા જાનત નહીં યહ સંસારા.

એ સ્વસંવેદ્ય ને અપરોક્ષાનુભૂતિનું જ પ્રામાણ્ય સ્વીકારનારો માર્ગ છે. [૮] આનું કારણ એ છે કે સત્યનું સ્વરૂપ અત્યન્ત ગૂઢ અને રહસ્યમય છે. એ અનાદિને અનન્ત હોવાથી એને પૂર્ણતયા અનુભવગમ્ય કરી લેવાનું પણ દુષ્કર છે. આથી કેટલીવાર એકના અનુભવમાં બીજાને તથ્ય ન પણ લાગે. આથી દરેકે નિત્ય વસ્તુનો અનુભવ પોતાની રીતે ઉપલબ્ધ કરવાનો પ્રયત્ન કરવો પડે, આમ જે અંશ પોતાનો બની શકે, જેટલા સાથે પોતે

---

૬. જુઓ અનુભવાનન્દનું પદ ૯૭. તેહને સદા રે વસંત તેહેને સદા રે વસંત,
જેહેની કોય ન કાઢે આદિ ને અંત.

૭. જુઓ અખાના છપ્પામાં: અસજ્ઞાની અંગ: અખા કહ્યું પણ લહ્યું. ન જ્ઞાન.૨૬૫
અખા કથણીથી અનુભવ તે અલગ,
જ્યમ ઊંચાં ચઢયે આકાશ જ સળંગ.

૮. જુઓ અખેગીતા (કડવું ૨૫) સ્વસંવેદ તે પદ સદા, આપે લેહ તે આપને ...

તદ્રૂપ થઇ શકે તેટલું સત્ય તેને સિધ્ધ થાય. આ કારણે આ સાધના સ્વાનુભૂતિપરક છે ને પરમતત્વ સ્વસંવેદ્ય છે. ગુરુ માર્ગ બતાવે છે ખરો, પણ એ માર્ગે જઇને વસ્તુનો પોતેજ ખોળી લેવાની રહે છે. આથી કબીરે કહ્યું છે કે સદગુરુએ મને તત્વ વિશે જ્ઞાન તો આપ્યું, પણ મૂળ વસ્તુને મેં મારા પોતાના અનુભવાનુસાર ગ્રહણ કરી. ૯. એટલે આંખરે તો અખાએ કહ્યું છે તેમ, "તું જ થા તારો ગુરુ"એ જ સાચું છે.

દાર્શનિક વિચારણાની જટાજાળ, તર્કની પટાબાજી કે વિતણ્ડામાં સન્તોને રસ નહોતો. અલબત્ત, એમાંના કેટલાકે દાર્શનિક ગ્રન્થોની રચના કરી છે તો કેટલાકે વેદાન્તના સિધ્ધાન્તના ઉપર વાર્તિક સ્વરૂપની કૃતિઓ પણ રચી છે. સમસ્ત સન્ત સાહિત્યમાં આવી કૃતિઓનું પ્રમાણ અલ્પ છે, ને એનું સ્થાન પણ ગૌણ છે. સાધનાને જ વધુ મહત્વ અપાયું છે, પરમતત્વને અમુક એક નામથી ઓળખવાનો કે અમુક પ્રકારે જ વર્ણવવાનો એમણે કદી આગ્રહ રાખ્યો નથી. એને "રામ" "રહીમ" "ખુદા" "સત" "નિર્વાણ" "પરમપદ" વગેરે ભિન્ન સંજ્ઞાઓથી એમની વાણીમાં વર્ણવે છે. "સત" નું તત્વ જ્યારે અનુભવગોચર બને છે ત્યારે જ એનું નામ લઇ શકાય છે. તે પહેલાંનું નામસ્મરણ તો કેવળ શુકપાઠ છે. સન્તસાધનામાં નામરટણ કે નામસ્મરણનું આ દૃષ્ટિએ જ મહત્વ છે. એ સંસારની બધી પ્રવૃત્તિમાં પણ આપણું મન પરમતત્વ સાથે સંલગ્ન રાખે.આપણને આપણી પારમાર્થિક સત્તાનું વિસ્મરણ ન થવા દે એટલું જ એનું મહત્વ છે. સન્તોએ દૈનંદિનીય જીવન સાથે એમની સાધનાને કશો વિરોધ હોય એમ માન્યું નથી. દૈનિક જીવનજ શાશ્વત જીવન તરફ આપણને સાહજિક રીતે અગ્રસર કરે એવી સાધના હોવી જોઇએ. સાધનામાં દૈનિક અને નિત્ય લક્ષ્ય વચ્ચેનો ભેદ કબીરને માન્ય નથી. એ સંબંધમાં કશી "ખેંચાતાની" - ખેંચતાણ કે તંગદિલી સાધનામાં વિઘ્ન જ ઊભું કરે.આથી. તો દાદૂએ પણ કહ્યું છે:

ના ઘરિ રહયા ન બન ગયા ના કુછ કિયા કલેશ
દાદૂ મનહિં મન મિલ્યા સતગુર કે ઉપદેશ,. મધિઅંગ ૩૩, ગુરુઅંગ ૭૪

ગૃહસ્થજીવન અને સાધક તરીકેના જીવનને જુદાં પાડયાં વિના જે સાધના કરી શકે તેની સાધના જ પૂર્ણાંગ સાધના કહેવાય.

---

૯. સતગુરુ તત કહયૌ વિચાર, મૂલ ગહયૌ અનભૈ વિસ્તાર

આ સન્તોની બીજી એક દૃઢ માન્યતા એ હતી કે બ્રહ્માણ્ડમાં છે તે પિણ્ડમાં પણ છે જ, આથી શરીરનું એમને પણ ઘણું મહત્વ હતું. સૃષ્ટિના આદિકારણ રૂપ શબ્દ પણ આથી આપણા શરીરમાં છે જ, અને આપણે એને સાંભળી પણ શકીએ. આપણા જીવાત્મામાં પરમતત્ત્વની "સુરત" રહેલી જ છે. આપણે એ "સુરત" નો"શબ્દ"સાથે યોગ સાધવાનો છે. આ યોગ સધાતાં આપણને "સત" ની અનુભૂતિ સિધ્ધ થાય છે.

યોગસાધનાનું મુખ્ય સાધન શરીર છે, ને એ કારણે પણ શરીરનું મહત્ત્વ ઘણું છે. સન્તોની વાણીમાં, ને ખાસ કરીને "કરણી" પદોમાં ષટ્ચક્રભેદનની ને કુણ્ડલિની યોગની ચર્ચા અનેકે રૂપે આવે છે. એ વાત અધિકારીઓને જ ગ્રાહ્ય બને માટે સન્તોએ એને માટે એક સાંકેતિક ભાષા બનાવી છે જેને સંધાભાષા કે ઉલટવાંસિ કહે છે, આ ઉપરાંત રૂપકગ્રન્થિઓને રૂપે પણ આ વાત કહેવાઇ છે. "બંકનાલ" "ભંવરગુફા" "ગંગા" "જમુના" સૂર્ય" "ચન્દ્ર" વગેરે શબ્દો યોગસાધનાના સાંકેતિક શબ્દો છે. નાથસમ્પ્રદાયની ચર્ચામાં જોઇ ગયા તેમ મુદ્રાઓનું મહત્વ આ સાધનામાં છે. દશ મુદ્રાઓ પૈકી વિપરીતકરણી મુદ્રાનો ઉલ્લેખ કબીર વગેરે સન્તો વારેવારે કરે છે. એ જ પ્રત્યાવર્તનની સાધના છે. કબીરે "ઉલટા પવન ગગનમેં લટકો " માં એને માટે "ઉલટા" શબ્દ પણ વાપર્યો છે. અષ્ટાંગયોગનાં આઠ અંગ-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધાન નો ઉલ્લેખ પણ કોઇને કોઇ રીતે સન્તોની વાણીમાં આવે છે. યમ-નિયમનો સદાચારમાં સમાવેશ કર્યો છે. આસનનીક "સ્થિરસુખમાસનમ્" એ વ્યાખ્યા જ એમણે સ્વીકારી લાગે છે. અમુક એક આસનને એમણે ખાસ મહત્ત્વ આપ્યું લાગ્યું નથી. અલબત્ત, સિધ્ધાસન સર્વ આસનોમા શ્રેષ્ઠ ગણાય છે, ખરું. પ્રાણાયામમાં પ્રાધાન્ય કુમ્ભકને આપ્યું છે. મનના સ્વભાવનું જે એના પર કાબુ મેળવવાની પધ્ધતિનું વર્ણન પણ એમની વાણામાં મળે છે. ધ્યાન અને સમાધિનાં વર્ણનો "વિરહઅંગ" તથા "પરચાઅંગ" માં મોટે ભાગે કરેલાં જોવામા આવે છે પણ આ હઠયોગ આખરે તો લયયોગના સાધનરૂપ છે, એટલું જ નહીં પણ કબીર દાદૂ વગેરે સન્તોએ હઠયોગને સ્થાને "સહજયોગ"ને જ આખરે તો સ્વીકાર્યો છે. સિધ્ધોના પ્રભાવને કારણે સાધનાની પ્રથમાવસ્થામાં હઠયોગનું આકર્ષણ એમને રહ્યું હશે. પછીથી તો સહજ સમાધિને જ મુક્તકણ્ઠે એમણે આવકારો છે. એમાં કાયાકલેશને સ્થાન નથી. એજ વિશે કબીરે પોતે સંક્ષેપમાં કહ્યું છે:

આંખ ન મૂંદો કાન ન રુંધો કઠિન કષ્ઠ નહીં ધારૌ
ખુલે વચન પહિચાનો હંસિ હંસિ સુન્દર રૂપ નિહારૌ

જીવનની પ્રત્યેક ક્રિયા આ સહજ-સાધનાનું અંગ બની જાય છે. [૧૦] સન્તસાધના સૌ કોઇને માટે શક્ય છે. જ્યારે હઠયોગ તો પતંજલિએ કહ્યું છે તેમ [૧૧] વિરલાઓને માટે જ છે. દાદૂએ પણ આ સહજમાર્ગ જ અપનાવ્યો છે. એક બાજુ યોગસમાધિ છે ને બીજી બાજુ આનન્દ સુરતિ છે. એમાં વચ્ચે થઇને સહજે સહજે ચાલ્યા આવવાનો આદેશ જ એણે શિષ્યને આપ્યો છે. [૧૨] રવિદાસ ગૃહ, સેવા, સંત, નામ, ધ્યાન, પ્રણતિ, પ્રેમ અને વિલયને અષ્ટાંગ સાધન ગણે છે.

સન્તસાધનાનાં મુખ્ય અંગો આપણે જોઇ ગયા. હવે એ અંગો સન્તોની અનુભૂતિમૂલક વાણીમાં કેવી રીતે પ્રકટ થયાં છે તે જોઇએ. સૌથી પ્રથમ તો સન્તો કોને સન્ત ગણે છે તે જોઇએ. સન્તોની વાત કરતાં કબીર કહે છે કે સન્તોનો દેહ તો નિરાકારની આરસી છે. જો અલક્ષ્યને લક્ષ્ય બનાવીને જોવું હોય તો એમાં જોઇલો. [૧૩] સન્તો તો હંસ જેવા છે, જે વિચારમૌક્તિકોનું ભક્ષણ કરે છે. [૧૪] ગરીબદાસે જ કહ્યું છે કે સાંઇ (સ્વામી) ને સન્તમાં કશો ભેદ નથી. [૧૫] ગોસ્વામી તુલસીદાસે પણ કહ્યું છે કે સન્ત અને અનન્તને એક જ ગણવા. [૧૬] આ જ અર્થની ઉક્તિ પલટુ સાહેબની પણ છે. એઓ કહે છે કે સન્ત અને રામને એકજ ગણજો, એમાં જરા સરખો ભેદ માનશો નહીં. [૧૭] કબીર કહે છે કે સન્તનું દર્શન કરવાથી સાહિબ (પરબ્રહ્મ) ની યાદ આવે છે. તે <u>જીવનની એ ઘડી જ લેખામાં લેવા જેવી છે. બાકીની બધી તો બાદ કરવા જેવી જ છે.</u>

૧૦. જુઓ કબીરની આ ઉક્તિ: જહં તહં ડોલૌં સો પરિકરમા, જો કુછ કરો સો સેવા,
જબ સો વૌં તબ કરૌ દંડવત પૂજૌં ઔર ન દેવા.

૧૧. स तु दीर्घकालनैरन्तर्यसत्कार सेवितो दृढभूमिः।

૧૨. જોગ સમાધિ સુખ સુરતિ સૌં સહજૈ સહજૈ, આવ, દાદૂકી વાણી લૈ અંગ.૮

૧૩. નિરાકાર કી આરસી, સંતનહીકી દેહ, લખા જો ચાહો અલખકો, ઇનહી મે લખિલેહ.

૧૪. સંત સરોવર હંસ હૈ, ભચ્છન કરૈં વિચાર, પુરુષ વાસના જ્યૂં રહૈ,
કાઈ રંચ ન ભાર. ગરીબદાસ.

૧૫. સાઇસ્રરીખે સંત હૈ, યામેં મીનન મેખ, વરદા અંગ અનાદિ હૈ બાહર ભીતર એક.ગરીબદાસ.
સંતવાણીસંગ્રહ. ૧૯૮

૧૬. જાનેસુ સન્ત અનન્ત સમાના.

૧૭. સંત ઔ રામ કો એક કૈ જાનિયૈ, દૂસરા ભેદ ના તલિક આવૈ,
પલટુ સાહબકી બાની. પૃ.૮. ચ. ૨૭:

સન્ત મળ્યા એટલે સાહિબ જ મળ્યા. પછી ભેદની રેખા રહેતી નથી. મન વાચા અને કર્મથી સન્ત અને સાહિબ એક જ છે. ૧૮. તુલસીદાસે એમના રામચરિતમાનસના અરણ્યકાણ્ડમાં સન્તોનાં લક્ષણ કહ્યાં છે. સન્તો કામ વગેરે છ વિકારને જીતનાર નિષ્પાપ ને નિષ્કામ હોય છે. એઓ નિશ્ચલ અકિંચન પવિત્ર ને સુખના ધામરૂપ હોય છે. ૧૯. એ જ રીતે ઉત્તરકાણ્ડ, બાલકાણ્ડ, કિષ્કિન્ધા કાણ્ડ તથા સુન્દરકાણ્ડમાં પણ એમણે સન્તોનાં લક્ષણ આપ્યાં છે. એનું ચિત્ત કોમળ હોય છે. એનું મન વિગતકામ અને નામપરાયણ હોય છે. એ મન વચન અને કાયાથી પારકાના પણ ઉપકાર કરે છે. સંત વૃક્ષના જેવા હોય છે. એમનું હૃદય નવનીત જેવું હોય છે, જે એ બીજાંનાં દુઃખથી દ્રવી જાય છે. બીજાને કારણે સંત દુઃખ સહી લે છે. એ કદી પરુષ વચન બોલતા નથી. એ વિષયથી નિર્લિપ્ત રહે છે ને ગુણોનો આકર હોય છે. રિપુમિત્રમાં એની દૃષ્ટિ સમાન હોય છે. દરિયા સાહેબે સન્તનાં લક્ષણનું વર્ણન કરતાં કહ્યું છે કે એ નિષ્કપટ ને નિઃશંક હોય છે. એનું બાહ્ય વર્તન અને અંતરનો ભાવ જુદો હોતા નથી. પછી એ સન્ત ગૃહસ્થ હોય કે ભેખ ધારણ કરનારો હોય.

---

૧૮. કબીર દરસન સાધકા, સાહિબ આવૈ યાદ, લેખે મેં સોઇ ઘડી, બાકી કે દિન બાદ
સાધ મિલે સાહિબ મિલે, અંતર રહીન રેખ, મનસા વાચા કર્મના સાધૂ સાહિબ એક.

૧૯. ષટ્ વિકાર જિત અનઘ અકામા, અચલ અકિંચન શુચિ સુખધામા
અમિત બોધ અનીહ મિતભોગી, સત્ય સાર કવિ કોવિદ જોગી
સાવધાન માનદ મદહીના, ધીર ધરમગતિ પરમ પ્રવીના
ગુનાગાર સંસાર દુઃખ રહિત વિગત સંદેહ તજિ મમચરન સરોજ પ્રિય તિન્હ કેં દેહ ન ગેહ.
નિજગુણ કહત સુનત સકુચાહીં, પર ગુણ સુનત અધિક હરખાહીં
~~સમ સીતલ નહિં ત્યાગહિં નીતી, સરલ સુભાવ સબહિં સન પ્રીતી~~
સમ સીતલ નહિં ત્યાગ હિંનીતી, સરલ સુભાવ સબહિંસન પ્રીતી
જપ તપ વ્રત સંજમ નેમા ગુરુ ગોવિન્દ વિપ્ર પદ પ્રેમા
સરધા છમા મયત્રી દાયા મુદિતા મમ પદપ્રીતિ અમાયા
બિરત વિવેક વિનય વિજ્ઞાના બોધ જથારથ વેદપુરાના
દંભ માન મદ કરહિં ન કાઊ ભૂલિ ન દેહિં કુમારગ પાઊં

[20] આવા સંતની સંગત આપણામાં આમૂલ પરિવર્તન લાવી શકે છે. મજીઠથી જેમ વસ્ત્ર રંગાઇ જાય છે તેમ.રજ્જબે પણ સન્તોનું સંક્ષેપમાં સુન્દર વર્ણન આપ્યું છે. સન્ત પરબ્રહ્મનો પ્યારો હોય છે. એ ત્રિગુણ રહિત ને નિર્બન્ધ હોય છે. એ હંમેશાં બ્રહ્મરસમાં રત રહે છે. સ્વાંગની એને કશી પડી નથી. એ માલાતિલક કરતો નથી. બધા પાખંડને એ ત્યજી દે છે. એ સહજ સરળ ગતિથી લોકોમાં રહે છે. એને મંત્ર, શાખા, નિયમ કે વાદ સાથે કશી નિસ્બત નથી. ષટ્દર્શનથી એ ન્યારો હોય છે, એ બધા ભેખ ત્યાગીને ભગવન્તને ભજે છે ને સત્યનો આરાધક હોય છે. [21]

સન્તનું પદ પામવું એ સહેલી વાત નથી, એ તો કોઇ શૂરાનું જ કામ. જે વીર નથી તેણે સાધનાના ક્ષેત્રમાં પગ મૂકવો નહીં. આ શૂર "સૂરમાં" નાં લક્ષણો દરેક સન્તની વાણીના "સૂરમાં" અંગમાં વર્ણવ્યાં છે. દાદૂએ સૂરાતન અંગમાં દઢ પણે કહ્યું છે કે આ સાધના તો શૂરોનું ક્ષેત્ર છે. એમાં કાયરનું કામ નથી.

કાઇર કામિ ન આવઇ, યહુ સૂરેકા ખેત (સૂરાતન અંગ.૧૫) [22]

---

૨૦. દરિયા લચ્છન સાધકા, કયા ગિરહી કયા ભેષ
નિહકપટી નિસ્સંક રહિ, બાહર ભીતર એક . સં.બા.સં. ૧૨૮:
દરિયા સંગત સાધકી, સહજૈ પલકા અંગ
જૈસે સંગત મજીઠ કે કપડા હોય સુરંગ.

૨૧. આયે મેરે પારબ્રહ્મકો પ્યારે
ત્રિગુણ રહિત નિર્બન્ધ બ્રહ્મરસરત સકલ સ્વાંગ ગહિ ડારે
માલા તિલક કરે નહીં કબ હૂં સબ પાખંડ પચિ હારે
સાચે સાધ રહતે સાદો ગતિ સકલ લોકમેં સારે
મંતશાખ નેમ વાદ ન માનૈ ષટ્દર્શનસો ન્યારે
ભજે ભગવંત ભેખ સબ ત્યાગે એક સાચકે ગારે. રાગ ગુંડ.૧૧.

૨૨. સરખાવો પ્રીતમનું પ્રખ્યાત પદ:
હરિનો મારગ તો શૂરાનો, નહીં કાયરનું કામ જોને.

તન્ત્રોમાં પણ ઊંચી કોટિની સાધનાને વીરાચાર કહીને જ ઓળખાવી છે તે આપણે જોઇ ગયા છીએ. એ મરણથી ડરતો નથી. [૨૩] અહંનો વિલય એ જ મોત છે, જે એ મોતને આવકારે છે કે જ સ્વામીની સંમુખ થાય છે. આ પહેલાં મરવાનું કામ સન્તનું છે. પાછળથી તો સૌ કોઇને મરવાનું છે જ:

જીવન મારી હો રહો, સાંઇ સંમુખ હોય,
દાદૂ પહલે મર રહો, પાછે મરૈ સબ કોય.

એમ તો જગતમાં બધાં મરતાં જ આવ્યાં છે ને ! પણ એકવાર મર્યા પછી ફરી મરવું ન પડે એવું મરણ કોણ મર્યું છે?

મરતે મરતે જગ મુવા, મરણ ન જાનૈ કોય,
ઐસા વ્હૈ કે ના મુવા, જો બહુરિ ન મરના હોય. કબીર.

જીવનને માટે તો સૌ જીવકોઇ લાલાયિત છે, પણ મરણનું તો કોઇ નામ લેતુ નથી. સતી અને સૂરમા પુરુષ (શૂર) ને તો મરણમાંજ મંગલ રહ્યું છે.

જીવન કો સબ કોઉ કહૈ, મરન કહૈ, નહિં કોય,
સતી સૂર્મા પુરુષ કો મરનહિં મંગલ હોય. યોગીરાજ.

જો શિર રાખવા જઇએ તો જ શિર જાય છે, શિર કાપીને મૂકો તો જ શિર રહે, દીવાની બત્તીને જો કાપો તો જ અજવાળું વધારે આપે.

શિર રાખે શિર જાત હૈ, શિર કાટે શિર સોય
જૈસે બાતી દીપકી, કટે ઉજારા હોય. રહીમ.

કબીરે કહ્યું છે કે તીર તલવાર ને બન્દુક હાથમાં લઇને લડનાર તે શૂર નથી સાચો શૂર તો તે કે જે લડાઇમાં ઢાલ તલવાર વગેરે હથિયાર ધારણ કર્યાં વિના એકલે હાથે ઝૂઝે છે. માયા વગેરે શત્રુઓનો એ વીરતાપૂર્વક સામનો કરે છે. સમસ્ત બન્ધનોને છોડીને દેહનો મોહ છોડીને એ યુધ્ધ ખેલે છે.

તીર તુમકસે જો લડૈ સો તો સૂર ન હોય, માયા તજિ ભકતી કરૈ સૂર કહાવૈ સોય
સૂર સિલાહ ન પહિરઇ જબ રન બાજા તૂર, માથા કાટે ધડ લડૈ તબ જાનિયે સૂર
સૂરા સોઇ સરાહિયે અંગ ન પહિરૈ લોહ જૂઝૈ સબ બંધ ખોલિકે છાડૈ તનકા મોહ.

---

૨૩. મરણેથી તૂંમતિ ડરૈ, મરણાં અંતિ નિદાન દાદૂ. સૂરાતન અંગ. ૪૭

આ શૂરવીરના યોધ્ધા તરીકેનાં અનેક વર્ણનો સન્તસાહિત્યમાં મળી આવે છે. અહીં એ પૈકીનું કબીરે કરેલું વર્ણન જોઇએ. એ શૂરવીરનો ઘોડો પ્રેમનો છે. એના હાથમાં જ્ઞાનનું ખડ્ગ લઇને એ કાળ સાથે ઝૂઝે છે. લવ (લય) રૂપી લગામથી એને એ વશમાં રાખે છે. ગુરુના શબ્દ રૂપી ચાબૂકથી એને એ તીવ્ર ગતિએ દોડાવીને "સુઠામ" પહોંચાડે છે. [૨૪] આ પ્રકારનાં રૂપકો અન્ય સન્ત કવિઓએ પણ યોજ્યાં છે. એ પૈકી ચરનદાસે ક્ષમાને ઢાલ, ઉદારતાને શસ્ત્ર, ધર્મને સહાયક સૈનિક, સુરતને તીર, હૃદયને તરકસ, બુધ્ધિને કટાર, વચનને બરછી ને અનહદ નાદને તૂર કહીને વર્ણવ્યાં છે.

સન્તસાધનમાં ગુરુનું મહત્વ છે. સાચા ગુરુમાં ને પરબ્રહ્મમાં કશો ભેદ નથી. કબીરે સાચા ગુરુનું મહત્વ વર્ણવતાં ગોવિંદ કરતાં ગુરુને મહાન ગણ્યા છે. કારણ કે એ ગુરુને કારણે જ ગોવિંદની ઝાંખી થાય છે. [૨૫] જો હરિ રૂઠે તો ગુરુની મદદથી એને રીઝવી લેવાય પણ ગુરુ રૂઠે તો તો પછી શો ઉપાય? [૨૬] માટે જ ફરીફરી મનમાં વિચાર કરતાં એક જ વાત સમજાય છે કે ગુરુ ગોવિન્દથી મોટા છે. [૨૭] આ સાચા ગુરુનાં લક્ષણો તે ઉપર વર્ણવેલાં સન્તનાં જ લક્ષણો છે. આથી સુન્દરદાસે સદ્ગુરુને જ બ્રહ્મમય કહ્યા છે, બીજાને નહિ. [૨૮] આ જ પ્રકારની અન્ય સન્ત કવિઓની પણ ઉક્તિ છે. [૨૯]

---

૨૪. કબીર ઘોડા પ્રેમકા ચેતન ચઢિ અસવાર,
   જ્ઞાન ખડગ લૈ કાલ સિર ભલી મચાઇ માર.
   ચિતચેતન તાજી કરૈ લવ કી કરૈ લગામ,
   સબદ ગુરૂકા તાજના પહુંચૈ સંત સુઠામ.
૨૫. ગુરૂ ગોવિન્દ દોઉં ખડે કાકે લાગૂં પાય,
   બલિહારી ગુરુ આપને જિન ગોવિંદ દિયો બતાય.
૨૬. હરિ રૂઠે ગુરુ ઠોર હૈ, ગુરુ રૂઠે નહિં ઠોર
૨૭. ગુરુ બડે ગોવિંદ તે મનમેં દેખુ વિચાર
૨૮. સુન્દર સતગુરુ બ્રહ્મમય....
૨૯. જુઓ. ગરીબદાસની આ ઉક્તિ:-
      સદગુરુ પૂરન બ્રહ્મ હૈ, સદગુરુ આપ અલેખ
      સદગુરુ રમતા રામ હૈ, યામેં મીન ન મેખ.

આ ગુરુ કોઇ એક વ્યક્તિ હોય છે એવું પણ નથી. દાદૂ તો કહે છે કે પશુપંખી, વનરાઇ એ બધાંને મેં ગુરુ કર્યાં છે ને ત્રણ લોક અને પાંચ ગુણ એ બધામાંજ ખુદા રહ્યા છે. [30] પણ પરમગુરુ તો અંતરમાં જ રહ્યો છે. જ્યારે વિશ્વચરાચરમાં પરમગુરુ પરબ્રહ્મની ઉપલબ્ધિ થાય ત્યારે બહાર સદ્ગુરુને શોધતા ફરવાની જરૂર રહેતી નથી. અંતરમાં જ આ એકાન્તમાં નિરન્તર એનો શાન્ત ઉપદેશ સાંભળી શકાય છે. પછી તો અંતરમાં જ આરતી ને અંતરમાં જ પૂજા, અન્તરમાં જ સદ્ગુરુની સેવા પણ આ તો કોઇક વિરલા જ સમજી શકે. [31] સિધ્ધાન્તોની જટિલતાને બાજુએ મૂકીને કહીએ તો આખી સાધનાના મર્મને સંક્ષેપમાં આમ મૂકી શકાય: સત્યના જેવું એકે તપ નથી, જૂઠાના જેવું એકે પાપ નથી, આથી જેના હૃદયમાં સત્યની પ્રતિષ્ઠા થઇ ચૂકી છે તેના હૃદયમાં ગુરુ છે જ. એ પોતે જ પોતાનો ગુરુ છે.[32] દાદૂ પણ કહે છે કે ખરો ગુરુ તો ગૈબમાં જ મળે છે. [33] આ ગુરુને વર્ણવતાં જ દાદૂએ "પરમગહરા" એવો શબ્દપ્રયોગ કર્યો છે. જે અત્યન્ત સૂચક છે. જે અલખઇલાહી છે તે જ જગદ્ગુરુ છે. એ સિવાય બીજો કોઇ ગુરુ નથી એમ પણ દાદૂએ ભાર મૂકીને કહ્યું છે. કબીરની જેમ એ પણ સર્વોચ્ચસ્થાને સત્યની પ્રતિષ્ઠા કરતાં કહે છે કે સત્યને માર્ગે જતાં સત્ય જ સ્વામી તરીકે પ્રાપ્ત થાય છે:

સાચે સાંહિબકોં મેલૈ સાચે મારગિ જાઇ (સાચકૌ અંગ ૧૫૬.)

આથીજ "રામ" કે "કૃષ્ણ" કે એવા કોઇ સકામ ઇષ્ટદેવના નામરટણને બદલે ઘણીવાર "સતનામ" નું રટણ કરવાની વાત સન્ત સાહિત્યમાં આવે છે. માટે જ ગુરુની વાત કરતાં દાદૂએ કહ્યું છે કે એ અલ્લાહ કે રામના સમ્પ્રદાયથી પર છે. એ ગુણ તથા આકારરહિત છે. ગુરુના ઉપદેશમાં વાણીનું પ્રયોજન રહેતું નથી. જે શિષ્ય ગુરુથી દૂર રહે છે તે પણ રસમાં મગ્ન રહી રહી શકે છે. આ સંદર્ભમાં રામાનન્દ-ધારાની ગુરુ વન્દના જોવા જેવી છે:

---

30. દાદૂ સબહી ગુર કિયે, પસુ પંખી વનરાઇ
 તીનિ લોક ગુણ પંચસૌં, સબહીમાંહિ ખુદાઇ. (ગુરુદેવ અંગ ૧૫૬)

31. માંહૈ કીજૈ આરતી, માંહૈ પૂજા હોઇ, માંહૈ સદગુર સેવિયે,
 બુઝૈ વિરલા કોઇ. પરચા અંગ.૨૬૫, દાદૂ.

32. સાંચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ, જાકે હિરદે સાંચ હૈ
 તાહિરદૈ ગુરુ આપ. કબીર.

33. ગૈબમાંહિ ગુરુ દેવ મિલા, પાયા હમ પરસાદ, મસ્તક મેરા કરધરા,
 દક્ષ્યા હમ અગાધ. દાદૂ.

નમો નમો નિરંજન નમસ્કાર ગુરુ દેવતા:
વન્દનં સર્વ સાધવાં પરનામં પારંગત :

જે કોઇએ આધ્યાત્મિક સાધનાના માર્ગમાં પ્રગતિ કરી છે તે સર્વ સાધુઓ ગુરુતુલ્ય હોઇ વન્દનના અધિકારી છે, પણ નિરંજન જ આખરે તો સાચા ગુરુ-દેવતા છે. નાનકે પણ ગુરુનું મહત્વ વર્ણવતાં આ જ પ્રકારની વાત કહી છે. અન્તરમાં અજવાળું થાય તે તો ગુરુના સાખા (અનુભવ વચન) થી જ થાય. એ ભયની વચ્ચે નિર્ભય બનીને રહે.[34] ગુરુના જેવું તીર્થસ્થાન એકકેય નથી.[35] આ સદ્‌ગુરુજ મરીને જીવવાનું રહસ્ય બતાવી શકે.[36] આ જ કારણે ગુરુની પદવી ખૂબ ઊંચી છે.[37] સૌથી ઊંચી પદવી ધરાવનાર ગુરુનું સુન્દર વર્ણન સન્ત મલુકદાસે કર્યું છે: અમારા સદ્‌ગુરુને તો કોઇ વિરલા જ જાણી શકે. જે સોયના નાકામાંથી સુમેરુને ચલાવી શકે તે જ એમના રૂપનું વર્ણન કરી શકે એને કયાં તો કબીર જાણે છે. કયાં તો પ્રહલાદ જાણે છે, કયાં તો નામદેવ કે નાનક જાણે છે, કે અવધુત ગોરખ જાણે છે. અમારા ગુરુની લીલા તો અદ્‌ભુત છે. એ નથી કશું ખાતા કે નથી કશું પીતા. એ નથી સૂતા કે નથી જાગતા. એ નથી મરતા કે નથી જીવતા. ઋતુ વિના ફળફૂલ પ્રગટાવે છે તે એમનો શિષ્ય છે, એક ક્ષણે એ અનેક રૂપ ધરે છે તો બીજી ક્ષણે એ સાવ એકાકી હોય છે. જેને ગુરુ પરમતત્ત્વનું ભાન કરાવે (લખાવે) છે તે દીપક વિના અજવાળું જુએ છે. તે આંગળીમાં સમુદ્રને સમાવે છે, તે કીડીને પગે હાથીને બાંધે છે જે પાંખ વિના આકાશમાં ઊડી જાય છે ને પાંખ વિના પાછો આવે, ને જે સૂકામાં નાવ ચલાવે તે શિષ્ય જ ગુરુને પ્યારો હોય છે. જે પગ વિના આખું જગત ફરી આવે તે મારો ગુરુભાઇ. જે ગુરુએ આ જુક્તિ બતાવી તેની બલિહારી છે એમ મલૂકદાસ કહે છે.[38] મલૂકદાસે સાચા ગુરુ ને સાચા શિષ્યની વાત કરી છે તો દાદૂએ કુગુરુને કુશિષ્યની વાત પણ કરી છે. આવા શિષ્યને ઉદ્દેશીને ગુરુ કહે છે. ઉપદેશ દઇદઇને

---

૩૪. ગુરુ સાખીકા ઉજીઆરા, ના મિટિઆ સલગ અંધિઆરા. ભૈ વિચિ નિરભઉ પાઇઆ
સન્તકાવ્ય.પ.ચ.પૃ.૨૩૮

૩૫ .ગુરુ સમાનિ તીરથુ નહી કોઇ.સન્ત કાવ્ય ૨૩૯

૩૬. સતિગુરુ મિલૈ સુ મરણુ દિખાએ, મરણ રહણ રસુ અંતરિ ભાસે. સન્ત કાવ્ય.૨૪૦

૩૭. ગુરુ કી પઉડી ઉચે ઉચા સન્તકાવ્ય.૨૪૦.

૩૮. સન્ત કાવ્ય, પૃ. ૩૫૩. ૩૯. દાદૂ પૃ. ૨૧૪-૨૧૫

મારો જીભ થાકો ગઇ ને એને સાંભળી સાંભળીને તારા કાન થાકી ગયા। જો ચેલો જ મૂઢ અને અજ્ઞાન હોય તો સદગુરુ બિચારા શું કરે? (પંચેન્દ્રિયની) પાંચ બાજુ પાંચ પ્રકારના (રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ, શબ્દ) સ્વાદ, પાંચ પાંચ પ્રકારના માર્ગ જ્યાં સુધી ગુરુ (આ પંચેન્દ્રિયને સહાય કરીને પંચરસે મધુર સાધનાએ) ઘાટ જ બતાવે ત્યાં સુધી આ વિશે કશું બોલીશ નહીં. શિષ્યે જ્ઞાન તો બધું સાંભળીને શીખી લીધું. પણ મનનો મેલ તો ગયો નહીં. તો દાદૂ શું કરે? મનમાં વ્યર્થ વ્યર્થતા જ રહી ગઇ.[૩૯] એ જ રીતે જો ગુરુ યોગ્ય ન હોય તો સાધકને ય આવી વ્યથા થાય. એનું વર્ણન પણ દાદૂએ કર્યું છે. હે દાદૂ, અન્ધની સાથે અન્ધ મળીને ટોળે વળીને ચાલી નીકળ્યા છે. હું જોઉં છું. આંધળાઓ ટોળે વળીને કુવામાં પડી રહ્યા છે. (ગુરુ) પોતાને તો વિશુધ્ધ કરતા નથી. પોતાના દેહમાં તો શોધી જોતા નથી, ને છતાં બીજાને ઉપદેશ આપવા બેઠા છે. દાદૂ આ આશ્ચર્યભરી વાત જુએ છે. આ લોકો કઇ દિશામાં જઇ રહ્યા છે? આ લોકો એક મિથ્યામાંથી બહાર કાઢીને માણસોને બીજામાં ધકેલી દે છે. હે દાદૂ, જો સાચા ગુરુ મળે તો (તે તરત જ બતાવી દે) સૃષ્ટિકર્તા હાજરા હજુર. તું મારો ને હું તારો આ સાધકોનો મન્ત્ર તો ગુરુશિષ્યે જપ્યો, હે દાદૂ, સ્વામીને ભૂલીને એ બંને ભુલા પડયા.[૪૦]

હવે સન્તસાધનાના સાધ્યનું સ્વરૂપ સન્તસાહિત્યમાં કેવી રીતે વર્ણવાયું છે તે સન્તોના શબ્દોમાં જ જોઇએ. આ સાધ્યને વર્ણવવાને માટે નિરંજન, અલખ, પરબ્રહ્મ સહજ, શૂન્ય, સત્ય, ગોવિન્દ, રામ, હરિ, પીવ, નિર્ગુણ, નિરાકાર, ભગવંત, અંતરજામી, સ્વામી વગેરે સંજ્ઞાઓ વપરાયેલી જોવામાં આવે છે. એ રીતે એમાં સગુણ અને નિર્ગુણ બંને સાધનાનો સ્વીકાર થયેલો જોવામાં આવે છે. અલબત્ત, મહત્ત્વ તો આખરે નિર્ગુણ સાધનાનું જ છે. સગુણ અને નિર્ગુણ વિશે આગળ થોડી ચર્ચા કરી છે. અહીં સન્તોના શબ્દોમાં એ વિશેનું એમનું મન્તવ્ય તપાસીએ. તુલસીદાસ કહે છે કે સ સગુણ અગુણમાં કશો ભેદ નથી. મુનિ પુરાણ અને વેદ આ જ વાત કહે છે. જે અગુણ અરૂપ અલખ અને અજ છે તેજ ભક્તના પ્રેમને વશ થઇને સગુણ બને છે. જે ગુણ રહિત છે તે સગુણ શી રીતે બન્યા? પાણી અને એમાંથી થતો બરફ વિભિન્ન થોડાંજ છે?[૪૧]

---

૪૦. દાદૂ. ૨૧૫-૨૧૬- સરખાવો અખો. અખાના છપ્પા. ૧૬૮.

૪૧. સગુનહિ અગુનહિં કછુ ભેદા, ગાવ હિં મુનિ પુરાન બુધ વેદા
અગુન અરૂપ અલખ અજ જોઇ, ભગત પ્રેમવશ સગુન સો હોઇ
જો ગુણ રહિત સગુન હોઇ કૈસે, જલ હિમિ ઉવલ વિલગ નહિ જૈસે
તુલસીદાસ.

કબીરે એ પરમતત્ત્વને પુષ્પની વાસથી પણ કંઇક સૂક્ષ્મ (પુરુષ વાસ હુ તે કછુ ઝીના) કહીને વર્ણવ્યું છે. એણે વિરોધાત્મક ભાષામાં વિરહને ગાતાં કહ્યું છે કે હું અબળા "પિયુ પિયુ" રહું છું, (પણ) મારો પ્રિયતમ તો નિર્ગુણ છે. શૂન્ય સ્નેહી રામ વિના હું કોઇ અન્ય જીવને જોતી નથી. [42] ઉપાસના તો બંનેની થાય છે. આકારની ને નિરાકારની પણ એ (પરમતત્ત્વ) તો બંનેથી ન્યારા છે. એને તો કોઇ જાણણહાર જ જાણે. [43] કબીર પણ એવા એક જાણણહાર જ હતા, ને જાણણહાર પરમતત્ત્વને આપણી આગળ વર્ણવવા જાય ત્યારે નેતિનેતિનોજ આશ્રય લેવો પડે. આથી કબીરે પણ એનું વર્ણન કરતાં કહ્યું છે કે ભાઇ, એ નિર્ગુણ પણ નથી ને સગુણ પણ નથી, એ નથી સૂક્ષ્મ કે નથી સ્થૂળ, એ અક્ષર નથી કે અવગત નથી. એ બધું તો ભાઇ, જગનું મૂળ છે. જ્યાં પુરુષ છે ત્યાં કશું નથી. જો કોઇ અમારી રીતે એને જાણે તો પરમપદને પામે. [44]

---

૪૨. મૈ અબલા પિઉ પિઉ કરૂં, નિરગુન મેરા પીવ,

શૂન્ય સનેહી રામ બિન દેખું ઔર ન જીવ. નિર્ગુણ કાવ્ય દર્શન.પૃ.૭૯

૪૩. કોઇ ધ્યાવૈ નિરાકાર કા કોઇ ધ્યાવૈ સકારા,

વહ તો ઇન દોઉન તે ન્યારા જાનૈ જાનનહારી. નિ.કાવ્ય દર્શન.પૃ.૭૯

૪૪. નહિ નિરગુન નહિ સરગુન ભાઇ નહિ સૂક્ષ્મ અસ્થુલ, નહિ અચ્છર નહિ અવગતભાઇ યે સબ જગકે મૂલ.

જહાં પુરુષ તહંવા કછુ નાહીં કહ કબીર હમ જાના, હમારી સૈન લખૈ જો કોઇ પાવૈ પદ નિરબાના. કબીર હજારી. દ્વિવેદી, ૦ પદ ૨૩૬ પૃ.૩૫૪-૩૫૫

કેટલીવાર કબીર નિર્ગુણ સગુણનો ઝઘડો છોડીને સતનામનેજ બિરદાવે છે.

સત નામ હૈ સબતે ન્યારા, નિર્ગુન સર્ગુન શબ્દ, પસારા,

નિર્ગુન બીજ સર્ગુન ફલ-ફૂલા, સાખા જ્ઞાન નામ હૈ મૂલા

મૂલ ગહે તે સબ સુખ પાવૈ, ડાલ પાતમેં મૂલ ગંવાવૈ

સાંઇ મિલાની સુખ દિવાની, નિર્ગુણ સર્ગુન ભેદ, મિટાની.

હ. દ્વિ. [illegible]. કબીર. ૨૮૦

દર્શનની પરિભાષામાં વાત કરીએ તો સન્તોમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનાં દૃષ્ટિબિન્દુ જોવામાં આવે છે: અદ્વૈત, ભેદાભેદ અને વિશિષ્ટાદ્વૈત. અમુક એક સન્ત આ પૈકીના અમુક એક મતના આગ્રહી પુરસ્કર્તા છે એવું ભાગ્યે જ કહી શકાય. કબીરના ગુરુ રામાનન્દ પોતે વિશિષ્ટાદ્વૈતવાદી હતા, છતાં અદ્વૈત તરફની એમની દૃષ્ટિ વિતણ્ડાવાદી તાર્કિકની નહોતી. એથી ઊલટું અદ્વૈત પ્રત્યેની એમની દૃષ્ટિ માનની જ હતી. એમનાં બહુ થોડાં પદ ઉપલબ્ધ છે તે પૈકીના એકમાં (જે ગ્રન્થસાહેબમાં સંઘરાયેલું છે) અદ્વૈતવાદના સ્વીકારનું સૂચન મળી રહે છે. આ જીવનમાં જ બધું પામી ચૂક્યો છું. પછી બહાર જવાની જરૂર શી છે. ચિત્ત તો બહાર જવા ઇચ્છતું નથી. બહાર તો માત્ર જળ ને પાષાણ છે, ને ભગવાન તો સર્વત્ર બધું પૂર્ણ કરીને રહયા છે. પૂજાને માટે વ્યાકુળ થઇને ચૂઆચન્દન લઇને મન પૂજાએ નીકળ્યું છે. ગુરુએ બતાવ્યું કે તુ જેની પૂજા કરવા જાય છે તે તો અન્તરમાં જ છે. રામાનન્દ સ્વામી બ્રહ્મમાં જ વિલસે છે. સહજ શૂન્યમાં નિત્ય વસન્ત છે, હવે અન્યત્ર ક્યાંય જવાની ઇચ્છા નથી.[45] રામાનન્દને મન ભક્તિનું મહત્વ હતું, પણ તે અસંખ્ય દેવદેવીઓની ભક્તિ નહીં એ ભક્તિ નિર્ગુણની પણ હોય, સગુણની પણ હોય, દ્વૈતભાવથી થતી હોય ને અદ્વૈત ભાવથી પણ થતી હોય. આ જ દૃષ્ટિ અન્ય સન્તોએ પણ પાછળથી સ્વીકારી છે. ~~છતાં કેટલાક વિદ્વાનોએ ખાનાં પાડીને અમુકનો અમુક વાદ એવું નક્કી છે~~, છતાં કેટલાક વિદ્વાનોએ ખાના પાડી ને અમુકનો અમુક વાદ છે એવું નક્કી કરવાનો પ્રયત્ન પણ કર્યો છે.[46] અદ્વૈતવાદમાં જુદીજુદી બે અલગ સત્તાનો સ્વીકાર નથી. જે વિવિધ રૂપો દેખાય છે તે એકમાત્ર સત્તાના જ વિકાર રૂપ છે. બ્રહ્મ જ પારમાર્થિક સત્ય છે. જગત એ અર્થમાં સત્ય નથી. એની સત્તા પ્રાતિભાસિક છે. જીવ અને ઇશ્વરમાં વ્યાવહારિક ભેદ કલ્પો એ ત્યાં સુધી ઉપાસ્ય-ઉપાસકનો ભાવ રહે, પણ સાચુ જ્ઞાન થતાં એ ભેદનો લોપ થાય છે પછીથી " सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किञ्चन ! " સ્વરૂપની પ્રતીતિ થાય છે. આ રીતે, સંક્ષેપમાં કહીએ તો, ઇશ્વર જીવન અને પ્રકૃતિની એકતાને સ્વીકારીને એ ત્રણેયનો એક બ્રહ્મમાં સમાહાર કરવો તેનું નામ અદ્વૈતવાદ. ભેદાભેદનો સિધ્ધાન્ત

---

૪૫. દાદૂ – ક્ષિતિમોહન સેન કૃત. ઉપભક્ષણ: ૧૭૭.

૪૬. જુઓ શ્રી સિધ્ધિનાથ તિવારી કૃત "નિર્ગુણ કાવ્ય દર્શન" :અજન્તા પ્રેસ, પટના:
પૃ. ૧૫૩-૧૫૪: એમને સન્ત કબીર, દાદૂ, સુન્દરદાસ, જગજીવનદાસ, ભીખા અને સુખમલુકદાસને અદ્વૈતવાદી કહે છે. નાનક અને એમના અનુયાયીઓને ભેદાભેદવાદી કહે છે. દરિયા સાહેબ (મારવાડ અને બિહારના) દીન દર્વેશ, બુલ્લા સાહેબ વગેરેને વિશિષ્ટાદ્વૈતવાદી કહે છે.

ઇશ્વર અને જીવ વચ્ચે અંશ અને અંશીભાવ માને છે. એ સમ્બન્ધ તે સાયુજ્યનો સંબંધ છે. જીવ ઇશ્વરમાં વિલીન થઇ જાય તે છતાં એની આગવી સત્તાનો લોપ થતો નથી. વિશિષ્ટાદ્વૈત પણ ઇશ્વર જીવ અને પ્રકૃતિને અભિન્ન માને છે, છતાં પરમાત્મામાં વિલીન થનાર જીવ પોતાની વિશિષ્ટતાને યથાતથ રાખે છે એમ માને છે. ચિત અને અચિત બંનેને એ ઇશ્વરનાં શરીર ગણે છે. આ જીવ અને જગત્ તે સૂક્ષ્મચિતઅચિતના જ પરિણામ રૂપ છે. એ વાદની દૃષ્ટિએ મુક્ત જીવ પણ દાસરૂપે નારાયણનો વૈકુણ્ઠમાં સેવા કરે છે.[૪૭]

કબીર વગેરે સન્તોની કૃતિમાં એક બાજુ નિર્ગુણની જ પ્રતિષ્ઠા થયેલી જોવામાં આવે છે, તો બીજી બાજુ વિરહ, મિલનની ઝંખના, પ્રાર્થના વગેરેને વર્ણવતી કૃતિઓમાં સગુણની ભક્તિ જોવામાં આવે છે. એક કબીરે જ આ પરમતત્વને કેટલી સંજ્ઞાથી સંબોધ્યુ છે તે જોઇશું, તો આ વાતની પ્રતીતિ થશે. એણે નીચે મુજબની જુદી જુદી સંજ્ઞાઓ, પરમતત્વને ઓળખાવવા, એની કૃતિઓમાં પ્રયોજી છે:

રામ, હરિ, સાહિબ, ગોવિંદ, કેશવ, માધવ, અલ્લાહ, વિષ્ણુ, કૃષ્ણ, ખુદા, રબ, અલખ, નિરંજન, ગોરખ, સિધ્ધ, નાથ, કરીમ, મહાદેવ, અનભુત, અવિગત, અગમ, અકલખ, અનુપમ, નિરાલી અકથ, અગોચર, ત્રિભુવન રાઇ, ગુનઅતીત, ગુનબિહુન, નિરગુન, નિરાકાર, અવગતિ, તત, પરમતત, અનૂપતત, નિજતત, આતમ, આત્મા, આપ, સાર, સબદ, અનહદ, અંતરધુનિ, પરમપદ, નિજપદ, ચૌથાપદ, અભૈપદ, સહજ, સુનિ, સતિ, ગ્યાન, અનંત, અમૃત, ઉન્મત, ગગન, જ્યોતિ, સીવ, બ્રહ્મ, આ સંજ્ઞાઓ કેટલાયે મતોને વ્યાપી લે છે તે એના પર એક નજર નાંખતાં સ્પષ્ટ થઇ જશે.

કબીરે તો પોતે સ્પષ્ટ જ કહ્યું છે કે મારા મનમાં જાતે જ વિચાર કરતાં કરતાં સત્યનો પ્રકાશ થયો ને મને એની ઉપલબ્ધિ થઇ.[૪૮] વળી અન્યત્ર એ કહે છે.
દેખાયું નથી. મારી આંખો એના અનુરાગથી રંગાઇ ગઇ છે - હવે આથી બીજું આરાધી શકું
"મેં મારી બે બે આંખોથી (આ જગતની અંદર) જોયું છે. મને હરિના વિના કશું કહી શકાતું નથી".[૪૯] તો વળી કદિક એમ પણ કહે છે. "એણે આ આખો સંસાર માત્ર કહેવા સાંભળવા પૂરતો રચ્યો છે ને પોતે એની અંદર છુપાઇને રહયો છે. એને કોઇ ઓળખતું

૪૭. જુઓ સિધ્ધિનાથ તિવારી કૃત. "નિર્ગુણકાવ્ય દર્શન" પૃ. ૧૫૪.

૪૮. "કરત વિચાર મનહી મન ઉપજી, ના કહી ગયા ન આયા" ક.ગ્રં. પદ ૨૩

૪૯. "દુંઇ દુઇ લોચન પેખા, હઉ હરિ બિનુ અઉરુ ન દેખા. નૈન રહૈ રંગુ લાઇ, અબ બેગલ કહનું ન જાઇ. આદિ ગ્રન્થ સગુ સોરઠિ.૪.

શકતું નથી. એણે સત, રજ અને તમ નામના ત્રણ ગુણોથી આ માયા રચી છે ને પોતે પોતામાં છુપાઇ ગયો છે એ પોતે આનન્દસ્વરૂપ છે ને આ સૃષ્ટિ તે એના જ ગુણોનો અનુપમ પલ્લવ વિસ્તાર છે. તત્ત્વો એની શાખા છે, જ્ઞાન એનું પુષ્પ છે ને રામનામ તે એનું ફળ છે." ૫૦.કબીરના રામ તે નિર્ગુણ રામ છે. તુલસીદાસ દશરથસુત કૌશલ્યા નંદ રામના દેહનું જે નખશિખ વર્ણન કરે છે તેવું રામનું વર્ણન કબીરે કદી કર્યું નથી. કબીર કહે છે: "હે ભાઇ, નિર્ગુણ રામનો જપ કરો. જે અવિગંતિ છે તેની ગતિની વાત કરવી સહેલી નથી. વેદ અને પુરાણ, સ્મૃતિ અને વ્યાકરણ, શેષ નાગ ગરુડ અને કમલા પણ જેને જાણી શક્યા નથી તે હરિની છાયાનો આશ્રય લો". ૫૧.આ જ રીતે કબીરના "વિષ્ણુ" એટલે સંસારરૂપે જે વિસ્તર્યાં છે તે, સંસારનું સર્જન કરનાર તે "કૃષ્ણ", બ્રહ્માણ્ડને ધારણ કરનાર તે "ગોવિન્દ", સનાતન તત્વ તે રામ, જે દશ દરવાજાને ખોલી દે તે "ખુદા", ચોર્યાસી લાખ યોનિના પરવરદિગાર તે "રબ", સૃષ્ટિનું તન્ત્ર ચલાવનાર તે "કરીમ", જ્ઞાનથી ગમ્ય તે "ગોરખ", જે મનની વાત જાણે છે તે "મહાદેવ", ચરાચર જગતનો સાધક તે "સિધ્ધ", ત્રિભુવનનો યોગી તે "નાથ". કબીર રામનામનું મહત્ત્વ ગાય છે તે એમનો લાક્ષણિક રીતે:

---

૫૦. કહન સુનન કૌ જિહિ જગ કીન્હાં, જગ ભુલાન સો કિનહુ ન ચીન્હાં
સત રજતમ થૈ કીન્હીં માયા, આંપણ માઝૈ આપ છિપાયા
તે તૌ આહિ અનંદ શરૂપા, ગુન પલ્લવ વિસ્તાર અનૂપા
સરંખા તૂત થૈ, કુસુમ ગિયાંના ફલ સો આછા રામ કા નાંમા
ક.ગ્રં.રમૈણી. પૃ.૨૨૫.

૫૧. નિર્ગુણ રામ જપ હુ રે ભાઈ, અવિગતિકી ગતિ લખી ન જાઇ
ચારિવેદ જાકે સુમૃત પુરાંના, નૌ વ્યાકરણ ભરમ ન જાંના
સેસ-નાગ જાકે ગરુડ સમાંના ચરન-કંવલ કંવલા નહિ જાણા.
કહે કબીર જાકે ભેદે નાહીં, નિજજન બૈઠે હરિકી છાંહી.
ક.ગ્રં. પદ ૪૯

રામ કા નામ સંસાર મેં સાર હૈ રામ કા નામ અમૃત બાની
રામ કે નામ તે કોટિ પાતક હરૈ રામ કા નામ વિશ્વાસ માની
રામ કા નામ ચૌવેદ કા મૂલ હૈ નિગમ નિસાર કરતત્વ છાની
રામ કા નામ ષટ્ સાસ્તર પત્થિએ ચલો ષટ્દરસનો મેં કહાની
હૈ પરમ ભેતિ ભી ગુન નિરાકાર હૈ તાસુ કો નામ નિરંકાર માની
રૂપ બિન રેખ બિન નિગમ સ્તુતિ કહૈં સન્તકો સહ અકથ કહાની.

નિર્ગુણની આ પ્રકારની ઉપાસનાનાં વર્ણનો અન્ય સન્ત કવિઓમાં પણ પ્રચુર પ્રમાણમાં મળી આવે છે, પણ નિર્ગુણાની ઉપાસના હોઇ શકે ? જે મન અને વાણીથી અગોચર છે તેનો અનુભવ શી રીતે થાય?તેનું જ્ઞાન શી રીતે સમ્ભવે? ને જો તે છતાં એનો અનુભવ થતો હોય, એનું જ્ઞાન થતું હોય તો પછી એની ઉપાસના શા માટે ન થાય ? આ પ્રકારેની દલીલ વિદ્યારણ્ય સ્વામીએ પંચદશી (૯ મો અધ્યાય ૫૪-૫૭) માં કરી છે. કબીર કેટલીક વાર આ નિર્ગુણસગુણના ઝઘડામાં પડયા વિના ~~કબીર તો~~ એમ પણ કહી દે છે કે હરિ જેવા હોય તેવા રહે, એની સાથે અમારે નિસ્બત નથી. અમે તો હરખાઇ હરખાઇને એના જેટલા ગુણ સૂઝે તેટલા ગાઇશું.[૫૨] આ બધી સંજ્ઞાઓમાં હરિ સમાતા નથી. માટે કશાનો ઐકાન્તિક આગ્રહ ન રાખી શકાય. આથી કબીર કહે છે કે હે સન્તો, હું ધોખાની વાત કોને કહું ?ગુણમાં જ નિર્ગુણ છે ને નિર્ગુણમાં જ ગુણ છે. આ સીધા રસ્તાને છોડીને કયાં ભટકવું.? લોકો એને અજરામચર કહે છે, પણ અસલ વાત કોઇ કહેતુ જ નથી. વસ્તુત: એ અલખ છે, અગમ્ય છે. નેતિસ્વરૂપનાં વર્ણનો જ નકામાં છે, એ તો બરાબર છે કે એનું કોઇ રૂપ નથી. કોઇ વર્ણનથી પણ એથી વધારે સારું એ છે કે એ બધા ઘટમાં સમાયા છે. આથી બધાં જ રૂપ એનાં રૂપ છે, બધા વર્ણ એના વર્ણ છે પછી એને અવર્ણ શી રીતે કહેવાય ? બધા એનાં પિણ્ડ અને બ્રહ્માણ્ડની વાતો કરે છે, પણ પિણ્ડ અને બ્રહ્માણ્ડ તો દેશકાળથી સીમિત છે, ને એ તો અનાદિ અનન્ત છે. એ સિવાયનું તમે જે વર્ણન કરો તે એ છે, કારણ કે હરિ આ બધી વર્ણનાત્મક સંજ્ઞાઓથી પર છે.[૫૩] જીવ અને ઇશ્વર, ધ્યાતા અને ધ્યેય, જ્ઞાતા અને જ્ઞેય વચ્ચેની અભિન્નતા

---

૫૨. હરિ જૈસા હૈ તૈસા રહો, તું હરિખિ હરિખિ ગુણ ગાય   ક.ગ્રં.સાખી.૨,૬

૫૩. સંતો, ધોખા કાસું કહિયે, ગુનમૈં નિરગુન, નિરગુનમૈં, ગુન બાટ છાંડિ કયું બહિરે
અજરા-અચર કથૈ સબ કોઇ અલખ ન કથણાં જાઇ, નાતિ-સ્વરૂપ-વરણ નહિં જાકે ઘટિઘટિ રહ્યાસમાઇ
પ્યંડ-બ્રહ્માંડ-કથૈ સબ કોઇ વાકે આદિ અરુ અન્ત ન હોઇ, પ્યંડ બ્રહ્માણ્ડ છાંડ જે કહિયૈ કહે કબીર હરિ સોઇ. ક.ગ્રં. ૫૬ ૧૮૦

વર્ણવતી બીજી અનેક સન્તોની ઉક્તિઓ સન્તસાહિત્યમાં છે. એમાં હિન્દુમુસલમાનનો ભેદ નથી. બંને પ્રકારના સન્તોએ અભિન્નતાને ગાઇ છે. એકબાજુ ચરણદાસ કહે છે કે જ્યારથી બધું એક કરીને માન્યુ છે ત્યારથી સાંભળનાર ને કહેનાર વચ્ચેનો ભેદ રહ્યો નથી. કોણ કોને પિછાને? જ્ઞાની અને જ્ઞેય એમ જુદીજુદી સંજ્ઞાથી કોને ઓળખાવીએ? એ જ રીતે ધ્યાની ધ્યેય અને ધ્યાનમાં પણ કયાં ભેદ છે? બન્ધનમાં કોણ છે?મુક્ત કોણ છે? કોણ આવજા કરે છે? સેવક કોણ છે? ને સહાયક કોણ છે? હાનિ શું ને લાભ શું? કોણ જન્મે છે ને કોણ મરે છે? પસ્તાવાનું ય કોને છે? જગત કોણ છે ને એનો કર્તા કોણ છે? કેવળ તું તું તું જ છે. હું નથી, જે કાંઇ છે તે ભગવાન જ છે.[૫૪] તો બીજી બાજુ મુસલમાન સન્ત ગુલાલસાહબ એનું વર્ણન કરતાં કહે છે: બ્રહ્મસ્વરૂપ અખંડિત, પૂરન, ચૌથે પદસે ન્યારો.[૫૫] મારવાડવાળા દરિયા સાહેબે પણ પરમતત્ત્વનું વર્ણન કરતાં કહ્યું છે કે અમે જાતિએ જ બ્રહ્મ છીએ, અમારા માતાપિતા રામ છે, શૂન્યમાં અમારું ઘર છે અને અનહદ અમારું વિશ્રામ સ્થાન છે.[૫૬] વિકાર અને આકાર તજીને નિરાકારનું જ ધ્યાન ધરો, નિરાકારમાં પ્રવેશોને નિરાધારમાં લય પામો.[૫૭] કબીરના શબ્દોમાં જે કોઇને "આતમદ્રિષ્ટિ" સિધ્ધ થઇ છે તે જ ખરા અર્થમાં માનવી છે, એવાની પૂર્ણ દૃષ્ટિ જ બધાં અપૂર્ણને પૂર્ણ કરીને જોઇ શકે. સન્તો આવી પૂર્ણદૃષ્ટિ ધરાવનાર હતા. આથી એમની અનુભવવાણીમાં આ પૂર્ણતાના સાક્ષાત્કારનો રણકો આપણને સંભળાય છે.[૫૮]

---

૫૪. પ.ચતુર્વેદી સમ્પાદિત સન્તકાવ્ય, ૪૭૩.

૫૫. પ.ચતુર્વેદીકૃ સમ્પાદિત સન્ત કાવ્ય પૃ. ૪૨૪

૫૬. જાત હમારી બ્રહ્મ હૈ, માત પિતા હૈ રામ, ગિરહ હમારા સુન્નમેં, અનહદમે બિસરામ.
પ.ચ.સન્તકાવ્ય ૪૫૧.

૫૭. તજ વિકાર આકાર તજ, નિરાકાર કો ધ્યાય. નિરાકારમે પૈઠ કર, નિરાધાર લૌ લાય. એજન પૃ.૪૫૧.

૫૮. આ પ્રતીતિનો પરિચય કરાવતી અન્ય સન્તોની વાણીમાંથી થોડાંક ઉદાહરણો જોઇએ.

વાકે રૂપ-રેખ કાયા નહિં, માયા વિસ્તારા હૈ
અગમ અપાર અમર અવિનાસી, સો સંતન કો પ્યારા હૈ
અનંત કલા જા કે લહરિ ઉઠતુ હૈ, પરમ તત્ત્વ નિરકારા હૈ, બુલ્લા સાહબ સં.કાવ્ય.૪૧૦
સબગુન રહિત રમે ઘટ ભીતરિ, નાદબિંદ મેં ન્યારા
પરમ પવિત્ર પરમગતિ ભેલૈ, પૂરણ બ્રહ્મ પિયારા.
અંજરા માંહિ નિરંજન નિર્મલ, ગુણ અતીત ગુણમાં હીં. રજ્જબ.૩૭૧ સન્તકાવ્ય.

પરમતત્ત્વને વર્ણવનારી અન્ય સંજ્ઞાઓમાં સહજ અને શૂન્ય ખાસ ધ્યાન ખેંચે એવી છે. આ બે સંજ્ઞાઓના વિશિષ્ટ સંકેતો સન્તસાહિત્યમાં જોવા મળે છે. ઉપર ટાંકેલા અવતરણોમાં પણ "શૂન્ય" "સહજ" એ શબ્દો આવે છે. દાદૂએ આ બે સંજ્ઞાઓ જે રીતે વાપરી છે તે અહીં સમજવા જેવી છે. ૫૯.

"શૂન્ય" સંજ્ઞાનો પ્રથમ અણસાર તો "નાસદીય" સૂક્તમાંમળે છે. પછી અથર્વવેદમાં, ઉપનિષદોમાં બ્રહ્મના "નેતિનેતિ"રૂપે થતાં વર્ણનોમાં પણ એ દેખાય છે. બુધ્ધોના અનાત્મવાદ અને નિર્વાણવાદમાં "શૂન્ય" ને એક વિશિષ્ટ સંકેત.પ્રાપ્ત થયો. પછીથી અશ્વઘોષ નાગાર્જુન, આર્યદેવ, અસંગ, વસુબન્ધુ વગેરે બૌધ્ધ દાર્શનિકોએ આ સંજ્ઞાના સંકેતની વધુ સ્પષ્ટતા કરી, મહાયાન સાધનામાં એનું સ્વરૂપ બદલાયું અને એ સંજ્ઞા નાસ્તિવાચક મટીને સુખ અને ઐશ્વર્યવાચક બની. માધ્યમિક મતવાદમાં એ સંજ્ઞા બુધ્ધ, ધર્મ, ઇશ્વરને માટે પણ વપરાવા લાગી. પછીથી વજ્રયાન યોગાચારાદિના પ્રભાવથી શૂન્ય વિશ્વનું મૂળ તત્વ બની રહ્યું. ને શૂન્ય સિવાયનું બધુ તે માયા લેખાયું. નાથપન્થીઓમાં

---

તુમહી સોહં સુરત હૌ તુમહીં મન અરુ મૌન, ઇસમેં દૂસરૌ કૌન હૈ, આવે જાય સૌ કૌન
ગરીબદાસ "સન્તદર્શન" પૃ.૧૬૨ ત્રિલોકી નારાયણ દીક્ષિત.

અહં પરાત્પર અહં અખણ્ડા, વ્યાપક અહં સકલ બ્રહ્માણ્ડા,
અહં નિરંજન અહં અપારા, અહં નિરામય અરુ નિરકારા.
અહં નિલેપ અહં નિજરૂપં, નિર્ગુણ અહં અહં સુ અનૂપ,
અહં અનન્ત અહં અદ્દીતા, અહં સુ અજ અવ્યંયં અભીતા સુંદરદાસ, ગ્રન્થાવલિ ભા.૧પૃ.૧૧૨-૧૧૩
જોઇ જોઇ પૂજિએ સોઇ સોઇ કાંચી સહજભાવ સત હોઇ
કહ રૈદાસ મૈં તાહી કો પૂજૂં જાકે નાંવ ઠૌંવ નહિ હોઇ - રૈદાસ
સહજ સુન્નિ એક ઠૌર હૈ, સબમર સબહીં માંહિ
વહાં નિરંજન રમિ રહા, કોઇ ગુણવ્યાપૈ નાંહિ. દાદૂ

૫૯. આ બે સંજ્ઞાઓ વિશે વધુ સ્પષ્ટતા પારિભાષિક સંજ્ઞાઓને સમજાવતી વેળાએ કરી છે.

આ "શૂન્ય" જ "નિરંજન" રૂપે પ્રતિષ્ઠિત થયું. બૌધ્ધપન્થીઓ તેમજ વ્રાત્યપન્થીઓમાં પણ "શૂન્ય" ને ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત થયું. બંગાળમાં તો શૂન્યપુરાણ પણ રચાયું. ઓરિસાના નિરંજન પંથ, મહિમાપન્થ તથા દાસ વગેરે ભાગવતોમાં પણ "શૂન્ય" નો મહિમા વિસ્તર્યો.

મધ્યયુગનું 'શૂન્ય' આવ ભિન્ન સંકેતને પ્રાપ્ત કરે છે. દાદૂમાં 'શૂન્ય'નો

વેદકાળના ને બૌધ્ધ સમયના "શૂન્ય"થી આ વિશિષ્ટ સંકેત આપણને સ્પષ્ટરૂપે જોવા મળે છે. એ સંકેતને સંક્ષેપમાં સમજવાનો પ્રયત્ન કરીએ. શૂન્ય એટલે મુક્ત અવકાશ. જીવનને પ્રકટ થવા માટે અવકાશ જોઇએ. નાનું સરખું તૃણાંકુર કે નાજુક પુષ્પ ઉપર આકાશનો મુક્ત અવકાશ છે એ આશ્વાસે જ ખીલે છે. તે જ રીતે સમસ્ત જીવનના આધારરૂપ પરબ્રહ્મ મુક્ત અવકાશ રૂપે સદા રહ્યું હોય છે, તેથી જ જીવનની લીલા પ્રગટી શકે છે. સાચો ગુરુ પણ બ્રહ્મનું જ અનુવર્તન કરે. એ શિષ્યના ચિત્તમાં પોતાને વિશેનું સાચું જ્ઞાન પ્રકટ કરવાને મુક્ત અવકાશ સરજી આપે. આથી જ ગુરુ અને બ્રહ્મની એક પદવી. આમ નકારાત્મક શૂન્ય એ અસ્તિત્વ કે આવિર્ભાવ પામતી એક અનિવાર્ય આવશ્યકતા બની રહ્યું. આથી જ દાદૂ કહે છે :

કુછ નાહીં કા નાંવ કયા, જે ધરિએ સો જુઠ [૬૦]

ને આ સંસાર શૂન્યને નાસ્તિવાચક ગણીને જ ભ્રમમાં પડયો:

કુછ નાંહીકા નાંવ ધરિ ભરમ્યા સબ સંસાર
સાચ ઝૂઠ સમઝૈ નહિં, ના કુછ કિયા વિચાર. [૬૧]

જે મૂળ તત્વ છે તે અમુક એક આકારમાં બંધાતું નથી. જો તેને એ રૂપે જોવા જઇએ તો ભ્રાન્તિમાં જ પડીએ. આથી એને તો વ્યાપીને શૂન્યમય બની જવા દેવું જોઇએ. તો જ એને સહજ રીતે પામી શકાય. જે સત્ય છે, સહજ છે તે બાહ્ય સ્થૂળ આકારથી અતીત છે. સત્યલોક એ સૂક્ષ્મ નિરાકારમાં છે. પૃથકજનની પરિમિત દ્રષ્ટિ ભ્રાન્તિમાં રાચે છે. માટે દાદૂએ ફરિયાદ કરતાં કહ્યું છે કે બધા લોકો સ્થૂલને જુએ છે, પોતાને જે આકાર ગમે છે તે રૂપે એને જુએ છે, પણ સૂક્ષ્મ સહજ તો કોઇને સૂઝતું જ નથી. એ નિરાકાર નિરાધારની તો કોઇને કાંઇ ખબર જ નથી લાગતી. [૬૨] જે મર્યાદિત કામનાઓમાં જ પોતાની તૃપ્તિ શોધે છે તે પોતાની જાતને સંકોચે છે, તેને શૂન્યના મહા અવકાશમાં પ્રવેશ કયાંથી મળે ? સકળના સર્વવિધ ઐશ્વર્ય અને આનન્દમાં પ્રવેશવું હોય તો મર્યાદાઓને છોડવી જ પડે. શૂન્ય આમ સર્વપદવાચ્ય

---

૬૦. દાદૂની વાણી સાચ કૌ અંગ ૧૫૫.

૬૧. દાદૂ સાચ કૌ અંગ. ૧૪૫.

૬૨. દાદૂ સબ દેખૈ અસ્થૂલકૌ, જ હું ઐસા આકાર.

બની રહે છે.[63] આથી જ છાન્દોગ્ય (૮,૯.૧) માં કહ્યું છે કે બ્રહ્મનો સાક્ષાત્કાર કરનાર સર્વ લોક અને સર્વ કામનાઓને પામે છે. દાદૂ આ જ વાત એની પોતાની રીતે કહે છે. જે કામનાને દહે, સહજ રીતે રહે અને શૂન્યનું ધ્યાન ધરે તે સર્વને લહે ને કદી કશાથી હારે નહીં. (દાદૂ, રાગ, બિલાવલ. પદ ૩૪૯) આ શૂન્ય અવસ્થાના જુદાંજુદાં ચાર સ્તર છે. એ પૈકી કાયાશૂન્યમાં પંચેન્દ્રિયાદિ સ્થૂલ શરીરનો લય કરવાનો હોય છે, આત્મ શૂન્યમાં સૂક્ષ્મ શરીરનો લય સમાધિ સિધ્ધ થાય છે. પરમ શૂન્યમાં જીવની અનુભૂતિ થાય છે. સહજશૂન્ય કે બ્રહ્મશૂન્યમાં યોગી પરબ્રહ્મમાં વિલીન થઇ જાય છે. એ જ નિર્વાણરૂપ કહેવાય છે.[64] પ્રથમ ત્રણ શૂન્ય તે આકાર લોકના, ને ચતુર્થશૂન્ય તે નિર્ગુણ. એ સહજ શૂન્યમાં જ દાદૂ વિહાર કરે છે. સર્વત્ર હવે એને એ સહજ લોકજ દેખાય છે.[65] આ સહજ રૂપને સર્વત્ર જોયા પછી દાદૂ સર્વત્ર એકને જ જુએ છે, ત્યાં બીજાને માટે સ્થાન નથી. આથી દાદૂ સદા આનન્દમાં જ લીન રહે છે.[66] આ આનન્દના ઉદ્ગારનો રોમાંચકધ્વનિ દાદૂની કૃતિમાં આપણને સંભળાયા જ કરે છે.[67] કબીરમાં પણ શૂન્યની વાત આવે છે ખરી, પણ કેટલીક વાર યોગની પરિભાષામાં એણે બ્રહ્મરન્ધ્રના અર્થમાં શૂન્યનો પ્રયોગ કર્યો હોય એવું લાગે છે. :

સુન્ન મંડલમેં ઘર કિયા, બાજૈ સબ્દ રસાલ.

અહીં "સુન્ન મંડલ" તે બ્રહ્મરન્ધ્ર કે સહસ્રાર ચક્ર અને "શબ્દ રસાલ" તે અનાહતનાદ એ સ્પષ્ટ છે. કેટલાક વાર રામના ભક્તનું બહુમાન કરવામાં એ યોગના આ "શૂન્ય" અને "અનાહતનાદ" ને નીચી કોટિના પણ લેખે છે:

---

૬૨. સૂષિમ સહજ ન સૂઝઇ નિરાકાર નિર્ધાર. લેખ કૌ અંગ, ૩૬

૬૩. પ્ર. આ અવસ્થાને વર્ણવતાં પ્રશ્નોપનિષદમાં (૪,૧૧) સર્વમેવાવિવેશ એવો પ્રયોગ કર્યો છે તે નોંધવા જેવું છે.

૬૪. કાયા સુંનિ પંચકા વાસા, આતમસુંનિ પ્રાણ પ્રકાસ,
પરમ સુંનિ બ્રહ્માસૌં મેલા, આગૈ, દાદૂ આપ અકેલા. :દાદૂ, પરમાઅંગ, ૫૩:

૬૫. દાદૂ તીનિ સુંનિ આકારકી ચૌથી નિર્ગુણ નાંવ સહજ સુંનિમૈં રમિ રહયા જહાં જહાં તહાં સબ ઠાંવ!!

આ ચારે શૂન્ય વિશેની વધુ વિગત દાદૂએ પરચાઅંગના ૧૨૭,૧૨૮,૧૨૯,૧૩૦દૂહામાં આ ચર્ચા માટે ક્ષિતિમોહન સેનકૃત દાદૂની ઉપક્રમણિકાનો આધાર લીધોછે.આપી છે.

૬૬.સદા લીન આનન્દમૈં સહજ રૂપ સબઠૌર,દાદૂ દેખૈ એક કૌ,દૂજાનાહિ ઔર: દાદૂ,પરચાઅંગ.૮૪

૬૭. જુઓ, પરચાઅંગ ૮૫, ૯૦, ૯૨ વગેરે

શૂન્ય મરૈ અજપા મરૈ, અનહદ હૂ મરિ જાય
રામ સનેહી ના મરૈ, કહ કબીર સમુઝાય.

તો કંઇક દાદૂ જે અર્થમાં વાપરે છે તે અર્થમાં શૂન્યસહજનો ઉલ્લેખ કબીરમાં મળે છે:

ઉલટિ જાત-કુલ દોઉ બિસારી, સુન્ન સહજ મહિ બુનત હમારી.

રૈદાસમાં પણ આ જ અર્થમાં "સહજસુન્ન" નો ઉપયોગ થયેલો જોવામાં આવે છે.

બટકાબીજ જૈસા આકાર પસર્યો તીન લોક પસાર
જહાંક ઉપજા તહાં બિલાઇ સહજ સુન્નમેં રહો લુકાઇ

આ "સહજ શૂન્ય" ની વિભાવનાનુ મૂળ "ગોરખબોધ" માં ગુરુશિષ્ય વચ્ચેની જે પ્રશ્નોત્તરી છે તેમાં હોય એમ લાગે છે:

ગોરખ: કુણિ સૂનિ ઉત્પન્ના, કુંમિ સૂનિ ગુરિ બુઝાઇ? કુણ સુનમેં રહા સમાઇ?
મછન્દર: સહજેન સુનિ ઉત્પન્ના, સંમિ સુનિ સતગુરુ બુઝાઇ,
અજિત સુનિમે રહા સુમાઇ.

સન્તકાવ્યમાં પરમતત્વના સ્વરૂપનાં વર્ણનો આપણે જોયાં. હવે એને માટેની સાધના વિશે સન્તોએ જે કહ્યું છે તે જોઇએ. સન્તોની એક પાયાની માન્યતા તે એ કે જે પિણ્ડમાં છે તે બ્રહ્માણ્ડમાં છે. આથી પિણ્ડ-માનવદેહનુ એમણે અત્યન્ત ગૌરવ કર્યું છે. માનવદેહમાં એમણે બ્રહ્મજ્યોતિનો પ્રકાશ જોયો છે. એમાં જ અડસઠ તીર્થ જોયા છે. હઠયોગના સાધકોને માટે પણ દેહનો મહિમા ઓછો નથી. એ દેહને દમવાની વાત સન્તોને અભિમત નથી. આ દૃષ્ટિબિન્દુ જુદાજુદા સન્તોની વાણીમાં અનેક રૂપે પ્રકટ થયું છે. એ પૈકી થોડાંક નિદર્શનો અહીં જોઇએ:

તુલસીદાસે કહ્યું છે કે દેહના જેવું બીજું મંદિર નથી, એમાં આત્મારૂપી દેવ છે. તેને પૂજો, પાષાણની મૂર્તિને શા માટે પૂજો છો ? બેહોશને પૂજીને જન્મ શા માટે બગાડવો? દાદૂએ પણ અનેક સ્થળે કાયાનો મહિમા ગાયો છે. એ કહે છે : આ કાયામાં જ આકાશ છે ને કાયામાં જ ધરતીનો વાસ છે, કાયામા સમસ્ત બ્રહ્માણ્ડ છે. કાયામાંજ બધા ખંડ સમાયા છે.[૬૮] વળી અન્યત્ર એ કહે છે કે આ કાયાની અંદર જ દેવોના દેવ હું પામ્યો છું. એને સહજ રીતે પામીને નિર્ભય બનો.[૬૯] આ માનવદેહ જ

---

૬૮. કાયામાંહે સબ આકાસ કાયામાંહે ધરતીબાસ; કાયા માંહે સબ બ્રહ્માંણ્ડ કાયા માંહે સબખંડ
૬૯. કાયા અંતરિ પાઇયા સબ દેવન કા દેવ, સહજૈ આપ લખાઇયા ઐસા અલખ અભેવ.

મસજિદ છે, આ દેહ જ દેવાલય છે તે સદ્ગુરુએ બતાવ્યું છે. આથી ભીતરમાં જ સેવા-બંદગી ચાલે છે. પછી બહાર ભટકવાની શી જરૂર ?[૭૦] આથી દાદૂ કાયામહલમાં જ નિમાજ ગુજારે છે, ને મનકા મણકાની માળા ફેરવે છે.[૭૧] દાદૂ કાયાનેજ કતેબ કહે છે.[૭૨] સાધકનો દેહ તો બ્રહ્મજ્યોતિથી દીપ્ત જ હોય છે.[૭૩] દાદૂ એ રચેલી "કાયાબેલી" નામની વિસ્તૃત રચનામાં કાયાનો મહિમા એણે વિસ્તારથી વર્ણવ્યો છે.[૭૪] કબીરે પણ કાયાનો મહિમા ગાયો છે.[૭૫] એ કહે છે કે કાયામાં જ કોટિ તીરથ છે. કાયામાં જ કાશી છે, કાયામાં કમલાપતિ (સહસ્ત્રારનો અધિષ્ઠાતા-બ્રહ્મ) કાયામા જ વૈકુંઠ વાસી છે. કાયાનું અતિ સુન્દર નગરી તરીકે એણે ઘણીવાર વર્ણન કર્યું છે.[૭૬] દેહનું સાધનામાં આટલું મહત્ત્વ હોવાથી કાયાકલેશ કરવો ન જોઇએ એમ સૌ સન્તોએ ફરી ફરી કહ્યું છે. મનને રોકવાનો જુલમ શા માટે કરવો ? કબીર કહે છે કે એ

---

૭૦. યહ મસીતિ યહુ દેહુરા સતગુર દિયા દિખાઇ
    ભીતરિ સેવા બંદિગી,બાહરિ કાહે જાઇ : મધિ અંગ, ૫૪.

૭૧. દાદૂ સાચકૌ અંગ, ૪૨,૭૨.    ૭૨. દાદૂ સાચકૌ અંગ, ૪૧

૭૩. યહુ ઘટ દીપક સાધકા બુધ્ધ જ્યોતિ પરકાશ દાદૂ. સાધ અંગ ૭૯

૭૪. જુઓ ક્ષિતિમોહન સેન કૃત દાદૂ પૃ.૬૦૧-૨.

૭૫. કાયા મધે કોટિ તીરથ કાય મધે કાસી; કાયા મધે કંવલપતિ ,કાયા મધે
    વૈકુઠ વાસી, કબીરકા રહસ્યવાદ પૃ. ૧૩૩.

૭૬. કાયા નગરી બની અતિ સુંન્દર, મહલ બના ચેતન કા કબીર    દ્વિવેદી.પૃ.૨૮૫-૯૨.પદ
    ઇસ ઘટ-અંતર બાગ-બગીચે ઇસીમેં સિરજનહારા
    ઇસ ઘટ-અંતર સાત સમુન્દર, ઇસીમેં નૌલખ તારા
    ઇસ ઘટ-અંતર પારસ મોતી, ઇસીમેં પરખનહારા
    ઇસઘટઅન્તર અનહદ ગરજૈ, ઇસીમેં ઉઠત ફુહારાં,
    કહ કબીર સુનો ભાઇ સાધો, ઇસીમેં સાંઇ હમારા.

૭૭. કબીર હ. દ્વિવેદી. પદ ૫૬ પૃ.૨૬૮.

૭૮. જુઓ પરમાઅંગ ૭૫
    " ૯૦
    " [illegible].

જ્યાં દોડી જશે ત્યાં પરમાત્મા તો છે જ. શરીરને ય ત્રાસ શા માટે આપવો? ભોગમાં પણ જોગ જગાવી શકાય.[૭૭] એ સાધનાને માટે ઘરગૃહસ્થી છોડવાની પણ શી જરૂર છે? કબીર તો કહે છે કે જે ઘર છોડીને ચાલી ગયો છે તે પોતાનો માર્ગ ભૂલી ગયો છે. એ ભૂલેલાને પાછો ઠેકાણે લાવો. ઘરમાં જ જોગ છે ને ઘરમાં જ ભોગ છે. પછી ઘર ત્યજીને વનમાં શા માટે જવું ? જો ગુરુએ અલખની પ્રતીતિ કરાવી હોય તો પછી સાધક ઘરમાં જ "જુક્ત મુકત" બની રહે છે. માટે જ્યાં છો ત્યાં જ રહો. ઘર જ તમને તમારી વસ્તુ પ્રાપ્ત કરાવી આપશે.[૭૮] આથી જ સન્તોએ સહજ સાધનાને જ હમેશાં પુરસ્કારી છે. કબીરે તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ભાઇ, સૌથી સારી તો સહજ સમાધિ જ. મારે છે ~~કબીરે-તરે~~ આંખો બંધ કરવી નથી, કાન રુંધવા નથી, કશું કાયાકષ્ટ કરવું નથી. હું તો ખુલ્લી આંખે હસતે મોઢે મારી ચારે તરફ જે સુન્દર રૂપ છે તેને નિહાળ્યા કરું છું. જે બોલું તે મારે મન નામરટન છે, જે સાંભળ્યું તે ભગવત્ સ્મરણ છે. જે કાંઇ કર્મ કરું તે પૂજા છે. મારે મન ઘર અને ઉદ્યાન એક સરખાં છે. હું બીજાનો ભાવ જ મનમાં રાખતો નથી. જ્યાં જ્યાં ફરું તે પરિક્રમા છે, જે કાંઇ કરું તે સેવા છે, હુ સૂઇ જાઉં તો દણ્ડવત્ કરવા બરાબર છે. પછી હું બીજા દેવાને શા માટે પૂજુ? ઉઠતાં બેસતાં કદી વિસ્મરણ ન થાય એવી તાળી માગી છે.[૭૯] આથી જ કબીરે અન્યત્ર પણ કહ્યું છે કે સાધનામાં કશી તંગદિલી કે ખેંચતાણ ન હોવી જોઇએ.[૮૦] એમાં જોગ કે જાપની જરૂર નથી. બ્રાહ્મણોની જેમ દીક્ષા લેવાની જરૂર નથી. ઘરઘરમાં દીવો બળે છે. પછી શું કહેવુ ને શુ સાંભળવું? હજૂર તો પાસે જ બેઠા છે, ને તમે નાહકના ખજૂરી પર ચઢીને આસન લગાવો છો![૮૧] સાચા સાધકનું લક્ષણ જ એ છે કે આઠે પહોર મસ્ત રહે છે. એટલું જ નહીં, એ આઠે પ્રહરને એટલેકે કાળને પણ નીચોવીને એનો રસ પી જાય છે.

---

૭૭. કબીર હ. દ્વિવેદી પદ ૫૬, પૃ.૨૬૮.

૭૮. અવધૂ , ભૂલેકો ઘર લાવૈ, સો જન હમકો ભાવૈ, ઘરમેં જોગ ભોગ ઘરહીં મેં
   ઘર તજ બનનહિં જાવૈ, ઘરમે જુક્ત મુક્ત ઘરહીમેં, જો ગુરુ અલખ લખાવૈ
   ઘરમેં બસત વસ્તુ ભી ઘર હૈ, ઘર હી બસ્તુ, કહૈ કબીરા સુનો હો સાધુ
   જ્યોં કા ત્યોં ઠહરાવૈ, કબીર હ.દ્વિ.૨૬૨, પદ ૪૦

૭૯. કબીર હ. દ્વિવેદી પૃ.૨૬૨ પદ ૪૧

૮૦. " " પૃ.૩૫૪. પદ ૨૩૪.

૮૧. કબીર હ. દ્વિ. પૃ.૨૫૩, પદ ૨૨૧

એ બ્રહ્મની છોળમાં રસબસ થઇને જ જીવે છે. [૮૨.] ભગવાન પોતે જ કહે છે કે તુ મને કયાં શોધે છે  હું તો તારી પાસે જ છું. હું દેવળમાં કે મસજિદમાં નથી, કાબામાં કે કૈલાસમાં નથી. હું ક્રિયાકર્મમાં નથી, યોગવૈરાગમાં પણ નથી. જો શોધતાં આવડે તો પળભરની તલાસમાં હું તમે મળી જાઉં, એમ છું, કારણ કે હું હરેક શ્વાસોચ્છ્વાસમાં રહ્યો છું.[૮૩.] કાયા-કલેશ કરનારાની કબીર મજાક પણ ઉડાવે છે. જુઓ તો ખરા, આ લોકો, સાચું કહીએ તો મારવા દોડે છે. હિન્દુ કહે કે મ રામ અમારા છે ને મુસલમાન કહે કે રહેમાન અમારા છે. આમ બંને પરસ્પરમાં લડી મરે છે. સાચો અર્થ કોઇ જાણતું નથી. મને નિયમ-ધરમ પાળનારા ને સવારે વહેલા ઉઠીને સ્નાન કરનારા તો ઘણા મળ્યા છે. આત્માને છોડીને જેઓ પાષાણને પૂજે છે તેમનું જ્ઞાન પોકળ છે. આસન ચઢાવીને દંભ કરીને એ લોકો બેસે છે ને મનમાં ઘણું ગુમાન રાખે છે. એ લોકો અમને હસે છે, ને પોતાને શાણા માને છે. એમાં કોણ દિવાના છે તે તમે જ કહો વારુ?[૮૪.] મલૂકદાસે પણ કહ્યું છે કે એ જપતપથી રીઝતા નથી. નેતીધોતી કરવાથી રીઝતા નથી કે કાયાને પખાળ્યા કરવાથી ય રીઝતા નથી.[૮૫.] દાદૂએ પણ કહ્યું છે કે મારે તપ કરવું નથી, ઇન્દ્રિય-નિગ્રહ કરવાની પણ જરૂર નથી. મારે મંદિરમાં પૂજા કરવી નથી, તીર્થોમાં ભમવું નથી. ધ્યાન ધરવું નથી. જોગ જુક્તિ પણ હું જાણતો નથી. હરિજ મારા "તારણતિરણ" છે. [૮૬.] ગોરખનાથે આ સહજ-સાધનાની વાત કરી જ હતી.[૮૭.] આમ કબીરે હઠયોગમાંથી સહજયોગ તરફ

---

૮૨. કબીર હ.દ્વિ. પૃ.૨૪૮, પદ ૧૭-૧૩,  ૮૩. એજન પૃ.૨૩૦ પદ ૧.

૮૪. એજન પૃ. ૩૨૬ પદ ૧૬૮. ૮૫. ના વહ રીઝૈ જપતપ કીન્હેં, ના આતમ કે જારે
ના વહ રીઝૈ ધોતીનેતી, ના કાયા કે ખખારે.

૮૬. નાં તપ મેરે ઇન્દ્રી નિગ્રહ, ના કુછ તીરથ ફિરણા,
દેવલ પૂજા મેરે નહિં, ધ્યાંન કછૂ નહિં ધરણાં,
જોગ જુગતિ કછૂ નહિં મેરે, ના મૈં સાધન જાણૌં.

૮૭. ધાયે ન પાઇબા ભૂખે ન મરિબા, અહનિસિ લેબા બ્રહ્મ અગનિકા ભેદં
હઠ ન કરિબા પડ્યા ન રહિબા યૂં બોલ્યા ગોરખ દેવં.

ગતિ કરી તે કદાચ ગોરખનાથથી પ્રભાવિત થઇનેજ. કબીર પછીના મુખ્ય મુખ્ય સંન્તોએ પણ આ સહજ-સાધનાને જ સ્વીકારી છે. દાદૂ કહે છે: "વિચારી તો જુઓ, ધરિત્રીએ શી સાધના કરી છે, આકાશે કયો યોગાભ્યાસ કર્યો છે, રવિશશી કોની દીક્ષા અને સાધનાના બળથી અમૃતત્વ પામ્યા છે?"૮૮. આશાવરી રાગના ૩ જા પદમાં દાદૂએ કૃતિમ તપસ્યા, ઇન્દ્રિયનિગ્રહ, તીર્થભ્રમણ, મૂર્તિપૂજા, યોગસાધુનાને મિથ્યા લેખ્યાં છે ને સહજ સાધનાનું ગૌરવ કર્યું છે. ૮૯. ~~એને મતે રોજિંદા જીવન યોગસાધનાને મિથ્યા લેખ્યાં છે, ને સહજ સાધનાનું ગૌરવ કર્યું~~ છે.૮૯. એને મતે રોજિંદા જીવન સાથે પરમ સાધનાને કશો વિરોધ હોવો જોઇએ નહીં. દૈનિક જીવન એવી રીતે જીવવું જોઇએ કે એ સહજ રીતે જ આપણને શાશ્વત જીવન તરફ અગ્રસર કરે. દૈનિક ગતિની સાથે જીવનની ગતિનો સહજયોગ તે જ સહજ પંથ, દાદૂ પોતાના અનુભવની વાત ઉચ્ચારતાં કહે છે કે હું તો નથી ઘરમાં રહ્યો કે નથી વનમાં ગયો. મેં કાંઇ કાયા-કલેશ પણ કર્યો નથી. મને તો સદ્ગુરુના ઉપદેશથી મનમાં ને મનમાં જ પરમતત્વની ઉપલબ્ધિ થઇ ગઇ.૯૦. દાદૂને મતે સાધનામાં ઇન્દ્રિયોનેમારી નાંખવાની નથી, પણ પ્રફુલ્લ કરવાની છે. આથી એ કહે છે: "દાદૂ, પંચો જે પરમોધિ લે". દાદૂએ તો અત્યન્ત સંક્ષેપમાં પોતાની સાધનાનો સાર આપી દીધો છે. એ કહે છે કે અમારો પન્થ તો બંને પક્ષ રહિત છે, અમે અવર્ણ્ય એક માત્ર આધારરૂપ જે પૂર્ણ છે તેને જ લક્ષ્ય માનીએ છીએ. અમે કોઇ જોડે વાદવિવાદમાં ઉતરતા નથી. સમદ્રષ્ટિ અમે કેળવી છે ને સહજમાં એકરૂપ થઇને રહેવું અમારો સ્વભાવ છે. અમે આત્મસ્વરૂપનું જ ચિન્તન કરીએ છીએ. મારાંતારાંની બુધ્ધિ અમે રાખતી નથી. અમે નિરાકારના આરાધક કોઇ પ્રત્યે વેર રાખતા નથી. પોતીકાં ને પરાયાંમાં સર્વત્ર એ પૂર્ણ તત્વને જ અમે જોઇએ છીએ, જે નિરાલમ્બ ને નિરાધાર છે. કોઇ સાથે અમને મોહમમતા નથી. અમારો એક માત્ર સંગી સર્જનહાર છે. એને અમે મનમાં ને મનમાં સમજી લઇએ છીએ ને એથી

---

૮૮. દાદૂ,સજીવન કૌ અંગ ૪.

૮૯. વળી જુઓ રાગ ગુજરીનું પદ, ક્ષિતિમોહનસેન કૃત દાદૂ પૃ. ૫૬૭, ૫૮.

૯૦. દાદૂ મધિસૈભ ૩૩, ગુરુઅંગ ૭૪.

અમે અમ્રર આનંન્દ અનુભવીએ છીએ.[૯૧.] પહેલાં દાદૂએ પણ "ધરમકરમ" કર્યાં હતાઃ[૯૨.] પછી એને સમજાયું કે વ્દારકા, કાશી કે મથુરા છોડી જવાની જરૂર નથી. કારણ કે "સાહિબ" તો ઘટમાં જ રહેલો છે. પંથ અને સમ્પ્રદાયના ભેદ અને જટાજાળ દાદૂને અભિમત નહોતાં. એણે તો અસંક્ષિપ્ત શબ્દોમાં કહી દીધું હતું:

દાદૂ કુલ હમારે કેસવા સગા ત સિરજન હાર

જાતિ હમારી જગદ્ગુર ધરમેસર પરિવાર (નિહકરમી પતિવ્રતા અંગ.૧૫:

દાદૂ પૂછે છે કે આ ધરતી આસમાન, પાણીપવન, દિનરાત, ચન્દસૂરજ એ બધાં કયા પન્થના છે વારુ?[૯૩.] પણ લોકો કેવા છે! ખણ્ડ ખણ્ડ કરીને બ્રહ્મને પક્ષોમાં વહેંચી લીધું. એ લોકો પૂર્ણ બ્રહ્મને ત્યજીને ભ્રમની જ ગાંઠ બાંધે છે.[૯૪.] દાદૂ કહે છે કે હું તો એક અપારનો પંથી છું. મને બીજું કોઇ ગમતું નથી. જે પોતાના સાચા સ્વરૂપનું દર્શન કરાવી શકે તે જ પ્રિયતમનો પંથ બતાવી શકે. કોઇ હિન્દુ એ કોઇ તુરક છે, કોઇ વળી બીજા કશામાં માને છે, વળી સૂફીઓનકે માર્ગ જુદો છે, ને સંન્યાસી બીજા કશાકમાં મગ્ન છે. જોગીઓનો માર્ગ જુદો છે, શક્તિઓનોય માર્ગ આગવો પંથ છે.

---

૯૧. ભાઇ ઐસા પન્થ હમારા

વ્દૈપક્ષ રહિત પન્થ, ગહિ પૂરો, અવર્ણ એક અધારા, બાદ બિબાદ કાહૂ સો

નાહિં માહીં જગત થૈ ન્યારા,

સમદૃષ્ટિ સુભાવ સહજમૈં આપહિ આપ વિચારા

મૈં તે મેરી, અહુમતિ નાહીં, નિરબૈરી નિરકારા, પૂરણ સબૈ દૈખિ આપાપર,

નિરાલંબ નિરધાર ।। ૩।

૯૨. કાહૂ કે સંગ મોહ ન મમતા, અંગી સિરજનહારા, મન હી મનસૂં સમઝિ સમાનો,

આનન્દ એક અપારા : દાદૂ.

૯૨. દાદૂ. ઉપજ અંગ ૧૬.

૯૩. દાદૂ યહ સબ કિસકે પંથથૈ ધરતી અરુ અસમાન,

પાની પવન દિન રાતકા ચન્દ સૂરરહિમાન, દાદૂ સાચકે અંગ. ૧૨૪.

૯૪. ખંડ ખંડ કરિ બ્રહ્મકૌં પખિ પખિ લિયા બાંટિ,

દાદૂ પૂરણ બ્રહ્મ તજિ બંધે ભરમ કી ગાંઠિ, સાચકો અંગ.

કોઇ કમંડળ હાથમાં ધરે છે તો કોઇ ભગવાં પહેરે છે. આ બધા પન્થોની વાત હું જાણતો નથી. હું તો જેણે આ જગત સરજ્યું છે તેનેજ માનું છું.[૯૫] આથી દાદૂ "નિર્પખ" કહીને પોતાને ઓળખાવે છે. એથી લોકો એનાથી રોસાઇ ગયા, પણ દાદૂના પર તો સદ્ગુરુની કૃપા હતી, એટલે લોકોના આ વર્તનથી એમને હરખશોક થયો નહીં.[૯૬] મનસૂરે એના જીવન પરથી અંગમાં આ જ મતલબનું કહ્યું છે. જે નિશદિન રામના રંગમાં રંગાઇને રહે છે તેને ષટ્દર્શનનો સંગ શા ખપનો? એ સ્વાંગ ભેખ પક્ષ કે પથમાં પછી માનતો નથી. એ કેવળ પૂર્ણ બ્રહ્મને જ સત્ય કહીને જાણે છે. પછી દેવદેવીની પૂજા કે તીર્થવ્રતની જરૂર શી? હિન્દુતુરકનો ઝગડો પછી રહેતો નથી.[૯૭]

---

૯૫. દાદૂ, રામકલી પદ ૧૯૪. ૯૬,

૯૬. દાદૂ, મધિ કે સ્રંગ, ૫૯.

૯૭. મનસૂર, જીવનપરથી સંગ ૬૩૦.

આથી સંક્ષેપમાં સાધનાનો પરિચય આપતાં દાદૂ કહે છે કે શ્રધ્ધાને માર્ગે જાઓ, હૃદયની પવિત્રતાનું રક્ષણ કરો, પૂર્ણ પ્રેમમયની આજ્ઞા થતાં હમેશાં હાજર રહો, અભિમાનનો ત્યાગ કરીને પશુભાવ અને ક્રોધ દૂર કરી સત્યને ઓળખી લો, દ્વૈતબુધ્ધિ મિથ્યા છે, એ ત્યાં ચાલશે નહીં, જ્ઞાનથી એને શોધો.[૯૮] પણ આ માર્ગ તે શુષ્ક યોગમાર્ગ નથી. આ યાત્રા કરનારે તો વરને વેશે જવાનું છે. આ સાધનાનો માર્ગ નિર્જીવ, નીરસ, દીનહીન, શુષ્ક નથી. દાદૂએ, આથી જ, રજ્જબને હમેશાં વરવેશે સજ્જ રહેવાનું કહ્યું હતુ. આકાશમાં અપરંપાર રૂપી ભરથાર બેસીને આજ્ઞા કરે છે, ને તેથી ધરતી પટંબર પહેરીને શણગાર સજે છે, એ ફળે ફૂલે છે; ને પછી એનો પ્રિયતમ પણ ગગન ગરજીને, જળથળ ભરી દઇને, આવે છે; ને બધે જયજય-કાર થાય છે; તો પછી એની સાધના નીરસ શા માટે હોય?

સહજ સાધનાને જ સન્તોએ સ્વીકારી છે, તેમ છતાં ષ ટચક્રભેદની હઠયોગપ્રણીત સાધનાના સન્તોની વાણીમાં પુષ્કળ ઉલ્લેખ જોવા મળે છે. આ સાધનાને વર્ણવવામાં જ સન્તોએ સાંકેતિક ભાષા પ્રયોજી છે, એ કૂટ વાણી કે ઉલટવાંસી કે સાંધ્ય ભાષા સન્તવાણીનું એક આગવું લક્ષણ છે. અનેક રૂપક-ગ્રન્થિઓને રૂપે પણ આ સાધના વર્ણવાયેલી જોવામાં આવે છે. એ પૈકીના થોડાં જ નિદર્શનો અહીં જોઇશું. ષ ટચક્રભેદની સાધનાનાં આવાં સાંકેતિક વર્ણનોની પરમ્પરા તો સિધ્ધો અને નાથોથી શરૂ થઇ છે. ડોમ્બિપાએ કરેલું આ લાક્ષણિક વર્ણન જુઓ : ગંગાયમુના (ઇડા અને પિંગલા) વચ્ચે (સાધકના મનની) નાવડી ચાલે છે. એમાં મોટામોટા હાથી ડૂબી ગયા, પણ નાનો શો ઉંદર એને લીલયા પાર કરી જાય છે. પાંચ કર્ણધાર અથવા ઇન્દ્રિયો પાછળ કચ્છો મારીને બળજીથી નાવડી ચલાવે છે. સંધિમાર્ગે થઇને તૃષ્ણારૂપી જળ અંદર પ્રવેશે છે તેને ઉલેચી નાખો. સદગુરુના કૃપાથી નાવ પાર થશે. ચન્દ્રસૂર્ય એના બે ચક્ર છે, સૃષ્ટિ અને સંહાર કાંઠા-હલેસાં; ડાબા-જમણું કશું ન જોશો.[૯૯] પણ આ વર્ણનને અન્તે આખરે તો કહ્યું છે કે સ્વચ્છન્દે

---

૯૮: દાદૂ, રાગ ટોડી, પદ ર૮૧.

૯૯: ગંગાયમુના માંઝે વહૈ નાઇ, તહં બૂડલ મતંગી પ્રતિખા લીલે પાર કરેઇ.
લેચલ ડોમ્બિ લે ચલ ડોમ્બિ-બાટ સોઆરા, સદગુરૂ પાદ પ્રસાદે જાયેલ પુનિજિનપૂરૂ
પાંચ કે દુઆલ પડત માંગે સેં પીઠસે કચ્છીબંધી, ગગન-દુઆમેહિ સીંચહુ પાણી ન થઇઠ સંધી ॥
ચન્દ્રસૂર્ય દુઇ ચક્રા સૃષ્ટિ સંહાર પુલિન્દા.

ઋજુ માર્ગે નાવ ચલાવો, કોડી પણ દીધા વિના પાર પહોંચશો. જેને ચલાવતાં નથી આવડતું તે ડૂબી મરશે.[100] આ સાંકેતિક ભાષા હઠયોગ પ્રદીપિકા, શિવસંહિતા, ઘેરંડસંહિતાદિ ગ્રન્થોમાંથી ઘણે અંશે ઘડાઇ છે. આ પૈકીની ઘણી સંજ્ઞાઓ કબીર વગેરે સન્તોની વાણીમાં જોવા મળે છે. એ સંજ્ઞાઓમાંની થોડીક મહત્ત્વની ને વધુ પ્રચલિત સંજ્ઞાઓના અર્થ જોઇએ. ગંગા એટલે ઇડા, જમુના એટલે પિંગલા, બંકનાલિ એટલે સુષુમ્ણા (સુષુમ્ણાને સરસ્વતી પણ કહે છે) ચન્દ્ર એટલે બ્રહ્મરન્ધ્રમાંની અન્દ્રાકાર યોનિ; એમાંથી સદા અમૃત ઝરે છે. એનું પાન કરવાને ખેચરી મુદ્રા દ્વારા યોગીને કૃચ્છ સાધના કરવી પડે છે. સદા અમૃતનાં બિન્દુ એમાંથી સ્ત્રવતા હોવાથી એને મન્દ્ર કહે છે. એથી ઉલટું મૂલાધાર ચક્રના ચોથા દલની વચ્ચે જે વૃત્ત રહયું છે તેને સૂર્ય કહે છે. એમાંથી સદા વિષનો સ્ત્રાવ થાય છે. આ 'વિષ પિંગળા નાડીમાં થઇને જમણી તરફ જાય છે ને મનુષ્યને લુબ્ધ બનાવે છે. આજ્ઞાચક્રની પાસે ઈડા (ગંગા) અને પિંગલા(જમુના) ની વચ્ચેના સ્થાનને કાશી કહે છે. કુણ્ડલિનીને સર્પિણી તથા અરુન્ધતી રૂપે ઓળખાવી છે, ઉન્મનીને કલ્પવેલી કહી છે. ઇડા, પિંગલા ને સુષુમ્ણા બ્રહ્મરન્ધ્રમાં મળે છે. એ સ્થાનને ત્રિવેણી કહે છે. એ ત્રિકુટી તરીકે પણ ઓળખાય છે. કયાંક એને ભૈંવરગુફા પણ કહે છે. આ બ્રહ્મરન્ધ્રને શૂન્ય પણ કહે છે. આવી સાંકેતિક ભાષાવાળાં ઘણાં પદો પૂરેપૂરા સમજાવી પણ શકાતાં નથી.[101] હઠયોગની આ સાધનાને કબીરે અનેક રીતે વર્ણવી છે, પોતે વણકર હોવાને કારણે વણાટકામની રૂપક-ગ્રન્થિ ઘણીવાર યોજી છે.[102] કબીર વગેરે સન્તોએ આવી પરિભાષામાં ઘણાં પદો લખ્યા છે ને બ્રહ્મરન્ધ્રમાંથી ઝરતા અમૃતના આસ્વાદના આનન્દને વર્ણવ્યો છે.[103] યોગના તથા બ્રહ્માનન્દના અનુભવોને

---

૧૦૦: વામ-દહિન દોઉ માર્ગ ન દીસઇ (નાવ) ચલાવ સ્વચ્છન્દા
કૌડી નલેઇ બૌડી ન લેઇ પૂછે પાર કરેઈ, જો એહિ ચઢિ ચલાવજા
ન જાને કૂલહિં કૂલ બુડિઇ.

૧૦૧: દા.ત.કબીર ગ્રન્થાવલીનું ૧૬૨મું પદ "અવધૂ, જાગત નીંદન કોઇ" થી શરૂ થતું પદ

૧૦૨: દા.ત. ઝીની ઝીની બીની ચદરિયા - એ પ્રસિધ્ધ પદ.

૧૦૩: આ પ્રકારનાં કબીરનાં થોડાં મહત્ત્વનાં પદો : અવધૂ મેરા મન મતિવારી
(કબીરકા રહસ્યવાદ ડો.રા.વર્મા:પૃ.૧૨૮)
અવધૂ ગગન મંડલ ઘર કીજૈ (ક. રહસ્યવાદ પૃ. ૧૨૯)
જનમ મરનકા ભ્રમ ગયા, ગોવિન્દ લવ માગી. :ક.ર.૧૨૫:

લોકગમ્ય બનાવવાને માટે, આ ઉપરાંત ઘરસંસારમાંથી પણ સન્ત કવિઓએ અનેક પ્રતીકો ઉપજાવ્યાં છે. આ પૈકી પિયર, સાસરું વગેરે દામ્પત્ય જીવનમાંથી લીધેલાં પ્રતીકો ખાસ ધ્યાન ખેંચે છે. કબીરનાં ઘણાં પદોમાં આ પ્રકારનાં પ્રતીકોનો ઉપયોગ જોવામાં આવે છે. એમાં સૌભાગ્યવતી સ્ત્રી માયાનું પ્રતીક બને છે, જીવ એનો ખસમ હોય છે, સંસારના બીજા જીવો રખેવાળ+ બને છે, પ્રેમ અને વાસના એનાં નૂપુર હોય છે. આ ઉપરાંત કદીક સાસુ માયા બને છે, સસરો ગુરુ બને છે, જેઠ દુર્જન હોય છે, સખીઓ કર્મેન્દ્રિય, નણંદ જ્ઞાનેન્દ્રિય, દિયર સાધુપુરુષ પિતા અહંકાર, મોટાભાઇ "સહજ", પ્રિયતમ ઇશ્વર હોય છે. મીરાંનું પણ, આ પ્રકારના સંબંધનો આશ્રય લઇને લખેલું "ગોવિંદો પ્રાણ હમારો રે" એ પદ પ્રસિધ્ધ છે. અન્ય સન્ત કવિઓ પણ આ જ પરમ્પરાને અનુસર્યા છે. પણ કેટલાક સન્ત કવિઓએ આ પરમ્પરામાં રહીને પણ આગવું કવિત્વ સિધ્ધ કર્યું છે. એ પૈકી કબીર અને દાદૂ આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

આમ છતાં, સિધ્ધ અને નાથના સમયથી જ હઠયોગની અટપટી જટાજાળને છોડીને "સહજમાર્ગ" નું અવલમ્બન લેવાની વાત સ્વીકારાતી આવી છે. સરહપા બ્રહ્મરન્ધ્રમાંથી સ્ત્રવતા અમૃતની સામે "સહજામિઅ" (સહજામૃત) ને મૂકે છે ને કહે છે:

---

૧૦૩ ચાલુ:

અબ મોહિં લેચલ નણંદ કે બીર અપને દેસા. (ક.ર.૧૨૨)
પિય ઊંચી રે અટરિયા જોહ્રી દેખન ચલી (" ૧૬૨)
સો જોગી જા કૈ સહજ ભાઇ (" ૧૩૭)
બોલૌ ભાઇ રામકો દુહાઇ (" ૧૩૫:)
રે મન બૈઠિ કિતે જિનિ જાસી, હિર દૈ સરોવર હૈ અવિનાસી (" ૧૩૩)
કોઇ પીવૈ રસ રામનામ કા, જો પીવૈ સો જોગી રે (" ૧૩૦) વગેરે

આ ઉપરાંત અન્ય સન્ત કવિઓનાં મહત્ત્વનાં પદો:

જયદેવ: ચંદસત ભેદિઆ, નાદસત પૂરિઆ, સૂરસત ષોડસાદતુ કીઆ (સન્તકાવ્ય પ. ચતુર્વેદી પૃ. ૧૩૬)

સન્તવેણી: ઇડા પિંગલા અઉર સુખમના, તીન બસહિ ઇક ઠાઇ (૧૩૯:)
રૈદાસ: ઐસા ધ્યાનધરૌ વરો બનવારી, મનપવન દૈ સુખમન નારી. (૧૪૫)
નાનક: ઉલટિઉ કમલુ બ્રહ્મ વિચારિ, અંમ્રિતધાર ગગનિ દસ દુઆરિ. (૨૪૭)
ધર્મદાસ: ઝરિ લાગૈ મહલિયા, ગગન ઘહરાય (" ૨૮૧)

મંત્ર ન તંત્ર ન ધ્યેય ન ધારણ
સર્વહું મૂઢ રે વિભ્રમ કારણ.

સહજસાધનાનો માર્ગ તે ઋજુ માર્ગ છે, ને એની સરખામણીમાં હઠયોગનો માર્ગ તે વંકમાર્ગ છે.. આ બે માર્ગ વચ્ચેનો વિવેક કરીને સાધકને અસંદિગ્ધ શબ્દોમાં કહ્યું છે :

ઋજુ રે ઋજુ છાડિ ના લેહુ વંક
નિયરે બોધિ ન જાહુ રે લંક
હાથેહૂ કંકણ ના લેહુ દર્પન
અપને આપ બૂઝહુ નિજ મન.

આમ આપમેળે પોતાના ચિત્તને સમજી લેવાની આન્તરસાધનાના પર ભાર મુકાયો છે. આ અન્ત:સાધના સન્તોએ પણ પુરસ્કારી છે. હઠયોગીઓએ ચમત્કારથી સામાન્ય જનતાને આંજી દેવાનો પ્રયત્ન પણ કર્યો હશે. આથી દાદૂની પાસે પણ ચમત્કારની આશા લોકોએ રાખેલી. એના જવાબમાં દાદૂએ તો સાફ કહી દીધું :

પર્ચા માંગૈ, લોગ સબ કહૈં હમકૌં કુછ દિખલાઇ ।
સમ્રથ મેરા સાંઇયાં, જ્યું સમઝૈ ત્યૂં સમઝાઇ ।।

ટામણટુમણને માટે પણ દાદૂએ સ્પષ્ટ જ કહ્યું છે :

ટામણ ટુમણ હે સખી, ભૂલિ કરૌ મતિ કોઇ
પીર કહૈ ત્યોં કીજિયે આપૈહી બસિહોઇ ।।

દાદૂ બહારના દેખાવમાં માનતા નહોતા. બનાવવા ખાતર નિમાજ બંદગી કરનારની એમણે ટીકા કરી છે:

સોભાકારન સબ કરૈ રોજા બાંગ નેમાજ.

દાદૂને મન શાસ્ત્ર કોઇ બહારની પોથી નથી, પોતાનો પિણ્ડ જ પોથી છે ને ખુદ હરિએ એમાં લેખ લખ્યા છે :

પોથી અપના પ્યણ્ડ કરિ હરિ જસ માંહૈ લેખ
પંડિત અપના પ્રાન કરિ, દાદૂ કથહુ અલેખ: (સાચ કે અંગ.૪૦)

---

૧૦૩:ચાલુ: હરિદાસ નિરંજન: અવધુ આસણ બૈસણ જૂઠા, જબ લગ મન બિસરાંમ ન પાવે (" ૩૨૨)
બીરસાહેબ: ત્રિકુટી કે નીર તીર બાંસુરી બજાવૈ લાલ: (" ૩૧૬)
ગરીબદાસ: તનખોજૈં તબ પાવૈરે, ઉલટી ચાલ ચલે જો પ્રાણી,સો સહજૈ ઘર આવૈરે, (" ૩૧૮)

આથી દાદૂ કાયામહલમાં જ નિમાજ પઢે, ને મનનો જ મણકો કરીને માળા ફેરવે છે; દિલના દરિયામાં જ સ્નાન કરીને એ પોતાને શુધ્ધ કરે છે:

કાયામહલ મેં નિમાજ ગુજારું તંહ ઔર ન આવન પાવૈ।
મન મણકે કરિ તસબી ફેરું તબ સાહિબ કે મન ભાવૈ॥
દિલદરિયા મેં ગુસલ હમારા ઉજૂ કરિ ચિતલાઉં।
સાહિબ આગૈ કરું બન્દગી, બેર બેર બલિ જાઉં॥ (સાચકો અંગ - ૪૩)

દાદૂને મતે સાચો યોગ ને શાસ્ત્ર અંતરમાં જ છે. એ કહે છે : બધા સ્થૂલને જોઇને કહે છે કે આનો આવો આકાર છે, સૂક્ષ્મ નિરાકાર ને નિરાધાર છે, એકદમ દેખી થોડું ન શકાય! બહારનું તો બધા ન જુએ છે, અન્તરની વસ્તુ એનો દેખાતી નથી. બહારનું જે બનાવવાનું તે લોકોને માટે, અન્તરનું તે રામને માટે. સત્ય વિના સ્વામી નહીં મળે, પછી જોઇએ તો ભેખધારો, તીર્થયાત્રા કરો કે ઉર્ધ્વમુખી બનીને તપ કરો. જે અન્તર્યામી છે તેતો હૃદયનોભાવ જ ગ્રહણ કરશે. માટે કામ અને કાંચનનો વિવેક કરો. (ભેખ અંગ) જે અન્તરમાં વસે છે તે જ સર્વસ્વ છે. પછી બાહ્યસાધનાની શી જરૂર છે? એ અન્તરમાં વસનારને ઉદ્દેશીને જ, આથી, દાદૂએ કહ્યું છે :

જોગ જગ્ય તૂ સાધન જાપા, તુમ્હીં મેરે આપૈ આપા ।।
તપતીરથ તૂ બરત સનાના તુમ્હીં ગ્યાના, ~~તુમ્હીંજ્ઞાના~~, તુમ્હીં ધ્યાના ।
વેદભેદ તૂ પાઠ પુરાના, દાદૂકે તુમ્હીં પિંડ પુરાના ।।

આથી બાહ્ય સાધના દાદૂને અભિમત નથી. એને માટેનો ઋજુ માર્ગ એણે બતાવ્યો છે. એ કહે છે કે જાપ કરવો હોય તો એવો કરો કે નખથી તે શિખા સુધી બધું જ સ્મરણ કરે, તો જ અન્તરમાં આત્મા વિકસિત થશે, ત્યારે આપમેળે જ એ ~~એને પરમો~~ આપણામાં પ્રગટ થશે. ૧૦૪. જો એની સાથે મન હમેશાં ~~વસ્ત~~ ચોટેલું રહે તો અન્તરમાં જ તમે એને પામી શકશો. હે દાદૂ, જેના મનમાં જે નિરન્તર વાસ કરે છે તેનાજ તેને દર્શન થાય છે. ૧૦૫. ધ્યાનને વિશે પણ દાદૂની દૃષ્ટિ આ જ

---

૧૦૪: નખ સિખ સબ સુમિરન કરે ઐસા કરિયે જાપ
અંતરિ વિગસૈ આતમા તૌ દાદૂ પ્રગટે આપ ।। (દાદૂ- ક્ષિ.સે.પૃ.૪૧૬)

૧૦૫: તા સૌં મન લાગા રહૈ અંતિ મિલૈગા સોઇ ।
દાદૂ જાકે મનિ બસૈ તાકૌં દરસન હોઇ ।। (" ૪૨૫.)

સ્વરૂપની છે :

સહજૈં સહજ સમાઇ લે, જ્ઞાનૈં બન્ધ્યા જ્ઞાન ।
સુખૈં સુખ સમાઇ લે, ધ્યાને બન્ધ્યા ધ્યાન ।। પરચા અંગ ૨૮૯
દૃષ્ટિ દૃષ્ટિ સમાઇ લે, સુરતૈં સુરતિ સમાઇ ।
સમઝૈં સમઝ સમાઇ લે, લૈ સૌં લૈ લે લાઇ ।। " ૨૯૦

આ "લૈ" માં લયલીન થવાની સાધના જ આખરે તો સન્તોને અભિમત લાગે છે. હઠયોગ તો આ લયયોગનું સોપાનમાત્ર છે. આ "લય" ને સિધ્ધ કરવાનો માર્ગ દાદૂએ સરલ રીતે આમ સમજાવ્યો છે: સાચા લવલીન થયા ત્યારે જ માનજો કે જ્યારે પળમાત્રને માટે પણ એ ધ્યાનાવસ્થાનો ભંગ નહીં થતો હોય, જીવન હોય ત્યાં સુધી યોગયુક્ત થઇને રહી શકાય ને મરણમાં આખરે એ લયમાં જ લવલીન થવાય, સર્વ ગુણ અને આકારનો ત્યાગ કરીને નિશ્ચલ મનને "લય" માં લઇ જાઓ, આત્મચેતનાના પ્રેમ રસમાં હે દાદૂ, તું નિમજ્જન કર, પરમાત્મા પોતે જ અનુપમ સાર્થકતારૂપ છે, માટે હે દાદૂ, બીજાં બધાં આચાર-અનુષ્ઠાનનો ત્યાગ કર, બીજા કશાનું વ્યર્થ અનુસરણ કરીશ નહીં. આનન્દ અને પ્રેમથી તું સહજ જ યોગની સમાધિ સિધ્ધ કરી શકીશ. ભક્તિ દ્વારા પણ આ જ રીતે દ્વાર ખૂલી જાય છે, એ માર્ગ ચરણ વિનાનો છે, તો હે પ્રાણ, તમે ત્યાં શી રીતે પહોંચશો? માર્ગમાં ગગનચુમ્બી દુર્ગમ શિખર રહ્યું છે. [૧૦૬] દાદૂના શિષ્ય સુન્દરદાસે (નાના) સર્વ ધ્યાનમાં શૂન્યના ધ્યાનને જ શ્રેષ્ઠ ધ્યાન કહ્યું છે.[૧૦૭]

અન્ત:સાધનાને જ સન્તોએ મહત્ત્વની ગણી છે ને બાહ્યાચારને મિથ્યા લેખ્યો છે. આ બાહ્યાચારની નિન્દા સન્તોએ સખત શબ્દોમા કરી છે. એ પૈકી થોડાં ઉદાહરણો જ અહીં જોઇએ. કબીરે કહ્યું છે કે જો મનનો મેલ ન જતો હોય તો નાહવા ધોવાથી શું વળ્યું? એમ તો માછલી સદા પાણીમાં જ રહે છે, પણ તમે એને ગમે તેટલી ધૂઓ, એની વાસ જતી નથી. જો પથ્થરને પૂજવાથી હરિ મળે તો તો પછી જોઇએ જ શું! એનાથી તો આ ચક્કી સારી કે અનાજ દળવાના કામમાં તો આવે છે! મલુકદાસે પણ કહ્યું છે કે ઠેસ લાગવાથી ફૂટી જાય એવા કૃત્રિમ દેવને

---

૧૦૬: દાદૂ ક્ષિ. સેન (લૈ અંગ પૃ. ૪૨૨)

૧૦૭: ઇહિ શૂન્ય ધ્યાન સમ ઔર નાહિં । ઉત્કૃષ્ટ ધ્યાન સબ ધ્યાન માંહિ ।।
(સુન્દરદાસ, જ્ઞાન સમુદ્રગ્રન્થ, ૮૩)

પૂજવાનો શો અર્થ છે ? આરેહૈ યુગ ટકી રહેનાર શુભ આત્માનું જ ધ્યાન ધરો. ગરીબદાસે પણ કહ્યું છે કે ચિત્તની અંદર જ કોટિ સૂર્ય ને ચન્દ્ર છે, દિલમાં જ દહેરું છે, પછી પાષાણને શા માટે પૂજો છો ? કબીરે એના જમાનામાં પ્રવર્તી રહેલા દમ્ભના પર સખત કોરડો વીંઝ્યો છે. એ કહે છે: મહાદેવને નામે ચલાવાતો આ તે કેવો યોગ? લોકો મોટા મહન્ત થઇને બેસે છે. હાટબજારમાં સમાધિ લગાવે છે. અજબ છે આ વિરક્ત લોકો જેમની સોનાની ગાદી ઝળઝળી રહી છે, હાથી ઘોડાનો જેમણે ઠઠેરો કર્યો છે! એમનો ઠાઠ તો કરોડપતિ જેવો લાગે છે! [૧૦૮] છૂતાછૂત વિશે પણ કબીર આકરી ટીકા કરતાં કહે છે: આ એ જ ધરતી છે કે જેમાં ચોર્યાસી લાખ યોનિનાં પ્રાણીઓનાં શરીર સડીને માટી બની ગયાં છે. આ એક પાટ પર પરમ પિતાએ બધાંને બેસાડ્યાં છે તો પછી અહીં અછૂત કોણ? [૧૦૯] તીર્થયાત્રાને માટે દોડાદોડી કરનારની પણ કબીર વગેરે સન્તોએ ખબર લઇ નાંખી છે: "સાહિબ" તો ઘટમાં જ છે છતાં કોઇ દ્વારકા દોડે છે તો કોઇ કાશી જાય છે, તો કોઇ મથુરા જવા નીકળે છે, આથી એક સન્તે કહ્યું છે :

મન મથુરા દિલ દ્વારિકા, કાયા કાશી જાન
દસ દ્વારે કા દેહરા, તામેં જાતિ પિછાન ।।

તીર્થને કબીર વિષની વેલી સાથે સરખાવે છે. એ કહે છે: જો ખુદા મસ્જિદમાં જ રહેતા હોય ને રામ તીર્થમાં જ વાસ કરતા હોય તો બાકીના જગતને ઇશ્વરશૂન્ય ગણવું? તીર્થસ્નાન કરવાથી શું? દેડકો પાણીમાં સ્નાન કર્યાં જ કરે છે, પણ એનો એ આવાગમનનો ફેરો ટળે છે ખરો? રૈદાસે પણ નાચગાન કરનાર ઉન્માદી ભક્તોની ટીકા કરી છે ને એવા ભાવાવેશના નશામાં પડ્યા રહેવા કરતાં આત્મસ્વરૂપનું ચિન્તન કરવું તે જ ઇષ્ટ છે. મલૂકદાસે પણ એવા જ વિશ્વાસથી કહ્યું છે :

કહૈ મલૂક અબ કજા ન કરિ હૌં દિલ-હીસોં દિલ લાયા ।
મક્કા હજ્જ હિયે મેં દેખા પૂરા મુરશિદ પાયા ।।

---

૧૦૮: કબીર બીજક, ૬૯ મી રમૈની
૧૦૯: " બીજક, શબ્દ ૪૧.

સન્તોએ છાપાં તિલક કંઠી માળા વગેરે બાહ્ય ચિહ્નોની ટીકા પણ ટીકા કરી છે. કબીર કહે છે :

માલા તો કર મેં ફિરૈ જીભ ફિરૈ મુખ માંહિ
મનુવાઁ તો દસ દિસિ ફિરૈ યહ તો સુમિરન નાહિં ।।

રૈદાસે પણ કહ્યું છે :

તિલક દિયે પૈ તપનિ ન જાઇ
માલા પહિરૈ ઘનેરી લાઇ ।।

માટે દાદૂએ સાચા જાપને ઓળખાવતાં કહ્યું :

સતગુરુ માલા મન દિયા પવન સુરતસૂં પોઇ
બિન હાથોં નિસદિન જપૈ પરમ જાપ યૂં હોઇ ।।

દાદૂ કહે છે કે જગત તો આંધળું છે, એ આંખો ખોલીને જોઇ શકતું નથી; જેણે સૃષ્ટિસરજી છે તેને એ ઓળખતું નથી. આત્માનો વધ કરીને એ પાષાણને પૂજે છે, લોકો દેવદહેરાંને પૂજે છે; નિર્મળ સ્વરૂપ એમને દેખાતું નથી, એ આ મહામાયાને માને છે, પણ પ્રત્યક્ષ નિરંજનને ઓળખતાં નથી. ભ્રાન્તિવશ થઇને ભૂતભૈરવ ને જીવ જાનવરની પૂજા કરે છે, પણ સર્વના સ્રષ્ટાને ઓળખતા નથી. સત્ય ભગવાનને ઓળખ્યા વિના આ લોકો દિવસે દિવસે મરતા જાય છે.[110] હિન્દુમુસલમાનનો ભેદ પણ શા અર્થનો ? નથી ત્યાં હિન્દુનું દહેરું કે નથી ત્યાં મુસલમાનની ભેદ-પણ-શા-અર્થનો- મસ્જિદ. દાદૂ કહે છે કે ત્યાં તો - દાદૂ આપૈ આપ હૈ, નહીં તેહાં રહનીતિ.[111] અન્તરમાં પ્રિયતમનો પરિચય થયો નહીં હોય ને બહાર સોહાગણનો વેશ ધરીને ફરવાથી શું ? દાદૂ કહે છે કે આ ઢોંગ જોઇને મને ભારે અચરજ થાય છે:

ઇન બાતનિ મોહિ અચિરજ આવૈ । પટમ કિયેં કૈસ પિવપાવૈ ।। [112].

---

૧૧૦ : દાદૂ (રાગ રામકલી પદ ૧૮૬)
૧૧૧ : " (મધિ અંગ, ૫૩)
૧૧૨. : " (રાગ ટોડી, પદ ૨૮૩)

ઢોંગી જોગટાઓની ટીકા કરતાં કબીરે કહ્યું કે કપડાં રંગવાથી શું વળ્યું જો મન જ નહીં રંગાયું હોય તો? એ જે અસલ રંગ છે તેનાથી જો તું વાકેફ જ નથી તો કપડાં રંગવાનો શો અર્થ? જોગી કાન ફડાવે છે, જટા વધારે છે, દાઢી વધારીને બકરા જેવો બને છે, પણ તેથી શું વળ્યું? દાદૂ કહે છે કે ખરો જોગી તો મનરૂપી મસ્તક મુંડાવે, કામક્રોધ રૂપી કેશ કઢાવી નાંખે છે:

મન કા મસ્તક મૂંડિયે કામ ક્રોધ કે કેસ,
દાદૂ બિષૈ વિકાર સબ સબ સતગુરૂ કે ઉપદેશ ।।

આ જ રીતે સન્તોએ પુસ્તકિયા જ્ઞાનની ને જડ શાસ્ત્રાશ્રયીઓની ટીકા કરી છે. કબીર, દાદૂ વગેરે સન્તોએ પણ્ડિત અને કાજીને સખત ઝાટક્યા છે. કબીરે પણ્ડિતને ઉદ્દેશીને કહ્યું છે :

પંડિત તેરી પોથિયાં, જ્યોં તીતર કા જ્ઞાન ।
ઔર ન સુગન બતાવહીં, આપા ફંદ ન જાન ।।

પણ્ડિતોનું જ્ઞાન શુષ્ક હોય છે, એને બ્રહ્માનુભવની સરસતાનો સ્પર્શ થયો હોતો નથી. આથી જ ગરીબદાસે કહ્યું છે કે તમારાં શાસ્ત્રોથી પણ આદિને સનાતન એવો અમારો પંથ છે, એ તમારી પોથીથી અલાયદી જ વસ્તુ છે. પંડિત અને કાજી નીરક્ષીરવિવેક કરી શકતા નથી. એક ઇશ્વરને પૂર્વમાં જુએ છે, બીજો પશ્ચિમમાં. અમે તો દશે દિશાએ એને જોઇને ધ્યાન ધરીએ છીએ. કબીરે આ જ્ઞાનની શુષ્કતાની ટીકા કરતાં કહ્યું છે કે પઢીપઢીને બધા પથ્થર જેવા થયા ને લખીલખીને ઈંટ જેવા થયા, પણ અન્તરમાં તો પ્રેમ-બિન્દુનો સ્પર્શ સરખો થયો નહીં. આખું જગત પઢીપઢીને મરી ગયું, કોઇ પણ્ડિત થયું નહીં, સરખ જે "પ્રેમ" એ અઢી અક્ષરના શબ્દને પઢી જાણે છે તે જ સાચો પણ્ડિત છે. સન્ત દરિયાએ પણ કહ્યું છે કે તત્ત્વજાણનારની વાતને મતવાદી શું સમજે? સૂરજ ઊગે છે તો ય ઘૂવડને મન તો એ અંધારી રાત જ છે! કબીરે બાહ્ય ચિહ્નના મોહમાં પડેલાઓને ઉદ્દેશીને કહ્યું છે કે જ્યારે ગુરુ અને ચેલા જેવું કશુ નહતું, આજે એનો જે "પસારો" વધ્યો છે તે જ્યારે હતો નહીં, જ્યારે એ "પુરુષ " જ કેવળ એકલા હતા ત્યારના અમે તો વૈરાગી છીએ, અમારી સુરતિ ત્યારથી બ્રહ્મમાં લાગી છે, પછી ઊમેરે છે:

બ્રહ્મા નહિં જબ ટોપી દીન્હી, બિસ્નુ નહી જબ ટીકા ।
સિવ-શક્તિ કે જનમો નાહીં, તબૈ જોગ હમ સીખા ।।

બ્રહ્માને સૃષ્ટિ રચવાનો અધિકાર પણ મળ્યો નહોતો ને વિષ્ણુને પણ સૃષ્ટિનું પાલન કરવાનું કામ સોંપ્યું નહોતું; શિવ શક્તિનો જનમ થયો નહોતો ત્યારના અમે તો જોગ શીખ્યા છીએ. કબીર કહે છે કે રામાનન્દે અમને ચેતવ્યા છે ને "અહદની પ્યાસ" લગાડી છે, એને માટે ઘર છોડીને વનમાં જવાની જરૂર નથી. જે રસ્તો ભૂલીને બહાર નીકળી પડયા છે તેને પાછા ઘરે લાવે છે તે સાચો ગુરુ છે. ઘરમાંજ જોગ છે ને ઘરમાં જ ભોગ છે; ઘર ત્યજીને વનમાં જવું નહીં, ઘરની અંદર જ "જુક્ત મુક્ત" રહીને ગુરુ અલખ જગાવે છે. માટે જ્યાં છો ત્યાં જ રહીને સાધના કરો. [૧૧૩] કબીર તો અનુભવની વાત કહે છે કે તીરથમાં તો પાણી સિવાય કશું નથી. પ્રતિમા બધી જડ છે, પુરાણકુરાન બધી વાતો છે. એનો પડદો ખોલીને મેં જોયું છે. [૧૧૪] કાજી કિતાબમાં રહસ્ય શોધવા બેઠા છે ને બીજાની વસીહત કરે છે, પણ સાહિબ તો હરદમમાં રમી રહયો છે. [૧૧૫] સાધનાની રસધારમાં નિશદિન ભીંજાયેલા રહેવાની જરૂર છે. [૧૧૬] સાચો સન્ત દ્દાર રુંધતો નથી, પવનને રોકતો નથી કે સંસારને ત્યજતો નથી. મનને જ્યાં જવું હોય ત્યાં જવા દે છે, કારણ કે એ જાણે છે કે મન જ્યાં જશે ત્યાંથી પરમાત્માનો સ્પર્શ પામીને જ પાછું આવશે, કર્મ કરવા છતાં એ નિષ્કર્મી રહે છે એવી જુક્તિ એની પાસે છે, એ પોતાને કશો ત્રાસ આપતો નથી, ભોગમાંજ જોગ જગાવે છે. જે પોતાની અંદર છે તેને જ એ સર્વત્ર બહાર જુએ છે. [૧૧૭] આ સાધના નીરસ નથી, આ તો સુખસાગર છે, એમાં પડીને પ્યાસા શા માટે રહી જાવ છો? તારી સામે નિર્મળ નીર પડયું છે.

---

૧૧૩: કબીર હ. દ્વિવેદી પદ ૪૦ પૃ. ૨૬૧-૬૨
૧૧૪: " " " પદ ૪૨ પૃ. ૨૬૨
૧૧૫: " " " પદ ૫૪ પૃ. ૨૬૭
૧૧૬: " " " પદ ૫૫ પૃ. ૨૬૭
૧૧૭: " " " પદ ૫૭ પૃ. ૨૬૮

એને શ્વાસે શ્વાસે પી લે, તરસ્યો શા માટે રહે છે? તમે જે પામવા ઇચ્છો છો તેની જીવતે જીવ જ આશા કરો, મૂઆ પછીની મુક્તિની આશા શા કામની? શરીર છૂટ્યા પછીની મિલનની આશા તો મિથ્યા છે, માટે જીવતાં જ મુક્તિની પ્રાપ્તિ કરી લો.[૧૧૮] પણ જોગીઓની રીત જુઓ! "સાહેબ" ને તો એ ઓળખતા નથી. મુલ્લા બાંગ પુકારે છે તે શું તારો સાહેબ બહેરો છે? કીડીના પગે નેવર (નૂપુર) વાગે છે તે સુધ્ધાં સાહેબ તો સાંભળે છે. અન્તરમાં "કુફર-કટારી" હોય પછી માળા ફેરવ્યાથી તિલક કરવાથી કે લાંબી જટા વધારવાથી શું વળે? [૧૧૯] માટે બધી "દૂવિધા" દૂર કરીને પ્રીતમનું ધ્યાન ધરો, બીજા દેવની સેવા કરવી છોડી દો.[૧૨૦] શાહીને કે કાગળને અડયા વિના, કલમ હાથમાં ઝાલ્યા વિના ચારે યુગના મહાત્માની વાત અમે જાણીએ છીએ. અમારી વાણી તો પ્રાચીન કાળની છે, અમને કોણ "લખી" શકવાનું હતું?.

હમકો તો સોઇ લખૈ, ધુર પુરબકા હોય ૧૨૧.

સીંગી મુદ્રા ચમકાવવાની ય જરૂર નથી, ને વિભૂતિ અંગે લગાડવાની ય જરૂર નથી; જે બ્રહ્મજ્ઞાન કહે તે જ બ્રાહ્મણ, જે રહેમાનને જાણે તે જ કાજી.[૧૨૨] જ્ઞાન ધ્યાનનો મર્મ નહીં જાણનારા જ અહંકારને વશ થઇ વાદમાં પડે છે, પણ એ તો અગમ અથાહ ને શ્રુતિ ગહેરું તત્ત્વ છે. જેનો આહાર અન્તરનો તત્ત્વ વિચાર છે તે જ આપણને તારી શકે. [૧૨૩] અમારે તો કશો ઝઘડો હવે રહયો જ નથી, પંડિત અને મુલ્લાં-બંનેને અમે છોડયા છે. પંડિત મુલ્લાંએ જે લખ્યું તેમાંનું અમે કશું લીધું નહીં. હે મીર, જોઇ લે, મારું હૃદય ખલાસ (નિખાલસ) છે [૧૨૪]. કબીરે તો શિખર પર ઘર કરી લીધું છે. જ્યાં કીડીનો પગ હે ટકે એટલીય જગ્યા નથી. [૧૨૫]. અમારે તો ધરતી આસન છે ને તંબુ

---

૧૧૮: કબીર હ.દ્વિવેદી પદ ૩, પૃ. ૨૩૨

૧૧૯: કબીર હ. " પદ ૬૭, પૃ.૨૭૨

૧૨૦: " " પદ ૭૧ પૃ. ૨૭૪

૧૨૧: " " પદ ૧૦૬ પૃ. ૨૯૩

૧૨૨: " " પદ ૧૦૭ " "

૧૨૩: " " પદ ૧૦૯ પૃ. ૨૯૫

૧૨૪: " " પદ ૧૧૬ પૃ. ૩૦૦

આસમાન છે, જ્યાં કાળ નથી જઇ શકતો ત્યાં, અમારે ઘરે, તમે આવો.[૧૨૬] આ કાંઇ લખેલી વાત નથી, આ તો જનજરે નજર જોયાની વાત છે. જે કાગળમાં લખે તે તો કાગદી કે વહેવારુ જીવ, જે "આતમ દષ્ટિ" છે તે કયાં લખે? એને તો જ્યાં જુએ ત્યાં "પીવ" જ દેખાય છે.[૧૨૭] એ સ્થિતિ તો એવી છે કે જેમાં જ્ઞાનધ્યાન નથી, જપતપ, વેદકિતેબ કે વાણી નથી, કરણી ધરણી રહની ગહની એ બધું ત્યાં હેરાની જ છે. અમે એ પદને જાણ્યું છે. જે અમારી એ સમજને લખી શકે તે નિર્વાણનું પદ પામી શકે.[૧૨૮] સન્તોને "કાગદ કી લેખી" સાથે કશો નિસ્બત નથી, એમને તો આંખન દેખી" વાતનું જ કામ છે. અપરોક્ષાનુભૂતિ વિનાનું જ્ઞાન તો વન્ધ્ય છે. માટે જ તો કબીરે કહ્યું છે કે જ્યાં સુધી જ્ઞાનમાં પ્રેમની સરસતા ભળતી નથી ત્યાં સુધી એ જ્ઞાન થોથું રહી જાય છે: "પ્રેમ ભક્તિ વિન સાધવા, સબહી થોથાજ્ઞાન."

દાદૂનું દષ્ટિબિન્દુ પણ આ જ પ્રકારનું છે. કોઇ બાહ્યાચારમાં માનનારે દાદૂની ટીકા કરતાં કહ્યું છે તમે નમાજ બંદગી તો કરતા નથી. ત્યારે દાદૂએ એને રોકડું પરખાવી દીધું: જો હમ નહીં ગુજારતે તુમ્હકોં કયા ભાઇ?

અપને અમલોં છુટિયે કાહુકે નાંહી.

અપને અપ સાધના પરત્વેની સ્વાધીનતા અહીં બુલન્દ કણ્ઠે દાદૂએ જાહેર કરી છે.[૧૨૯] દાદૂ પણ પોથીના જ્ઞાન કરતાં અનુભવને જ વધુ મહત્ત્વ આપે છે. એ કહે છે કે

---

૧૨૬: કબીર, હ. દ્વિવેદી, પદ ૨૧૦ પૃ. ૩૪૫
૧૨૭: " " પદ ૨૩૩ પૃ. ૩૫૪
૧૨૮: " " પદ ૨૩૬ પૃ. ૩૫૫
૧૨૯: અન્યત્ર( ઉપજ અંગ ૩૫ માં) પણ દાદૂ કહે છે કે પોતાને વિશેની વધારે પડતી સચેતનતા સાધકને વિઘ્નકર નીવડે છે. જે મનુષ્ય પોતાને રસ્તે ઊપડતો ચાલ્યો જાય છે તે કહે છે કે અરે, હું તો હજી રસ્તામાં જ પડી રહ્યો છું. જે એમ કહે કે હું પહોંચી ગયો છું ને ચાલો, તમે બધાં એ જ માર્ગે આવો, તેનો માર્ગ તે માર્ગ જ નથી, તે માર્ગની વાત કશી જાણતો જ નથી.

સાચું શાસ્ત્ર તો અંતરમાં જ રહ્યું છે. જ્ઞાનથી અનુભવ ઘણો ઊંડો છે. જ્ઞાનમાં વસ્તુને દૂર રાખીને જોવી પડે, અનુભવમાં તો ભાવમાં ડૂબીને આનન્દ રસમાં મગ્ન થવાનું હોય. જ્ઞાન સીમાબધ્ધ, આનન્દ અસીમ, માટે એ વર્ણનાતીત. જ્ઞાનની લહરો જ્યાંથી ઉદ્‌ભવે ત્યાં વાણીનો પ્રકાશ, પણ અનુભવ જ્યાંથી નિત્ય ઉદ્‌ભવે ત્યાં સંગીત.[130] દાદૂ કહે છે કે અનુભવ જ જીવન્ત ગુરુ છે, શાસ્ત્ર છે અને સાધના છે, અનુભવથી જ આનન્દ થયો, નિર્ભય નામને પામ્યો, અનુભવ જ અગોચર ધામ છે, અનુભવ જ નિશ્ચલ નિર્મલ નિર્વાણ પદ છે. અનુભવ જ અગમ્યની વાણી છે. એ મને એની સાથે યુક્ત કરીને લઇ ગયો. જે ગ્રહણની અતીત છે તેને અનુભવ વડે જ ગ્રહણ કરી શકાય છે, એ જ, જે વાક્યથી અતીત છે, તેને પ્રકટ કરે છે, એ જ ભેદમાં અભેદ સ્થાપે છે. જે વેદકુરાનને પણ અગમ્ય અને અગોચર છે તેને અનુભવ જ સાચું બનાવીને પ્રકટ કરે છે, હે દાદૂ, બ્રહ્મની વાણીનો અનુભવના ઘટમાં જ પ્રકાશ થાય (અથવા અનુભવ જ ઘટમાં પ્રકાશિત બ્રહ્મવાણી), જેવો ઘટમાં એ અનુભવ ઊપજે કે તરત કર્મનો વિનાશ થાય.[131] પ્રત્યક્ષ અનુભવ ગભીર તત્ત્વમાં જેટલે આગળ લઇ જાય તેટલે સુધી વેદકુરાન પણ ન લઇ જઇ શકે. અનુભવ જ ગુરુની જેમ ત્યાં આપણને લઇ જાય. આથી અનુભવ જ મન્ત્ર ને અનુભવ જ ગુરુ.[132] અનુભવની ભાવાત્મક શક્તિ પણ અપરિસીમ છે. આ અનુભવને પ્રતાપે જ બધાં રૂપ અને આકાર અમૃતમાં પરિણત થાય છે. અનુભવના રસમાં મત્ત થઇ શકશો તો દ્વૈતભાવ આપોઆપ જ લોપ પામશે. આનન્દની એ અસીમતામાં ડૂબકી મારવી જોઇએ. એ મત્ત આનન્દને જાતિ, કુળ કે સમાજમાં બન્ધન નથી હોતાં; પાકેલુ ફળ આપ મેળેજ વૃક્ષથી મુક્ત થાય છે, તેમ આનન્દરસે પૂર્ણ થયેલો સાધક આપોઆપ મુક્ત થાય છે.[133] અન્ય સન્તકવિઓએ પણ સાધનામાં આ સ્વરૂપની અપરોક્ષાનુભૂતિના પર ઘણો ભાર મૂકયો છે.

આ અનુભવને પામ્યાથી થયેલા આનન્દને સન્તકવિઓએ અત્યન્ત કાવ્યમય રીતે એમની વાણીમાં પ્રકટ કર્યો છે. અહીં એનાં થોડાં ઉદાહરણો જ જોઇ શકીશું. કબીરે આ આનન્દને મુક્ત કણ્ઠે અનેક પદોમાં ગાયો છે. કેટલેક સ્થળે તો એનાં અવળવાણીમાં

---

૧૩૦: દાદૂ પરચા અંગ ૨૯

૧૩૧: પરચા અંગ ક્ષિ. સેનકૃત દાદૂ પૃ. ૪૬૫

૧૩૨: પરચા અંગ, ક્ષિ.સેનકૃત દાદૂ પૃ. ૪૫૦

૧૩૩: પરચા અંગ, ક્ષિ.સેનકૃત દાદૂ પૃ. ૪૫૨

કરેલાં કૂટવર્ણનો દ્દારા એ અવર્ણનીય અનુભવને પ્રકટ કરવાનો પ્રયત્ન કર્યો છે. [૧૩૪]
કબીરે જ પોતે કહ્યું છે :

મન મસ્ત હુઆ ફિર ક્યું બોલે ?

ને પછીથી અત્યન્ત સાર્થક સરખામણી કરતાં એ કહે છે કે આ તો ગૂંગાએ સાકર ખાધા જેવું થયું છે. મીઠાશ તો એ માણે છે, પણ એને એ કહી શી રીતે બતાવે? [૧૩૫]
તેમ છતાં એણે એને વર્ણવવાનો લહાવો તો ધરાઇધરાઇને લીધો છે. યોગની પરિભાષામાં વર્ણન કરતાં ચિત્તની આ આનન્દાવસ્થા વિશે એ કહે છે:

અવધૂ મેરા મન મતિવારા ।
ઉન્મનિ ચઢા મગન રસ પીવે ત્રિભુવન ભયા ઉજિયારા.

આ મગનરસ જે ચાખે છે તેને તો ત્રણે ભુવનમાં અજવાળું અજવાળું થઇ ગયેલું દેખાય છે. આથી હવે તો સદા આનન્દ જ આનન્દ છે, દુઃખ દ્દન્દ્દ ભ્રમ કે ભ્રાન્તિને સ્થાન ક્યાંથી હોય? એ તો સાહિબના દીદાર જોઇને મસ્તાન થઇ ગયો છે.[૧૩૬] એનું મન તો હવે મત્ત બનીને નાચી ઊઠ્યું છે. એ નૃત્યના તાલે રાહુ-કેતુ નવગ્રહ નાચે છે, જાણે નવજન્મનો આનન્દોત્સવ થઇ રહયો છે. ગિરિસમુદ્ર ને ધરતી પણ નાચે છે. લોકો હસતાં રડતાં નાચે છે, ને કબીરનું મન તો સહસ્ત્રકલા કરીને નાચી ઊઠ્યું છે. ને એથી સરજનહાર રીઝે છે.[૧૩૭] હવે તો ગગન ગરજીને અમી વરસે છે, બાદલ ઘોરગંભીર ઘેરાયાં છે. ચારે બાજુ દામિની દમકે છે ને કબીર મસ્ત બનીને ભીંજાય છે. [૧૩૮]

---

૧૩૪: પહુપ બિના એક તરવર ફૂલિયા બિન કર તૂર બજાયા     સન્ત કાવ્ય પ.ચ.૧૮૦
૧૩૪: દેખિદેખિ જિય અચરજ હોઇ, યહ પદ બૂઝૈ બિરલા કોઇ । ધરતી ઉલટિ અકાસૈ જાય,
ચિઉંટી કે મુખ હસ્તિ સમાય ।। તરુવર એક પેડ બિન ઠાઢા, બિન ફૂલાફલ લાગા।।
(કબીરકા રહસ્યવાદ, રા.વર્મા પૃ. ૧૪૨, ૧૪૫, ૧૫૦)
૧૩૫: સરખાવો : દાદૂ કે તે પારિખ પચિ મુએ, કીમતિ કહીન જાઇ ।
દાદૂ સબ હૈરાન હૈ ગૂંગે કા ગુડ ખાઇ:।। (દાદૂ ક્ષિ.સેન પૃ. ૩૫૫)
૧૩૬: કબીરકા રહસ્યવાદ, રા. વર્મા, પૃ.૧૨૮
૧૩૭: કબીર હ.દ્દિ. પૃ. ૨૪૯ ,૧૩૮કબીર હ.દ્દિ.પૃ. ૨૫૭- પદ ૩૨.

હવે એ હદ છોડીને બેહદમાં ચાલી ગયો છે.; ને શૂન્યમાં સ્નાન કર્યું છે. [139] સાહેબ અને સેવક એક થઇને હવે સદા વસંત ખેલે છે. હવે બધી "ખેંચતાન"(ખેંચતાણ) મટી ગઇ છે. હવે ઉલટી સાધના કરીને એ આપમાં સમાઇ જઇને બ્રહ્મસમાન થઇ ગયો છે. [140] શૂન્યમણ્ડળમાં હવે ઘર કર્યું છે, અનાહત શબ્દ ચારે બાજુ બજે છે, ને રોમેરોમમાં દીપક બળે છે, હવે ગાવાનું કશું રહયું નથી. [141] આ આનન્દના રંગે રંગાય તેને જ હું સાચો ગણું, કારણ કે હવે

જે રંગ કબહૂં ન આવે ન જાઇ, કહે કબીર તિહિં રહયા સમાઇ ।। [142]

જ્ઞાનની આંધી એવી તો આવી કે ભ્રમના તાણેલા તંબુ ઊડી ગયા ને માયા બંધાયેલી રહી નહીં. જેમના ચિત્તમાં દ્વિધા હતી તેનો દ્વૈતભાવ હચમચી ઉઠ્યો. મોહની વળી તૂટી પડી. [143] હવે તો

ગહગહાન પ્રેમ બહુ લાગા । ભયા આનન્દ જીવ ભયે ઉલ્હાસા [144]

દાદૂની પણ આ જ સ્થિતિ છે. એ કહે છે કે :જ્યાં સૂરજ નહોતો ત્યાં સૂરજ જોઉં છું, જ્યાં ચન્દ નહોતો ત્યાં ચન્દ જોઉં છું, જ્યા શબ્દ નહોતો ત્યાં ગર્જના સાંભળું છું, જ્યાં વીજળી નહોતી ત્યાં ઝબકારો જોઉં છું. દાદૂને હવે પરમાનન્દ છે. [145]

હવે તો :

દર દીવાર દરપન ભએ જિત ચિતવૌ તિત તોહિં
કાંકર પાથર ઠીકરી ભએ આરસી મોહિં.

---

૧૩૯: કબીર હ. દ્વિ. પૃ. ૩૫૭ પદ ૨૪૬
૧૪૦: " " " ૩૫૪ પદ ૨૩૫
૧૪૧: " " " ૩૫૩ પદ ૨૩૨
૧૪૨: કબીર સન્તકાવ્ય પ.ચ.પૃ. ૧૭૮
૧૪૩: " " " " ૧૭૯
૧૪૪: " " " " ૧૯૮
૧૪૫: "નિર્ગુણ કાવ્ય-દર્શન" શ્રી સિધ્ધિનાથ તિવારી પૃ. ૨૧૦

પ્રિયતમે નૂરના પ્યાલામાં પ્રેમ ભરીને પાયો ને દાદૂને મત્ત કરી દીધો. હવે દાદૂ એ રસ વિના એક પલક રહી શકે એમ નથી. હવે મુક્તિની બલાની એને જરૂર નથી. તમે પણ આવો ને એ મિષ્ટ મહારસનું પાન કરો. એ રસ અનિર્વચનીય, અલખ ને અનન્ત છે. એ નિર્મળ રસ સહજ રીતે સદા ઝર્યા જ કરે છે. એ પીવાથી પોતીકુંપરાયું બધું ભૂલી જવાય છે.[146] જેમ રસથી પરિપૂર્ણ થયેલું ફળ જ વૃક્ષની પાસેથી મુક્તિનું અધિકારી બને છે તેમ આ રસથી ~~ઉલ્લાસથી ગાયો છે.~~ ~~146~~ પરિપૂર્ણ સાધક જ મુક્તિને પામી શકે છે.[147] આ ઉપરાંત અન્ય સન્તોએ પણ આ અનુભવને ઉલ્લાસથી ગાયો છે.[148] આ પૈકી ધર્મદાસ, ભીખાસાહેબ, યારી સાહેબ, ગુલામ, દરિયાસાહેબ વગેરેની વાણીનો અહીં ખાસ ઉલ્લેખ કરવો જોઇએ.

નિર્ગુણસગુણ વિશેનું આ સન્તોનું દૃષ્ટિબિન્દુ આપણે આગળ જોયું છે. ભક્તિ આ સન્તોને પણ અભિમત છે, પણ તે નાચગાનમાં ઉન્મત્ત બનનારી નહીં, વિશિષ્ટ પ્રકારની. કબીરે કહ્યું છે કે સાચી ભક્તિનો માર્ગ તો અત્યન્ત સૂક્ષ્મ ને આકરો છે:

ભક્તિકા મારગ ઝીના રે, ।
નહિં અચાહ નહિં ચાહના, ચરનન લૌ લીના રે ।
સાધનકે રસ-ધારમેં રહે નિસ-દિન ભીના રે ।
રાગ મેં સ્તુન ઐસે બસે, જૈસે જલ મીના રે ।
સાંઇ સેવનમેં દેત સિર, કુછ બિલમ ન કીના રે ।
કહૈ કબીર મત ભક્તિકા, પરગટ કર દીના રે ।।

કબીર વાણી પદ. ૬૫ હ.દ્વિ.પૃ. ૨૬૭.

---

146: દાદૂ ક્ષિ. સેન પૃ.૪૭૫,૪૭૬

147: ફલ પાકા બેલી તજી છિટકાયા મુખ માહિં, સાઈ આપના કરિ લિયા સો ફિરિ ઊગૈ વાહિં ।। ક દાદૂ ૫૧૬ ક્ષિ.સેન.પૃ. ૪૭૧.

148: જુઓ સન્ત કાવ્ય: પૃ.૨૮૧,૨૮૬, ૩૧૬, ૩૨૪, ૩૨૬, ૩૩૦, ૩૫૬, ૩૬૬,૪૨૫

આમ કબીરે સંક્ષેપમાં ભક્તિ વિશેનો પોતાનો મત પ્રગટ કર્યો છે. અન્યત્ર એ કહે છે કે ભક્તિ કરવી એ જેવા તેવાનું કામ નથી. એ તો શૂરવીરનું કામ છે. એમાં તો જાતિવર્ણને ખોવાં પડે. કામી ક્રોધી લાલચી-આ લોકો ભક્તિ કરી શકે નહીં.[૧૪૯] જ્યાં સુધી ભક્તિ સકામ હોય છે ત્યાં સુધી બધી જ સેવા નિષ્ફળ જાય છે.[૧૫૦] ભક્તિ બહાર બતાવવાની નથી, એ તો અન્તરમાં છે. અંતરમાંજ શ્રવણ કરીને પરમાત્માના સંગીતના સુરે તારે તારો સૂર સાંધી લેવાનો છે. એનાં મન, ચિત્ત, સહજ, જ્ઞાન, દષ્ટિ, ધ્યાન, ભક્તિ, પ્રેમ વગેરે સાથે તું પણ તારા બધા સૂર સાંધી દે એમ કહીને દાદૂએ પણ સાધકને સંબોધીને કહ્યું છે.[૧૫૧] રૈદાસે પણ કહ્યું છે કે સ્વામી દાસ ભગત અને સેવક પરમ તત્ત્વને ઓળખે નહીં તો પછી નાચગાન કરવાં, તપ કરવું, ચરણ પખાળવા, મુંડન કરાવવું, તીર્થમાં જવું કે વ્રત કરવાં એ એનો કશો અર્થ નથી.[૧૫૨] ધનીદાસે પણ સાચા ભજનની વાત કરતાં કહ્યું છે :

હમ ભજનીક મૈં નાહીં અવધૂ, આંખિ મૂંદિ નહિં જાહીં ।
અસમ કી મજા પરી હૈ જિનકો, સો કયા નૈહર આવૈ
હુમા પંચ્છી રહૈ ગગનમૈં, વાકે જાત ન ભાવૈ ।। ૧૫૩

દાદૂ આથી ભક્તિની યાચના કરતાં કહે છે વિરાટની ભક્તિ વિરાટને અનુરૂપ જ હોવી જોઇએ. એમાં સ્વાર્થની સંકુચિતતાને સ્થાન હોય જ નહીં.

---

૧૪૯: કામી ક્રોધી લાલચી, ઇનસે ભક્તિ ન હોય,
ભક્તિ કરે કોઇ સૂરમાં, જાતિ વરન કુલ ખોય।।

૧૫૦: જબ લગિ ભક્તિ સકામ હૈ, તબ લગ નિષ્ફળ સેવા
કહે કબીર વહ કયોં મિલે, નિષ્કામા નિજ દેવા।।

૧૫૧: દાદૂ: ક્ષિ. મોહન સેન, પૃ. ૪૫૫

૧૫૨: રૈદાસજી કી બાની પૃ. ૯

૧૫૩: સન્તકાવ્ય, પ.ચ.પૃ. ૫૧૯

તૂં હૈ તૈસી ભગતિ દે, તૂં હૈ તૈસા પ્રેમ ।

તૂં હૈ તૈસી સુરતિ દે, તૂં હૈ તૈસા ખેમ ।। વિરહ અંગ. ૪૪

વળી

જૈસા અવિગત રામ હૈ, તૈસી ભગતિ અલેખ ।

ઇન મૂલ્યું કિમિત નહીં, સહસ મુખાં કહૈ શેષ ।। પરચા અંગ. ૨૮૬

એ ભક્તિનો શોરબકોર બહાર કરવાનો હોય નહીં, એ તો ભારે ગંભીર વસ્તુ છે:

મન હીં માંહૈ ઝૂરણાં, રોવૈ મનહીંમાંહિ,

મન હીં માંહૈ ધાર દે, દાદૂ બાહરિનાંહિ ।। વિરહ અંગ ૧૪૮

સન્તકવિઓએ નિરાકારને માટેપણ પ્રેમોચ્છ્‌વાસને પોતાની કવિતામાં અત્યન્ત વેધક રૂપે પ્રગટ કર્યો છે. પ્રેમનો મહિમા એમણે પણ ગાયો છે ને વિરહની અસહ્યતા પણ બહુ સમર્થ રીતે પ્રકટ કરી છે, પણ બાઉલ સાધક મદને કહ્યું છે તેમ પ્રેમનું મૂલ્ય તે પ્રેમ જ છે, સુખ કે નહીં દુઃખ.[૧૫૪] કબીરે પણ આને જ મળતી આવતી રીતે કહ્યું છે:

સન્તો પ્રેમ સો મોલ ન કીજૈ ।

દાદૂએ તો પ્રેમનો મહિમા ફરી ફરીને ગાયો છે. એ પોતાને વિશે કહે છે:

દાદૂ રાતા રામકા પીવૈ પ્રેમ અઘાઇ ।

મતવાલા દીદાર કા માંગૈ મુક્તિ બલાઇ ।।

પણ એ પ્રેમ તે કેવો? તેના જવાબમાં દાદૂ કહે છે:

ઇશ્ક અલહકી જાતિ હૈ, ઇશ્ક અલહકા રંગ ।

ઇશ્ક અલહ ઔજૂદ હૈ, ઇશ્ક અલહકા અંગ ।।

પણ કબીર કહે છે તેમ આ પ્રેમની ગલી ઘણી સાંકડી છે, એમાં બે નો સમાવેશ થતો નથી.

પ્રેમ ગલી અતિ સાંકરી, જામે દુઇ ન સમાહિ ।

આ પ્રેમનું ભાજન જે પ્રીતમ છે તે પણ ક્યાં ય બહાર નથી, અંદર જ છે. જે બહાર હોય તેને સંદેશો મોકલી શકાય. પણ જે તનમનમાં ને નયનમાં છે તેને સંદેશો ય શી રીતે મોકલવો?

---

૧૫૪: પ્રેમેર મોલ પ્રેમેર બાન્દા, ના રે સુખ ના રે દુઃખ.

પ્રીતમ કો પતિયાં લિખૂં, જો કહું હોય વિદેશ ।
તનમેં મનમેં નયનમેં, તા કો કહા સંદેશ ।।

તેમ છતાં કબીર પ્રીતમની પ્રતીક્ષા તો કરે જ છે :

નૈનોં કી કરિ કોઠરી, પુતલી પલંગ બિછાય ।
પલકોં કી ચિક ડારી કૈ પિયકો લિયે રિઝાય ।।

એટલું જ નહીં, જે માનવદેહમાં પ્રેમનો સંચાર થયો જ નથી તે શ્વાસ લેતો છતાં લુહારની ધમણના જ જેવો છે, એ મસાણના જેવો છે:

દાદૂ પણ કહે છે કે પ્રેમનો અક્ષર તો બહુ થોડા જ વાંચી શકે છે, પ્રેમ વિના લોકો પુસ્તકો તો હજારો વાંચે છે, પણ કોઇ વિરલો જ પ્રેમનો પત્ર વાંચી શકે છે. એ વિના વેદપુરાણ, વાંચ્યાં થી શું ? દાદૂ તો સામેથી ઇશ્કનું દર્દ માગી લે છે:

હમકોં અપના આપ દે ઇશ્ક મુહબ્બત દર્દ ।।
સહજ સુહાગ પ્રેમ રસ મિલિ ખેલૈ લા-પર્દ ।।

કબીરે તો આ વિરહનું ગૌરવ કરતાં કહ્યું છે કે "વિરહ વિરહ" બોલ્યા કરશો નહીં એ વિરહ તો સુલતાન છે:

વિરહ વિરહ મત કહો વિરહ હૈ સુલ્તાન ।
જા ઘટ વિરહ ન સંચરૈ સો ઘટ જાન મસાન ।।

આ વિરહની વેદના મીરામાં પણ સુન્દર રૂપે પ્રકટ થઇ છે. મીરાં આ વિરહના જ દર્દની મારી પીળી પડી ગઇ છે, કારણ કે એના પિયાની સેજ ગગન મંડલમાં છે ને એને શૂળી પર સૂવાનું છે. આથી પંથ નિહારતી મીરાં "કબ આવૈ મહારાજ" એમ રટ્યા કરે છે. દાદૂ પણ વિરહને જ્ઞાનધ્યાન જપતપ કરતાં શ્રેષ્ઠ સાધન ગણે છે:

જ્ઞાન ધ્યાન સબ છાડિ દે જપપત સાધન જોગ ।
દાદૂ વિરહ લૈ રહે છાડિ અકલ રસ ભોગ ।। [૧૫૫.]

વિરહ સિવાય એની પાસે આપણને બીજું કોણ પહોંચાડી શકે ? એઓ પ્રેમમય છે, પ્રેમની ચોટથી પ્રેમિક પ્રેમાસ્પદ થઇ જાય છે, ને પ્રેમાસ્પદ પ્રેમિક થઇ જાય છે. આમ એમનાં રૂપ બદલાઇ જાય છે.[૧૫૬] આ અલ્લાહને માટેનો ઇશ્ક જ એની ને આપણી વચ્ચેના પડદાને વિરહાગ્નિથી બાળી નાંખે છે.[૧૫૭] ને જ્યાં સુધી માથું સોંપી ન દઇએ

---

૧૫૫: દાદૂ ક્ષિતિમોહન સેનકૃત પૃ. ૫૦૮
૧૫૬: " " " પૃ. ૫૦૩
૧૫૭: " " " પૃ. ૫૦૯

ત્યાં સુધી ઇશ્ક થાય પણ નહીં, આશક મરણથી કદિ ડરતો નથી, તેજ પ્રેમનો પ્યાલો પી શકે છે. [૧૫૮] ને સાચી પ્રીતિ વિરહ વિના ઊપજતી જ નથી, પ્રેમ વિના ભક્તિ ય શી રીતે સમ્ભવે? ભાવ વિના જે બધું થાય છે તે જૂઠું છે:

પ્રીતિ ન ઉપજૈ વિરહ બિન પ્રેમભગતિ કયોં હોય
સબ ઝૂઠ દાદૂ ભાવ બિન કોટિ કરૈ જે કોઇ ।। [૧૫૯]

પહેલું તો વિરહનું જ આગમન થાય છે, ને પછી જ પ્રીતિનો પ્રકાશ થાય છે. [૧૬૦] વિરહ દર્દને જગાડે છે, દર્દ જીવનને જગાડે છે, જીવન પ્રેમને જગાડે છે, તે ત્યારે પાંચે ઇન્દ્રિયો પ્રિયતમને પુકારી ઉઠે છે. [૧૬૧] જ્યાં અગમ અગોચર રામ છે ત્યાં વિરહ વિના કોણ જઇ શકે? [૧૬૨].

સન્તોનાં હૃદય અત્યન્ત કોમળ હતાં. એઓ ન્યાતજાતના ભેદ સ્વીકારતા નહોતા. મનુષ્ય માટેનો એમનો પ્રેમ અબાધ હતો. આથી તો કબીરે હરિને ચાહતાં પહેલાં મનુષ્યને ચાહવો જોઇએ એમ કહ્યું છે:

હરિ સેતે જનિ તૂ હેત કર, કર હરિજનસે હેત ।
માલ-મુલક હરિ દેત હૈ, હરિજન હરિ હી દેત ।।

હરિ તને માલમુલક આપશે, પણ જો તારે હરિ જ જોઇતા હશે તો હરિજન જ તમને આપી શકશે.

રૈદાસે કહ્યું છે કે જે જાતિપાંતિ જાણ્યા વિના હરિને ભજે છે તે જ હરિને પામે છે, ને સાધુની જાત પૂછવાની હોય નહીં, એનું જ્ઞાન જ માત્ર પૂછી લો. તલવારનું જ મૂલ્ય કરી લોને, મ્યાનને પડી રહેવા દો, જે નીચા કુળના ગણાતા હતા તે બધા તરી ગયા, પણ ઘણા કુલીન જાતના અભિમાનને કારણે જ ડૂબી ગયા. રજ્જબે પણ કહ્યું છે કે રામનામનો રંગ લાગતાં જાતિપાંતિ કુલ બધુ જ ગયું. જ્ઞાન દરવેશે પણ હિન્દુમુસલમાનના ઝઘડાને કજીઆ જોઇને કહ્યું હતું:

---

૧૫૯: દાદૂ શ્રિ.સેનકૃત. પૃ. ૫૧૧
૧૬૦: " " પૃ. ૫૧૪
૧૬૧: " " પૃ. ૫૧૫
૧૬૨ " " પૃ. ૫૧૭

હિન્દુ કહે સો હમ બડે, મુસલમાન કહે હમ ।।
એક મુંગ કી દો ફાડ હૈ, કુણ જાદા કુણ કમ ।।
કુણ જાદા કુણ કમ, કભી કરતા નહીં કજીયા
એક ભગત ઓ "રામ, દૂજા રહમાન સોં રજિયા ।।

કબીરે પણ કહ્યું છે:સન્તન જાત ન પૂછો નિરગુનિયાં ।
દરિયા સાહેબને જાતિ વિશે પૂછ્યું, એમણે પણ દાદૂની જેમ જવાબ આપ્યો છે:

જાત હમારી બ્રહ્મ હૈ, માત પિતા હૈ રામ ।
ગિરહ હમારી સુન્ન મેં, અનહદ મેં બિસરામ ।।

દાદૂએ પોતાના અનુભવને અન્તે ઉચ્ચાર્યું :

સબ હમ દેખા સોધિકરિ, દુજા નાહિ આંન ।
સબ ઘટ એકૈ આતમા ક્યા હિન્દુ મુસલમાન ।।

વળી અન્યત્ર પણ દાદૂએ કહ્યું છે:

અલ્લાહ કહો ભાવૈ રાંમ કહો । ડાલ તજૌ સબ મૂલ ગહો

(રાગ ભૈરું, ૩૯:૩૫૯ દાદૂ, ક્ષિ.સેન. ૧૦૭)

જૈન સાધક આનન્દઘને એના વિખ્યાત પદમાં આ જ મતલબની વાત કરી છે:

રામ કહો રહિમાન કહો કોઉ, કાન કહો મહાદેવ હો ।
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકળ બ્રહ્મસ્વયમેવ હો ।। ૧૬૩

આમ, સન્તોની વાણી ને આધારે આપણે સન્તસાધનાનાં મુખ્ય લક્ષણો જોયાં, હવે સન્તસાહિત્યનાં સ્વરૂપોનો થોડો પરિચય કરીએ. આ સાહિત્યસ્વરૂપો પૈકીનાં ઘણાં નાથપરમ્પરામાંથી ચાલ્યાં આવે છે: ~~જુઓ પૃ. ૧૪૭~~: આ પૈકી પદો અને સાખીઓ સૌથી જૂનાં રૂપો છે, ને એની પ્રેરણા બૌધ્ધ ચર્યાપદોમાંથી મળી હશે. બીજી દ્વિપદીમાં આવતું દઢ ધ્રુવપદ, કદીક પહેલા ચરણમાં આઠ ને બીજા ચરણમાં સાત માત્રા, તો કદીક ત્રીપદીમાં પહેલામાં આઠ, બીજામાં આઠ ને ત્રીજામાં બાર કે દશ માત્રા આ જાતનું એનુ બંધારણ જોવામાં આવે છે. એ ભિન્ન ભિન્ન રાગોમાં ગવાતાં.આ ગવાતાં પદોનાં જુદાંજુદાં પાંચ અંગો આમ હતાં: ઉદ્ગ્રહ, મેલાપક, ધ્રુવ, અંતરા અને આભોગ. આ-ભોગ રચનાના હેતુનો પરિચય કરાવીને એના રચનારનું નામ પણ જણાવે. ગીતગોવિન્દની રચના પધ્ધતિ આ ગેય "પ્રબંધ" ની રચનાપધ્ધતિને અનુસરતી જણાશે. વિદ્યાપતિ,

---

૧૬૩: આનન્દઘન, પદ ૬૭, રાગ આસાવરી.

ચંડીદાસ, વગેરે વૈષ્ણવ કવિઓની પદાવલિ આ રચનાપધ્ધતિનેજ અનુસરે છે. આ પદો "શબ્દ—સબદ" ને "ભજન" ના રૂપમાં ગવાય છે. ક્યાંક ક્યાંક ધ્રુવપદ "ટેક" ને નામે ઓળખાય છે ને એ પદના આરમ્ભમાં જ આવી જાય છે, એમાં સન્તોને સાધકોની સ્વાનુભૂતિની વાત ગવાય છે. સાખીનો અર્થ સાક્ષાત અનુભવની વાણી એવો કરવામાં આવે છે. આ ઉપરાંત સન્તોની રચના "વાણી" ને નામે ઓળખાય છે. ગુજરાતીમાં આ સંજ્ઞા વપરાતી ચાલી આવે છે. સાખીનું સ્વરૂપ દોહાને મળતું આવે છે. "સાખી" શબ્દ, "સાક્ષી" નું રૂપાન્તર લાગે છે ને એનો અર્થ પોતાની આંખે વસ્તુને જોનાર એવો થાય છે.[૧૬૪] સાખી સાધકને માટે તત્ત્વનિર્ણાયક પ્રમાણ રૂપ હોવાથી જ્ઞાનચક્ષુનું જ કામ કરતી. પછી આવે છે દોહા ને સોરઠા. એ વિશે આપણે આગળ જોઇ ગયા છીએ. અપભ્રંશમાં એ છન્દ પ્રચલિત હતા જ. એમાં રચાયેલી સિધ્ધો જૈન મુનિઓ અને ચારણોની રચનાઓ પ્રસિધ્ધ છે. આ દોહાના સ્વરૂપમાં સાર, હરિપદ, ચૌપાઇ, દોહી, સરસી, ગીતા, મુક્તામણિ, શ્યામ, ઉલ્લાસ વગેરે વીસેક જેટલા છંદો ઉમેરાયા.[૧૬૫] દોહાસોરઠાની માત્રામાં ફેરફાર કરવાથી આ પૈકીના ઘણા છન્દો બની જતા. "આદિગ્રન્થ" માં "સાખી" ને સલોકો" કહીને ઓળખાવી છે. નાથપંથીઓ "સાખી" ને "દોહા" ને બદલે "સબદ" સંજ્ઞા વાપરે છે. સાખી સંગ્રહને વિવિધ અંગોમાં વહેંચી નાખવામાં આવે છે. દાદૂ કબીર વગેરેની વાણીમાં આ અંગોનાં આવાં નામ મળે છે. પરચાકો અંગ, સુમિરણકો અંગ, વિરહકો અંગ, દયા નિર્વૈરિતા અંગ, સાચકો અંગ, સુરાતનકો અંગ, વગેરે, કબીરે આ "અંગ" સંજ્ઞાનો ઉપયોગ "લક્ષણ" ના અર્થમાં પણ કર્યો છે. દાદૂની વાણીને એના શિષ્ય રજ્જબે જુદાજુદા અંગોમાં વહેંચી હતી એમ કહેવાય છે. પછીના સન્તોની રચનામાં સવૈયા, ઝૂલના, અરિલ્લનો સમાવેશ જોવામાં આવે છે.

"રમૈની" નામના પ્રકારમાં દોહાઓમાંઇનો ભેગો પ્રયોગ જોવામાં આવે છે. કબીરમાં આ પ્રયોગ જોવામાં આવે છે. એ ગોરખનાથની રચના "પ્રાણસંકલી" ને અનુસરે છે,

---

૧૬૪: સાખી આંખો જ્ઞાનકી, સમુઝિ દેખુ મનમાંહિં ।
બિનુ સાખી સંસાર કા, ઝગરા છૂટત નાહિં ।। કબીર, બીજક, સાખી ૩૫૩
૧૬૫: સન્ત કાવ્ય પ. ચતુર્વેદી પૃ. ૩૬–૩૭

પણ ગોરખનાથની રચનામાં એકલી ચોપાઇઓ હતી, કબીર એમાં દોહા ઉમેરે છે. કબીરની "ગ્રન્થબાવની" માં પણ દોહાચોપાઇનો આવો પ્રયોગ જોવામાં આવે છે. આ ગ્રન્થ-બાવનીને "આદિગ્રન્થ" માં "બાવન અખરી" કહે છે. ગૂજરાતીમાં એને "બાવની" કહે છે. એની દ્વિપદીઓના આરમ્ભમાં અકારાદિ સોળ સ્વર ને છત્રીસ વ્યંજનો આવતા. આની શરૂઆત પણ અપભ્રંશકાળથી થયેલી માનવામાં આવે છે. એમાં મુખ્ય છન્દો દોહા ને ચોળા જ હોય છે. કોઇક કોઇકવાર કવિત, છપ્પા, સવૈયા, કુંડળિયા વગેરે છન્દોનો પણ એમાં ઉપયોગ થયેલો જોવામાં આવે છે. બાવન પદોના સંગ્રહને પણ "બાવની" સંજ્ઞાથી ઘણીવાર ઓળખાય છે. "બાવની" ને મળતી "અલિફનામા" કૃતિઓ પણ હોય છે, જેમાં ફારસીના તીસ અક્ષરને પંક્તિના પ્રારમ્ભમાં મૂકવામાં આવે છે. સન્તથારી સાહેબે આ પ્રકારની રચના રચી છે. બારમાસીની રચના વિશે, નાથસમ્પ્રદાયની ચર્ચા કરતાં, વાત કરી છે. આ ઉપરાંત પદોની સંખ્યાનુસાર "સપ્તપદી" અષ્ટપદી" "સહસ્રપદી" વગેરે સંજ્ઞાઓ પણ વપરાતી હતી. ગુરુશિષ્ય કે જિજ્ઞાસુ સાધક અને અધિકારી વચ્ચે તત્ત્વજ્ઞાન વિશે થતી પ્રશ્નોત્તરોના સ્વરૂપની "ગોષ્ઠિ" તરીકે ઓળખાતી રચનાઓ પણ હોય છે. નાથપન્થના "જોગી" ઓએ એને પ્રચલિત કરી હતી તે આપણે આગળ જોયું છે. :પૃ.૧૪૩: એ "ગોષ્ઠિકા"નું બીજુ નામ "બોધ" પણ હતું. આ ઉપરાંત,"વણજારા" ને "વ્યાહલો" એવા બે પ્રકારો પણ પ્રચલિત છે. આ બધી રચનાઓ પધમાં જ થતી. છેક સત્તરમી કે અઢારમી સદીમાં ગધમાં આ પ્રકારની કૃતિઓ રચાવાની શરૂઆત થઇ. ગધમાં રચાયેલા ગ્રન્થો આજે પણ મળતા નથી. આટલાં સન્તસાહિત્યના મુખ્યમુખ્ય સ્વરૂપો છે, જે એ પરમ્પરામાંથી જ આપણા જ્ઞાનમાર્ગી પરમ્પરાના સાહિત્ય પ્રકારો ઊતરી આવ્યા છે તે સ્પષ્ટ છે.

આમ આપણે સન્તસાધનાનાં મુખ્ય લક્ષણો, એના સાધ્યનું સ્વરૂપ, સાધનાના પ્રમુખ અંગોનો પરિચય, અપરોક્ષાનુભૂતિથી થતા આનન્દનું સ્વરૂપ, તથ, સન્તસાહિત્યના મુખ્યમુખ્ય સાહિત્યપ્રકારો- આટલાની સન્તસાહિત્યને આધારે ચર્ચા કરી, હવે ગૂજરાતીની જ્ઞાનમાર્ગી કવિતાને સમજવાની ને મૂલવવાની ભૂમિકા તૈયાર થઇ એમ કહી શકાય.